# ઉઘાડાં છે, દિલનાં બારણાં

- બાસીલ મેકવાન ''શૈલ''

: પ્રકાશક :

## એમ. એમ. સાહિત્ય પ્રકાશન

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

હેડ ઓફીસ : મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી. આણંદ

શાખા : પ્રા.શિ.ધિરાણ અને ગ્રા.મં.ના મકાન નીચે
નગરપાલિકા ભવન રોડ, ઈન્દિરા કોમ્પલેક્ષ, નડિયાદ

Book's name in English :
*Ughada Chhe, Dil na Barna*
*Basil Macwan "Shail"*

© બાસીલ મેકવાન "શૈલ"

પ્રથમ આવૃત્તિ - ૨૦૦૭
પ્રત - ૫૦૦
મૂલ્ય રૂા. ૧૧૫-૦૦

: પ્રકાશક :

એમ. એમ. સાહિત્ય પ્રકાશન

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

હેડ ઓફીસ : મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી. આણંદ

શાખા : પ્રા.શિ.ધિરાણ અને ગ્રા.મં.ના મકાન નીચે
નગરપાલિકા ભવન રોડ, ઈન્દિરા કોમ્પલેક્ષ, નડિયાદ

(સર્વ હક્ક લેખકને સ્વાધીન)

## અર્પણ



**પૂ. પિતાશ્રી નારણબાપુને**

**પ્રેમ હૃદયમાં પોઢાડી; પ્રેરણા પિયુષ પાઈ;**

**પરિશ્રમના પાઠ પઢાવી; મુજ જીવનકેડી ઉજાળી**

**તથા**

**પૂ. સસરાશ્રી નાથા બાપુને**

**જમાઈને દીકરો બનાવી; ભેદ કાંઈ ના રાખ્યા;**

**જીવન કથની કહી; જીવનમર્મો સમજાવ્યાં.**

**- બાસીલ મેકવાન "શૈલ"**


| અ.નં. | વિષય |
|---|---|
| (૧) | હરિન્દ્ર દવેનાં પ્રણયગીતો |
| (૨) | રમેશ પારેખનાં ગીતો |
| (૩) | પ્રિયકાન્ત મણિયારની પ્રણયકવિતા |
| (૪) | 'સ્નેહરશ્મિ'નાં ગીતોમાં મુગ્ધ, લલિતને સુકુમારભાવોનો રમણીય અન્વય |
| (૫) | મરમી કવિ : મકરન્દ દવે |
| (૬) | ગઝલનો બાદશાહ : અમૃત 'ઘાયલ' |
| (૭) | ગઝલકાર : ભગવતીકુમાર શર્મા |
| (૮) | કૈલાસ પંડિતના કાવ્યોમાં પ્રણયવિભાવના |
| (૯) | પ્રકૃતિ સાર્વત્રિક સત્તા હોવાની અનુભૂતિ : રાવજી પટેલની કવિતા |
| (૧૦) | કવિ મણિલાલ દેસાઈ |
| (૧૧) | પ્રકૃતિ કવિ : જયંત પાઠક |
| (૧૨) | મૂંગી વ્યથા ને ઝૂરતા ઓરતાનો કવિ : જગદીશ જોષી |
| (૧૩) | ઝાંખા ભૂખરા અવાજની ગુલાબી કેફિયત - પ્રફુલ્લ પંડ્યા |
| (૧૪) | અર્વાચીન કાવ્યોમાં લોકોત્તર પ્રણય |
| (૧૫) | અભાવની અને દબાયેલા ડૂસકાની અનુભૂતિ : અલ્પના |
| (૧૬) | મૌનનો ઓચ્છવ ને આત્માનુભૂતિનો આવિર્ભાવ : મૌનનો ચહેરો |
| (૧૭) | ગીતની છાબમાં છલકાતો આત્મવૈભયનો આલાપ : ગીત મલ્લિકા |

...૧...

ટાઉનર્હાલમાં ગુજરાતની સિને અભિનેત્રી મલ્લિકા સારાભાઈ અને દર્પણ એકેડેમીના કલાકારવૃંદની એક નૃત્યનાટિકા 'સ્નેહનાં શતદલ'નો શૉ ''આશાદીપ'' તરફથી યોજવામા આવ્યો હતો. નૃત્યનાટિકા શરુ થવાનો સમય જેમ જેમ નજીક આવતો હતો તેમ તેમ ટાઉનર્હાલનું મેદાન પ્રેક્ષકોથી ભરાતું જતું હતું. ટિકિટોનું વેચાણ અગાઉથી થયેલું હોવાથી હવે બાકી બચેલી જૂજ ટિકિટોના વેચાણ માટે બેઠેલો બુકિંગ કલાર્ક, બુકિંગ ઑફિસની જાળીમાંથી જોઈ શકાતો હતો.

વસંતપંચમી પછી આવતા હોળીના તહેવારની નજીકના દિવસો ચાલતા હોવાથી સાંજનો એ સમય આહ્‌લાદક અને શિતળ વાયુનો મંદ મંદ લહેરોથી લહેરાતો હતો.

ગઈકાલે હવામાને લીધેલા પલટાને કારણે આકાશ ચોમાસાની જેમ ગોરંભાયેલું પાતળી કાળી વાદળીઓથી લપેટાયેલું લાગતું હતું. શહેરની સડકો પર 'અનામત આંદોલન'ની રેલી નીકળી હતી. એ રેલીને નિહાળવા ઠેર ઠેર લોકો ટોળે વળીને ઊભાં હતાં.

પાર્થ ટાઉનર્હાલના પ્રાંગણમાં પ્રવેશ્યો ત્યારે નૃત્યનાટિકા શરૂ થવામાં પંદરેક મિનિટની વાર હતી. ટાઉનર્હાલના દરવાજે ઊભા રહીને જ તેણે એક નજર નાટિકા માણવા એકઠી થયેલી જનમેદની તરફ નાખી. મેદનીમાં કેટલાય પરિચિત ચહેરા તેની આંખોમાં તરવરવા લાગ્યા.





હેલ્લો.....

ઓહ.... પાર્થે જોયું તો તેના લેખકમિત્ર યોગેશ પરમાર તેની બાજુમાં જ આવી લાગ્યા હતા.

હેલ્લો.... પાર્થે તેમનું અભિવાદન કર્યું.

કઈ બાજુથી... ? યોગેશ પરમારે વાત લંબાવવાના હેતુથી પૂછ્યું.

પાર્થે જવાબ આપી થોડું આગળ ચાલવા પ્રયત્ન કર્યો. તેની નજર ટાઉનર્હાલના મુખ્ય દરવાજા સુધી લંબાઈ ગઈ.

મુખ્ય દરવાજા આગળ આછા ગુલાબી કલરની સાડી અને મેચિંગ બ્લાઉઝમાં સ્વાતિ સિસ્ટર ગ્રેસ સાથે વાતો કરતી દેખાઈ. તેને જોતાં પ્રાર્થના હૈયામાં મીઠાં સ્પંદનો જાગી ઊઠ્યાં તે યોગેશ પરમારથી થોડો આગળ નીકળી ગયો અને લગભગ સ્વાતિની નજીક જઈને ઊભો રહ્યો. સ્વાતિનાં સુંદર મૃગ સમાં નયન સાથે તેનાં નયનનો દોર સંધાય ન સંધાય ત્યાં ટાઉનર્હાલની નાટિકા શરુ થવાની ઘંટડી ગૂંજી ઊઠી. સ્વાતિ સીસ્ટર ગ્રેસ સાથે ટાઉનર્હાલનો એ દરવાજો વટાવી અંદર ચાલી ગઈ.

પાર્થ કેટલીય વાર સુધી ત્યાં જ ઊભો રહ્યો. કેટલા વખતે તે સ્વાતિને જોતો હતો! છેલ્લી વખત એક મહિના પહેલાં પોતે સ્વાતિને મળ્યો ત્યારે સ્વાતિ સાથે હરુભરુ વાત થઈ હતી. બસ ત્યાર પછી થોડો સમય પત્રવ્યવહાર ચાલ્યો અને સબંધનો અંત આવ્યો. તેની વિચારધારા આગળ ચાલત પણ નૃત્યનાટિકા શરુ થવાની બીજી ઘંટડી વાગતાં તે સચેત થઈ ગયો અને બીજા લોકોની સાથે તે પણ ટાઉનહૉલમાં પ્રવેશ્યો.

પાર્થનો બેઠકનંબર નવ હતો. બેઠક શોધતાં તેને ઝાઝી મુશ્કેલી ના પડી. સીટ પર બેઠક લઈ તેણે ટાઉનહૉલમાં ચારે તરફ નજર ફેરવી. ટાઉનહૉલ બલ્બના આછા પ્રકાશમાં સુંદર લાગતો હતો. ઝાંખા પ્રકાશમાં ય તે સ્વાતિને જોઈ શક્યો. સ્વાતિની નજર પણ જાણે તેને જ શોધતી હોય તેમ તેના પર તકાયેલી તેને લાગી સ્વાતિ સીસ્ટર ગ્રેસ સાથે કશી બાબતે ચર્ચા કરતી તીરછી નજરે પાર્થ સામે જોઈ લેતી હતી.

ટાઉનહૉલના રંગમંચનો પડદો ખૂલ્યો. સૌ પ્રથમ 'આશાદીપ' સંસ્થા તરફથી કુમારી મલ્લિકા સારાભાઈનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ નૃત્યનાટિકાનો આરંભ થયો.

નૃત્યનાટિકા ભગવાન ઈસુના જીવન પર આધારિત હતી. પાર્થ તે નાટિકા રસપૂર્વક માણવા લાગ્યો.

ભગવાન ઈસુના જન્મથી માંડીને તેમના ક્રોસ ઉપરના મરણ સુધીની કથા આ નાટિકામાં ખૂબી પૂર્વક વણી લેવામાં આવી હતી. છાયા ચિત્રરૂપે ઈસુનું ક્રોસ સહિતનું કાલવારી પ્રયાણ, ઈસુને ક્રોસે જડી દેવા તથા માતા મરિયમની ભૂમિકામાં કુમારી મલ્લિકા સારાભાઈનો જીવંત અભિનય પ્રેક્ષકોના હૈયાં રડાવતો હતો.

ઘડીભર પાર્થ સ્વાતિને ભૂલી ગયો. ટાઉનહૉલમાં બેઠેલા પ્રેક્ષકોને ભૂલી ગયો. તેના લાગણીભીના હૈયામાંથી ભગવાન ઈસુની વ્યથા જોઈને એક આહ આંસુ બની ટપકવા લાગી.

નૃત્યનાટિકાનો ભગવાન ઈસુના મરણ પછી તેમના સજીવન થયેલા દેહ સાથે અંત આવ્યો. ટાઉનહૉલની નિયોન લાઈટો ઝળહળી ઊઠી. સૌની સાથે પાર્થ પણ ભીડમાંથી ટાઉનહૉલના પ્રાંગણમાં આવી





પહોંચ્યો.

રાતના આઠ વાગ્યા હતા. પ્રેક્ષકગણ "અનામત આંદોલન" ના તોફાનોના સમયે ઝટ ઘરભેગા થવા ઉતાવળે ઉતાવળે પ્રયાણ કરતું હતું - જાણે પાર્થને જ ઉતાવળ નહોતી. તે ટાઉનહૉલના દરવાજે સ્વાતિની વાટ જોઈ ઉભો રહ્યો હતો. તેના મનમાં એક વિચાર ઉગ્યો કે, સ્વાતિને મળીને પૂછી લઉં કે આપણા પ્રણયવૃક્ષને પાનખરની નજર કેમ લાગી ગઈ છે? શું ફરી આપણે આપણા પ્રણયવૃક્ષ ને સ્નેહનાં અમી સીંચી નવપલ્લવિત ન કરી શકીએ? વિચારતો પાર્થ એમ જ ઉભો રહ્યો. દૂરથી સ્વાતિ સીસ્ટર ગ્રેસ સાથે આવતી દેખાઈ.

સ્વાતિએ પાર્થ તરફ એક નજર નાખી, નજરને નીચે ઢળી જવા દીધી. જાણે તે શરમાતી હતી. સીસ્ટર ગ્રેસ પણ બેઉને દરવાજા આગળ એકલાં મૂકીને ચાલ્યાં ગયાં. પળ-બેપળ ના મૌન બાદ પાર્થને જ પહેલ કરવી પડી. 'લેડિઝ ફર્સ્ટ' નો સર્વમાન્ય નિયમ અહીં સ્હેજે ય કામ ન આવ્યો.

કેમ..... સ્વાતિ મઝામાં છે ને?

હા..... અને તમે? સ્વાતિના અવાજમાં કંપન વર્તાતી હતી.

હું..... હા સ્વાતિ..... મઝામાં જ છું..... પાર્થના શબ્દોમાં કશુંક દર્દ ટપકતું હતું.

ચાલો આપણે ક્યાંક બેસીએ..... સ્વાતિએ સૂચન કર્યું.

સ્વાતિ તારો વિચાર તો સારો છે, આ ખાલી થઈ ગયેલા ટાઉનહૉલના પ્રાંગણ જેવી સુંદર જગ્યા ય બીજે ક્યાં મળે પણ..... તોફાનોને કારણે સંચારબંધીનો અમલ શરૂ થતાં જ અહીં આપણે ફસાઈ જઈએ તો?

અરે, એ તો હું ભૂલી જ ગઈ. ચાલો, આપણે ચાલતાં ચાલતાં જ વાત કરીશું. કહેતાં કહેતાં સ્વાતિએ ધીમા પગલે ટાઉનહૉલની લોન વટાવી. પાર્થ પણ તેને અનુસર્યો.

નિયોન લાઈટોથી શહેર ઝળહળતું હતું. વાહનવ્યવહાર ખૂબ ઓછો હતો. ધીરે ધીરે વાતો શીતળ સમીર બેઉ યુવાન હૈયાને રોમાંચિત કરતો હતો. આકાશના વાદળાંએ ક્યાંય ચાલી જઈએ શુક્લપક્ષના ચંદ્રને એની ચાંદની ભરપટે અવનિ પર વરસાવવાની જગ્યા કરી આપી હતી. ઘણા લાંબા સમયે ભેળાં થયેલાં બે પ્રેમીઓને પોતાની પ્રકાશિત આંખમાં ભરી લેવા તારા નભમાંથી ડોકિયાં કરતા હતા.

ટાઉનહૉલનો મુખ્ય દરવાજો વટાવી બેઉ સરિયામ રોડ ઉપર આવી ગયા. દૂર દૂર લોકોનાં કેટલાંક ટોળાં ઝડપથી ઘર તરફ જતાં નજરે પડતાં હતાં. ''લક્ષ્મી'' સિનેમાના રસ્તે વળતાં પાર્થે કહ્યું,

સ્વાતિ..... આટલા દિવસ થયે હું તને એકેય વાર યાદ નથી આવ્યો?

આવ્યો હતો..... પણ.....

સ્ત્રીઓને ય પુરુષની જરુર છે જ પુરુષ વગરની સ્ત્રી અધૂરી નારી છે, નર અને નારીનો સંગમ એટલે જ સંસાર...

સાચી વાત છે, પણ કેટલીક સ્ત્રીઓ એવી જવાબદારીમાં અટવાઈ જાય છે કે પુરુષના સાથ સંગાથની જરુર હોવા છતાં તે પુરુષથી દૂર ભાગે છે તને નહીં મળીને તારું દિલ દુભાવવાનું કારણ મારી કેટલીક કૌટુંબિક જવાબદારીઓ છે, બીજું કાંઈ નહિ.

પણ..... સ્વાતિ તેં મને છેક જ ભૂલાવી દીધો? અહીં જો આ મારા અંતરમાં હજીય તારા પ્રત્યેના મારા પ્રેમની જવાળા અવિરત





જલતી જ રહી છે.

અને મારે તારા એ પ્રેમની જવાળાથી પ્રજવલિત થયેલા મારા દિલને પરાણે બુઝાવીને જીવવું પડે છે.

સ્વાતિ, શું આપણે એક ન થઈ શકીએ ?

ના, પાર્થ તારે હવે મને ભૂલી જવી પડશે. મને લાગે છે કે, આ ભવે તો હું ક્યારેય કોઈને પત્ની નહીં બની શકું.

પણ તેનું કારણ..... પાર્થના અવાજમાં ભીનાશ આવી ગઈ.

કારણ તો મેં તમને જણાવી દીધું છે, અને ફરી જાણવું હોય તો જણાવી દેવા તૈયાર છું. સ્વાતિએ પોતાના કંઠને રૂંધાતાં મહાપ્રયાસે રોક્યો.

વાતો કરતાં કરતાં બંને સ્ટેશન નજીક આવી લાગ્યાં. સંચારબંધી શરૂ થવાની વાર હતી. ત્યાં સુધીમાં બેઉનો વિચાર જૂનો દાદરો ઓળંગી ગામડી ગામની હદમાં ચાલ્યા જવાનો હતો. આમે ય બંનેના રહેઠાણ આંણદની બહારના વિસ્તારમાં અને ગામડીની હદમાં આવેલા હતાં થોડી વારના મૌન પછી પાર્થ બોલ્યો.

સ્વાતિ, તને એમ નથી લાગતું કે, આપણે લગ્નના બંધનમાં બંધાઈને તારી અને મારી જવાબદારીઓ હલ કરી શકીશું?

પાર્થ, એનો એ જ પ્રશ્ન તમે ઉલટાવીને પૂછ્યો. ખેર હું માનું છું કે લગ્ન પછી દરેક પુરુષમાં ધણીપણાનો ભાવ પેદા થાય છે અને લગ્નના બંધનમાં બંધાઈ ગયેલી સ્ત્રીને મારીમચડીને ય પતિનું ધણીપણું સ્વીકારવું પડે છે. પતિગૃહ જાણે સ્ત્રી માટે કેદ બની જાય છે. જો હું લગ્ન કરૂં તો મારાં માતા-પિતા બંન્નેને મારો સહારો ગુમાવવો પડે.

સ્વાતિ, આટલા વાહિયાત કારણે તું તારા પ્રેમને ઠોકર મારવા

તૈયાર થઈ છે? પાર્થ જરા ઉંચા સાદે બોલ્યો, બોલાઈ ગયું.

પાર્થ, દુઃખ ન લગાડતો. તારા માટે જે કારણ વાહિયાત છે તે મારા માટે ખૂબ જ અગત્યનું હોઈ શકે છે. આ પહેલાં પણ મેં કહ્યું છે અને આજે પણ એ જ કહું છું મને ભૂલી જા..... યોગ્ય વ્યક્તિ શોધી લગ્નના બંધનમાં બંધાઈ જા.

પાર્થ ખામોશ થઈ ગયો. એના દિલમાં જાણે સાતે સાગર ખળભળી ઊઠ્યા. પળભર તો તેને થઈ આવ્યું કે, પોતે સ્વાતિને એકલી છોડી આગળ ચાલ્યો જાય. હવે એનો સાથે ય શું અને સંગાથે ય શું? પણ પાર્થ એમ ન કરી શક્યો. એમ કરવું એના સ્વભાવમાં જ ન હતું.

દાદરો વટાવી બેઉ ગોધરા જતી રેલ્વેના પાટા ઉપર આવી ગયાં. રેલના પાટે પાટે ચાલતાં સ્વાતિએ મૌન તોડ્યું.

પાર્થ, જો આ રેલ્વેના પાટા ક્યારેય ક્યાંય ભેગા થતાં નથી. આપણે બેઉ રેલ્વેના સમાંતર પાટા જેવાં છીએ જે ક્યારેય ક્યાંય ભેગા નથી થવાના.

આ તારો આખરી નિર્ણય છે? પાર્થનો અવાજ થરથરી ગયો.

હા, પાર્થ જ્યારે જ્યારે તારો વિચાર કરું છું ત્યારે મારા હૈયામાં અપાર વેદનાનો દરિયો લહેરાવા લાગે છે. થાય છે કે બધું છોડી તારી સાથે સંસાર સાગરમાં મારી નાવ હંકારું પરંતુ મારી મજબૂરી મને એમ કરતાં રોકે છે, આ પહેલાંની આપણી છેલ્લી મુલાકાતમાં તેં મને કહ્યું હતું ''સ્વાતિ, તારી ઈચ્છા પ્રમાણે તું કરી શકે છે પણ જતાં પહેલાં આ સાંભળતી જા, હું તારા માટે મારા દિલના અને ઘરના દરવાજા ખૂલ્લા રાખીશ, તને જ્યારે એમ લાગે કે આ જગતમાં કોઈ મારું નથી ત્યારે જ્યાં હો, જે હાલતમાં હો, ત્યાંથી મારી પાસે ચાલી આવજે.''





પણ પાર્થ, આજે આ પળે મારી એક વિનંતિ માન્ય રાખીશ? બોલ રાખીશ ને?

સમ્ સમ્ વહેતી રાત, અને મંદ મંદ ફરકતો સમીર પણ જાણે બેઉની વાત સાંભળવા થંભી ગયાં. રાતના નિરવ વાતાવરણે ભારેખમ ખામોશી ધારણ કરી લીધી. ચાંદનીમાં ચમકતા રેલ્વેના સમાંતર પાટા બેઉને પોતાને જેમ અલગ અલગ દિશામાં લઈ જતાં હતાં. પળભરની ભારેખમ ખામોશી પછી પાર્થ બોલ્યો, હા, મારાથી જુદા પડવાની વિનંતિ સિવાયની બધી જ વિનંતિ મને માન્ય હશે.

પાર્થ, આપણા જુદાં પડ્યામાં જ આપણું હિત સમાયેલું છે. મારા માટે તારા દિલના કે ઘરના દરવાજા ખુલ્લા રાખવાની જરૂર નથી. તું લગ્ન કરીને સુખી સંસાર ચલાવે એ જ મારા માટે મારા પ્રેમના બલિદાનની ફલશ્રુતિ હશે. તું સુખી હશે એ જ મારે મન આનંદની બાબત હશે. આટલું કહી સ્વાતિ પોતાનો કંઠ રૂંધાય અને પાર્થ આગળ પોતાની મનોવેદના છત્તી થઈ જાય તે પહેલાં ઝડપથી ચાલી ગઈ.

સ્વાતિ..... પાર્થનો અવાજ ધમધમાટ કરતી ગુડઝ ટ્રેઈનના અવાજમાં ભળી ગયો. ટ્રેઈન પસાર થઈ ગયા પછી રેલ્વેના એ સમાંતર પાટા જાણે પાર્થનો ઉપહાસ કરતા હસી રહ્યા હતા. પાર્થ થોડીવાર રેલ્વેના એ પાટા તરફ તાકી રહ્યો પછી ઘર તરફ વળ્યો.

પાર્થ ઘેર આવ્યો ત્યારે રાતના સાડા નવ ઉપર પાંચ મિનિટ થઈ ચૂકી હતી. કોલૉનીમાં હજી કેટલાંક મકાનોમાંથી લાઈટનો આછો પ્રકાશ બહાર રેલાતો હતો. બાથરૂમમાં હાથપગ ધોઈ, કપડાં બદલી પાર્થ કિચનમાં આવ્યો. તેના હૈયામાં સ્વાતિના શબ્દો શૂળ બનીને

ભોંકાતા હતા. તેની નજર સમક્ષ રેલ્વેના સમાંતર પાટા તરવરતા હતાં.

પીંજરામાંથી બ્રેડ, બટર અને બટાટાનું શાક કાઢી પાર્થ વાળુ કરવા બેઠો. પણ તેના ગળે કંઈ ઉતરી શક્યું નહીં. બધુ એમ ને એમ પીંજરામાં પાછું મૂકી દઈ એ શયનખંડમાં આવ્યો. વૉલ્યુમ ધીમો કરી તેણે રેકોર્ડરની સ્વીચ ઑન કરી, મુકેશનો ધીરગંભીર અવાજ ઓરડામાં ગૂંજવા લાગ્યો.

''જીસ દિલમેં બસા થા પ્યાર તેરા,
ઉસ દિલકો કભીકા તોડ દિયા''

ગીતના એ સ્વરોની સાથે સાથે પાર્થની આંખોમાંથી ગમનો ઘૂઘવતો સમંદર બહાર આવવા તલસી રહ્યો. પાર્થે તેની આંખોનું આકાશ વરસે તે પહેલાં રેકોર્ડર ઑફ કરી દીધું. બાથરૂમમાં જઈ મોં ધોઈ તે સ્વસ્થ થયો. નાઈટલેમ્પ કરી પલંગમાં પડ્યા પડ્યા તે ભૂતકાળના સોનેરી શમણાંમાં ડૂબી ગયો. અતિતનાં એ મધુરાં શમણાં જ તો હવે તેનો સહારો હતાં પાર્થની વિચારધારાનો પ્રવાહ સતત આમતેમ, આડો અવળો ફંટાતો રહ્યો. રહી રહીને સ્વાતિના શબ્દો તેના હૈયામાં ઘૂમરાવા લાગ્યા.

ખૂબ લાંબા મંથન પછી તેને લાગ્યું કે, હવે આ જગ્યા પોતે છોડી દેશે તો જ સ્વાતિને ભૂલી જઈ શકાશે. સ્વાતિને પોતાની નજર સમક્ષ રાખી વેઠવી પડતી વેદનાનો ભાર પોતે ક્યારેય નહીં જીરવી શકે અને નોકરી તો બીજે ય મળી જશે.

પણ..... તારે નોકરી કરવાની શી જરૂર છે? અંતરમાંથી પ્રશ્ન ઉઠ્યો.





હા, એય ખરું..... નોકરી કોના માટે કરવાની? માતાપિતા તો ઘણા વર્ષ પહેલાં દુનિયા છોડી ગયાં છે ત્યારે સગાંસબંધીમાં ય કોણ છે? સ્વાતિને સુખી કરવા જે નોકરી મેળવી હતી એ હવે સ્વાતિના ગયા પછી હોય કે ન હોય તેથી શું ફરક પડવાનો હતો?

માણસ એક હોય કે વધારે. માણસને જીવન જીવવા શાની જરૂર નથી પડતી? પાર્થનો માંહ્યલો જાણે બધું અંકે કરવા માંગતો હતો.

એક માણસને કેટલું જોઈએ? આમે ય હવે સ્વાતિ વગર અન્ય સાથે લગ્ન કરવાથી શો ફાયદો? તો ભગવાં જ કેમ ધારણ ન કરવાં?

જીવાશે એ રીતે? વૈરાગ્યનો માર્ગ સંસાર કરતાં વધારે કાંટાળો છે તેની ખબર છે?

સુખસાહ્યબી અને હર્યોભર્યો સંસાર છોડીને સાધુ થઈ ગયેલાના દાખલા ય ક્યાં નથી? દૃઢ નિશ્ચય હોય તો બધું જ શક્ય છે.

તો ઉઠ, અને અત્યારે જ ચાલ્યો જા.

નહીં... આ મકાનમાં પડેલા સામાનની વ્યવસ્થા તો કરવી પડશે ને?

અરે, સાધુને વળી સામાનની શી ચિંતા?

એ રાત્રે પાર્થ ગામ અને ઘર છોડી ચાલ્યા જવાનો નિર્ધાર કરી નિંદ્રાને ખોળે પોઢી ગયો.

સવારે ઉઠીને પાર્થે પોતાને જોઈતાં કપડાં તથા પુસ્તકો બગલથેલામાં ભરી લીધાં. થેલાના ચોરખાનામાં સ્વાતિએ આપેલી 'ઙ' અક્ષર કોતરેલી અંગૂઠી મૂકતાં તે ઉદાસ થઈ ગયો. નોકરીનું રાજીનામું આપતો પત્ર લખી સ્ટેશન પરથી પોસ્ટ કરવા થેલામાં મૂક્યો.

છેલ્લે એક નજર આખા ફ્લેટમાં ફેરવી તે ફ્લેટની બહાર નીકળી ગયો. પાડોશમાં રહેતા મગનકાકાને તેના મિત્ર પંકજને આપવા એક કવર આપી તે ઝડપથી ચાલી નીકળ્યો. તેના અંતરમાં પારાવાર વેદના હતી. આટલા સમયથી આજુબાજુના મનુષ્યો, પક્ષીઓ, વૃક્ષો, રેલ્વેના પાટા, ધમધમાટ કરતી ચાલી જતી ગાડીઓના અવાજ સાથે જે માયા બંધાઈ હતી તે છોડવી સહેલી ન હતી. જ્યારે તે રેલ્વેના પાટા ઉપર આવ્યો ત્યારે જાણે સ્વાતિ તેને કહેતી હતી,

"પાર્થ, આપણે આ રેલ્વેના પાટા જેવાં છીએ. સાવ સમાંતર. જે ક્યાંય અને ક્યારેય ભેગા ન થઈ શકે"

એક ઉડતી નજર સ્વાતિની કૉલોની તરફ નાંખી પાર્થે ઝપાટાબંધ ચાલવા માંડ્યું.

શહેરમાં આવી તેણે સૌ પ્રથમ પોતાનું રાજીનામું પોસ્ટ કર્યું. બાકી નીકળતાં પગારના નાણાં તેની બહેનના સરનામે મોકલવા જણાવ્યું. ત્યારબાદ બેન્કમાં જઈ પોતાની તમામ બચતનાં નાણાં ઉપાડી લઈ જરૂરજોગાં નાણાં રાખી બાકીનાં નાણાંના ટ્રાવેલ્સ ચેક્સ લઈ લીધા.

ગોપાલ લૉજમાં જઈ પોતાને પ્રિય એવા મસાલાઢોંસાનો નાસ્તો કરી, સ્ટેશનેથી મુંબઈ તરફ જતી ગાડીમાં ચઢી બેઠો.





...૨...

મનુષ્ય જ્યારે કોઈ વસ્તુ તજી દે છે, ત્યારે તે છોડવાનું તેને પારાવાર દુઃખ થતું હોય છે. સબંધ જોડવા સહેલી વાત છે, પણ તેને હંમેશ માટે તોડવા અશક્ય તો નહીં પણ સહેલું નથી જ. ખાતાં-પીતાં, ઉઠતાં-બેસતાં અથવા કોઈપણ સ્થળે જે પ્રિય વ્યક્તિની યાદ આપણને સતાવતી હોય, જેનું મોં એક વખત જોયા વગર આપણા દિલને ચેન જ ન પડે એવી વ્યક્તિ સાથેના સબંધો જ્યારે તૂટે છે ત્યારે ઉભયને ઘેરો આઘાત લાગે છે. મનગમતી વ્યક્તિ સાથેનો સબંધ અનિચ્છાએ તોડવો પડે ત્યારે એ દુઃખ વસમું અને અસહ્ય બની જાય છે. પાર્થને મળ્યા પછી સ્વાતિ પણ આખી રાત ઊંઘી શકી નહીં.

સ્વાતિ ઘેર આવી ત્યારે તેના આંધળા બા ગંગાબા સૂતાં હતાં. ઘર પાસે રેલ્વે લાઈન હોવાથી અકસ્માતે એક પગ કપાઈ જવાને કારણે અપંગ બનેલો તેનો નાનો ભાઈ મયુર ટેબલલેમ્પના અજવાળે ચોપડી વાંચતો હતો. આંધળી બા અને નાનાભાઈ મયુર સિવાય સ્વાતિનું કોઈ નજીકનું સગું ન હતું. સ્વાતિના પિતા તો ઘણા વર્ષ પહેલાં પરલોક પરવારી ગયા હતા.

દરવાજે ટકોરા પડતાં મયુરે બગલઘોડીના સહારે ઘરનો દરવાજો ખોલ્યો. સ્વાતિના અંદર આવી ગયા પછી દરવાજો બંધ કરતાં મયુરે પૂછ્યું,

કેમ, મોટીબહેન નાટક કેવું હતું?

નાટક નહિ મયુર, નૃત્યનાટિકા હતી. મારે બદલે તું ગયો હોત

તો તને ખૂબ જ મઝા આવત... કહેતા સ્વાતિએ પોતાનું પર્સ ટેબલ પર મૂકયું.

બહેન, તમે જાણો છો કે મારે પરીક્ષાની તૈયારી કરવાની છે. વળી આમેય મને હવે નાટક-સિનેમાનો ઝાઝો રસ નથી રહ્યો.

ભાઈ હજી તારે આ દુનિયા પર ઘણું જોવાનું, શીખવાનું અને જીવવાનું છે. ખેર, છોડ એ વાત. બા સૂઈ ગયા છે?

હા, સાંજના સાડાસાત પછી એમને થોડો તાવ હતો ટેબલેટ આપી છે. અત્યાર સુધી ખાંસીથી પીડાતાં હતાં, હમણાં જ ઝપ્યાં છે.

સારું મયુર તારે ઉંઘવું હોય તો ઉંઘી જા. હું નાહીને વાળું કરી લઈશ.

મયુર ઉઠીને તેના સુવાના ખાટલા તરફ ચાલ્યો. સ્વાતિ બાથરૂમ તરફ ચાલી.

પાર્થે ખાધું હશે? સ્વાતિને વિચાર આવ્યો. પછી એ વિચાર ઉપર પોતે જ સહમી ગઈ અને બબડી,

રે દિલ! તું ય કેવું ઘેલું છે! જેની સાથેના સબંધનો અંત લાવવો છે તેને જ ફરી ફરીને યાદ કરવાનો! હવે પાર્થની ચિંતા કરવાથી ય શું ફાયદો?

ગાંડી, એમ ફોસલાવાથી જો મનુષ્યનું લાગણીશીલ હૃદય ફોસલાવી શકાતું હોત તો દુનિયા ઉપર બે ઘડીની ગમ્મત ખાતર આવા કેટલાય સબંધો જોડાત અને તૂટત! સ્વાતિના અંતરે જવાબ આપ્યો અને પૂછી ય લીધું.

સ્વાતિ તારા અને પાર્થના સબંધનો અંત તો તેં લાવી દીધો. પણ તેને ભૂલી શકીશ ખરી?





હા કેમ નહી?..... સમય જ બધું ભૂલાવી દેશે. સંસારની આ કપરી જવાબદારીઓમાં બધું જ ભૂલાઈ જશે. કહ્યું નથી "દુઃખનું ઓસડ દાહડા"

તારી આ જવાબદારીમાં તેં પાર્થ ને ભાગીદાર બનાવ્યો હતો તો એકમેકના સહારે સહેલું ન પડત?

અરે, મારા નટખટ દિલ! બાથરૂમનો શાવર ચાલુ કરતાં સ્વાતિ બબડી. ત્યાગમાં જ પ્રેમ સમાયેલો છે. સ્ત્રીનું સર્વસ્વ જ્યારે હોમાય છે ત્યારે એના અંતરમાંથી પ્રેમની નવી સરવાણી ફૂટે છે. છેવટે મારો ત્યાગ જગતને એ તો દર્શાવી શકશે ને કે, જરૂર પડે છે ત્યારે સ્ત્રી પણ પોતાના ફૂલ જેવા કોમળ કાળજાને વજ્ર જેવું કઠણ બનાવી શકે છે.

સ્વાતિ.... આવી દલીલો કરી તું જગતને છેતરી નહીં શકે. તેં ખરેખર પાર્થને છેહ નથી દીધો? પાર્થને દગો નથી કર્યો? જો તારે આમ જ કરવું હતું તો પાર્થના અને તારા સ્નેહસબંધના છોડને મૂળમાંથી જ ઝટકાવી નાખવો હતો. સ્નેહસબંધના છોડને વેલ તરીકે પાંગરવા દઈ તેને નિર્દયતાથી કાપી નાંખવો શું એ જ ઈન્સાનિયત છે?

ઠંડા પાણીથી છલકતા શૉવરનાં પાણી ભેળાં સ્વાતિની આંખના પાણી ક્યારે ભળી ગયા તે ખુદ સ્વાતિ ય સમજી ન શકી. શૉવરના અવાજમાં પોતાના ડૂસકાં દબાવી મન ભરીને સ્વાતિએ રડી લીધું.

કપડાં બદલી તે રસોડામાં આવી. વાળું તૈયાર જ હતું. પરંતુ તેને ખાવાની રૂચિ જ ન થઈ. સ્વાતિએ એ રાત્રે ભૂખ્યા જ સૂઈ જવાનું પસંદ કર્યું. પથારીમાં પડ્યા પડ્યા તે પડખાં ઘસવા લાગી. ઊંઘ પણ જાણે તેનાથી રીસાઈને દૂર ચાલી ગઈ હતી.

બહાર તમરાંના સંગીતના તાલે તાલે રાત વહેતી હતી. કદીક

કદીક રાત્રીના શાંત વાતાવરણમાં ચીબરીના ચરચરાટનો સ્વર, તો દૂર દૂરનાં ખેતરોમાંથી શિયાળવાની લાળીનો અવાજ સ્વાતિના ઓરડા સુધી આવી લાગતો. વચ્ચે વચ્ચે રેલ્વે પર ચાલી જતી કોઈ માલગાડીનો ધમધમાટ રૂમ આખી ધ્રૂજાવી જતો. સ્વાતિ ક્યારે ઊંઘી ગઈ એ એને પોતાને જ ખ્યાલ ન રહ્યો.

જાત જાતના વૃક્ષો, ફુલછોડ અને ફૂવારાઓની સુવિધાથી સજ્જ બગીચામાં આસોપાલવના વૃક્ષ નીચે સ્વાતિ ઊભી છે. બગીચાની હરિયાળી લોન ઉપર કેટલાંય યુગલો પોતપોતાની મસ્તીમાં લીન બની કબુતરની જેમ ગુટર...ગુ... કરી રહ્યાં છે. ફુલના ગોટા જેવાં, ગુલાબી ગાલવાળાં બાળકો લોન ઉપર દોડાદોડી કરી રહ્યાં છે. સ્વાતિની નજર વારંવાર દૂર દૂર સુધી લંબાયેલી કાળા સર્પ જેવી કાળી, વાંકી-ચૂંકી ડામરની સડકની છેક ધારે મંડાય છે, અને પાછી ફરે છે. સ્વાતિની નજરમાં વિહ્‌વળતા, અજંપો અને આતુરતાનું સંમિશ્રણ છે. દૂરથી આવતા પાર્થને સ્વાતિની આતુર નજર પારખી લે છે.

ઝભ્ભા-લેંઘાના ધવલ પોશાકમાં સીધા સોટા જેવી ટટ્ટાર ચાલે ચાલ્યા આવતા પાર્થના ઘાટા કાળાભમ્મર કેશ હોવા સાથે ગેલ કરે છે. મોં ઉપર નરી બેફિકરાઈ લહેરાઈ છે. ઘડીભર સ્વાતિને આવા ચપળ, હોંશિયાર, સ્ફૂર્તિલા તથા પરગરજુ યુવાનને ચાહવા બદલ ગર્વ થઈ આવે છે. છતાંય પાર્થ પોતાની નજીક આવતાં સ્ત્રી સહજ ખોટો ગુસ્સો મોં પર લાવી છણકો કરી પાર્થ પરથી નજર હટાવી લે છે. પાર્થ પાસે આવી જાણે સ્વાતિને રીઝવવા, મનાવવા કહે છે,

સ્વાતિ... પીળી સાડી તને ખૂબ શોભે છે હોં..... અને આ તારા લાંબા વાંકળિયા વાળ, ગોળ ભરાવદાર, રૂપાળો ચહેરો, કાનમાં શોભતાં એરિંગ, અને..... અને..... તારા નાકમાં શોભતી





વાળી..... ખરેખર સ્વાતિ તારા આ ગુલાબની પાંખડી જેવા રતુમડા હોઠને ચૂમી લેવાનું મને મન થાય છે.... અને.....

સ્વાતિનો ખોટો ગુસ્સો ક્યાંય ઓગળી ગયો. સહેજ ઉષ્મા મળતાં બરફ ઓગળે તેમ. દાડમની કળી જેવા શ્વેત દાંતને ચમકાવતી ધીરુ હાસ્ય કરતાં એ બોલી,

બસ રહેવા દે, તારી એ કવિતાની કંડીકાઓ, એક તો.....

રહેવા દે સ્વાતિ, તારા કોમળ સ્વરતંત્રને બોલવાથી શ્રમ પડશે. આવ આપણે આ સુંદર હરિયાળીમાં ક્યાંક બેસીએ. કહીને પાર્થે બગીચાના એક એકાંત ખૂણે ચાલવા માંડ્યું. સ્વાતિ પણ તેને અનુસરી.

સંધ્યાનો રાતો લોભામણો રંગ શ્યામ થતો જતો હતો. અત્યાર સુધી ઝાંખી લાગતી નિયોન લાઈટો હવે પૂરેપુરો પ્રકાશ વેરતી જણાતી હતી. કેટલાંક યુગલો બગીચામાંથી વિદાય લઈ રહ્યાં હતાં, તો કેટલાંક યુગલો મળેલા સમય અને એકાંતનો પૂરેપુરો ઉપયોગ કરી લેવા માગતાં હોય તેમ એમની ઘૂસપૂસ અને પ્રણયગોષ્ઠીમાંથી ઊંચા જ આવ્યાં જણાતાં ન હતાં. સ્વાતિ અને પાર્થ બગીચાના જમણા ખૂણે પડેલા એમના કાયમના બાંકડે બેઠાં.

સ્વાતિ..... પાર્થે સ્વાતિ તરફ જોયું.

હં..... અ...

સ્વાતિ મારે મોડું થવાનું કારણ કહું?

હં..... અ..... કહેને કે, એક આંધળા માણસને રસ્તો દેખાડવા રહ્યો હતો. કહે કે, એક લંગડા માણસને ખભે ઉંચકીને રોડ ક્રોસ કરાવવા રહ્યો હતો, કહે કે, અકસ્માતમાં ઘાયલ થયેલાં માણસોને.....

બસ... બસ... પાર્થે સ્વાતિના હોઠ ઉપર તેનો હાથ દાબી દીધો. પછી કહ્યું,

આ વખતે એમાનું કશું જ કારણ ન હતું. પરંતુ અહીં આવવાના રસ્તે કેટલાક તોફાની વિદ્યાર્થીઓ ટેલીફોનના થાંભલા તોડવા પ્રયત્ન કરતા હતા. તે જોઈ હું બીજા લાંબા રસ્તે અહીં આવ્યો.

બસ, આટલી વાતે જ તેં રસ્તો બદલ્યો?

સ્વાતિ, મેં એ મિત્રોને એમ ન કરવા વિનવ્યા, આમ ન કરવા કહ્યું પણ..... મારી વાત તેમણે માન્ય ન હતી. જો હું એ જ રસ્તે આવ્યો હોત તો 'તોફાનોમાં નિર્દોષ દંડાય' એ ન્યાયે પોલીસના હાથમાં હું જ આવ્યો હોત. સરકાર સાથે મનદુઃખ હોય તો તે સરકાર સાથે વાટાઘાટો કરીને પતાવવું જોઈએ નહીં કે જાહેર સગવડતાનાં સાધનો તોડીને, સ્વાતિ....

બસ, બસ હવે રહેવા દે, 'અનામત આંદોલન' ની વાતો તારી પાસે જ રહેવા દે, તારી નોકરીનું કેમ ચાલે છે?

નોકરી તો મઝાની છે, પુસ્તક પ્રકાશનની દુકાનમાં સેલ્સમેનની નોકરી એટલે મઝા જ મઝા.... ગ્રાહક ન આવે ત્યાં સુધી મઝાથી લેખકોને વાંચ્યા જ કરવાના. તારું કેમ ચાલે છે?

શિક્ષકની નોકરી એટલે શિસ્ત, સમયપાલન અને જવાબદારી. અગિયારથી પાંચ સુધી ભાવિ નાગરિકો સાથે ઘડભાંજ કર્યા કરવાની.....

હું યાદ આવું છું?

અહં.... અ....

મારા સોગન....?



ના, સોગંદ નહીં લઉં, સોગંદ એકબીજા પ્રત્યે અવિશ્વાસની નિશાની છે.

સારું.... ના ખાઈશ સોગંદ, બસ, આપણા લગ્નનું શું કરીશું?

એ તો થશે જ ને! તારા વગર મને એકપળ ચાલે તેમ નથી. પાર્થ મારું આ જીવન જાણે તારા માટે જ સર્જાયું છે. હું તારી જ છું. તું.....

હા સ્વાતિ હું તારો જ છું. ભવેભવ તારો જ છું.... કહેતાં પાર્થે સ્વાતિને પોતાની બાંહોમાં સમાવી દઈ ચૂંબનોથી ગૂંગળાવી દીધી.

સ્વાતિ ભરઉંઘમાં ય મંદ મંદ મુસ્કુરાતી રહી. તેના કાને શરણાઈના સૂર સંભળાયા. પોતે પાનેતર ઓઢી, શણગાર સજી, હાથે મહેંદી મૂકી સખીઓ વચ્ચે ઘૂમટો તાણીને બેઠી છે. આંગણામાં બાંધેલા માંડવામાંથી ફીલ્મીગીત હવામાં ગૂંજી રહ્યું છે. કેળના થાંભલાઓ વચ્ચે ચૉરી શોભે છે. લગ્નવેદીની ચારેકોર આમંત્રિત મહેમાનો માટે ખુરશીઓ ગોઠવાઈ ગઈ છે.

''હું વરરાજા થૈ આવું,
શરણાઈ વગડાવું''

ગીતના શબ્દો કર્ણપટે ઝીલાતાં સ્વાતિના અંગે અંગમાં સ્પંદનો ફોરી ઉઠ્યાં દૂર ફળિયામાં દારૂખાનાનો ધડાકો થયો. જાન ગામમાં આવી પહોંચ્યાની એ એંધાણી હતી. સ્વાતિનું હૈયું એક ધબકારો ચૂકી ગયું નયન પર લજ્જાનો ભાર છવાયો, અંગે અંગમાં મદહોશી ફરી વળી. ખુશી અને આનંદના આવેશમાં એના રૂવેરૂવાં સ્પંદનવા લાગ્યાં.

લગ્નનું મુહૂર્ત નજીક આવતું જતું હતું. મયુર આંધળી બાને ઘોડીના ટેકે લગ્નવેદી તરફ દોરી જતો હતો. કેટલાંય સગાંસબંધીઓ

અને પરિચિતોથી લગ્નનો માંડવો  શોભતો હતો. કહેવાય છે કે, લગ્નના દિવસે દરેક નવવધુ આંધળી થઈ જતી હોય છે. લગ્નના દિવસે એને એના પરણ્યા વગર કંઈ જ દેખાતું નથી હોતું અને એટલે જ દરેક નવવધુને તેની સાહેલીઓ હાથ પડકીને તેને લગ્ન મંડપમાં દોરી જતી હોય છે. સ્વાતિને લગ્નવેદી પાસે પાર્થની નજીક બેસતાં સંકોચ થયો. સ્હેજ વધારે ઘૂમટો ખેંચી સ્વાતિ નજીક ઢાળેલા બાજઠ ઉપર બેસી ગઈ.

વરકન્યા સાવધાન.....

ગોર મહારાજના શબ્દો પૂરેપુરા બોલાઈ રહે તે પહેલાં લગ્ન મંડપમાં પ્રચંડ ધડાકો થયો. પોતાની નજર સામે જ સ્વાતિએ પાર્થને લોહીથી તરબોળ થઈ જતો જોયો, સ્વાતિથી ચીસ પડાઈ ગઈ.

પાર્થ..... પાર્થ..... સ્વાતિ સફાળી જાગી ગઈ. સવારે વાંચવા વહેલો ઉઠેલો મયુર, દીવાલના ટેકે ટેકે ત્યાં દોડી આવ્યો. સ્વાતિના બા પણ ખાં ખાં ખોળા કરતાં સ્વાતિ પાસે આવી લાગ્યાં.

બહેન.... મોટી બહેન.... શું થયું? ચીસ કેમ પાડી?

કંઈ નહી મયુર..... ઉંઘમાં સ્વપ્ન આવ્યું હતું. તેનાથી ભડકી જઈને ચીસ પડાઈ ગઈ.

સ્વપ્ન ખૂબ ભયંકર હશે નહીં?

હા, મયુર ખૂબ જ ભયંકર અને ડરામણું હતું. સ્વસ્થ થતાં સ્વાતિએ કહ્યું.

બેટા, રાત્રે સૂતી વખતે કંઈપણ વિચારો ન કર્યા કરવા, શમણાં એ આપણા વિચારોનું પ્રતિબિંબ છે. ગભરાઈ ગયેલાં ગંગાબાએ સ્વાતિને કહ્યું.





સારું બા...... કહેતી સ્વાતિ પલંગ ઉપરથી ઉતરી બાથરૂમ તરફ ચાલી ગઈ. બ્રશ કરતાં સ્વાતિને શમણામાં જોયેલા લોહીલુહાણ પાર્થની જ યાદ આવ્યા કરી.

ગઈકાલે મારા કહેવાથી નિરાશ થઈ તેણે આપઘાત કર્યો હશે. આ શમણાનો અર્થ શો હોઈ શકે? સ્વાતિને એક વિચાર તો પાર્થના ઘેર જઈ તેની ખબર કાઢી આવવાનો આવી ગયો. પણ તેના હૈયાએ તેને ટપારી,

હત્... ભૂંડી, એક વખત જે નિર્ણય લીધો તેને દઢ મનોબળથી વળગી રહેવું જોઈએ. એ દિવસે પાર્થે ય ક્યાં નહોતું પૂછ્યું કે, આ તારો છેલ્લો નિર્ણય છે?

પણ, કપરી વેળાએ દુશ્મને ય તેની દુશ્મની ભૂલી જાય છે ત્યારે હું તો... હું તો... સ્વાતિએ હૈયા સાથે દલીલ કરી.

આ તારી જાતને જ છેતરવાની દલીલ છે. જો તને પાર્થ પ્રત્યે આટલી બધી લાગણી હતી, તો તેને તેં તરછોડી કેમ દીધો? તારે તેની સાથે લગ્ન કરી લેવાં જોઈતાં હતાં.

સ્વાતિએ જેમ તેમ કરીને હૈયાના ઉભરાઓને શમાવ્યા, દબાવ્યા અને બાથરૂમની બહાર આવી. બહાર દિવસ ખાસ્સો ચઢી ચૂક્યો હતો. પક્ષીઓના કલરવ અને ફુલોની મહેંકથી વાતાવરણ જીવંત અને ભર્યું ભર્યું લાગતું હતું. સ્વાતિ કિચનમાં જઈ ચ્હા-નાસ્તો તૈયાર કરવા લાગી. ખૂબ પ્રયત્ન છતાં સ્વાતિ શમણાંમાં નજરે પડેલા પેલા ભયાનક દશ્યને ભૂલી ન શકી. તેનું મન શંકાના અને અમંગળ ઘટનાના ચક્કરમાં ભમવા લાગ્યું. છેવટે શાકભાજી ખરીદવા જતી વેળાએ પાર્થની ભાળ કાઢશે જ એમ કરી મનને મનાવ્યું.

ચ્હા-નાસ્તા પછી નાહી-ધોઈ શાકભાજી ખરીદવા જવાનો સ્વાતિનો નિત્યક્રમ હતો. રોજના કરતાં આજે તે જુદે રસ્તે થઈને નીકળી. જેથી પાર્થના મકાન આગળ થઈને જઈ શકાય. સ્વાતિ જ્યારે પાર્થના મકાન નજીક આવી ત્યારે સહજપણે તેના દિલના ધબકારા વધી ગયા. એક નજર ઉઠાવીને પાર્થના મકાન તરફ જોવાની ય તેની હિંમત ના ચાલી. જો મગનકાકાની દીકરી શીલાએ તેને ન બોલાવી હોત તો તે ઉંધુ ઘાલીને જ સડસડાટ ત્યાંથી ચાલી જાત.

ઓહ, સ્વાતિ કેમ કંઈ બહુ દિવસે આ રસ્તા પર?

બસ, એમ જ. શાકભાજી લેવા નીકળી હતી. આજે આ રસ્તે નીકળી કહી સ્વાતિએ સ્હેજ તીરછી નજરે પાર્થના ઘર તરફ નજર નાખી.

આવને... જવાય છે... એટલી શી ઉતાવળ છે.... શીલાએ આગ્રહ કર્યો.

ના, ના કહેતી સ્વાતિને શીલા સાથે ખેંચાવું જ પડ્યું.

બેસ સ્વાતિ, ચ્હા તૈયાર જ છે. પણ એક વાત પૂછું?

પૂછને, તારાથી મેં કંઈ છૂપાવ્યું છે? સ્વાતિએ કહ્યું.

લ્યે, આ ચ્હા પીવા માંડ! ખુરશીની સામે પડેલી ત્રિપાઈ ઉપર ચ્હાનો કપ મૂકતાં શીલાએ કહ્યું. પછી પૂછ્યું, સ્વાતિ કેટલાય સમયથી તને થયું છે શું? કે તું નથી આ બાજુ આવતી કે નથી ઝાઝુ ઘરની બહાર દેખાતી?

થવાનું તે શું હોય શીલા! શાળાની નોકરી એટલે એવો સમયે ય ક્યાંથી મળે?

લ્યે, હું તને બિસ્કુટ આપવાનું જ ભૂલી ગઈ. કહીને શીલાએ





રકાબીમાં બિસ્કીટ મૂક્યાં પછી કહ્યું.

સ્વાતિ, તારી દલીલ હું સાચી નથી માનતી. મારું અંતરમન કહે છે કે, તારા અંતરમાં ક્યાંક કંઈ છૂપું ભારણ આવ્યું લાગે છે.

શીલા, તારે જે માનવું હોય તે માનવાની છૂટ છે. પરંતુ હું તને ખરેખર કહું છું કે મને આ બાજુ આવવાનો સમય જ નથી મળતો. સ્વાતિએ પોતાના અંતરની વાત છૂપાવતા કહ્યું.

સ્વાતિ, આપણે તો બચપણનાં ગોઠિયાં, આ પહેલાં તો તું દિવસમાં એકવાર મારે ત્યાં ન આવે તો તને પેટ દુઃખતું પણ તેં હવે એ ય છોડી દીધું છે. સ્વાતિ, તારી ખાસ મિત્રના નાતે પૂછી લઉં તો દુઃખ ન લગાડતી. સ્વાતિને ખબર તો પડી જ ગઈ કે શીલા શું પૂછવાની છે. છતાં કહ્યું,

પૂછ, એમાં વળી ખોટું શું લાગવાનું છે!

તારી અને પાર્થની વચ્ચે કંઈ મનદુઃખ થયું છે?

શીલા, મનદુઃખ જેવું તો કંઈ જ નથી. પરંતુ મેં જ પાર્થ સાથેનો સ્નેહસબંધ તોડી નાખ્યો છે. મેં મારી જીંદગીની આખી કેડી જ બદલી નાંખી છે. મારે લીધે એની જીંદગી બરબાદ કરવાનો મને શો અધિકાર? બોલતાં બોલતાં સ્વાતિએ શીલાના ઘરની બારીમાંથી નજરે પડતા પાર્થના મકાન તરફ નજર નાખી. પછી શીલાને પૂછયું,

પાર્થ ઘરે નથી?

હા, પાર્થ આજે ક્યાંક બહાર ગયો છે.

તો, તો સાંજે પાછો આવવાનો હશે નહીં?

જે, વ્યક્તિને આપણે ભૂલવા જ મથતા હોઈએ તે વ્યક્તિ સાંજે પાછી આવે કે ના આવે, તેથી શો ફરક પડવાનો હતો.

ના, એમ વાત નથી... ત્યાંથી શરુ કરીને તેની અને પાર્થની મુલાકાતમાં શું બન્યું, ગઈ રાત્રે પોતાને કેવું ભયંકર, ડરામણું સ્વપ્ન આવ્યું ત્યાં સુધીની બધી વાત સ્વાતિએ શીલાને કહી.

સ્વાતિની વાત સાંભળ્યા પછી શીલાથી અનાયાસે બોલાઈ ગયું.

અરે રે, સ્વાતિ તેં પાર્થ જેવા ભલા, ભોળા, કવિ હૃદય માણસને કેમ આઘાત આપ્યો? સ્વાતિ તેના તારા પ્રત્યેના પ્રેમની હું સાક્ષી છું. તારી સાથે લગ્ન કરીને એ સંસારને બતાવવા માંગતો હતો કે જૂઓ, પ્રેમલગ્નોને ધૂત્કારતા જનો! પ્રેમલગ્ન આટલી હદે સફળ થઈ શકે છે. સ્વાતિ, મારી બહેન તેં આ શું કર્યું? શીલા ગળગળી થઈ ગઈ.

શીલા હવે મને મારી ભૂલ સમજાય છે. પણ પાર્થ ક્યાં છે? મારે તેની માફી માગવી છે. મેં અભાગણીએ તેને વસંત આપવાનું વચન આપી પાનખર આપી દીધી. સ્વાતિની આંખમાંથી આંસુ સરી પડ્યાં.

શાંત થા સ્વાતિ, કહી શીલાએ સ્વાતિને પાણી આપ્યું. પછી કહ્યું સ્વાતિ પાર્થ ક્યારે પાછો આવશે એ તો એ જાણે પણ આ એક કવર તે પપ્પાને આપીને ગયો છે. જે તેના મિત્ર પંકજને આપવાનું છે.

લાવ, શીલા એ કવર. જોઉં તો ખરી પાર્થે પંકજને શું લખ્યું છે.

પણ બીજાનો પત્ર... શીલા અચકાઈ.

શીલા, પાર્થનો લખેલો પત્ર મારા માટે બીજાનો ન કહી શકાય. લાવ મારી બહેન નહીં...

'આપું છું.' કહીને શીલાએ મેજના ખાનામાંથી કવર કાઢી સ્વાતિના હાથમાં મૂક્યું. સ્વાતિએ કવર ખોલી પત્ર વાંચવા માંડ્યો. પાર્થે લખ્યું હતું.





સ્નેહી પંકજ,

આ પત્ર તારા હાથમાં આવશે, ત્યારે હું ઘણો દૂર નીકળી ગયો હોઈશ. છેલ્લા કેટલાય વખતથી મારું મન ક્ષુબ્ધ થતું ચાલ્યું છે, સ્વાતિ તરફના મારા પ્રેમથી તું અજાણ નથી જ. સ્વાતિ જો મને ન મળવાની હોય અને અમે બંને સંસાર માંડી શકવાના ન હોઈએ તો બહેતર છે કે સ્વાતિને ભૂલી જવા તેનાથી દૂર ચાલ્યા જવું.

'જાઉં છું ક્યાં, મને તેની ખબર નથી,

શોધશો ના મને, રસ્તામાં કબર નથી.'

મારા આ પગલાંથી નારાજ ન થતો. મારા દૂર ચાલ્યા જવામાં જ સ્વાતિનું અને મારું હિત સમાયેલું છે.

એજ સ્નેહાધિન,

**પાર્થ**

પત્ર વાંચતાં વાંચતાં સ્વાતિની આંખો ચૂવા લાગી. પત્ર કવરમાં પાછો મૂકી કવર શીલાને આપી દીધું પછી ઉભા થઈ શીલાના ઘરની બહાર નીકળી ગઈ. ન તો શીલાએ કંઈ પૂછ્યું ન તો સ્વાતિએ કંઈ કહ્યું. બેઉ નિઃશબ્દ અને ખામોશ!

મેં પાર્થના કવિહૃદયને આઘાત પહોંચાડ્યો. તેના સાચા પ્યારને ઠૂકરાવી દીધો ત્યારે જ તે આમ ચાલ્યો ગયો ને?

શાકભાજી ખરીદી પાછા વળતાં સ્વાતિને આ એક જ સવાલ સતાવતો હતો. "પાર્થને શોધવો ક્યાં?"

...૩...

ભારતીય રેલ્વેના બીજા વર્ગની મુસાફરી એટલી નરી હાડમારી. બીજા વર્ગમાં ભીડનો પાર નથી હોતો. એમાં ય વળી ફેરિયાઓનો ત્રાસ. ક્યારેક તો આપણને મુસાફર કરતાં સામાનની સંખ્યા વધારે જણાય!

બીજાવર્ગના ડબ્બામાં પગ મૂકતાં જ આપણા મહાન ભારત દેશની કંગાલિયતના દર્શન કરાવતાં ગરીબ, ભીખારી, બાવા જેવા ખુદાબક્ષ મુસાફરો ડબ્બાનો દરવાજો રોકીને જ બેઠાં હોય છે. જે દેશ અણુધડાકાઓ પાછળ અબજો રૂપિયાનું આંધણ કરે છે, જેના નેતાઓ પોતાની સુખ-સગવડ માટે મહિને લાખો રૂપિયા ખર્ચે છે એવા વિશ્વમાં ધનાઢ્ય ગણાતા મહાન ભારતની દારુણ ગરીબાઈનાં દર્શન કરવા હોય તો શહેરની ઝૂંપડપટ્ટીમાં ગામડાની ગરીબ પ્રજામાં અથવા તો રેલ્વેના બીજા વર્ગના ડબ્બામાં થઈ શકે છે.

બીજાવર્ગના ડબ્બાના બેઉ દરવાજે ભીખારીઓ, કોઢિયા, રક્તપિત્તિયા, વગર મહેનતે પેટનો ખાડો પુરવા બાવા થઈ ગયેલા જાતભાતના માણસો ખડકાયા હોય એમને તથા વચ્ચે ખડકી દીધેલા સામાનને જાળવી, તારવી અને ઓળંગીને ડબ્બાના અંદરના ભાગમાં પ્રવેશો એટલે રેલ્વેને પોતાની બાપિકી જાગીર ગણતા કેટલાય લોકો ખોટી રીતે સીટો રોકી પત્તાં ટીચતા કે સૂતેલા નજરે પડે.

પાર્થના સદનસીબે, એ જે ડબ્બામાં ચઢ્યો એમાં આમાંનું કંઈ જ ન હતું. ડબ્બો આશ્ચર્યજનક રીતે ખાલી જણાયો. બારી આગળની





સીટ પસંદ કરી પાર્થ ત્યાં જ બેસી ગયો. પછી બારી બહાર પ્લેટફોર્મ પર નજર નાખી.

પ્લેટફોર્મ પરનાં મનુષ્યો જાણે રઘવાયાં થઈ ગયાં હતાં. ચ્હા-ભજિયાની રેંકડીઓવાળાના બરાડા, કુલીઓના ‘બાજુ ખસો’ ના ચિત્કાર અને ડબ્બામાં ચઢવા મરણિયો જંગ ખેલતા મુસાફરોથી પ્લેટફોર્મ જીવંત લાગતું હતું. ઘડીભરતો પાર્થને એમ જ લાગ્યું કે આના પછી મુંબઈ જવાની બીજી કોઈ ગાડી આવવાની જ નહીં હોય! પાર્થે પ્લેટફોર્મ પરથી નજર હટાવી લીધી. હૈયામાં સ્વાતિ, આણંદ જેવું વિકસતું નગર, પંકજ જેવા સહૃદયી મિત્રો, પરિચિતો વગેરે છોડવાનું દુઃખ હોવા છતાં તે હોઠમાં હાસ્યસહ માણસની પામરતા અને સ્વાર્થવૃત્તિનું નિરીક્ષણ કરતો રહ્યો.

ગાડી જ્યારે આણંદનું પ્લેટફોર્મ છોડી બહાર નીકળી ત્યારે અનાયાસે પાર્થની નજર ગોધરા લાઈન ઉપર પડી. આ જ એ પાટા હતા જેની સાક્ષીએ તે સ્વાતિ સાથે પ્રણય સબંધે બંધાઈ ગયો હતો અને આ જ એ લોખંડના મૂક પાટા હતા જેનું ઉદાહરણ આપી સ્વાતિએ એ પ્રણય સબંધને તોડી નાંખ્યો હતો. પાર્થના હૈયાનું દર્દ તેની આંખોમાં આવીને બેઠું. હાથ રૂમાલની આડાશે તેણે દુનિયાની નજરથી આંસુને છૂપાવી દીધાં. તેણે નજરને એ પાટાઓ પરથી હટાવી લીધી. પછી આંખો બંધ કરી સીટ ઉપર બેસી રહ્યો. તેની બંધ આંખોના પડદા ઉપર રહી રહીને સ્વાતિ સાથે ગુજારેલા સમયના સંસ્મરણો સળવળતાં હતાં.

શીલાને ત્યાં સ્વાતિ આવી હતી. પાર્થ ઘરની બહાર નાનકડા બગીચામાં કોઈક સામાયિક વાંચતો હતો. પશ્ચિમનું આકાશ ધીરે ધીરે લાલ રંગ ધારણ કરતું હતું. બગીચાના ફુલછોડ પર ખીલેલાં રંગબેરંગી

ફુલો પર, સંધ્યાના કોમળ પ્રકાશમાં રંગબેરંગી પતંગિયાં રાત પડે અને અંધકાર ઘેરાય તે પહેલાં ચૂંસાઈ શકાય, તેટલો મધુરસ ચૂસવા ભમતાં હતાં. પક્ષીઓ જાણે આખા દિવસના અનુભવો એકબીજાને કહેતા હોય તેમ કલબલાટ કરતાં પોતાના રાત્રી નિવાસસ્થાને પાછાં ફરતાં હતાં.

પાર્થ, સામાયિકમાં આવેલ એક રસપ્રદ કિસ્સો વાંચવામાં લીન હતો ત્યાં જ સામેની બારીમાંથી સમ્મ્મ્ કરતું માટીનું એક ઢેફું આવીને તેના ખોળામાં પડ્યું.

પાર્થે નજર ઉઠાવીને જોયું તો સ્વાતિ અને શીલા ખડખડાટ હસતાં ફ્લેટના બગીચામાં ઉભા હતાં. પ્રથમ તો પાર્થને તેમની આ હરકત પર ગુસ્સો આવ્યો, પણ સ્વાતિની હાજરીમાં તે કંઈ બોલી શક્યો નહીં. ઘણીવખત શીલા પાર્થ સાથે આ રીતે તોફાન કરી લેતી હતી પરંતુ શીલા અને પાર્થ વચ્ચેની આ મજાક નિર્દોષભાવે જ થતી. તેમાં એકમેકના આકર્ષણનું કોઈ તત્વ ન હતું. પાર્થના મનમાં સવાલ થયો, કે આ ઢેફું ફેક્યું કોણે? શીલાએ કે સ્વાતિએ?

હજીપણ સ્વાતિ અને શીલા બગીચામાં ઉભાં રહી હસતાં હતાં. કંઈપણ પ્રતિભાવ આપ્યા સિવાય પાર્થે પાછું સામાયિકમાં ધ્યાન પરોવ્યું. સામાયિકમાં જ નજર ખોડાયેલી રાખીને પાર્થ ત્રાંસી નજરે સામે બગીચા તરફ જ જોઈ રહ્યો હતો. તેની એ ચોર નજરે જોઈ લીધું કે, સ્વાતિ નીચા નમી માટીનું ઢેફું લઈ રહી છે, એ ઢેફું બીજીવાર કદાચ પોતાના જ ખોળામાં આવીને પડશે, એમ વિચારી સવેળા ચેતી જઈ, પાર્થ ખુરશી ઉઠાવી અંદર ચાલ્યો ગયો અને તેના લખવાના ટેબલ ઉપર બેઠો. તેના હાથમાં એ માટીનું ઢેફું હતું જે સ્વાતિએ ફેંક્યું હતું. પોતાના હાથમાં એ ઢેફું રમાડતાં રમાડતાં તેના કવિ હૃદયમાં





કવિતા ફૂટી નીકળી. તેણે લેટરપેડ લઈ, તેમાં કવિતા કંડારવા માંડી.

તમે ફેંકેલું માટીનું ઢેફું,
હૈયું મારું વીંધી ગયું !
હૈયાનાં સૂતેલાં દર્દ મીઠાં,
ધીમે રહી જગાવી ગયું!
તમારી તીરછી નજરના,
સંદેશ મને એ દઈ ગયું!
છાની, છાની, પ્રીત એ,
તમ પ્રતિ જગવી ગયું!
રહ્યાં'તાં ક્ષોભના બંધન,
તે ય એ છેદી ગયું!
પડી ભોંયે વાગીને મને,
કણ કણમાં વેરાઈ ગયું!
નાનકડું માટીનું ઢેફું,
પ્રેમગાન ચીંધી ગયું!!

કવિતા લખવામાં પાર્થ એટલો બધો લીન થઈ ગયો હતો કે, તેની બાજુમાં કોણ આવીને ઉભું છે તેનો ય તેને ખ્યાલ ન હતો.

કદાચ, આ માટીનું ઢેફું સોનાની ડબ્બીમાં સાચવી રાખવાનું હશે નહીં શીલા?

એમ જ હશે ને? નહીં તો માટીનું એ ઢેફું હાથમાં લઈ, લખવાના ટેબલ સુધી લાવવાની શી જરૂર? શીલાએ કહ્યું.

અરે..... ત ત તમે? પાર્થ બંને જણને આમ પોતાના ફ્લેટમાં ઘૂસી આવેલાં જોઈ થોથવાયો.

અરે, એમ ગભરાઈ જવાની જરૂર નથી. અમે તમને હવે રોડ પરના મેટલથી તો નહીં જ મારીએ... સ્વાતિએ ટીખળ કર્યું.

પાર્થે કવિતા લખેલું લેટરપેડ પુસ્તકો નીચે છૂપાવતાં કહ્યું, તમારો શો ભરોસો! માટીનું ઢેફું ફેંકવામાં સફળતા મળ્યા પછી તમે મેટલે ય ફેંકો....

શું તમે અમને એવાં જ ધારી લીધાં? કહેતાં સ્વાતિએ પાર્થે સંતાડી દીધેલું લેટરપેડ પુસ્તકોમાંથી ખેંચવા માડ્યું.

નહીં... નહીં... બીજાનું ખાનગી લખાણ વાંચવાનો તમને શો અધિકાર છે?

પાર્થ, અધિકાર હોય કે ન હોય, પણ તમે તેને સંતાડવાનો પ્રયાસ કર્યો એટલે હું જોવાની જ... સ્વાતિએ કહ્યું.

અરે, તમે મારું નામ ક્યાંથી જાણ્યું? સ્વાતિના મુખે ઉચ્ચારાયેલા પોતાના નામથી નવાઈ પામી પાર્થે પૂછ્યું.

પાર્થના આ સવાલ પર સ્વાતિ અને શીલા બંને ખડખડાટ હસી પડ્યાં. સ્વાતિને તો આ ભોળા દિલનો માનવી ગમવા માંડ્યો. લેટરપેડ હાથમાં લઈ સ્વાતિએ પેલી કવિતા વાંચી પછી લેટરપેડ શીલાને આપતાં કહ્યું,

શીલા, તારી પાડોશમાં આટલા હોશિયાર શીઘ્રકવિ રહે છે, અને તેં મને એમનો પરિચય પણ ન કરાવ્યો?

મને શી ખબર કે તું આ કવિની આટલી જલદી આશક બની જઈશ. જો ખબર હોત તો એમનો આજે ય પરિચય ન કરાવત!

શીલાના આ વાક્યે, પાર્થ અને સ્વાતિ બંનેને ચમકાવી દીધાં. અનાયાસે બેઉનાથી એકબીજાની સામે જોવાઈ ગયું. આંખોએ આંખોને





કશીક વાત કરી, પલ-બે-પલ ચારે ય નયનો એક બની નીચા ઢળી ગયાં.

એ દિવસે સ્વાતિ અને શીલા તો ચાલ્યાં ગયાં. પણ પાર્થને બેચેન કરતાં ગયાં. સ્વાતિ પાર્થને કંઈક આપતી ગઈ તો સામે પાર્થનું કશુંક ચોરી પણ ગઈ. દિવસો વીતતા ગયા, પછી તો જાણે સ્વાતિ અને પાર્થના પ્રણયનો ત્રીજો ખૂણો શીલા જ બની ગઈ.

બગીચામાં, હોટલોમાં, સિનેમામાં મુલાકાતો, પ્રેમપત્રોની આપ-લે રિસામણાં-મનામણાં સાથે સ્વાતિ અને પાર્થનું પ્રણયબીજ પાંગરવા લાગ્યું. મસમોટા વૃક્ષમાં ફાલેલો આ પ્રણય, છેવટે હતાશા, નિરાશા, અને વ્યથામાં પલટાયો. પાર્થે આંખ ઉઘાડી ત્યારે ગાડી એ જ પાટા પર ગતિ કરી રહી હતી જે ક્યાંય અને ક્યારેય ભેગા થતા ન હતા.

ટ્રેઈન વડોદરા વટાવી ઘણી આગળ નીકળી ચૂકી હતી. ત્યાં સુધી પાર્થ તંદ્રામાં જ રાચતો રહ્યો. બારી બહાર સૂરજ હવે લગભગ તેની અડધા ભાગની મંઝીલ વટાવી અસ્તાચાળ તરફ ધીમાં પરંતુ મક્કમ ડગલાં માંડી રહ્યો હતો. ગાડીની ગતિ કરતાં ઉંધી દિશામાં ગાડી જેટલી જ ઝડપે ભાગતાં વૃક્ષો, ખેતરની વાડો, ટેલીફોનના થાંભલાઓ વગેરેનું મનભરીને નિરીક્ષણ કર્યા પછી પાર્થને પોતાના સહયાત્રીઓને જોવાનું મન થઈ આવ્યું. તેણે ધીરે ધીરે નજર ડબ્બામાં ઘૂમાવવા માંડી.

પ્રથમ નજરે પાર્થને ડબ્બામાં એક ફેર જણાયો કે આણંદ સ્ટેશનેથી ખાલી લાગતા ડબ્બામાં ભીડ વર્તાવા લાગી હતી. તેની સામેની સીટ ઉપર એક ભગવાધારી સાધુ બેઠા હતા. જે કદાચ વડોદરાથી ચઢ્યા

હશે અથવા બીજા કોઈ સ્ટેશનેથી પણ હોઈ શકે. બાજુની ચાર બેઠકોવાળી લાંબી સીટ ઉપર એક દંપતિ પોતાનાં નાનાં-મોટાં છ બાળકો સાથે મુસાફરી કરતું હતું. એની સામેની સીટ ઉપર એક ભીલ દંપતિ તેનાં આઠ સંતાનો સાથે આરામ ફરમાવતું હતું.

સામે સામે બેઠેલાં બંને કુટુંબોમાં સંતાનોની સંખ્યા જોતાં પાર્થને પરિવાર નિયોજનની અનિવાર્યતા સમજાઈ. તેને થયું કે આ દેશમાં આ રીતે જ જો વસ્તીવધારો થતો રહેશે તો આખા દેશમાં ભૂખમરો, બેકારી અને રહેઠાણના પ્રશ્નો ઉભા થવાના.

પાર્થની નજર રહી રહીને ભીલ આદિવાસી દંપતિ અને તેમનાં બાળકો પર ફરતી હતી. આદિવાસી સ્ત્રીના શરીર પર સાવ મેલું, જીર્ણ થયેલું અને લીરા થઈ ગયેલું ઓઢણા જેવું એક કપડું હતું. નીચે કછોટો મારીને જે ચણિયો પહેરેલો તેનો મૂળ રંગ કયો હશે તે કળવું ય મુશ્કેલ પડે એટલી હદે મેલો અને ધૂળધોયો હતો. વારંવારની પ્રસુતિ તથા અપુરતા, સત્વહિન ખોરાકને કારણે તેની કાયા સાવ નંખાઈ ગયેલી દેખાતી હતી. તેમનાં બાળકોમાંથી અડધાં તો સાવ નાગાં હતાં તો અડધામાં ઉપરનું હોય તો નીચેનું વસ્ત્ર ગાયબ હતું! આદિવાસી ભીલ પુરુષ બેઠો બેઠો ચલમ ફૂંક્યા કરતો હતો. તેનું શરીરે ય આમ તો મધ્યમબાંધાનું હતું. કાળની થપાટો ખાઈને તેનો ચહેરો થાકેલો અને નિસ્તેજ દેખાતો હતો.

સામેની સીટ ઉપર બેઠેલું કુટુંબ મધ્યમવર્ગી જણાતું હતું. સ્ત્રીના શરીર સૌષ્ઠવ પરથી જણાતું હતું કે તે સાતમા બાળકને પ્રસવ નહીં જ આપી શકે. બાળકોના શરીર ફીક્કા અને માંદલા દેખાતા હતાં મધ્યમવર્ગનો આ શિક્ષિત માણસ તો કદાચ કુટુંબ કલ્યાણનો આ સંદેશ ક્યારેકય સાંભળશે, વાંચશે અને સમજશે પરંતુ આ અભણ આદિવાસી





પ્રજાને પરિવાર નિયોજન અને તેના લાભ કોણ કહેવા જશે? વિચારતાં પાર્થને લાગ્યું કે દેશને હવે પરિવાર નિયોજનની તાતી જરૂર છે.

માચીસ છે? ભગવાધારી સાધુએ પાર્થની વિચારધારમાં ખલેલ કરી.

નહીં બાબા.....

અચ્છા કોઈ બાત નહીં... કહીને સામે બેઠેલા મુસાફરને એ જ પ્રશ્ન કર્યો.

હા લ્યો... કહીને છાપું વાંચતા પેલા મુસાફરે ત્યા બેઠાં બેઠાં જ માચીસ ફેંકી જે સાધુએ ઝીલી લીધી. સીગારેટ સળગાવી સાધુએ પણ ત્યાંથી જ માચીસ પેલા મુસાફર પર પાછી ફેંકી.

પાર્થ એ સાધુને જોઈ રહ્યો. પાર્થને એ સાધુમાં સાધુ કરતાં તક સાધુનાં દર્શન વધારે થયાં. સમગ્ર ભારત દેશનાં મંદિરોની આવક લોક કલ્યાણ અને શિક્ષણ પાછળ વાપરવામાં આવે તો આખા વિશ્વમાં ભારત એક સુપરપાવર રાષ્ટ્ર બની રહે એમાં કંઈ જ શંકા નથી. પાર્થ મનોમન તેના વિચારોમાં દશ્યમાન થતો સાધુ અને મંદિરો, જગાઓ અને રેલ્વેમાં વગર ટિકિટે ભમતા સાધુઓની તુલના કરવા લાગ્યો.

પાર્થને થયું પોતે તો પંકજ પરના પત્રમાં એમ લખીને નીકળ્યો છે કે, ''સ્વાતિ સિવાય આ સંસાર મળતો હોય તો તે મારે કશાય કામનો નથી'' જો મારે સાધુ જ થવું હોય તો સાચા અર્થમાં જ સાધુ થવું જોઈએ. આજે તકસાધુઓએ ધર્મને વેપાર અને મંદિરને દુકાન બનાવી દીધાં છે. 'સાધુ' પર વિચાર કરતાં લાગ્યું કે 'સાધ્' ધાતુ ઉપરથી 'સાધવું' અને જેણે 'સાધ્યું' છે તે 'સાધુ'! અહીં ઈશ્વરની સાધના કરીને તેને સાધનારા 'સાધુ' ગણાયા છે. ત્યારે આ જગતમાં સાધુ ગણાતા

કંઈ કેટલાય સાધુઓ બીજું કંઈક જ સાધવાની પેરવીમાં હોય છે. તેને એક સામાયિકમાં વાંચેલો 'રત્નમાલા' નો કિસ્સો યાદ આવી ગયો.

રત્નમાલા પતિથી ત્યજાયેલી ત્રીસ વર્ષની ભરજોબન ધરાવતી સ્ત્રી હતી. રૂપાળી તો નહીં પણ આકર્ષક હતી. સાત સાત વરસોથી પતિથી દૂર રહેલી આ સ્ત્રીને એના જોબનને પોતાના બાહુઓમાં કચડી નાંખે એવા પુરુષની જરૂર હતી. પણ આમાં એનું ભાવુક મન અને ધર્મભાવના આડે આવતી હતી. ધર્મ અને ભક્તિના તપ દ્વારા એ પોતાની વૃત્તિઓને દબાવતી હતી. મંદિરોમાં આવતા હટ્ટાકટ્ટા સાધુને અથવા પુરુષને જોઈએ એ વિચલિત થઈ જતી પરંતુ એ એની વૃત્તિઓને દબાવી દેતી.

ગામમાં આવેલા મંદિરમાં થોડા દિવસથી એક સાધુએ પડાવ નાખ્યો હતો. સાધુને રોજ સવાર-સાંજ મંદિરમાં દર્શન કરવા આવતી રત્નામાલામાં રસ પડ્યો. સાધુએ ધીરે ધીરે રત્નમાલા સાથે પરિચય વધારવા માંડ્યો. હવે રત્નમાલાનો ય મંદિરમાં દર્શને આવવાનો સમય બદલાયો. રત્નમાલા સવારે ગામના લોકો જાગે તે પહેલાં અને સાંજે ગામના લોકો સુઈ જાય તે પછી દર્શને જવા લાગી. આમાં તો રત્નમાલાએ સાધુને ફસાવ્યો કે સાધુએ રત્નમાલાને ફસાવી તે કહેવું મુશ્કેલ હતું. રોજ રોજ મંદિરમાં ખેલાતા વાસનાકાંડનો ભાંડો તો જ્યારે રત્નમાલા સાધુના હમેલથી ગર્ભવતી બની અને સાધુ રાતોરાત મંદિર અને ગામ છોડી ભાગી ગયો ત્યારે જ ફૂટ્યો! સાધુ સાચા અર્થમાં તકસાધુ જ નીવડ્યો.

ઘડીભર પાર્થને સમસ્ત પુરુષ જાતિ તરફ નફરત થઈ આવી. પણ પછી લાગ્યું કે આમાં સ્ત્રીનો પણ એટલો જ વાંક છે. મનુષ્યને ભૂખ લાગતાં જેમ ખોરાકની જરૂર પડે છે તેમ વાસનાનું જોર જામે





ત્યારે તેને શમાવવા સાધનની જરૂરેય ઉભી થાય છે. પછી એ સ્ત્રી હોય કે પુરુષ બંનેને સરખી રીતે લાગુ પડે છે. પરંતુ એનો અર્થ એવો ન જ થયો જોઈએ કે ગમે તે રીતે પુરુષ સ્ત્રીનો કે સ્ત્રી પુરુષનો ઉપભોગ કરી શકે. સાધુપણાના અંચળા હેઠળ તો આવું ન જ થવું જોઈએ.

ત્યારે પોતે તો સાધુ થવા નીકળ્યો હતો! અને તેય બ્રહ્મચારી સાધુ! પોતે કેવી રીતે સ્ત્રીસંગ વગર જીવી શકશે? પાર્થને પ્રશ્ન થયો.

સાંભળી લે પાર્થ, તુ સ્વાતિના કારણે સાધુ થવા નીકળ્યો છે, ભગવાનને કારણે નહીં...! તેના અંતરમાંથી દલીલ ઉદ્ભવી.

હું સાધુ જ થવાનું માંડી વાળું તો?

તો... તો... પછી પંકજના પત્રમાં લખેલા પેલા વાક્યનું શું? કે "સંસારમાં રહીને જો મને સ્વાતિ ન મળી શકતી હોય તો મારે સંસાર કશાય કામનો નથી!"

થાકી ગયો પાર્થ. વિચારોના હુમલાઓથી. પાર્થે બારી બહાર નજર નાખી. ગાડી કોઈક નદીના પૂલ ઉપરથી પસાર થઈ રહી હતી. નદીમાં પાણી તો ઝાઝું ન હતું પરંતુ પૂલ ઉપરથી સૂરજના તડકામાં ચળકતી સફેદ રેતીની વચ્ચે લીલા રંગનો, પાતળો, વાંકોચૂકો નદીના પાણીનો રેલો સુંદર લાગતો હતો. નદીના કિનારે ઉભેલા લોકો સાવ ઠીંગુજી જેવા લાગતા હતા.

કમ્પાર્ટમેન્ટનાં ચૌદેય બાળકો નદી જોવા બારીએ ટોળે વળ્યાં હતાં. ટ્રેઈન સુરત વટાવી વલસાડ તરફ ગતિ કરતી હતી. ડબ્બામા બેઠેલા બધાં મુસાફરો એકધાર્યા સીટ ઉપર બેસીને કંટાળી ગયાં હતાં. પાર્થ પણ કંટાળ્યો હતો. તેને ડબ્બામાં ફરી થોડા પગ છૂટ્ટા કરવાનો વિચાર આવ્યો. પાર્થ સીટ ઉપરથી ઊભો થયો ત્યાં જ ઝડપથી ગતિ

કરતી ટ્રેઈનને જોરદાર આંચકો લાગ્યો. ધરતીકંપના આંચકામાં જેમ મકાન હલબલી ઉઠે તેમ આખો ડબ્બો હલબલી ગયો. બારીએ ઊભાં રહીને નદી જોતાં બાળકો ડબ્બાની ફરસ ઉપર ગબડી પડ્યાં. પાર્થ પણ આંચકા સમાણો પોતાના બગલથેલા સહિત સામે બેઠેલા સાધુ ઉપર ફંગોળાયો. ટ્રેઈનની ગતિ બ્રેકથી અવરોધાતી જતી હતી. છતાંય વ્હીસલની ચીસ ઉપર ચીસ પાડતી ટ્રેઈન હજીય દોડતી હતી. ડબ્બામાં મુસાફરોમાં ટ્રેઈનની ગતિના આ ફેરફારની સાથે ભયનાં અને ફફડાટનાં ચિહ્નો ફરી વળ્યાં. સૌનાં હૈયાં અમર્યાદ ગતિએ ધડકવા લાગ્યાં. મૃત્યુ જાણે તેમની નજીકમાં જ તાંડવ નૃત્ય કરતું તેમના તરફ ધસી આવતું હતું. ડબ્બામાં વધી પડેલી અંધાધૂધ અને બાળકોના રૂદનથી વાતાવરણ ભયાનક અને ડરામણું બની ગયું હતું. પાર્થ સ્વસ્થતા ધારણ કરી ડબ્બમાંથી પસાર થતી સંકટ સમયે ખેંચવાની સાંકળ ખેંચવા લાગ્યો પણ.......

એક જોરદાર ધડાકો થયો. અને પાર્થના ડબ્બામાં બેઠેલા મુસાફરોના મોં એથી એક સાથે કારમી ચીસ ગાજી ઉઠી. મુસાફર ટ્રેઈન સામેથી આવતી ગુડઝટ્રેઈન સાથે અથડાઈ ચૂકી હતી.

પાર્થે પોતાના ડબ્બાને ધીરે ધીરે પાટા ઉપરથી નીચે ઢળતો જોયો. તેણે લાગલી ડબ્બાની સામેની તરફ દોટ મૂકી. અને પેલાં ભીલકુટુંબનાં બે બાળકોને બેઉ ખભે ઊંચકી ડબ્બાની છતમાં લટકતાં પંખાને વળગી પડ્યો. આમ કરવાથી તે અને પેલાં બે બાળકો ડબ્બા નીચે દબાઈ જતાં બચી ગયાં. પરંતુ આંધળો કૂદકો લગાવતાં ડબ્બાની છત પાર્થના માથામાં વાગી, પાર્થનું આખું શરીર તેના પોતાના લોહીથી રંગાઈ ગયું.અને થોડીવારે બેભાન થઈ પાર્થ ધરાશાયી થતા ડબ્બા સાથે જ ધરાશાયી થયો. પેલાં બે આદિવાસી બાળકો તો ક્યારનાંય બેભાન





થઈ ગયાં હતાં.

સમગ્ર વાતાવરણ ચિત્કાર, આક્રંદ અને કરૂણાથી ભરાઈ ગયું. છેવાડાના જે ડબ્બામાં પાર્થ મુસાફરી કરતો હતો તે સહિતના બે ડબ્બા જમીન ઉપર આડા પડી ગયા હતા. એક ડબ્બો ત્રાંસો થઈને અડધો નમી પડ્યો હતો.

સદ્‌ભાગ્યે ગાર્ડનો ડબ્બો ટ્રેઈનની વચ્ચે હોવાથી તેને કંઈ જ અસર થઈ ન હતી. ટ્રેઈનને જે જગ્યાએ અકસ્માત થયો હતો તે જગ્યાએ આવેલાં ખેતરોમાં ઝૂંપડાં બનાવીને માણસો વસતાં હતાં.ઝૂંપડામાં વસતાં આ માણસોની માણસાઈ તત્કાળ મદદમાં આવી પહોંચી. એ ઝૂંપડાવાસીઓએ, અને અકસ્માતમાં હેમખેમ બચી ગયેલા મુસાફરોએ આપસૂઝથી ટ્રેઈનના ફસાઈ ગયેલાંઓને, ઈજા પામેલાઓને બહાર કાઢવા માંડ્યા. ટ્રેઈનના જોરદાર આંચકાથી તો વળી કોઈક નજીક આવી ગયેલા ઓચિંતા મૃત્યુના ધક્કાથી ઘણો દૂર સુધી ફેંકાઈ ગયા હતાં.

સારા નસીબે મરણના આંકડા કરતાં ઈજા પામેલાઓનો આંકડો વધારે હતો. કેટલાક મુસાફરોને તો સામાન્ય ઈજા થઈ હોવા છતાં બીકના માર્યા બેભાન થઈ ગયા હતા. જ્યારે કયાંક આવો અકસ્માત સર્જાય છે ત્યારે મદદ કરનાર કરતાં મુસાફરોનો માલ-સામાન લૂંટનારા વધારે હોય છે. પરંતુ આ અકસ્માત જ એ રીતનો થયો હતો કે કોઈનાથી કંઈ વગે કરી શકાય એમ હતું જ નહીં.

સૌએ સાથે મળી ઈજાઓ પામેલા, બેભાન થયેલા તથા મૃત્યુ પામેલી વ્યક્તિઓને એક ઝાડના છાંયડે ખસેડવા માંડી. સૂરજ પણ હવે છેક અસ્તાચાળે પહોંચ્યો હતો.

એન્જિનની ટાંકીમાંથી તથા ઝૂંપડાઓમાંથી પાણી લાવી બેભાન માણસો પર છાંટવામાં આવ્યું. જે ભાનમાં આવ્યા તે તરત જ પોતાનો સામાન શોધવા લાગ્યા. મૃત્યુની ગોદમાં પોઢી ગયેલાઓને તો જાગવાનું હતું જ નહીં.

અકસ્માતના સમાચાર મુંબઈ પહોંચતા જ ડૉક્ટરો, નર્સો તથા દવાઓ ભરેલી એક ટ્રોલી થોડીવારે અકસ્માતના સ્થળે આવી પહોંચી. પેલા ઝાડ નીચે જ તંબુ નંખાયા. ખાટલા ઢળાયા, તબીબી તપાસનો આરંભ કરવામાં આવ્યો. કહો કે એક કામચલાઉ હોસ્પિટલ જ ઊભી કરવામાં આવી.

પાર્થ જે ડબ્બામાં બેભાન પડ્યો હતો. એ ડબ્બાનું બારણું સખત રીતે બંધ થઈ ગયું હતું. ખૂબ જ પ્રયાસ કરવા છતાં બારણું ન ખૂલતાં બારણા સાથે સંલગ્ન બારી તોડી નાખવામાં આવી. અંદર પડેલાં માણસોની હાલત જોઈ બચાવનારામનીય આંખો ભીની થઈ ગઈ.

ડબ્બાની વચ્ચે જ પાર્થ લોહીથી લથબથ બેભાન પડ્યો હતો. પેલા બે આદિવાસી બાળકો ય તેની બાજુમાં જ પડ્યાં હતાં. પેલી આદિવાસી સ્ત્રી ખોળામાંના પોતાના બાળક સાથે જ બેભાન થઈ ગઈ હતી. પેલું દુનિયાથી બે ખબર બાળક જાગતું પડ્યું પડ્યું ધાવતું હતું. આદિવાસી પુરુષ હાથમાંની ચલમ સાથે જ ભાન ગુમાવી બેઠો હતો. સાધુના કપાળમાંથી લોહી વહીને સુકાઈ ગયું હતું. પેલુ મધ્યમવર્ગી દસે માણસોનું ટોળું એકબીજાને વળગીને હોશ ગુમાવી બેઠું હતું.

ડબ્બામાં પડેલાં એ સૌને બહાર કાઢવામાં આવ્યાં. અને તરત જ તબીબી કેમ્પમાં લઈ જવામાં આવ્યાં. એ સૌમાં ફક્ત પાર્થને જ





વધારે અને ગંભીર ઈજા થઈ હોવાથી તેને અંદરના દર્દી તરીકે રાખી બાકીનાંને સારવાર આપી ભાનમાં આવતાં જવા દેવામાં આવ્યાં.

રસ્તો ખુલ્લો થતાં આવી પહોંચેલી ખાસ ટ્રેઈનમાં મુસાફરો આગળની મુસાફરી માટે રવાના થયાં. ''તત્કાલ સારવાર બોગી'' આઠ મૃતદેહ તથા ઘવાયેલા અને બેહોશ પાર્થ સાથે મુંબઈ તરફ રવાના થઈ.

મુંબઈની હોસ્પિટલમાં પાર્થની તપાસ કરવામાં આવતાં જણાયું કે પાર્થની ખોપરીના પાછળના ભાગના હાડકામાં તીરાડ પડી હતી. તથા બેઉ મગજને નુકશાન પહોંચ્યું હતું. પાર્થને જરૂરી જણાતાં ઈંજેકશન આપી તેના માથે પાટો બાંધી દેવામાં આવ્યો.

રેલ્વે હોસ્પિટલની બહાર રાત સમ્ સમ્ કરતી સવારના ઉજાસ તરફ ડગલાં માંડતી હતી.

...૪...

રાત આખી અજંપામાં વીતાવી સ્વાતિ સવારે જાગી ત્યારે તેનું આખું બદન કળતું હતું. વરસોનો થાક જાણે તેના સ્ફૂર્તિલા બદન પર ચઢી બેસી તેને બોઝીલ બનાવી રહ્યો હતો.

હૈયુ તો ત્યાં શીલાને ઘેર પાર્થનો પત્ર વાંચતાં જ ભાંગી ગયું હતું. હવે પાર્થનો કયાંથી અને કેવી રીતે પત્તો મેળવવો ? પલભર તો તેને નોકરી છોડી દઈ જાતે જ પાર્થની શોધમાં નીકળી પડવાનું મન થયું. પરંતુ આંધળી બા અને અપંગ નાનાભાઈ મયુરનો વિચાર આવતાં એ વિચાર ત્યાં જ વિરમી ગયો. પંકજ પાસે જઈ, પાર્થની શોધ કરવા કહેવું એમ તેણે મન સાથે નક્કિ કર્યું.

એ છાપું...... બહારથી છાપાવાળાનો અવાજ સંભળાયો.

રોજ આરામથી વાપુ વાંચવા ટેવાયેલી સ્વાતિએ આજે દોડીને છાપુ લઈ લીધું. જાણે છાપામાંથી પાર્થના કંઈ સમાચાર મળી આવવાના ન હોય ! છાપાના મુખ્ય પેઈજ પર મોટા હેડિંગમાં છપાયેલા સમાચાર પર નજર પડતાં જ સ્વાતિનું હૈયું એક ધબકારો ચૂકી ગયું. ગઈ કાલે અમદાવાદ મુંબઈ વચ્ચે થયેલા ટ્રેઈન અકસ્માતના એ સમાચાર હતા.

સમાચાર વાંચતાં સ્વાતિને પેલું રાતવાળું સ્વપન યાદ આવી ગયું. ‘‘લગ્નમંડપમાં થયેલો ધડાકો, અને લોહીલુહાણ થઈ ઢળી પડતો પાર્થ’’ સ્વાતિના મોંએથી ચિત્કાર સરી પડતો અટકી ગયો. સ્વાતિના





મગજમાં અનેક શંકા-કુશંકાનાં ઘર ચણાવા લાગ્યાં.

જેમ બને તેમ જલદી પ્રાતઃકર્મ પતાવી સ્વાતિ પંકજના ઘેર જવા નીકળી પડી.

------x------x------x------

રાત આખી વીતી જવા છતાં પાર્થ ભાનમાં ન આવ્યો. ડૉક્ટરો અને નર્સોએ તેની સારવારમાં સ્હેજેય કચાશ ન રાખી. અત્યારે તેને લોહીના બાટલા ચઢાવેલા જ હતા.

સવાર સવારમાં જ અકસ્માતમાં મોતને ભેટનારા કમનસીબ મુસાફરોનાં સંબંધીઓ મુંબઈની જશલોક હોસ્પિટલમાં આવી પોતાના સ્વજન અંગેની ભાળ મેળવવા લાગ્યાં. સત્તાવાળાઓએ મૃતદેહોની ઓળખવિધિ પતાવી મૃતદેહો તેમના સંબંધીઓને સોંપી દીધા.

બપોર પછી તો આખો ઈર્મજન્સી વોર્ડ ખાલી થઈ ગયો. હવે એ વોર્ડમાં પાર્થ એકલો જ અંદરના દર્દી તરીકે રહ્યો હતો.

એક નર્સ પોતાની પથારી પાસે બેસી, પાર્થનું ધ્યાન રાખ્યા કરતી હતી. પાર્થના શરીરનું ટેમ્પરેચર વધવા લાગ્યું હતું. નર્સને ઉપરથી હુકમ આપવામાં આવ્યો હતો કે, ‘જો આ દર્દી ભાનમાં આવ્યાનાં ચિહ્નો જણાય તો તરત જ જાણ કરવી.’

હોસ્પિટલના ચીફ મેડીકલ ઓફિસરે ય મૂંઝાતા હતા કે આ યુવાનના સગાં સંબંધીઓને જાણ કેવી રીતે કરવી ? ન તો આ યુવાનનો કંઈ સામાન મળ્યો હતો કે ન તો બીજી કોઈ કડી હાથ લાગી હતી કે જે દ્વારા એના સંબંધીઓને જાણ કરી શકાય.

સાંજના ચાર વાગવા આવ્યા હતા. નર્સની ડ્યુટી બદલાતી હતી. નર્સે પાર્થ સામે એક નજર નાખી અને મનોમન બબડી.

'આ તો દુનિયા છે, બેશુધ્ધ થઈ જવાથી ય આ દુનિયા સાથેનો સંબંધ કાપી શકાતો નથી.' પછી વોર્ડ સફાઈ કરતી મણીને બૂમ પાડી.

એ...ઈ... મણી અહીં આવ...

શું છે ? સીસ્ટર..... કહેતી મણી ઝાડુ મુકી દઈ પાસે આવી.

મણી તું આ વોર્ડની સફાઈ કરે ત્યાં સુધી આ દર્દીનું ધ્યાન રાખજે. જો એ ભાનમાં આવતો લાગે તો તરત જ મને જાણ કરજે. હું પાસેના વોર્ડમાં જ છું.

એ હારું.... કહીને મણી તેના કામમાં ગૂંથાઈ ગઈ.

મણી હતી તો ત્રીસેક વરસની. પરણેલી હતી. છતાંય હતી રંગીન મીજાજની ! હોસ્પિટલનાં કપડાં ધોનાર ધોબી સાથે એની આંખો મળી ગયેલી. આ ધર્મો ધોબી રોજ ચાર વાગ્યે હોસ્પિટલની ચાદરો લેવા આવતો મણી તેના આવવાના વખતે જ આ વોર્ડની સફાઈ કરવાનું રાખતી. કારણકે ઈમરજન્સી વોર્ડ હોવાથી મહિનાનો મોટોભાગ આ વોર્ડ ખાલી જ રહેતો. રેલ દુર્ઘટનાને કારણે બે દિવસથી આ વોર્ડમાં દર્દીની હાજરી જણાતી.

મણી જ્યારે વોર્ડની સફાઈ કરવા આવી ત્યારે પાર્થ પાસે બેઠેલી નર્સને જોઈ તેના નાકનું ટેરવું ચઢી ગયું. કારણકે, બે દિવસથી મણી અને ધર્માને જોઈએ એવું એકાંત સાંપડ્યું ન હતું. મણીને થયું કે આજે આ નર્સ ચોક્કસ અમારા પ્રેમયજ્ઞમાં હાડકું બની રહેવાની ! પણ જ્યારે નર્સે મણીને દર્દીનું ધ્યાન રાખવાનું કહી બહાર જવાની વાત કરી ત્યારે મણી રાજી રાજી થઈ ગઈ.

વોર્ડની સફાઈ કરતાં કરતાં એકવાર એ પાર્થના પલંગ પાસે જઈ આવી. એમાં જવાબદારી કરતાં બીક વધારે હતી. મણીને હતું





કે, માંદા માંદા ય યુવાનનું ભલું પૂછવું, ભાનમાં આવીને ય પડ્યો પડ્યો અમારી પ્રેમ લીલા જોયા કરે ! પણ હજી પાર્થ ભાનમાં આવ્યો ન હતો.

થોડીવાર પછી રોજના સમયે ધર્મો ધોબી આવી પહોંચ્યો. મણીના વદન પર આનંદથી લહેરો દોડવા લાગી. કારણકે આજે ત્રીજા દિવસે બેઉના એકાંતને નડતરરૂપ ત્રીજું ત્યાં ન હતું. ત્રીજું હતું ત્યારે એ બેભાન હતું જેનાથી ડરવાનું કોઈ કારણ ન હતું.

સામાન્ય રીતે ચાર વાગ્યે, નર્સોની ડ્યુટીની ફેરબદલી થતી હોવાથી આખો સ્ટાફ પોતાના કાર્યમાં ડૂબેલો હોય છે. ચાર્જ લેવા-આપવાની વિધિમાં નર્સો રોકાયેલી હોય છે. જ્યારે ડૉક્ટરો જનરલ દર્દીઓને - તપાસવાના કામમાં તેમની કેબિનોમાં હોય છે. તેથી મણી અને ધર્માએ સાંજનો ચાર વાગ્યાનો સમય અને ઈમરજન્સી વોર્ડની એકાંત જગ્યા નક્કિ કરી હતી.

મણી ઝાડુ મૂકી ધર્મા ધોબી તરફ જવા લાગી તે જ વખતે બેભાન પાર્થની આંખો ખૂલવા લાગી. વાસનાના વમળમાં ફસાયેલી મણીએ પાર્થના પલંગ તરફ જોયા વગર જ ધર્મા તરફ ચાલવા માંડ્યું.

તરતની સારવાર અને સારો એવો આરામ મળી જવાથી પાર્થ ભાનમાં આવ્યા પછી ઘાંઘો ન બની ગયો. પલંગમાં પડ્યા પડ્યા જ નજરને તેણે ચારેકોર ઘૂમાવી. તેની નજર વોર્ડના દરવાજાની આડશે ઊભેલાં મણી અને ધર્મા ઉપર જઈને થંભી. એટલે દૂરનું દૃશ્ય થોડી નબળી થઈ ગયેલી આંખોને કારણે સ્પષ્ટ તો ના દેખાયું. પણ તેને લાગ્યું કે કોઈક ઊભું છે ખરું ! - તેમનું પોતાના તરફ ધ્યાન દોરવા પાર્થે બોલાવાની કોશીશ કરી પણ તેમ કરતાં તેને માથામાં દર્દ થવા માંડ્યું. એટલે એ પ્રયત્ન તેણે પડતો મૂક્યો. મણી અને ધર્માનું

પરાકાષ્ટાએ પહોંચેલું પ્રેમાલિંગન બેઉને બાથરૂમ તરફ ખેંચી ગયું જે બાથરૂમ એમની કામલીલાનો કાયમનો સાક્ષી હતો.

ચાર અને ઉપર વીસ મિનિટ થવા આવી હોવા છતાં મણી તરફથી કંઈ જ સમાચાર ના મળતાં નર્સ ડ્યુટી પૂરી થતી હોવાથી વોર્ડમાં આવી.

પાર્થ આંખો બંધ કરી ઊંડા શ્વાસ ખેંચતો પલંગમાં પડ્યો હતો. તેને પોતે દવાખાનમાં છે તેનો ખ્યાલ આવી ગયો હતો. ખૂબ પ્રયત્ન કરવા છતાં પોતે ટ્રેઈનમાં મુસાફરી કરતો હતો એટલું જ તેને યાદ આવતું હતું. નર્સે આવી તેના હાથની નાડી તપાસવા માંડી. પોતાના હાથને સ્પર્શ થતો અનુભવી પાર્થે આંખો ખોલી નર્સ સામે જોયું.

હું દવાખાનામાં કેવી રીતે આવી ગયો ? બોલવાથી થતી પીડાને કારણે ખૂબ જ ધીમા અવાજે પાર્થે નર્સને પૂછયું.

તમારી ટ્રેઈનને અકસ્માત નડ્યો હતો. નર્સે હોઠ ઉપર સ્મિત ફરકાવતાં કહ્યું.

હું ટ્રેઈનમાં હતો ? આગળ કંઈક યાદ આવે તે આશયે પાર્થે પૂછયું.

હા, તમે અમદાવાદ તરફથી આવતી ટ્રેઈનમાં મુસાફરી કરતા હતા. પછી ઉમેર્યું, તમે ભાનમાં આવ્યા છો તેની જાણ હું ડાક્ટરને કરતી આવું.

હું બેભાન હતો ?

પાર્થના છેલ્લા પ્રશ્નનો જવાબ આપવાની પરવા કર્યા વગર નર્સ ઝડપથી બહાર નીકળી ગઈ. નર્સ મુખ્ય ડાક્ટર પાસે આવી ત્યારે ડાક્ટર અન્ય ડાક્ટર સાથે પાર્થ વિષે જ ચર્ચા કરતા હતા.





ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરેલા પેલા યુવાનના કોઈ સગાસંબંધી આવ્યાં છે ?

ના સર, અમે તેનાં ખિસ્સાં પણ તપાસી જોયાં. ઝભ્ભાનાં ખિસ્સામાંથી આણંદથી મુંબઈની રેલ્વે ટિકિટ સિવાય કંઈ જ મળ્યું નથી.

તો હવે આ યુવાનનું કરવું શું? ડૉક્ટર મૂંઝાતા હતા.

મે... આઈ... કમ... ઈન... સર...

યસ, મીસ મહેતા, દર્દીના શા હાલ છે? ડૉક્ટરે ઉત્સુક્તાથી પુછ્યું.

સર, તે ભાનમાં આવ્યો છે.

ઓહ, થેક્સ ગૉડ,... ડૉક્ટરની મૂંઝવણનો અંત નજીક હતો. પળભરના વિરામ પછી ડૉક્ટરે કહ્યું, ચાલો હવે તેની પાસેથી જ તેનું નામ-સરનામું જાણી તેના સબંધીઓને ખબર આપી શકાશે. ડૉક્ટર નર્સ સાથે ઈમરજન્સી વોર્ડ તરફ જવા વળ્યા.

બાથરૂમમાં કશોક અવાજ થતાં પાર્થનું ધ્યાન ત્યાં દોરવાયું. તેણે મણી અને ધર્મા ધોબીને બાથરૂમમાંથી બહાર નીકળતાં જોયાં. પાર્થે તરત જ ત્યાંથી નજર હટાવી લીધી. ધર્મો ચાદરોનું પોટલું લઈ ચાલ્યો ગયો. મણી ઝાડુ લઈ તેના કામમાં પરોવાઈ ગઈ.

અનાયાસે પાર્થને પોતાની તરફ ઉઘાડી આંખે જોઈ રહેલો જોતાં મણીને નર્સની સૂચના યાદ આવી. મણી ઝાડુ મૂકી દઈ, નર્સને ખબર આપવા જવાનું વિચારતી હતી ત્યાં જ ડૉકટર અને નર્સ ઈમરજન્સી વોર્ડમાં દાખલ થયાં.

ડૉક્ટરે પાર્થને તપાસ્યો. પછી પુછ્યું,

તમારું નામ.....

મારું નામ? ડૉક્ટર સાહેબ મને કંઈ જ યાદ નથી આવતું...

અરે એમ તે હોય? જુઓ હું યાદ કરાવું, તમે આણંદથી મુંબઈ આવવા નીકળ્યા હતા. જુઓ, તમારા પાકીટમાંથી આ ટિકિટ મળી છે. અમે ફોનથી આણંદ તપાસ કરાવી જોઈ, પણ ત્યાંના સત્તાવાળાને કંઈ ભાળ નથી મળી. આણંદમાં તમારા કોઈ સબંધી છે?

આણંદ...? બોલીને પાર્થ ઉંડા વિચારમાં ખોવાઈ ગયો. મગજ સાથે મથામણ કરવા છતાં તેને કશું જ યાદ ન આવ્યું. 'આણંદ' પણ જાણે પહેલી વખત સાંભળતો હોય તેમ તેણે ડૉક્ટને પુછયું,

ડૉક્ટર સાહેબ, આણંદ ક્યાં આવ્યું?

પાર્થના આ સવાલથી ડૉક્ટર પળવાર પાર્થ સામે તાકી રહ્યા. પછી બબડ્યા,

''આખરે મને જે શંકા હતી તે સાચી પડી છે મીસ મહેતા''

યસ સર...

ચાલો, કહી ડૉક્ટરે પગ ઉપાડ્યા. નર્સ પણ તેમની સાથે ચાલવા લાગી. રસ્તામાં ડૉક્ટરે અધૂરું વાક્ય પૂરું કર્યું.

''મીસ મહેતા, દર્દીના માથામાં લાગેના ઘાને કારણે તેની યાદદાસ્ત સમૂળી ખોઈ બેઠો છે''

હેં... નર્સ ઉછળી પડી પછી બબડી 'બીચારો...!'

------x------x------x------

પંકજ અને સ્વાતિએ શોધવા જેવા ઠેકાણે ફરીને પાર્થની તપાસ કરી, પણ ક્યાંય પાર્થ ના મળ્યો. છેક સાંજ ઢળ્યે ઘેર પાછા વળતાં



પંકજે સ્વાતિને કહ્યું,

સ્વાતિ, હિંમત રાખજે, પાર્થ તો ધૂની મગજનો માનવી છે. તેની ધૂન પૂરી થતાં એ જરુર પાછો આવવાનો.

પંકજ, પણ મને એ નથી સમજાતું કે, જો એ પાછો જ આવવાનો હોય તો નોકરી શા માટે છોડી દે?

વાત તો તારી સાચી છે સ્વાતિ. પરંતુ મારું અંતર કહે છે કે તેણે પાછા ન ફરવાનો નિર્ણય લીધો હશે તો પણ તેનો આ નિર્ણય ઝાઝો નહીં ટકે, એ જરૂર પાછો આવશે જ.

મને દુઃખ આટલી જ વાતનું છે. બોલતા સ્વાતિનો સાદ રૂધાંઈ ગયો, આંખોની પાંપણોએ આંસુ ઉમટી પડ્યા, સ્વાતિથી આગળ ન બોલી શકાયું.

સ્વાતિ, સ્વસ્થ થા, પાર્થ જ્યાં હશે ત્યા સલામત હશે.

પંકજ, કદાચ... કદાચ... રેલ્વે અકસ્માતમાં... સ્વાતિથી ધ્રૂસકું જ મૂકાઈ ગયું.

સ્વાતિ, હિંમત રાખ, રડવાથી આપણું મનોબળ નબળું પડે છે. ચાલ હવે ઘેર જઈએ, જરૂર પડશે તો આપણે મુંબઈ પણ જઈશું.

સ્વાતિ અને પંકજ ઘેર આવ્યાં ત્યારે રાત ઢળી ચૂકી હતી. શેરીમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા પરથી માંદલો પ્રકાશ વેરતા વીજળીના ગોળા સવાર થવાની વાટ જોતા હતા. સ્વાતિનું ઘર આવી જતાં પંકજે કહ્યું,

'બસ, સ્વાતિ હવે હું મારે ઘેર જાંઉ...'

ના, એમ તે હોય, મારે ત્યાં ચ્હા પીને જ તારે જવાનું છે. સ્વાતિએ આગ્રહ કર્યો.

ના, ના સ્વાતિ, હવે વાળુનો સમય થઈ ગયો છે ચ્હા ફરી કોઈ વાર...

ચ્હા પીધા વગર તો આજે તને નહીં જ જવા દઉં... સ્વાતિએ મક્કમપણે કહ્યું.

ચ્હા પીવાની અનિચ્છા છતાં પંકજને સ્વાતિના આગ્રહને કારણે નમતું મૂકવું પડ્યું. પંકજને બેઠકખંડમાં બેસાડી સ્વાતિ અંદર ગઈ.

કોણ...? ખાટલામાં પડયા પડ્યા ગંગાબાએ પૂછ્યું, બે દિવસથી તેમના શરીરમાં તાવ ભરાયો હતો.

બા, કેમ છે અત્યારે?

અત્યારે તો સારું છે બેટા! નિશાળે ગઈ હતી?

હા... સ્વાતિ પહેલ જ વખત પોતાની જનેતા આગળ જૂઠું બોલી. પછી ઉમેર્યું, બા, પંકજ આવ્યો છે. કહી હાથમાં પાણીનો ગ્લાસ લઈ પંકજને પાણી આપવા ચાલી.

પંકજ આજે ત્રીજી વખત સ્વાતિના ઘરે આવેલો હતો. પહેલી બે વખત તો પાર્થ સાથે આવેલો, આજે એકલો આવ્યો હતો. ખુરશી પર બેઠે બેઠે તેણે બેઠકખંડમાં નજર ફેરવવા માંડી.

પંકજને સ્વાતિના સુશોભનના જ્ઞાન બદલ માન ઉપજયું. બેઠકખંડમાં ચાર ખુરશીઓ અને ટેબલ હતાં. નાના પરંતુ સમપ્રમાણ માપના ટેબલ ઉપર પંખો ગોઠવેલો હતો. છતમાં પણ એક પંખો લટકતો હતો. દીવાલ ઉપર ઉડતાં પક્ષીઓના બસ્ટ લગાડેલાં હતાં. ખુરશીઓ અને ટેબલના કવર એકજ કાપડના હતાં. ટેબલ ઉપર પ્લાસ્ટિકનાં પરંતુ આબેહૂબ લાગતાં ગુલાબનાં ફૂલોની ફુલદાની ગોઠવેલી હતી. ચમેલીના અતરના છંટકાવથી આખા બેઠકખંડમાં ચમેલીની સુવાસ





મહેંકતી હતી.

જમણી તરફની દીવાલે પ્રૌઢ લાગતા એક પુરુષની તસ્વીર સુંદર ફ્રેમમાં મઢીને ટીંગાડેલી હતી. એ તસ્વીર કદાચ સ્વાતિના પિતાની જ હશે એમ અનુમાન કરતાં પંકજને વાર ન લાગી. પંકજ એ તસ્વીર જરા ધ્યાનથી નિહાળવા લાગ્યો.

એ બાપુજીની તસ્વીર છે... પાણી લઈને આવેલી સ્વાતિએ કહ્યું, પછી ઉમેર્યું 'લ્યો, પાણી...'

સ્વાતિના હાથમાંથી પાણીનો પ્યાલો લેતાં, પંકજની આંગળીઓ સ્વાતિની આંગળીઓને સ્પર્શી ગઈ. બેઉ જાણે દાઝયાં હોય તેમ હાથ પાછો ખેંચતા પ્યાલામાંથી થોડું પાણી ઢોળાયું.

પંકજે એક જ ઘૂંટે પાણીનો આખો પ્યાલો ખાલી કર્યો. પછી સ્વાતિના હાથમાં ન આપતાં પ્યાલો ટેબલ ઉપર મૂકી દીધો. પ્યાલો પાછો લઈ જતાં સ્વાતિએ કહ્યું,

થોડીવાર બેસો, હું ચા કરી લાવું, સ્વાતિ અંદર ચાલી ગઈ.

બેઠકખંડમાં એકલો પડેલો પંકજ પાર્થ વિશે વિચારવા લાગ્યો. પાર્થે પત્રમાં લખ્યું હતું કે, "તને આ પત્ર મળશે ત્યારે હું ઘણો દૂર નીકળી ગયો હોઈશ" એનો અર્થ એ જ કે પાર્થ આણંદમાં તો નથી જ. હવે પાર્થ આણંદમાં ન હોય તો ગયો ક્યાં હશે? મુંબઈ કે અમદાવાદ ઘણું વિચાર્યા છતાં પંકજ નક્કી ન કરી શક્યો, કારણ કે આણંદમાંથી બહાર જવાના બે રસ્તા હતા. એક મુંબઈ તરફ અને બીજો અમદાવાદ તરફ. આ બે શહેરોમાં પહોંચ્યા પછી વિશ્વના કોઈપણ ખૂણે જઈ શકાતું. સ્વાતિ ચ્હા લઈને આવી ત્યારે પંકજ પાર્થ વિષે જ વિચારતો હતો. ચ્હાનો કપ ટેબલ ઉપર મૂકી સ્વાતિએ પૂછ્યું,

'શું વિચારો છો?'

'વિચારતો હતો કે, પાર્થ મુંબઈ તરફ ગયો હશે કે અમદાવાદ?'

સાચું કહું પંકજ! મારું અંતર તો એમ કહે છે કે, પાર્થ મુંબઈ તરફ જ ગયો છે. અને જે ટ્રેઈનમાં એ ગયો છે એ જ ટ્રેઈનને અકસ્માત નડ્યો છે! મારું અંતર તો...

સ્વાતિ... પંકજ સ્વાતિને આગળ બોલતાં અટકાવી વચ્ચે કહ્યું, તમે આટલી ખાતરી પૂર્વક કઈ રીતે કહી શકો છો કે, જે ગાડીને અકસ્માત નડ્યો છે એ જ ગાડીમાં પાર્થ ગયો છે?

કેટલીકવાર પોતાનાં વહાલા સ્વજનો ઉપર કે અત્યંત પ્રિય એવી વ્યક્તિ ઉપર આવી પડનારી આફતનો અણસાર આપણને આવી જતો હોય છે. કહી, સ્વાતિએ પોતાને આવેલા સ્વપ્નની વાત પંકજને જણાવી.

સ્વાતિ, ચ્હાનો ઘૂંટ ભરતાં પંકજે કહ્યું. આ બાબતને વિજ્ઞાન ટેલિપથી નામથી ઓળખે છે આ એક એવું ગૂઢ રહસ્ય છે કે હજી વિજ્ઞાન તેનો પૂરેપુરો ક્યાસ કાઢી શક્યું નથી. પરંતુ એટલું તો ચોક્કસપણે જાણી શકાયું છે કે, બે પ્રિયપાત્રો વચ્ચે ટેલિપથી નામના ગૂઢ તત્વનું જોડાણ હોય છે જેનાથી બે માંથી ગમે તે એક પર પડનારી સારી માઠી અસરની જાણ બીજા પાત્રને અગાઉથી થઈ જાય છે.

પંકજ હું તારો કયા શબ્દોમાં આભાર માનું? અત્યારે મને પાર્થના પેલા શબ્દો યાદ આવે છે કે, ''પુરુષ વગર સ્ત્રી અધુરી છે'' આજે જ્યારે પાર્થ અહીં નથી ત્યારે એ સાબિત થઈ ગયું છે. પાર્થની શોધ કરવાય મારે તારો અર્થાત્ પુરુષનો સહારો લેવો પડ્યો.

સ્વાતિ, મેં તો પાર્થના નજીકના મિત્ર તરીકે મારી ફરજ બજાવી



છે. પછી કાંડાઘડિયાળમાં નજર નાખીને કહ્યું, ચાલ સ્વાતિ હવે હું નીકળું ઘેર મારી વાટ જોવાતી હશે, કહી પંકજ ઉભો થયો.

પંકજ, તો કાલે મુંબઈ જવું છે ને? હું શાળામાંથી બે ત્રણ દિવસની રજા લઈ લઉ?

સ્વાતિના આ સવાલથી પંકજ થોડો મૂંઝાયો, ગૂંચવાયો. હજી હમણાં જ એ ઍલિકોન કંપનીમાં સર્વિસમાં જોડાયો હતો. રજા મળવી મુશ્કેલ હતી. આમ એકાએક મુંબઈ સુધી જવું મુશ્કેલ તો નહીં પણ કઠણ જરૂર હતું.

કેમ શું વિચારો છો?

કંઈ નહીં, હું જીવનના ગણિતના સરવાળા-બાદબાકી કરતો હતો.

આવતીકાલે સાડાનવે નીકળીએ...

સારું... આવજે... સ્વાતિ પંકજને બારણા સુધી વળાવવા ગઈ.

પંકજ દરવાજેથી જ 'ગુડનાઈટ' કહી વિદાય થયો. સ્વાતિ ત્યાં જ ઉભી રહી પછી પાર્થને યાદ કરી એક નિશ્વાસ નાખી ઘરમા પાછી ફરી.

એ રાત પણ સ્વાતિ માટે અંજપાભરી નીવડી. રાત આખી તે પાર્થના જ વિચારોથી ઘેરાયેલી રહી.

રાત સમ્ સમ્ કરતી વાયરા સંગે સવાર ભણી ડગલાં માંડતી રહી.

...૫...

સવારે પ્રાતઃ કર્મથી પરવારી શાળામાંથી રજા લેવા સ્વાતિ રજાનો રિપોર્ટ લખતી હતી તે જ વખતે બહારથી પંકજનો સ્વર સંભળાયો.

સ્વાતિ છે કે?

પંકજ નો અવાજ સંભળાતાં સ્વાતિ તરત જ બહાર આવી અને પંકજને આવકાર્યો.

પંકજે અંદર આવી ખુરશી ઉપર બેસતાં કહ્યું, સ્વાતિ, અનામત આંદોલનને કારણે આખા શહેરમાં કર્ફયું લદાયો છે તેથી આજે જવાશે નહીં.

પંકજની વાત સાંભળ્યા પછી સ્વાતિને 'અનામત' આંદોલનના પ્રણેતાઓ તરફ સખત ચીઢ ચઢી. અહીં કોઈની 'અનામત' ખોવાઈ જવાની પરિસ્થિતિ ઉભી થઈ છે, ત્યારે આ આંદોલનકારોએ 'અનામત હઠાવ' નું ભૂત વળગ્યું છે. સ્વાતિએ પંકજને પૂછ્યું,

આજે નહીં તો પછી ફરી ક્યારે મુંબઈ જવાશે?

કાલે, વહેલી સવારે જ સંચારબંધીમાં છૂટછાટ મળતાં આપણે સ્ટેશને પહોંચી જઈશું.

તો હવે હું આજે રજા નથી લેતી. આજે શાળામાં જઈ આવું અને રજા પણ મંજુર કરાવી આવું.

બરોબર છે, તારી બાની તબિયત કેવી છે? પંકજે વાતનો વિષય બદલ્યો.

બા તો હવે, ઘરડા પાંદડા જેવી, ક્યારે ખરી પડે તે કહેવાય નહીં બે દિવસથી તેને તાવ રહ્યા કરે છે.





પાર્થ, ક્યાંક ચાલ્યો ગયો છે, તે તારી બા જાણે છે?

ના, મેં કહ્યું નથી, અને કહેવાની પણ નથી. કારણ કે, મારાં બાની ઈચ્છા હું પાર્થ સાથે લગ્ન કરું એવી હતી. હવે તેમની આ નાજુક હાલતમાં તેમને આ માઠા સમાચાર આપી શા માટે દુઃખી કરવાં?

પણ, ક્યારેક તો એમને ખબર પડવાની જ ને?

હા, એમ તો ગઈ કાલે ય એમણે પાર્થ વિષે પૃચ્છા કરેલી.

તેં શું કહ્યું?

મેં કહ્યું કે, એ કંઈક કામસર બહાર ગયો છે.

અને તેમણે માની લીધું?

હા, બાને મારા ઉપર ખૂબ વિશ્વાસ છે.

પાર્થને પણ તારા ઉપર ક્યાં વિશ્વાસ ન હતો! પંકજે જાણ્યે-અજાણ્યે, સ્વાતિની દુઃખતી રગ દબાવી, દબાઈ ગઈ.

પંકજ તું મને આટલી નજીકથી ઓળખ્યા પછી આવું પૂછે છે?

સ્વાતિનો અવાજ ભીનો થઈ ગયો.

માફ કરજે સ્વાતિ, મારો હેતુ તને દુઃખ લગાડવાનો સ્હેજેય ન હતો. પરંતુ વિશ્વાસની વાત આવી એટલે કહેવાઈ ગયું.

પંકજ, પાર્થને બેવફા થવાની કે વિશ્વાસઘાત કરવા જેવું પગલું મેં ઉઠાવ્યું નથી. મેં તો મારા નિર્ણયની જાણ માત્ર કરી હતી. ગઈકાલે આખી રાત મેં આજ વિચાર્યા કર્યું છે. ખોટી લાગણીમાં તણાઈને તેણે આ પગલું ભરવાની શી જરૂર હતી?

સ્વાતિ, તું જાણે છે ને? પાર્થ કવિ છે. કવિનું હૃદય એટલે જાણે લાગણીઓનો મહાઅબ્ધિ અને કવિ પ્રેમી બને ત્યારે તે પોતાના પ્રેમી હૃદયને પોતાની જાત કરતાં અધિક ચાહતો હોય છે. પ્રણય તેની જિંદગીનો ધબકાર બની જાય છે. તૃષિત મૃગ દૂરથી દેખાતા ભર્યા

ભર્યા જળવાળા ઝરણા સમીપ જાય, અને ત્યાં ગયા પછી નરી રેતી નજરે પડે ત્યારે તેની કેવી દશા થાય? સહરાના રણમાં રવડી-ભટકી થાકેલા તરસ્યા, વટેમાર્ગુના હોઠ પાસે ઠંડાપાણીની ધાર કરવામાં આવે ત્યારે તેની શી હાલત થાય? સ્વાતિ, પ્રેમની ઝંખના કરવા, લાગણીશીલ કવિ હૃદયની શી દશા થઈ હશે તેની કલ્પના કરી શકે છે?

હા, એ કલ્પનાઓ જ મારા દુઃખનું કારણ બની છે.

ફક્ત કલ્પના કરીને? પંકજ પ્રશ્ન કર્યો.

ના, હવે ફક્ત કલ્પના નહીં, અંતરમાં ઉદ્ભવતી લાગણી સહિતની કલ્પના. અમે બેઉ એ લાગણીને ઉજાળી શક્યાં હોત તો અત્યારે દુઃખી ન થવું પડત. પરંતુ એ વખતે હું મૂંઝવણમાં હતી. જગતની આ ભૂલભૂલામણીથી અજાણ હતી.

ચાલો, થઈ ગયું તે ન થવાનું બની શકવાનું નથી. દૂધ ઢળી ગયા પછી જીવ બાળવાનો અર્થ ખરો?

અરે, વાતોમાં હું તમને ચ્હાનું કહેવાનું જ ભૂલી ગઈ. 'દૂધ' નો ઉલ્લેખ થતાં સ્વાતિને ચ્હાની યાદ આવી.

સંચારબંધીને કારણે હું પણ આજે નોકરી ઉપર જઈ શકું તેમ નથી. વળી મારી ઈચ્છા ય ચ્હા પીવાની હોવાથી આજે ચ્હાની 'ના' ય નહીં પાડું. પણ ત્યાં સુધી સમય પસાર થાય એવું કંઈક વાંચવાનું આપો.

એન્જિનિયરને વળી સાહિત્ય સાથે શો સબંધ?

સ્વાતિ, તુ એન્જિનિયરને સાહિત્ય બહારની વ્યક્તિ ગણે છે?

ના, છેક એવું તો નહીં, પરંતુ મારી દૃષ્ટિએ એન્જિનિયર એટલે સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર અને કૂટપ્રશ્નોનું સમીકરણ.





સ્વાતિ હસી પડી.

ત્યાં જ તારી ભૂલ થાય છે. વિશ્વના ઘણા સાહિત્યકારો એવી જગ્યાએથી નીપજ્યા છે કે, એમને અને ભાષાસાહિત્યને સ્હેજેય સબંધ ન હોય! મને નવરાસની પળોમાં વાંચવું ખૂબ ગમે છે.

ચાલો સારું થયું, મારી જેમ તને ય વાંચવાનો શોખ છે તેથી કદીક સાહિત્યની ચર્ચામાં મને તારી કંપની મળી રહેવાની. કહીને સ્વાતિએ બે ત્રણ સામાયિકો તથા બે નવલકથાઓ ટેબલ ઉપર મૂકી પછી તે ચ્હા તૈયાર કરવા અંદર ચાલી ગઈ.

પંકજ એ બધામાંથી 'દર્શક' ની નૉવેલ 'સૉક્રેટીસ' હાથમાં લઈ તેનું કવરપેજ જોવા લાગ્યો. પંકજને આ પુસ્તક વાંચવા યોગ્ય જણાયું તેને થયું કે, પાછા વળતા આ નવલકથા હું ઘેર લઈ જઈશ. બીજું પેજ ખોલતા એ પેજ ઉપર લાલ અક્ષરથી ''સપ્રેમ પાર્થને'' લખાયેલું નજરે પડ્યું. પછી લખ્યું હતું ''જન્મદિન મુબારક'' - સ્વાતિ.

પંકજને સમજતાં વાર ન લાગી કે, પાર્થના જન્મદિવસે ભેટ આપવા જ આ પુસ્તક સ્વાતિ લાવી હશે. પરંતુ હવે પાર્થ છે ક્યાં?

પાર્થની યાદ આવતાં પંકજ થોડો વ્યગ્ર બની ગયો. પંકજ અને પાર્થ કિશોરાવસ્થાથી જ હોસ્ટેલમાં સાથે રહીને ભણ્યા હતા. એસ.એસ.સી. પછી પાર્થને કુટુંબની આર્થિક પરિસ્થિતિને કારણે નોકરી શોધવી પડી. જ્યારે પંકજે અભ્યાસ ચાલુ રાખી ઍન્જિનિયરીંગ પૂરું કર્યું.

તમે તો પુસ્તક વાંચવાને બદલે પુસ્તકના વિચારે ચઢ્યા લાગો છો. ચ્હા, લઈને આવેલી સ્વાતિએ પંકજની તંદ્રાવસ્થા તોડી.

કંઈ નહી... આ પુસ્તક ઉપર પાર્થને ઉદ્દેશીને થયેલું લખાણ

જોતાં મન પાછું પાર્થના વિચારે ચઢી ગયું હતું.

આ પુસ્તક પાર્થના જન્મદિવસે તેને ભેટ આપવા જ લાવી હતી. આમે ય પાર્થને વાંચનનો જબરો શોખ છે. સાચું કહું તો અમારો પ્રણય સબંધે ય અમારી સરખી રૂચિઓને લીધે પાંગર્યો. પરંતુ પાર્થના જન્મદિવસના થોડા દિવસ બાકી હતા અને એ દિવસ પહેલા જ અમારી વચ્ચે કશીક વાતે રીસામણાં થયાં, એને કારણે આ પુસ્તક ભેટ આપવું રહી ગયું. ન જાણે હવે આ પુસ્તક એને કયા વરસના જન્મદિને ભેટ આપી શકાશે?

વાતોમાં જ ચ્હા પીવાઈ ગઈ. બહારથી મયુર હાથમાં છાપુ લઈ પ્રવેશ્યો. પંકજને જોતા જ મયુર બોલ્યો.

ઓહો! પંકજભાઈ આવ્યા છે ને કાંઈ? લ્યો, વાંચો આજનું છાપું અનામત આંદોલત તો હવે ગામડે ગામડે પહોંચી ગયું છે. કહેતા મયુરે છાપુ ટેબલ ઉપર મૂક્યું.

સ્વાતિએ છાપુ લઈ, રેલ્વે અકસ્માતના સમાચાર શોધવા માંડ્યા. રેલ્વે અકસ્માતના સમાચારને છાપામાં ખાસ પ્રાધાન્ય આપવામાં આવ્યું ન હતું. છતાંય એ ટૂંકા સમાચારના છેલ્લા ફકરામાં છપાયેલી વિગતે સ્વાતિને ભડકાવી દીધી. તેણે સમાચાર તરફ પંકજનું ધ્યાન દોરતાં કહ્યું, પંકજ આ સમાચાર જરા વાંચો જોંઉ.

લાવ, શી વિગત છે, જોઉં તો ખરો! કહી પંકજે સ્વાતિ પાસેથી છાપું પોતાના હાથમાં લીધું અને સમાચાર વાંચવા માંડ્યા.

“આ અકસ્માતમાં ઘાયલ થયેલ યુવાનને માથાના ભાગમાં ગંભીર ચોટ લાગતા તે તેની યાદદાસ્ત સમૂળી ગુમાવી બેઠો છે, તેની પાસેથી સામાન જેવું કંઈ જ મળ્યું નથી. તેણે પહેરેલા ખાદીના ઝભ્ભાના





ગજવામાંથી આણંદથી મુંબઈની બીજા વર્ગની રેલ્વે ટિકિટ મળી છે. જશલોક હોસ્પિટલના ડૉકટરો તેની યાદદાસ્ત પાછી આવે તે માટે અથાગ પ્રયત્નો કરી રહ્યા છે. આ ઘાયલ યુવાનનું નામ કે સરનામું કશું મળી આવ્યું નથી. સત્તાવાળાઓ તરફથી આ યુવાનનાં સગાસબંધીઓએ જશલોક હોસ્પિટલનો સંપર્ક સાધવા જણાવાયું છે.”

સમાચાર વાંચ્યા પછી વિચારમાં પડી ગયો પંકજ. સમાચારના અહેવાલમાં આણંદથી મુંબઈ અને ઝભ્ભાનો ઉલ્લેખ હોવાથી તેની નજર સમક્ષ કાયમ ઝભ્ભો-લેંઘો ધારણ કરતો પાર્થ ઉપસી આવ્યો. તેને બે પ્રશ્નો થઈ આવ્યા. પ્રથમ એ કે પાર્થ આજ ટ્રેઈનમાં મુંબઈ જવા નીકળ્યો હશે? અને કદાચ એ પાર્થ ન હોય અને બીજો કોઈ યુવાન હોય તો તેના સબંધીઓએ અત્યાર સુધી તેની તપાસ કેમ નહીં કરી હોય?

શા વિચારમાં પડી ગયા?

વિચારું છું કે, કદાચ આપણી મંઝીલ નજીક છે. ડૂબતાને જાણે તરણું મળ્યું છે. આજના સમાચાર આપણને મુંબઈ જવાનું દર્શાવે છે. વળી સમાચારમાં આપેલુ વર્ણન પાર્થ સાથે બંધ બેસે છે.

પણ... ધારો કે માની લઈએ કે, જશલોકમાં દાખલ કરેલ યુવાન પાર્થ જ છે. પરંતુ યાદદાસ્ત ગુમાવી દીધા પછી એ આપણને ઓળખી શકશે ખરો?

સ્વાતિ જો એ પાર્થ જ હશે તો તેની યાદદાસ્ત પાછી લાવવામાં આપણે ડોક્ટરને ઘણાં સહાયરૂપ બની શકીશું. આવતી કાલે ગમે તેમ થાય તો પણ આપણે મુંબઈ જવા નીકળી જવું પડશે. કારણ કે, ડૉક્ટરો “હવે સારુ નહી થાય” એવો નિર્ણય લઈ એ યુવાનને દવાખાનામાંથી

રજા આપી દે તો?

બરોબર છે. હું પણ આજે શાળામાં જઈશ અને રજા મૂકીને જ આવીશ.

શાની રજા મૂકો છો બહેન? અંદરના રૂમમાંથી બહાર આવતાં મયુરે પૂછ્યું.

સંગીતના કોર્ષ માટે એક સંગીત વિશારદને મળવા મુંબઈ જવું પડે તેમ છે. સ્વાતિએ નરેનર્યુ ગપ્પ ચલાવ્યું.

હા, પણ તમારે પછી મને ય સંગીત શીખવવું પડશે... કહેતો મયુર બહાર ચાલ્યો ગયો.

અચ્છા, સ્વાતિ, હું નીકળું... કહેતો પંકજ બહાર જવા ઉઠ્યો.

તો આવતી કાલે આપણે નીકળવું જ છે ને?

હા, હું તને લેવા આવીશ... કહી પંકજ વિદાય થયો.

પંકજના ગયા પછી સ્વાતિ રાંધણિયામાં ગઈ. હજી સવારના નવેક વાગ્યા હતા. સ્વાતિને તો જમવાની રૂચિ જ ન હતી. પરંતુ બા અને ભાઈ માટે રસોઈ કરવી પડે તેમ હતી. ઝડપથી રસોઈ પતાવી સાડાદશે સ્વાતિ શાળાએ જવા નીકળી.

સ્વાતિના ઘરથી શાળા ખાસ દૂર ન હતી. તે શાળામાં પહોંચી ત્યારે આચાર્ય આવી ગયા હતા. શાળામાં બાળકોની સંખ્યા કરતા શિક્ષકોની સંખ્યા ઓછી હતી. ગુજરાત રાજ્યની દરેક શાળાઓની આ વિશેષતા છે. મહેકમ પ્રમાણે શિક્ષકોની સંખ્યા ઓછી હોવા છતાં કાર્યદક્ષ શિક્ષકો-શિક્ષિકાઓ તથા આચાર્યો પોતાની ફરજ સમજીને, અગવડો વેઠીને ય નવી પેઢીને શિક્ષણ આપવાનું કાર્ય કરે જતાં હતાં.

શાળાનું વાતાવરણ મનોહર હતું. શાળાનું મકાન, તેની આગળ





નાનકડો બગીચો, રમવાનું મેદાન બધું જ ખરેખર સુંદર હતું. બરોબર દશ અને પિસ્તાળીસ મિનિટે શાળાનો પ્રથમ ઘંટ બજી ઉઠ્યો. શાળામાં આવતાં બાળકો કોઈના પણ માર્ગદર્શન વગર પોતાના ધોરણના ફાળે આવતી મેદાનની જગ્યા વાળવા મંડી પડ્યાં. ઘડીવારમાં તો આખા મેદાનમાં પડેલા પાંદડાં વગેરે સાફ થઈ ગયાં. બીજો ઘંટ વાગતાં શાળાના કંપાઉન્ડમાં થતો કોલાહલ સાવ શાંત થઈ ગયો અને કોઈની પણ દોરવણી વગર શાળાના ચોકમાં બધાં બાળકો પોતાના ધોરણની હારમાં ગોઠવાઈ ગયાં. વાતાવરણ એટલું તો શાંત અને નિઃશબ્દ હતું કે, વાંદરાંની સાથે જેની સરખામણી કરવામાં આવે છે એવાં આ બાળકોમાં સ્વયંભૂ શિસ્ત પેદા કરવા બદલ શાળાના શિક્ષક અને આચાર્યને આપોઆપ અભિનંદન આપવાની આપણને સ્ફુરણા થઈ આવે. પી.ટી.શિક્ષકનો ચાર્જ સંભાળતા યોગેશ પરેરાએ 'સાવધાન' નો હુકમ આપી. રાષ્ટ્રગીત 'વંદેમાતરમ્' ગાવાની સૂચના આપી. રાષ્ટ્રગીત પૂરું થઈ જતાં બધાં બાળકો પોતાની જગ્યા ઉપર બેસી ગયાં. વિદ્યાર્થીઓની સામે પાથરેલી સાદડીઓ પર શિક્ષકો ય બેસી ગયા. પ્રાર્થના સંમેલનનો ચાર્જ સંભાળતા અલ્પેશ મેકવાને હારમોનિયમ ઉપર ''અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા'' એ ગીતની ધૂન હવામાં વહેતી કરી, હારમોનિયમ પર શરૂ થયેલી ધૂનની કડી પૂરી થતાં બધાં બાળકોએ સમૂહમાં ગાવા માંડ્યું. ત્યારબાદ સ્વાતિના હલકભર્યા રાગે કવિશ્રી યૉસેફ મેકવાનનું પ્રાર્થના ગીત ગવડાવવામાં આવ્યું સમગ્ર વાતાવરણમાં ભક્તિના સૂર ગૂંજવા લાગ્યા. 'હરિને ભજતાં હજી કોઈને લાજ જતી નથી જાણી રે...' એ ભજન સ્વાતિએ હરિના હાથમાં જ પોતાની લાજ સોંપતી હોય એવા ભાવથી ગવડાવ્યું. અંતે 'તૂટ જાયે ન માલા કભી પ્રેમકી...' એ ધૂન સાથે પ્રાર્થના સંમેલન

પૂરું થયું. પ્રાર્થના સંમેલનમાં નરી ભક્તિ અને યાચના જ જાણે નીતરતાં હતા. નિત્યક્રમ મુજબ ધોરણ છઠ્ઠાનો એક વિદ્યાર્થી "સ્ત્રી અને પુરુષ" એ વિષય ઉપર બોલવા ઊભો થયો.

"જગતમાં સ્ત્રી અને પુરુષ એકબીજાના પૂરક છે. જાણે કે સંસારરથના બે પૈડાં. પુરુષ વગર સ્ત્રી પાંગળી છે, તો સ્ત્રી વગર પુરુષને અધુરો ગણવામાં આવ્યો છે. બાઈબલના ગ્રંથમાં જણાવ્યા મુજબ ઈશ્વરે જગતનું સર્જન કર્યા પછી માટીમાંથી પુરુષરૂપે આદમનું સર્જન કર્યું. ત્યારબાદ ઈશ્વરે કહે છે કે પુરુષની એકલતા ટાળવા આદમને ઉંઘમાં નાખી તેની છાતીમાંથી જમણી બાજુની પાંસળી કાઢી તેમાંથી ઈવ અર્થાત્ હેવાનું સર્જન કર્યું. આ હિસાબે સ્ત્રી માટીમાંથી નહીં પણ પુરુષની છાતીના હાડકામાંથી સર્જાયેલી છે. અને કદાચ એટલે જ જગતની શરૂઆતથી જ આજ લગી પુરુષ સ્ત્રી ઉપર પોતાનું આધિપત્ય ચલાવતો આવ્યો છે."

બાઈબલના ગ્રંથમાં જણાવ્યા પ્રમાણે જ્યારે આદમ અને ઈવે ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું ત્યારે એમને ઈશ્વરની સુરક્ષામાંથી કાઢી મૂકવામાં આવ્યાં. સજા તરીકે ઈશ્વરે ફરમાવ્યું કે, "આદમ, તુ પરસેવો પાડશે ત્યારે રોટલો પામશે" અને હેવાને કહેવાયું કે, "તું દુઃખે બાળકો જણશે, પુરુષ તારા ઉપર ધણીપણું ભોગવશે."

હાલના જમાનામાં સ્ત્રીને પુરુષ સમોવડી ગણી તેને સ્વતંત્રતા આપવામાં આવી છે. છતાંય ડગલે, પગલે સ્ત્રીને પુરુષના સહારાની જરૂર પડે છે. એનો અર્થ એવો નથી કે, સ્ત્રીને પુરુષ વગર ચાલતું નથી! ક્યારેક પુરુષને ય સ્ત્રીના સહારાની જરુર ઊભી થાય છે.

જગતમાં સ્ત્રી અને પુરુષ, નર અને નારાયણી જુદાં નથી પરંતુ એક જ છે. આમ બેઉ એકબીજાનાં પૂરક હોવાથી ભિન્ન નહી અભિન્ન





છે. જગતની ઉત્પત્તિ અને વંશ-વારસા માટે જગત હશે ત્યાં સુધી બધાં ક્ષેત્રોમાં પછી તે પશુ, પક્ષી કે માનવ હોય બધે જ સ્ત્રી અને પુરુષનું અલાયદું અને આગવું સ્થાન રહેવાનું જ.

સ્વાતિ આ સઘળો સમય નતમસ્તકે પેલા વિદ્યાર્થીના દરેક વાક્યો ઉપર વિચાર કરતી રહી. તેને તો એમ લાગ્યું કે, આ વિદ્યાર્થી આ બધું મને જ સંભળાવી રહ્યો છે. સમાચાર વાચનમાં અનામત આંદોલનના સમાચારથી બાળકોમાં ય જાણે ગરમી આવી ગઈ. ધીરે ધીરે બાળકોમાં ઘોંઘાટ વધવા લાગ્યો. છેવટે યોગેશ પરેરાએ ઊભા થઈ બાળકોને શાંત કરવા પડ્યાં. શાંત વાતાવરણમાં સમાચારનું વાચન આગળ ચાલ્યું. રેલ્વે અકસ્માતના સમાચાર પણ બાળકોને વાંચી સંભળાવવામાં આવ્યા.

સમાચાર વાંચન પુરું થતા આચાર્ય બે શબ્દો કહેવા ઊભા થયા. આચાર્યએ અનામત આંદોલનનું કારણ, તેના લાભાલાભ, સરકારનાં પગલાં વગેરે વિષે બાળકોને વિગતે સમજ આપી. પછી રેલ્વે અકસ્માત વિષે વાત કરી.

"માથામાં ઘા થવાથી તેની અસર ખોપરીમાં આવેલ મગજ પર પડે છે તેથી ઘણી વખત મનુષ્ય મૂંગો, આંધળો કે બહેરો બની જાય છે. ઘણા કિસ્સાઓમાં શરીરના અમુક અંગો ખોટા પડી જાય છે અથવા પોતાની યાદદાસ્ત ગુમાવી બેસે છે. પણ આવા કિસ્સા ભાગ્યે જ બને છે."

યાદદાસ્ત ગુમાવી બેસવું એટલે આપણું અત્યાર સુધીનું જીવાયેલું જીવન ભૂલી જવું. ગામ, માબાપ, ભાઈ-બહેન, અરે પોતાનું નામ સુધાંય ભૂલી જવું અને આપણો નવો જન્મ થયો હોય તેમ નવેસરથી

નવું જીવન શરૂ કરવું. ટૂંકમાં યાદદાસ્ત ગુમાવી બેઠેલો માણસ પોતાનો ભૂતકાળ ભૂલી જાય છે.

ડૉક્ટર તેની સારવાર કરે છે, પરંતુ ઝાઝી સફળતા મળતી નથી. કોઈક વખત આવા મનુષ્યની યાદદાસ્ત એકાએક પાછી આવી જાય છે. એવા પણ બનાવો નોંધાયેલા છે કે, જે જગ્યાએ માથામાં ચોટ વાગતાં ઈજા થઈ હોય તે જ જગ્યાએ ફરી ચોટ લાગતાં યાદદાસ્ત પાછી પણ આવી જાય છે. પરંતુ આવું ભાગ્યે બને છે.

આચાર્યશ્રીનું કથન પુરું થતા ''ભારત મારો દેશ છે'' એ પ્રતિજ્ઞા બોલવામાં આવી. બાળકો હારબંધ પોતાના વર્ગમાં ગયાં. સ્વાતિ વર્ગમાં આવતા વર્ગના બાળકોએ 'નમસ્તે' કહી સ્વાતિનું અભિવાદન કર્યું.

સ્વાતિનું મન આજે શિક્ષણકાર્યમાં ચોટતું ન હતું. તેના દિમાગમાં વિચારોની વણઝાર ચાલતી હતી. દરિયો તોફાને ચઢે તેમ તેનું ચિત્ત ચકરાવે ચઢ્યું હતું. રહી રહીને તેના માનસપટ ઉપર પાર્થની છબિ અંકિત થઈ જતી હતી. તે ક્યાં હશે? શું કરતો હશે? દવાખાનામાં સારવાર હેઠળનો યુવાન પાર્થ જ હશે? આવા વિચારોમાં અટવાયા કરતી હતી. વર્ગના બાળકો બેનના મોં સામે જોઈ, એમની આજ્ઞાની જાણે વાટ જોતાં હતાં. ગણિતમાં હજી કોર્ષ પૂરો થયો ન હોવાથી, ગણિત ચલાવવા સિવાય છૂટકો ન હતો.

સ્વાતિએ ગણિતનું પાઠ્યપુસ્તક કાઢી બાળકોને દાખલા લખાવવાની તૈયારી આરંભી. સ્વાતિ દાખલો લખાવે ન લખાવે ત્યાં જ બહાર થતો કોલાહલ અને શોરબકોર સંભળાયાં. સ્વાતિએ દાખલો લખાવવાનું બાજુએ રાખી બહાર રોડ પર પડતી બારીઓ બંધ કરાવી દીધી. સ્વાતિ સમજી ગઈ કે 'અનામત' આંદોલનનું મોજું શાળાના





પગથિયા સુધી આવી ચૂક્યું છે.

શાળાના છાપરા ઉપર પથ્થરો વરસવા લાગ્યા. સમયસૂચકતા વાપરી દરેક શિક્ષકોએ રાજમાર્ગ ઉપર પડતી વર્ગની બારીઓ બંધ કરાવી દીધી હતી. પથ્થરમારો અને બૂમરાણ કરતું કોલેજ અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનું ટોળું શાળાના દરવાજે આવીને થંભી ગયું. જૈતુનવાડીમાં ઈસુને પકડવા આવેલા યહુદીઓના ટોળા જેવું એ ટોળું લાગતું હતું. આગેવાન બની બેઠેલા બે યુવાનોએ ટોળાને ત્યાં જ થંભી જવાની ઈશારત કરી, શાળાના દરવાજામાં પ્રવેશ કર્યો.

બાળકોને વર્ગમાં જ રહેવાની સૂચના આપી, શિક્ષકો આચાર્યની ઓફિસ આગળ ભેગા થયા હતા. તેમની અવગણના કરીને બેઉ યુવાનો રજા વગર ઓફિસમાં પ્રવેશ્યા. ગામના જ હોવાથી આચાર્ય બેઉ યુવાનોને ઓળખતા હતા.

સાહેબ, અમે ગઈકાલે તમારા ઘરે આવીને કહી ગયા હતા કે, તમારી ગુજરાતી શાળા બંધ રાખીને આંદોલનમાં અમને સહકાર આપજો પણ... એક યુવાને યાદ દેવડાવ્યું.

સાહેબ, ગામના નાગરિક તરીકે આપે પણ આંદોલનમાં સહકાર આપવો જોઈએ. બીજા યુવાને કહ્યું.

વાત તો તમારી સાચી છે. પરંતુ અમે ઠર્યા પ્રાથમિક શાળાના શિક્ષકો, ઉપરથી આવતા પરિપત્રોનો અમલ કરનારા પરિપત્રિયા શિક્ષકો! અને એટલે જ અમારાથી ઉપરના હુકમ વગર શાળા બંધ ન રાખી શકાય. આચાર્યશ્રીએ ખૂબ જ નમ્રતાથી પોતાની મૂંઝવણ રજૂ કરી.

તમારી શાળા ય છેવટે તો સરકારી જ છે ને! જુઓ સાહેબ

નાનાં બાળકોનો વિચાર કરીને અમે તોફાન કે પથ્થરમારો નથી કરતા. પરંતુ અમારે આખરે એ પગલું ભરવું ન પડે એનો ખ્યાલ રાખશો.

ભાઈ, તમે મારી વાત સમજતા નથી. તબીબી કૉલેજના આંદોલન સાથે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને શું લાગેવળગે?

ત્યાં જ તમારી ભૂલ થાય છે સાહેબ. સરકારે પ્રાથમિક શાળાઓથી માંડીને છેક કોલેજ સુધી 'અનામત' નું ભૂત ઠઠાડી દીધું છે. બેઉ યુવાનો સામટા બોલી ઉઠ્યા.

તમે શાંતિથી બેસો. તમારી આ લડત કેટલી ગેરવ્યાજબી છે તે હું સમજાવું.

જુઓ સાહેબ અમે કંઈ સમજવા કે સાંભળવા નથી આવ્યા. અમે બધું સાંભળ્યું છે અને સમજેલું જ છે. અમે શાળા બંધ કરાવવા આવ્યા છીએ. પેલા બેઉ યુવાનોએ મક્કમતાથી કહ્યું.

એકાદ બે વિદ્યાર્થીઓને અન્યાય થયો હોય તેની સજા ગુજરાતના લાખો વિદ્યાર્થીઓને શિક્ષણથી વંચિત રહીને ભોગવવાની? અત્યાર સુધી મૂંગા રહીને વાત સાંભળતા અલ્પેશ મેકવાને પ્રશ્ન કર્યો.

ગામડાંના ગરીબ પ્રજાજનોનાં ઘરબાર બાળવાથી કે નુકશાન કરવાથી આખરે તમને બધાને શું લાભ થવાનો છે? યોગેશ પરેરાએ પાયાનો પ્રશ્ન પૂછ્યો.

બેઉ યુવાનો આ સવાલોના જવાબ ન આપી શક્યા. આપે પણ ક્યાંથી? કેવળ રાજકરણના હાથા બની, મનના આનંદ ખાતર, જાણ્યા, સમજ્યા વગર તોફાનોમાં પડનાર આ યુવાનો પાસે આ સવાલોનો જવાબ ન હતો.

તમારે શાળા બંધ કરવી છે કે નહીં? ધમકીભર્યા અવાજે એક





યુવાને કહ્યું.

મારાથી ઉપરના હુકમ વગર શાળા બંધ ન કરી શકાય. આચાર્યએ કહ્યું.

અમારે છેવટે પથ્થરમારો કરવો પડશે. બહાર આખું ટોળું ઊભું છે. બીજા યુવાને ઠંડી ધમકી આપી.

તમારી વાત સાચી છે પરંતુ બહાર ઊભેલા એ વિદ્યાર્થીઓના ટોળાને તમે પૂછ્યું છે કે આ લડત શાની છે? આ લડત સાથે તમારે કેટલું લાગે વળગે છે? બહાર ઊભેલા વિદ્યાર્થીઓના એ ટોળામાંથી નેવું ટકા વિદ્યાર્થીઓને તો આ લડત શેને માટે છે તેની ય ખબર નહીં હોય, માત્ર મઝા આવે, ગમ્મત પડે, બહાદુરી દેખાય, તથા આ બહાને રજા મળે એટલા ખાતર જ આ વિદ્યાર્થીઓ તમારી સાથે જોડાયા હશે! તમે વિચાર્યું છે કે, શાળા-કોલેજ બંધ રાખવાથી, બસો બંધ રાખવાથી, બાળી દેવાથી, સાર્વજનિક મિલ્કતને નુકશાન કરવાથી છેવટે કોને નુકશાન જવાનું છે? યુવાનોને શાંત પડેલા જોઈ આચાર્યે સમજાવવા માંડ્યું.

સાહેબ, બંધ કરો આપનું ભાષણ! અને શાળા બંધ કરો! બંને યુવાનો એક સાથે બોલી ઉઠ્યા.

છેવટે આચાર્યને ન છૂટકે, બાળકોના હિતમાં શાળા બંધ કરવી પડી. શાળાના વિદ્યાર્થીઓને રજા મળવાથી આનંદઘેલા થઈ ઘર તરફ ભાગ્યા. શિક્ષકોને તો શાળાનો સમય પુરો થયા વગર ઘરે જવાય તેમ ન હોવાથી સ્ટાફરૂમમાં ટોળેવળી 'અનામત આંદોલન' ની ચર્ચાએ ચઢી ગયા.

...૬...

પાંચેક દિવસ બીજા વીતી ગયા. અનામત આંદોલનનો આંધળો જુવાળ એટલો જામ્યો કે, સ્વાતિ અને પંકજ સંચારબંધીને કારણે, મુંબઈ જવા સ્ટેશને ન જઈ શક્યાં.

આખરે છઠ્ઠે દિવસે સંચારબંધીમાં છૂટ મળતાં તેઓ મુંબઈ તરફ જતી ગાડીએ ચડ્યાં, મુંબઈના આખા રસ્તે સ્વાતિ અને પંકજની ચર્ચાનો મુખ્ય વિષય પાર્થ જ બની રહ્યો.

ગાડી તો એની ગતિમાં દોડ્યે જતી હતી. ડબ્બામાં મુસાફરોમાંથી કેટલાક વાંચતા હતા, તો કેટલાક ગંજીપો ખેલતા હતા. કેટલાક ગાડીની ગતિના હાલરડે ઉંઘતા હતા. લગભગ સુરતનું સ્ટેશન નજીક આવતું જતું હતું. ગાડીનો વેગ ધીરો પડતો જતો હતો. એકા એક ડબ્બામાં કોલાહલ થઈ રહ્યો.

પકડો... પકડો... ચોર... ચોર...

ડબ્બાના મુસાફરોમાંથી કોઈની બેગ લઈને એક ગઠિયો ચાલુ ગાડીએ કૂદકો મારવા પ્રયત્ન કરતો હતો. મુસાફરોના ટોળાને હઠાવતો પંકજ ઝડપથી ડબ્બાના બારણા આગળ જઈ પહોંચ્યો. પેલો ગઠિયો ગાડી વધારે ધીમી પડવાની વાટ જોતો બારણાનો સળિયો પકડી છેક નીચલા પગથિયે લટકી રહ્યો હતો. સ્હેજ ચૂક થાય તો તેના પડી જવાની પુરેપુરી શક્યતા હતી.

પંકજે બારણા પાસેની બારીમાંથી હાથ બહાર કાઢી ગઠિયાના હાથમાંથી બેગ ઝડપી લેવા પ્રયત્ન કર્યો. બારણા પાસે વગર કારણે





ફક્ત કૂતુહલવશ પેસેંજરોનો ધસારો વધ્યે જતો હતો. ગઠિયા કરતાં પેસેન્જરોની સંખ્યા વધારે હોવા છતાં સંખ્યાબળ કશાય કામનું ન હતું. ઉલટા એ પેસેન્જરો પંકજને અડચણ કરતા હતા, તથા પંકજને બેગ પડાવી લેવા શું કરવું તેની વિવિધ સલાહ આપતા હતા. જેની બેગ ગઠિયાએ તફડાવી હતી એ તો બીચારો માથે હાથ દઈને બેસી પડ્યો હતો. હજી સુરત દૂર હતું. ધીમી પડેલી ટ્રેઈને ફરી ગતિ પકડી ત્યારે જ બેગ ઉઠાવનાર ગઠિયાને પોતાની ભૂલનો ખ્યાલ આવ્યો.

અચાનક સ્વાતિએ ટ્રેઈનની સાંકળ ખેંચી. અત્યાર સુધીની આ બધી ધમાલમાં કોઈને ટ્રેઈનની સાંકળ ખેંચવાનું જ સૂઝ્યું ન હતું. સાંકળ ખેંચતાં ભયસૂચક અલાર્મ બજી ઉઠ્યો. ડ્રાયવરે ટ્રેઈનને બ્રેક મારી, ટ્રેઈનની ગતિ ધીમી પડતાં પંકજમાં વધારે હિંમત આવી. પંકજે સહસા પેલા ગઠિયાના માથાના વાળ પકડ્યા. માથાના વાળ ખેંચાતાં તથા ટ્રેઈનની ગતિ ધીમી પડતાં ગઠિયાએ બેગ નીચે ફેંકી દેવા પ્રયાસ કર્યો. બેગ ઊંચી થતાં જ બારણા લગોલગ આવી ગયેલી સ્વાતિએ આંચકા સાથે ગઠીયાના હાથમાંથી બેગ ખેંચી લીધી. સ્વાતિના હાથમાં બેગ આવી જતાં પંકજે ગઠિયાને છોડી દીધો. છૂટ્ટો થતાં જ ગઠિયાએ ધીમી પડેલી ચાલતી ટ્રેઈને જ કૂદકો મારી ભાગવા માંડ્યું.

ચરચરાટ કરતી ટ્રેઈન થંભી ગઈ. પંકજ હાંફતો હાંફતો સીટ ઉપર ગોઠવાયો. ડબ્બામાંના મુસાફરો અહોભાવથી પંકજને જોવા લાગ્યા. કોઈ ન કરે તે પંકજે કર્યું હતું. બાકી ચાલતી ટ્રેઈને બીજાની અસ્કયામત માટે ગુંડા સાથે કોણ બાથ ભીડે? બેગના મૂળ માલિક માટે તો પંકજ આકાશમાંથી ઊતરી આવેલા ફરિશ્તા જેવો વસ્યો હતો. શ્વાસ હેઠો બેસતાં, પંકજે વૉટર બેગમાંથી પાણી પીધું. પછી બાથરૂમમાં જઈ હાથ-મોં ધોઈ આવ્યો. પંકજ આવી જતાં સ્વાતિએ પેલી બેગ

એના હાથમાં સોંપી.

લ્યો, આ તમારી બેગ... બેગના માલિકને બેગ આપતાં પંકજે કહ્યું.

આપનો ઘણો આભાર. આજે આપે મારું નાક અને આબરુ બંને બચાવ્યાં છે.

મેં તો કંઈ જ કર્યું નથી. આ તો માણસે માણસ માટે કરવું જ જોઈએ.

પંકજ, ગઠિયા સાથેની ઝપાઝપીમાં એક વખત તો મને એમ જ લાગેલું કે તમે બેઉ ચાલુ ગાડીએ નીચે પડી જશો અને કદાચ એટલે જ મને સાંકળ ખેંચવાનું સૂઝયું.

ઘણી વખત ધમાલ અને ગભરાટને કારણે મનુષ્ય પોતાના બચાવનાં સાધનોનો ઉપયોગ કરવાનું જ ભૂલી જાય છે.

ગાર્ડ આવી તપાસ કરી ગયો. સાંકળ ખેંચવાનું કારણ જાણ્યું. સાંકળ ખેંચવાનું કારણ જાણ્યા પછી તેને સંતોષ થયો. પોતાના ડબ્બા તરફ જતાં ગાર્ડે કહ્યું,

આ રીતે જ જો ભારતનો દરેક નાગરિક પોતાની રક્ષા કરતો થઈ જાય તો દેશમાં પોલીસતંત્રની જરૂર ન રહે.

ગાર્ડે લીલી ઝંડી આપતાં ટ્રેઈને ફરી પોતાની ગતિ આરંભી. ડબ્બામાં પહેલાં જેવી યથાવત પરિસ્થિતિ થઈ ગઈ. થોડા સમય પહેલાંની તનાવની સ્થિતિ ધીરે ધીરે વિસરાવા લાગી. આવા સાહસિક કાર્યથી સૌનું ધ્યાન પંકજ તરફ ખેંચાયું હોવાથી બધા તેની સાથે વાતો કરવા લાગ્યા. જેની બેગ હતી તેમણે તો મુંબઈ ઉતરી પંકજને પોતાને ત્યાં જ આવવા આગ્રહ કર્યો.





વડોદરાથી ઉઘરાણીનું કામ પતાવી લગભગ પચ્ચીસેક હજારની રકમ લઈ મુંબઈની વેપારી પેઢીના મૂનીમ મુંબઈ પરત જઈ રહ્યા હતાં. ત્યાં જ ગઠિયાના હાથે એમની બેગ ઝડપાઈ. બેગ બચી જતાં મૂનીમ ખૂબ જ આનંદિત થઈ ગયા હોવા ઉપરાંત પંકજના ઉપકારના ભાવ તળે દબાયેલા હતા. તેમણે પુછ્યું,

મુંબઈમાં કોને ત્યાં જવું છે?

આમ તો, મુંબઈમાં અમારું કોઈ જ સગું નથી. પરંતુ અમે એક જરૂરી કામે મુંબઈ જઈ રહ્યાં છીએ.

આ તમારી સાથે છે એ તમારાં ઘરવાળા છે? બીજો પ્રશ્ન આવ્યો.

ઘડીભર તો સવાલ પૂછનારને શો જવાબ આપવો તે માટે પંકજ ગૂંચવાયો. તેણે સ્વાતિ સામે નજર કરી. સ્વાતિને તો સ્વપ્નેય ખ્યાલ ન હતો કે, પંકજ સાથેની મુસાફરીમાં કોઈક આવો પણ પ્રશ્ન કરશે! સ્વાતિ, શરમાતી, સંકોચાતી, નીચું જોઈ રહી હતી. પેલા પ્રશ્ન પૂછનારે જવાબ ન મળવાથી બીજો પ્રશ્ન જવાબ સાથે જ પૂછયો,

એમાં શરમાવાની શી જરૂર છે? ભાગી આવ્યાં હોય તો પણ શું?

મુસાફરોમાં ગેરસમજ ન પ્રવર્તે એટલે પંકજે કહ્યું,

ન તો અમે પતિ-પત્નિ છીએ કે ન તો અમે ભાગી આવ્યાં છીએ - અમારો એક મિત્ર ટ્રેઈન અકસ્માતમાં ઘાયલ થઈ, જશલોક હોસ્પિટલમાં છે તેની ભાળ કાઢવા આવ્યા છીએ.

પંકજના આ ખુલાસાથી લોકોનું કૂતુહલ શમી ગયું. માણસ જ એક એવું પ્રાણી છે જેની જિજ્ઞાસાનો પાર નથી હોતો. જાળામાં થતા સ્હેજ અમથા સળવળાટમાં મનુષ્યને આખેઆખો સાપ દેખાય છે.

તમારે જશલોક હોસ્પિટલ જ જવું છે ને? તો તો આજે તમે બેઉ મારે ત્યાં જ ચાલો. બેગવાળી વ્યક્તિએ કહ્યું.

મુંબઈમાં કોઈક હોટલ કે ધર્મશાળામાં ઉતરવાનું પંકજ અને સ્વાતિએ નક્કી કર્યું હતું પરંતુ આમ અચાનક કોઈ ગૃહસ્થીમાં ઉતરવાનું ગોઠવાઈ જતાં સ્વાતિ અને પંકજને રાહત થઈ.

ટ્રેઈન ઝડપભેર મુંબઈ તરફ ગતિ કરતી હતી. ઘડીવાર તો ડબ્બામાં દોડતી ટ્રેઈનનો ધમધમાટ જ પથરાઈ રહેતો. તો વળી પાછો ટૂંકો વાર્તાલાપ શરૂ થતો. મુસાફરો ય એકધાર્યું બેસી રહીને થાક્યા હતા. મુંબઈ નજીક આવતું હોવાથી હવે મુસાફરોએ પોતાનો સામાન સમેટવા માંડ્યો હતો. પંકજ બેગવાળા કાકા સાથે વાતો કરતો હતો.

કાકા, આપનું નામ? પંકજે પૂછયું.

દ્વારકાપ્રસાદ... મુંબઈની સવજી એન્ડ શ્રૉફમાં મૂનીમ છું. મારું મકાન મુંબઈની ખ્યાતનામ જશલોક હોસ્પિટલની બાજુમાં જ છે. વળી આમે ય ઘરમાં હું મારી પત્ની અને દીકરી જયશ્રી એટલાં જ છીએ. દીકરો ન્યુર્યોકમાં બિઝનેસ કરે છે. તમે બેઉ અમારે ત્યાં રહેશો એટલા દિવસ અમારી દિકરીને તમારી કંપની મળશે.

કાકા, જુઓને આજે તો જાણે હોસ્પિટલમાં નહીં જ જવાય. એટલે આજે તમારા ઘરે રોકાઈ આવતી કાલે સવારે હોસ્પિટલમાં જઈશું.

પંકજભાઈ, હવે તમે તમારી બધી ચિંતા મારા માથે નાખી દો. તમે તમારા જીવના જોખમે મારી બેગ નહીં પરંતુ મારી આબરુ બચાવી છે.



મેં તો કાકા, મારી ફરજ જ બજાવી છે. આમાં મેં કશું નવું નથી કર્યું. કહી પંકજે સ્વાતિ સામે જોયું.

સ્વાતિનું ધ્યાન પંકજ અને દ્વારકાપ્રસાદની વાતોમાં ન હતું. એ પુસ્તક વાંચવામાં તલ્લીન હતી. ટ્રેઈનની બહાર સંધ્યાનો ઝાંખો ઉજાશ રેલાતો હતો. લગભગ પંદર મિનિટ પછી ટ્રેઈન મુંબઈ પહોંચવાની હતી. પંકજ ટોઈલેટ તરફ ચાલ્યો. જતાં જતાં તેણે ફરી એક નજર સ્વાતિ તરફ નાખી. સ્વાતિ હજી ય પુસ્તકમાં મગ્ન હતી.

પંકજના જતાં દ્વારકાપ્રસાદે એક બગાસું ખાધું પછી સ્વાતિને પૂછયું, બહેન, હોસ્પિટલમાં દાખલ થયેલા એ ભાઈ તમારા સગા થાય?

સગા? સ્વાતિ વિચારવા લાગી. પાર્થને અને મારે કયું સગપણ છે? કયા સબંધે હું પાર્થને શોધવા નીકળી છું? દ્વારકાપ્રસાદના પ્રશ્નથી એ થોડી ઝંખવાઈ ગઈ પછી મૃદુ હસીને કહ્યું,

તેની સાથે મારી સગાઈ થઈ છે. પછી શરમથી માથુ નીચું ઢાળી દીધું.

અરે...રે...રે... દ્વારકાપ્રસાદે દુઃખ વ્યક્ત કર્યું. પછી પૂછયું, બહેન તમને ખરેખર ખાતરી છે કે, ઘાયલ થયેલો યુવાન તમારો મંગેતર જ છે?

હા, ટ્રેઈનને જે દિવસે અકસ્માત થયો એ જ દિવસે તે આણંદથી મુંબઈ આવવા નીકળ્યો હતો.

પણ, આણંદથી તો બીજી ઘણી ટ્રેઈનો મુંબઈ જવા નીકળે છે.

એ સાચું પરંતુ છાપામાં ઘાયલ થયેલા યુવાનનું જે વર્ણન આવ્યું

છે તે પાર્થને મળતું છે.

અને, એ વર્ણનના આધારે તમે આટલે સુધી દોડી આવ્યાં છો?

હા, વડીલ તેનું આ જગતમાં બીજું છે ય કોણ કે તેની ભાળ મેળવે.

એના માતા-પિતા, ભાઈ-બહેન?

કોઈ નહીં... સ્વાતિ ગળગળી થઈ ગઈ.

કંઈ નહીં બહેન, તમારા અંતરમાં પાર્થ પ્રત્યે જે પ્રેમ છે એ પ્રેમના બળે જ તમને પાર્થ મળી જશે. કહી દ્વારકાપ્રસાદ ચૂપ થઈ ગયા.

પંકજે સ્વાતિ પાસે આવીને કહ્યું,

લાગે છે કે ટ્રેઈન મુંબઈ સેન્ટ્રલે આવી ગઈ છે.

સ્વાતિએ સીટ ઉપરથી ઊભાં થઈ શેતરંજી વાળી લીધી. હાથમાંનું પુસ્તક અને શેતરંજી બેઉ બેગમાં મૂકી દીધાં. પછી ફ્રેશ થવા ટોઈલેટમાં ગઈ.

સ્વાતિ પાછી આવી ત્યારે ખાલી થઈ ગયેલી ટ્રેઈનના ડબ્બાની બહાર પંકજ અને દ્વારકાપ્રસાદ તેની વાટ જોતા ઊભા હતા.

સ્ટેશનની બહાર નીકળી, ટેક્ષી કરી ત્રણે દ્વારકાપ્રસાદના ઘરે પહોંચ્યા ત્યારે રાતના આઠ વાગી ચૂક્યા હતા.

...૭...

બીજા દિવસની સવાર દરિયાની પેલે પારથી આવી પહોંચી.





સૂરજનો કોમળ તડકો દરિયાનાં નીલરંગી પાણી સાથે ગેલ કરવા માંડ્યો. સૂરજનાં કિરણો સપ્તરંગી લેબાશ સજી, દરિયાનાં મોજા ઉપર આરુઠ થઈ કિનારે પહોંચવા મથવા લાગ્યાં. ધીરે ધીરે પ્રકાશ મુંબઈની સડકો ઉપર ફેલાવા લાગ્યો.

સવાર થતાં જ અલબેલી મુંબઈ નગરીમાં ચહલપહલ વધી જતી. સૂના માર્ગો જીવિત થઈ ઉઠતા. આ પંચરંગી નગરમાં કોઈને જાણે કશી ફૂરસદ જ નથી હોતી. બસ, ગતિ... ગતિ... અવીરત... ગતિ...! સવાર-સવારમાં દૂધવાળા, મચ્છીવાળા, છાપાંના ફેરિયા, શાકભાજીવાળા અને નોકરિયાતો એમ જુદા જુદા વર્ગના લોકો ઉંધું ઘાલીને સમય કરતાં આગળ નીકળી જવા દોડતા હોય એમ લાગે!

જશલોક હોસ્પિટલના ઈમર્જન્સી વોર્ડમાં પાર્થની આંખ રોજ કરતાં આજે વહેલી ઉઘડી ગઈ. છેલ્લા બે દિવસથી તેને આરામ જણાતો હતો. કોઈ કોઈ વખત તેને માથાના પાછળના ભાગે અચાનક સણકા ઉપડી જતા. એ સિવાય હવે એ સાજો થઈ ગયો હતો.

ઈમર્જન્સી વોર્ડના પલંગ પર પડ્યા પડ્યા તેણે પોતાના વિશે ઘણું વિચારી જોયું હતું પરંતુ તેના મગજમાં કંઈ જ ઘેડ બેસતી ન હતી.

પોતે કોણ છે?

ક્યાંથી આવ્યો છે?

પોતાનું નામ શું છે?

આ સવાલો ઉપર તેણે ઘણું વિચારી જોયું હતું. પરંતુ તેના એકેય સવાલના જવાબ તેને જડ્યા ન હતા. ડૉકટર કહેતા હતા કે પોતે આણંદ તરફથી આવ્યો છે. તો આણંદ ક્યાં આવ્યું હશે? પોતે કદી

આણંદ જોયું છે ખરું?

પાર્થને આ દુનિયા જ નવી નવી લાગતી હતી. ડૉક્ટર કહેતા હતા કે તેણે તેની યાદદાસ્ત ગુમાવી દીધી છે! તો તે અહીં આવવા પહેલા ક્યાંક રહેતો હશે ને? ક્યાં રહેતો હશે? પોતાનું પરિચિત કે સબંધી કોઈ હશે ખરું?

આજે આંખ ખૂલતાં જ પાર્થના મન ઉપર આ બધા પ્રશ્નોની વણઝાર દડમજલ કરવા લાગી. પ્રશ્નોની આ વણઝાર મંજીલ વગરની વણઝાર હતી.

ગઈકાલે ઈમર્જન્સી વોર્ડમાં દાખલ કરેલા બે દર્દીઓ પાસે તેમનાં સબંધીઓ બેઠા હતા. પોતાનું કોઈ સ્વજન હોય તો આમ મારી પથારી આગળ રાત આખી જાગતાં બેઠાં હોત ને? પાર્થને વિચાર આવ્યો. એક નજર એ દર્દીઓના પલંગ તરફ નાખી પ્રાતઃક્રમ પતાવવા પાર્થ બાથરૂમ તરફ ચાલ્યો ગયો.

બ્રશ પતાવી, સ્નાન કરી પાર્થ પાછો આવ્યો, ત્યારે વોર્ડમાં નર્સની ચહલ પહલ વધી ગઈ હતી.

પાર્થ વોર્ડમાં દાખલ કરેલ પેલાં દર્દીઓ પાસે ગયો. જુદા જુદા પલંગમાં એક યુવાન અને યુવતિ બેભાન દશામાં પડ્યાં હતાં. પલંગની બાજુમાં બેઉના સ્વજનો ચિંતાતુર નજરે બેઉના ભાનમાં આવવાની વાટ જોતાં બેઠાં હતાં. પાર્થને થયું આ લોકો કેમ બેભાન થયાં હશે? તેને આ સવાલ પેલાં સ્વજનોને પૂછવાનું મન થયું, પરંતુ આવા ગંભીર અને ગમગીન વાતાવરણમાં આ સવાલ પૂછવો યોગ્ય ન લાગતાં માંડી વાળ્યું. થોડી વાર પછી ડૉક્ટર આવ્યા, બેઉને તપાસ્યાં, ઈન્જેકશન આપ્યું.



સાહેબ... સાહેબ... મારો પરેશ બચી તો જશે ને? યુવકના પિતા રોતલ સાદે પૂછતા હતા.

જોઈએ... ધીરજ રાખો, મારાથી બનતું મેં કર્યું છે, પછી તો ઉપરવાળાનો જ આધાર છે.

અને ડૉકટર સાહેબ અમારી દીકરી?

ધીરજ રાખી ભગવાન ઉપર શ્રધ્ધા રાખો. ડૉક્ટર એ ભગવાન નથી. જો ડૉકટર ભગવાન હોત તો, મનુષ્ય ડૉકટર ઉપર જ પોતાની જીંદગીનો બધો ભાર મૂકી દેત. રાહ જુઓ, સહું સારાં વાનાં થશે. અને હા, હમણાં પોલીસ ઈન્સ્પેક્ટર સચિન ખન્ના તમારા જવાબ લેવા આવશે. કહીને ડોક્ટર નર્સો સાથે બીજા વોર્ડની વિઝીટે ચાલ્યા ગયાં.

કંઈક ઝેરી દવા લેવાથી જ આ બંનેને દવાખાનામાં દાખલ કર્યા હશે, પાર્થે અનુમાન કર્યું. પાર્થ ત્યાંથી પોતાના પલંગ ઉપર આવીને બેઠો. પેલા બંને યુવક-યુવતિને જોયા પછી તેના હૈયામાં વેદના લિપાઈ ગઈ હતી. થોડવાર પછી સીસ્ટર અર્ચના પાર્થનું ટેમ્પરેચર લેવા આવી.

હેલ્લો, મિસ્ટર, ગુડમોર્નિંગ...

સેમ ટુ યુ...

કેમ છે તબિયત...

તબિયત તો હવે સારી છે પણ...

કેમ અટકી ગયા?

કંઈ નહી... થાય છે કે હવે હોસ્પિટલમાંથી રજા લઈ લઉં.

પછી ક્યાં જશો?

આખી સૃષ્ટિ પડી છે જવા માટે... પાર્થ મ્લાન હસ્યો.

પણ કોઈક આધાર તો જોઈએને રહેવા માટે...

પુરુષ માણસને આધારની શી જરૂર?

સ્ત્રી હોય કે પુરુષ, બેઉને આધારની જરૂર હોય છે જ...

પાર્થને સીસ્ટર અર્ચનાનું આ વાક્ય, ક્યાંક સાંભળ્યું હોય તેવું લાગ્યું. પરંતુ ક્યાં સાંભળ્યું હતું તે યાદ ન આવવાથી તે અર્ચના સામે તાકી રહ્યો.

આમ શું તાકી રહ્યા છો?

કંઈ નહી... વિચારતો હતો કે, તમે જે કહ્યું તે મેં ક્યાંક સાંભળ્યુ છે.

સાંભળ્યુ નહી હોય વાંચ્યું હશે કહીને સીસ્ટર અર્ચના હસી પડી.

સીસ્ટર તમે હસો છો ત્યારે સુંદર લાગો છો.

મોં હસતું રાખવું એ અમારી ફરજનો એક ભાગ છે. અને અમારા હાસ્યથી જ દર્દીઓને ખુશ કરીએ છીએ...

કેમ, જીવનમાં તમે દુઃખી છો?

આમ તો દુઃખી નથી અને દુઃખી ગણો તો ઘણું દુઃખ છે.

ખરેખર! પાર્થ પૂછી બેઠો. પછી કહ્યું, સીસ્ટર આટલા સમયથી તમે મારી સારવાર કરો છો પણ મેં ક્યારેય તમને ઉદાસ નથી ભાળ્યાં... સદાય હસતાં જ...

મેં આગળ કહ્યું ને, મોં સદાય હસતું રાખીને જ અન્યનું દુઃખ ઓછું કરવું એ અમારી ફરજ છે.





પછી દુઃખ ક્યાં આવ્યું?

મનુષ્ય ઘણી વખત ચહેરા ઉપર હાસ્ય મઢીને હૈયાના ઊંડાણમાં પોતાનું દર્દ છૂપાવી શકે છે.

તમારું દુઃખ મને જણાવશો?

જાણીને શું કરશો?

જોઉં, થશે તો તમારું દુઃખ દૂર કરીશ. નહીં તો બની શકે એટલી સહાનુભૂતિ તો દાખવી શકીશ.

મારું દુઃખ જાણ્યા પછી તમે પોતે વ્યથિત થઈ જશો.

તો રહેવા દો.

નારાજ થઈ ગયા?

નારાજ તો નથી થયો. પરંતુ તમને મારા ઉપર ભરોસો નથી તેથી દુઃખ થયું.

તમારે મારું દુઃખ જાણવું જ છે ને?

હા... ચોક્કસ...

તો વચન આપો કે, હોસ્પિટલમાંથી રજા મળતાં તમે મારા ઘરે આવશો.

આવીશ... બસ!

ક્યારે રજા લો છો?

રજા મળે તો આજે જ... હવે હોસ્પિટલથી જીવ ઉબાઈ ગયો છે.

એક વાત પુછું?

પૂછો.

તમારું નામ હોસ્પિટલના ડૉક્ટર્સ, નર્સિઝ કે વોર્ડ બોય કોઈ જાણી શક્યું નથી! આખરે તમારું નામ શું છે?

મારું નામ મને જ ખબર નથી. તમે જ મને એક નામ આપો.

સાચું કહું...? અર્ચનાએ પાર્થને તાકતાં કહ્યું. તમને મળ્યા પછી મને મારું પોતાનું સ્વજન મળ્યું હોય એટલો આનંદ થયો છે. હું તમને 'આનંદ' કહું તો વાંધો નથી ને?

ના, જરાય નહીં, ડૉકટર કહેતા હતા કે, હું આણંદ તરફથી આવ્યો છું. 'આણંદ' અને 'આનંદ' માં ફેર નથી! સારું નામ છે આનંદ!

તમને ગમ્યું?

હા, અને તમને પણ... કહી પાર્થ જે હવે 'આનંદ' તરીકે ઓળખાવાનો હતો તે ખડખડાટ હસ્યો.

અર્ચના પાર્થના આ વાક્યથી શરમાઈ ગઈ. તે આંખો નીચે ઢાળી દઈ ઝડપથી ચાલી ગઈ.

અર્ચનાના ગયા પછી મેડિકલ ઑફિસર વિઝીટમાં નીકળ્યા. પ્રથમ આત્મહત્યા કરતાં ઉગરી ગયેલાં પેલાં યુવક-યુવતીની વિઝીટ કરી પાર્થના પલંગ પાસે આવ્યા.

હેલ્લો મિ. આનંદ કેમ છો?

સર, આપને કેવી રીતે ખબર પડી કે મારું નવું નામ આનંદ છે?

સીસ્ટર અર્ચનાએ કહ્યું, કહીને ડૉક્ટરે પ્રેમાળ હાસ્ય કર્યું. પછી પૂછયું, કેમ છે? કેમ લાગે છે હવે?

સર, હવે રજા મળે તો સારું...





રજા આપવામાં કંઈ જ વાંધો નથી. પરંતુ રજા લઈને ય તમે જશો ક્યાં?

ભીના સ્વરે ડૉકટરે પૂછયું, પછી ઉમેર્યું કેમ અહી નથી ફાવતું?

ફાવવા ન ફાવવાનો તો કોઈ સવાલ જ નથી. પરંતુ કેટલાય વખતથી કુદરતના ખોળે આળોટ્યો નથી તેથી જીવ મૂંઝાય છે.

તો સાંજના જૂહુ સુધી ફરી આવો!

નહીં સર, કુદરતના ખોળે ગયા પછી હોસ્પિટલની ઉદાસ અને પીળી દિવાલો વચ્ચે પાછાં આવતાં મારું મન નહીં માને, રજા આપો તો સારું!

ડૉકટર કશા વિચારમા પડી ગયા હોય તેમ મૌન થઈ ગયા. પછી કહ્યું, સારું મિ. આનંદ થોડીવાર પછી મારા ચેમ્બરમાં આવજો.

યસ સર, થેંક્યું!

મેડિકલ ઓફિસરના ગયા પછી પાર્થ ગણગણવા લાગ્યો.

''જિંદગી તૂને દિખાયે કદમ કદમ પર,

તેરે રૂપ હજાર!

હાર ગયે અબ હમ તો યું હી,

દિલમેં દર્દ હૈ બેસુમાર!''

ગઝલનો આ મત્લો ગણગણતાં જ પાર્થે પોતાની પાસેની થોડી વસ્તુઓ એકઠી કરી ન્યુઝપેપરમાં લપેટી લીધી. પાસે સામાન જેવું તો હતું જ નહીં. હોસ્પિટલનાં કપડાં તો હોસ્પિટલમાં મૂકીને જ જવાનું હતું. પાર્થે બાથરૂમમાં જઈ કપડાં બદલ્યાં અને પછી મેડિકલ ઓફિસરની ચેમ્બર તરફ ચાલ્યો. હોસ્પિટલના પેસેજમાં જ અર્ચના

મળી.

ઓહ... આનંદ રજા મળી ગઈ?

નહીં... રજા મેળવવા જ જઈ રહ્યો છું.

આનંદ, અત્યારે હું ડ્યુટી ઉપર છું તમને રજા મળતાં મારું ઘર કોણ બતાવશે?

મને સરનામું આપો. હું શોધી લઈશ.

અર્ચનાએ સરનામું અને મકાનની ચાવી આપી. પછી કહ્યું, મકાન શોધવામાં મુશ્કેલી પડે તો અહીં પાછા આવી જજો. આપણે સાથે જઈશું કહી અર્ચના ચાલી ગઈ.

પાર્થ ચેમ્બરમાં પહોંચ્યો ત્યારે ડૉક્ટર એની જ વાટ જોતા હતા. જરૂરી વિધિ પતાવી, શુભેચ્છા પાઠવી ડૉક્ટરે પાર્થને રજા આપી. પાર્થ શિષ્ટાચાર કરી ચેમ્બરમાંથી બહાર નીકળવા લાગ્યો.

ચેમ્બરમાંથી બહાર નીકળતા પાર્થની પીઠ તરફ તાકી રહેલા ડૉક્ટરના હૈયામાંથી નિઃશ્વાસ સરી પડ્યો. કારણ કે બધા જ પ્રયાસો હાથ ધર્યા છતાં તેઓ પાર્થની યાદદાસ્ત પાછી લાવી શક્યા ન હતા.

...૮...

મુસાફરીનો ય આગવો થાક વર્તાય છે. મુસાફરીથી થાકેલા પંકજ અને સ્વાતિ સવારે મોડાં ઉઠ્યા. પ્રાતઃવિધિ પતાવી ચ્હા-નાસ્તાથી પરવાર્યા ત્યારે સવારના નવ વાગ્યા હતા.

દ્વારકાપ્રસાદ વહેલી સવારે જ પેઢી ઉપર જવા નીકળી ગયા





હતા. ઘરમાં દ્વારકાપ્રસાદનાં પત્ની અને પુત્રી જયશ્રી બે જ હતાં. હજી જયશ્રીની ઉંઘ ઉડી ન હતી.

પંકજ અને સ્વાતિ મકાનની ગેલેરીમાં ઉભાં રહી રોડ ઉપરની ચહલપહલ નિહાળવા લાગ્યાં. રાત્રે બેઉ આવ્યા ત્યારે જયશ્રી બહાર ગઈ હોવાથી તેનો પરિચય બેમાંથી એકેય ને ન હતો. પંકજને દ્વારકાપ્રસાદનાં પત્નિ શારદાદેવીનો સ્વભાવ ગમ્યો. ખૂબ જ હેતાળ અને મિલનસાર સ્વભાવનાં શારદાદેવી સ્વાતિને પણ ગમ્યાં.

સ્વાતિ, કેવું લાગે છે મુંબઈ?

નવીનતાની દૃષ્ટિએ નગરી અલબેલી છે પણ....

પણ.... પણ શું? કેમ અટકી ગયા?

મને હમણાં કશાયમાં રસ નથી પડતો. થાય છે કે, હું એકલી હોસ્પિટલ પર પહોંચી જાઉં.

તારી ઉતાવળ સમજી શકું છું સ્વાતિ. દ્વારકાપ્રસાદ આવે એટલે આપણે તરત જ નીકળીએ.

પંકજ, પાર્થને મેળવવા આટલે સુધી આવ્યા પછી, પાર્થને હવે હું છટકવા નથી દેવાની.

પાર્થ હોસ્પિટલમાં જ હશે. પછી ક્યાં જવાનો છે?

કદાચ, હોસ્પિટલમાંથી તેને રજા આપી હશે તો?

રજા આપી હશે તો ય એ મુંબઈ છોડીને ક્યાંય નહી જાય.

મકાનના દ્વાર આગળ ગાડી આવ્યાના અવાજે બેઉએ નીચે નજર કરી ગાડીમાંથી ઉતરીને દ્વારકાપ્રસાદ મકાનમાં પ્રવેશતા જણાયા.

સ્વાતિ, દ્વારકાપ્રસાદ આવી ગયા છે. હવે આપણે તરત જશલોક

જવા નીકળી શકીશું.

બેઉ ગેલેરીમાંથી કમરામાં આવ્યાં. સામે જ જયશ્રી મળી. ઘડીભર તો જયશ્રી આ બંને તરફ તાકી રહી પછી બોલી,

ગુડ મોર્નિંગ... બોથ ઓફ યુ...

ગુડ મોર્નિંગ...

થોડીવાર પછી મળીએ... કહી જયશ્રી ચાલી ગઈ.

બેઉ દિવાનખંડમાં આવ્યાં ત્યારે દ્વારકાપ્રસાદ જાણે એમની જ વાટ જોતા બેઠા હતા.

કેમ, ઉંઘ તો બરોબર આવી હતી ને?

હા, અંકલ....

તો, પંકજભાઈ જશલોક જવું છે ને?

હા, હા, બને તો તરત નીકળીએ...

જયશ્રીની બા... દ્વારકાપ્રસાદે શારદાદેવીને બોલાવ્યાં અને કહ્યું,

બપોરે અમે પાછા આવી જઈશું, જમવાનું ઘેર જ છે. જયશ્રીને પણ કહેજો કે બપોર ટાણે જમવા ઘરે રહે.

એ સારું... કહી શારદાદેવી પીઠ ફેરવી ગયા.

દ્વારકાપ્રસાદ, પંકજ અને સ્વાતિ જશલોક તરફ રવાના થયાં. દ્વારકાપ્રસાદની ગાડીમાં બેઠાં બેઠાં પંકજ અને સ્વાતિ મોહમયી મુંબઈ નગરીને જાણે આંખોથી પી રહ્યાં હતાં.

ખાસ્સો લાંબો પંથ કાપ્યા પછી ફીયાટ અટકી. એટલે પંકજે અર્થસૂચક દૃષ્ટિથી દ્વારકાપ્રસાદ સામે જોયું.





તમે બંને થોડીવાર બેસો, હું અમારા શેઠનો સંદેશો આપીને તરત પાછો આવું છું. કહી દ્વારકાપ્રસાદ બંનેને ત્યાં છોડી સામેના મકાનના પ્રવેશદ્વારમાં પ્રવેશી ગયા.

પંકજભાઈ, ટ્રેઈનની મુસાફરીમાં અને અહી મુંબઈમાં શેઠ દ્વારકાપ્રસાદના વર્તનમાં ફેર નથી જણાતો?

ના, સ્વાતિ એવું નથી. પેઢીના મૂનીમનું કામ ઝાઝું રહ્યું. વળી તું કહે છે એવું હોય તો પણ આપણાથી કહેવાય નહીં. કારણ કે, એમને માટે આપણે અજાણ્યાં છતાં એમણે સહારો આપ્યો છે.

શું ધાર્યું કે, એમનો સ્વાર્થ ન હોય?

સ્વાતિ, પાર્થને મળવા જવામાં વિલંબ થાય છે, એટલે જ તને આવી શંકા થાય છે. બાકી હાલના જમાનામાં આપણોય વિશ્વાસ કોણ કરે?

પંકજ, હું તો પહેલી વખત જ મુંબઈ આવી છું. પરંતુ મુંબઈમાં વસતાં લોકો વિષે વાંચ્યું છે ઘણું. મને તો થાય છે કે, દ્વારકાપ્રસાદ અંકલ આપણી સાથે કંઈક ચાલ રમી રહ્યા છે.

સ્વાતિ, હિંમત રાખ. હવે નીકળી જ પડ્યાં છીએ ત્યારે જોઈએ આગળ શું થાય છે?

ફીયાટના ડ્રાયવરે ખોંખારો ખાઈને જાણે પોતાની મોજુદગી અહીં છે તેની જાણ બેઉને કરી. દ્વારકાપ્રસાદ વિષે આવી વાત કરવા બદલ પંકજને ક્ષોભ થયો. તેણે સ્વાતિ તરફ જોયું તો સ્વાતિ ફીયાટની બારી ઉપર પોતાનું માથું નાખી, આંખો બંધ કરી, કશાક વિચારમાં ગરકાવ થઈ ગયેલી લાગી. પંકજે સ્વાતિ પરથી નજર ઉઠાવી ડ્રાઈવર તરફ

જોયું. કારચાલક જાણે ગાડીના પાછળનું દૃશ્ય જોવાના કાચમાંથી તેમને જ જોઈ રહ્યો હતો.

થોડીવાર પછી દ્વારકાપ્રસાદ આવ્યા. ગાડીમાં બેઠક લેતાં તેમણે ગાડી 'જશલોક હોસ્પિટલ' તરફ લેવા કારચાલકને સૂચના આપી.

ગાડી 'જશલોક' ના પ્રવેશદ્વારમાં પ્રવેશી ત્યારે સ્વાતિના અંગે અંગમાં મીઠાં સ્પંદનો જાગી ઊઠ્યાં. હૈયામાં ન સમજાય તેવી અમૂંઝ જાગી ઊઠી. પળભર સ્વાતિને દ્વારકાપ્રસાદ જેવા સજ્જન મનુષ્ય માટે હલકો અભિપ્રાય બાંધવા બદલ શરમ ઉપજી.

હોસ્પિટલના 'પૂછપરછ' વિભાગમાં રેલ્વે અકસ્માતમાં ઘાયલ થયેલાંની યાદી તપાસવા છતાં તેમાં ક્યાંય પાર્થના નામનો ઉલ્લેખ ન હતો. છેવટે ઈમર્જન્સી વોર્ડની યાદીમાં નામની જગ્યાએ 'અપરિચિત' શબ્દ આગળ સ્વાતિ અને પંકજની નજર અટકી.

વોર્ડમાં દાખલ કરવાની તારીખ, ઈજા, દેખાવ વગેરે બાબતોનો છાપાના વર્ણન સાથે મેળ બેસતો હતો. છતાંય આ દર્દી પાર્થ જ હતો કે કેમ? એ નક્કી કરવું મુશ્કેલ હતું. છતાંય ફરજ પરની નર્સને પૂછી લીધું.

સીસ્ટર, ઈમર્જન્સી વોર્ડમાં દાખલ કરેલા આ અપરિચિત દર્દીની અત્યારે મુલાકાત લઈ શકાશે?

પંકજનો સવાલ સાંભળી સીસ્ટરે એક રજિસ્ટર કાઢી તેની યાદી તપાસવા માંડી. પછી કહ્યું,

ના, એમને તો રજા આપવામાં આવી છે.

ત્યારે આ 'આનંદ પ્રવાસી' કોણ છે? રજિસ્ટરમાં સહી કરવાના





ખાનામાં 'આનંદ પ્રવાસી' ની સહી કરેલી જોતા પંકજે પૂછયું.

આ ભાઈને અહીં દાખલ કર્યા ત્યારે એમને એમનું નામ સુધ્ધાં યાદ ન હતું. અને અત્યારે પણ નથી. તેથી આ નામ અમે અહીં આપ્યું છે.

સારું, તો હવે તમે એ કહી શકશો કે, આ તમારા દર્દી મિ. આનંદ ક્યાં મળી શકશે?

માફ કરજો, એમનું કોઈ સ્થાયી ઠેકાણું મારી જાણમાં નથી. ઉપરાંત અહીંથી રજા મળી ગયા પછી તે ક્યાં ગયા હશે તે પણ હું આપને કહી શકતી નથી.

આ આખા સંવાદ દરમ્યાન સ્વાતિ રડું કે રડી પડાશે એવી પરિસ્થિતિ ઉપર માંડ કાબુ રાખી રહી હતી. દ્વારકાપ્રસાદ શાંતિથી વાર્તાલાપ સાંભળી રહ્યા હતા. નર્સનો નિરાશાજનક જવાબ સાભળ્યા પછી દ્વારકાપ્રસાદ બોલ્યા,

પંકજભાઈ, હતાશ થવાની કંઈ જરૂર નથી. વરસોથી મુંબઈમાં વસું છું. ગમે ત્યાંથી તારા આ મિત્રને શોધી કાઢીશું.

પરંતુ, અંકલ, અમારાથી મુંબઈમાં ઝાઝું રોકાઈ શકાય તેમ નથી.

તો તમારી ઈચ્છા! તમને મદદ કરવામાં મને આનંદ આવશે.

આપણે અહીંથી જ પાછાં વળી જઈએ. અંકલ હવે વધારે તપાસ કરવાનો કંઈ જ અર્થ નથી.

પંકજ, આપણે બપોરે જ ઘેર પહોંચવું છે ને? તો શહેરમાં એક-ચક્કર મારીને જ જઈએ. કદાચ તમારો મિત્ર ક્યાંક ભટકાઈ પણ

જાય!

સારી વાત છે... સાવ નંખાઈ ગયેલા અવાજે સ્વાતિ બોલી.

દીકરી, તારી વ્યથા હું સમજી શકું છું. ભગવાન ઉપર ભરોસો રાખ. બધું સારું થઈ રહેશે. પછી ઊભા થતાં કહ્યું, થેંકસ... સીસ્ટર... ચાલો, કહેતા દ્વારકાપ્રસાદે બારણા તરફ ડગ માંડ્યા.

દ્વારકાપ્રસાદને અનુસરતાં સ્વાતિ અને પંકજ બેઉ બહાર આવ્યાં અને ફીયાટમાં ગોઠવાયાં. કારચાલકને સૂચના આપી દ્વારકાપ્રસાદ કશાક ઊંડા વિચારમાં ડૂબી ગયા.

------x------x------x------

હોસ્પિટલમાંથી રજા લઈને નીકળેલા પાર્થે મુખ્યમાર્ગ ઉપર પગ મૂક્યો ત્યારે ઘડીભર મૂંઝાઈ ગયો. આટલા સખત અને સજ્જડ વાહનવ્યવહાર વચ્ચેથી કેવી રીતે રોડ ક્રોસ કરવો એ વિચારે જ તેના પગ ત્યાં જ થંભી ગયા. પછી રોડ ક્રોસ ન કરવો પડે એટલે તેણે ડાબી તરફ ચાલવા માંડ્યું. ચાલતાં જ તેણે અર્ચનાનું સરનામું જોવા માંડ્યું. પણ તેમાં તેને કશી ગતાગમ પડી નહીં.

ફૂટપાથ પર ચાલતાં ચાલતાં પાર્થ ગેટ વે ઑફ ઈન્ડીયા આગળ આવી લાગ્યો હતો. પાર્થને દરિયો જોવાનું મન થયું. એ દરિયા તરફ વળ્યો. ત્યાં જ એક ટેક્ષી આવીને બ્રેકના ચરચરાટ સાથે તેની પાસે જ થંભી ગઈ. પાર્થ કંઈ વિચારે તે પહેલાં ટેક્ષીમાંથી અર્ચના બહાર નીકળી. પ્રથમ તો આટલા દિવસો સુધી સદાય નર્સના લેબાશમાં જોયેલી અર્ચનાને ગૃહસ્થી પોશાકમાં પાર્થ ઓળખી જ ન શક્યો. પછી ધ્યાનથી જોતાં એ અર્ચના જ છે તેની ખાતરી થતાં મલકી પડ્યો પાર્થ.



આનંદ.... ટેક્ષીવાળાને પૈસા ચૂકવતાં અર્ચનાએ કહ્યું, તમારા કારણે ડ્યુટી પર, રજા મૂકીને ચાલી આવી.

સારું કર્યું. આમે ય તમારું રહેઠાણ આ આવડા મોટા શહેરમાં હું ક્યાં ખોળત !

ટેક્ષી કરી હોત તો પહોંચાડી દેત.

મારે ચાલવું હતું. ઘણા દિવસોથી ચાલવા સાથેનો સંબંધ તૂટી ગયો હતો એટલે.

રહેઠાણે પહોંચાત ?

તમારા એપાર્ટમેન્ટની ચાવી મારી પાસે હતી. એટલે પહોંચવું તો પડત.

બહેનજી, ઓર કહીં જાના હૈ.... ટેક્ષીવાળો પૂછતો હતો.

નહીં.... કહેતાં અર્ચના આનંદની સાથે ગેટ-વે ઓફ ઈન્ડીયાનાં પગથિયાં ચઢવા લાગી.

ગૅટ વટાવી બીજીબાજુ જતાં દરિયાની જળરાશી ક્ષિતિજ સાથે સબંધાઈ ગયેલી દેખાઈ. બોટમાં દરિયાની સહેલ કરાવનાર માણસોનો ત્રણ રૂપિયા.... ત્રણ રૂપિયા... દૂરબીનવાળાના દોઢ રૂપિયો.... દોઢ રૂપિયો.... બેઉ ભેગા મળી સાડાચાર રૂપિયાનો અવાજ આજુબાજુ વિસ્તરી રહ્યો હતો. સહેલ માણવાની ઈચ્છા ધરાવનાર પ્રવાસીઓ બોટમાં ગોઠવાતા હતા.

ગુજરાતના ગામડેથી પ્રવાસમાં આવેલા ગુજરાતીઓ એક જગ્યાએ ટોળે વળી દરિયાની ચર્ચા કરતા હતા. દરિયા તરફની એક પાળી ઉપર બેસતાં પાર્થે પૂછયું.

અર્ચનાજી, તમને મારા તરફ કેમ લાગણી છે ?

લાગણી ! અર્ચના દરિયાની નીલી જળરાશી તાકતાં બોલી પછી કહ્યું. આનંદ, આ દરિયાનાં જળને ચાંદની તરફ કેમ આકર્ષણ હોય છે.

કારણકે, દરિયાનાં જળ ચન્દ્રના ગુરુત્વાકર્ષણથી ખેંચાય છે. જળ ચાંદની તરફ જવા માટે તલસે છે, ઉછળે છે. આ સિવાય બીજા કારણની મને ખબર નથી. કદાચ કવિઆની આ કલ્પના પણ હોઈ શકે.

તો બસ, તમારા તરફ મને કેમ લાગણી છે તેની મનેય ખબર નથી. કહી અર્ચના દરિયા સામે તાકી રહી.

દરિયાનો ખારો ભેજવાળો વાયરો અર્ચનાના વાળની લટો સાથે ગેલ કરતો હતો. અર્ચનાની સાડીનો પાલવ ઘડી ઘડી વારે પવનથી લહેરાઈ ને પાર્થના હાથને સ્પર્શતો હતો. સમીરથી ઉડતી લટો અને લહેરાતો પાલવ અર્ચના હતી તેના કરતાં ય વધારે સુંદર ભાસતી હતી. પાર્થ ઘડીભર અર્ચનાના મોહકરૂપને નજરમાં ભરી લેવા મથ્યો. પછી કહ્યું.

એમ કહીને મારા પ્રશ્નનો જવાબ ઉડાવો નહીં અર્ચનાજી.....

આનંદ, આમાં જવાબ ઉડાડી દેવાની વાત જ નથી. તમારા પ્રત્યેની મારી લાગણીનું કોઈ દેખીતું કારણ પણ નથી છતાં ય..

છતાંય શું ? અર્ચનાજી અટકી કેમ ગયાં ?

સાચું કહું આનંદ ? કદાચ હું કહીશ તો તમને સાચું નહી લાગે, કદાચ તમે મને મૂર્ખ ગણશો, કદાચ તમને બનાવટ લાગશે, કદાચ,





અર્ચનાજી, તમને મારામાં વિશ્વાસ છે ? પાર્થે વચ્ચે પૂછયું.

વિશ્વાસ છે એટલે જ મેં મારા મકાનની ચાવી અને સરનામું તમને આપ્યાં છે.

તો પછી કહો મારા પ્રત્યે તમારી લાગણીનું સાચું કારણ શું છે ? મારા પ્રત્યેના આ પ્રેમનું કારણ.....

આનંદ, આપણા આ સંબંધને લાગણી, પ્રેમ, દોસ્તી એવું કોઈ જ નામ ના આપશો. આપણા આ સંબંધને ફક્ત સંબધં જ રહેવા દો.

કેમ, તમને આના પ્રત્યે નફરત છે ?

નફરત નથી અને છે ય ખરી. જેનું નામ તેનો નાશ નિશ્ચિત છે. “પ્રેમ” શબ્દ એ મને દગો આપ્યો છે. આનંદ, પ્રણવ ત્યારે એવું જ કહેતો કે “અર્ચના” આપણો પ્રેમ હિમાલય જેટલો ઊંચો છે. મારી તારા તરફની લાગણી સમંદર જેટલી ગહેરી છે.

પ્રણવ કોણ છે ? આનંદે પૂછયું.

છે નહીં, આનંદ, પ્રણવ હતો. તમારા જેવો જ, તમારી જ જાણે બીજી પ્રતિકૃતિ. તમારા જેવું જ તેનું હાસ્ય, દર્દીના રૂપમાં જ્યારે દવાખાનામાં તમને દાખલ કર્યા ત્યારે પણ હું અસંમજમાં પડી ગઈ હતી અને તમને જ પ્રણવ માની બેઠી હતી. અર્ચના જરા ગંભીર અવાજે બોલી.

આખી વાત શાંતિથી સાંભળ્યા પછી આનંદે પૂછયું. હતો એટલે ? અત્યારે ક્યાં છે ? શું કયાંક ચાલ્યો ગયો છે ?

ખબર નથી. ત્રણ મહિના પહેલાં તે ગયો તે ગયો. મુંબઈ જેવા મોટા નગરમા માણસો જલદી ગુમ થઈ જાય છે. ગુમ થઈ શકે છે.

મને લાગે છે કે, પ્રણવની બેવફાઈએ તમને દુઃખ આપ્યું છે, ખરું ને ?

હા, એટલે જ મેં તમને કહ્યું હતું ને ? કે હૈયામાં દર્દ છુપાવી મોં પર હાસ્ય છલકાવી દર્દથી પીડાતાં દર્દીઓનાં દુઃખ હળવાં કરવાં એ અમારી ફરજ છે.

અત્યારે એકલાં રહો છો ? આનંદે પૃચ્છા કરી.

હા, બાપુજી હતા તે કયાંક ચાલ્યા ગયા પછી પાછા જ ન - આવ્યા. બાપુજીને છોડીને મા તો તેમના પહેલાં કયાંક ચાલી ગઈ હતી. અર્ચનાનો અવાજ તૂટતો જતો હતો.

ઑહ.... ગૉડ.... આનંદ અંદરથી હલબલી ગયો. તે બોલ્યો, અર્ચનાજી તમે મને સાવ અજાણ્યાને પોતાનો ગણી મારા ઉપર વિશ્વાસ મૂક્યો છે. તો તમારા દુઃખમાં સહભાગી થવાની મારી ફરજ થઈ પડે છે. તમારા પ્રણવને હું શોધી આપીશ.

દરિયા ઉપર સંધ્યાનું સામ્રાજ્ય છવાતું જતું હતું. દરિયાના શાંત પાણી ઉપર દૂર દૂરથી પાછાં વળતાં હોડકાં ધીમે ધીમે કિનારા તરફ ગતિ કરતાં હતાં. દરિયાઈ પક્ષીઓનાં ઝૂંડ કિનારાની ઝાડીઓમાં આવેલાં તેમના આશ્રયસ્થાને પાછાં વળતાં હતાં. લાલચટક રંગનો સૂરજનો ગોળો આકાશને લાલ રંગ રંગી ધીરે ધીરે જાણે દરિયામાં ડૂબતો નજરે પડી રહ્યો હતો.

દરિયા ઉપર ઢળતી સંધ્યાના રંગ જોતાં અર્ચનાએ કહ્યું, ચાલો, ઘર તરફ ચાલીશું ?

આનંદના માથાના પાછળના ભાગમાં દર્દનો જોરદાર સણકો



ઉપડ્યો. તે અર્ચનાના શબ્દો પણ સાંભળી ન શક્યો. પોતાના બંને હાથથી માથુ દબાવતો આનદ એમ જ આંખો બંધ કરીને બેસી રહ્યો. અર્ચનાએ તેને ઢંઢોળ્યો.

આનંદ.... આનંદ.... શું થાય છે ?

પરંતુ આનંદ કંઈ બોલી શક્યો નહીં. આનંદ જાણે કોમામાં સરી પડ્યો હોય તેમ સાવ શૂન્ય થઈ ગયો હતો. આ સ્થિતિમાં પાંચેક મિનિટ પસાર થયા પછી આનંદે આંખો ખોલી. અર્ચના તરફ જોયું. દર્દભર્યું હાસ્ય વેર્યું., પછી બોલ્યો,

ચાલો અર્ચનાજી, જઈએ.....

આનંદ, શું થયું હતું ?

જાણવું છે ? જાણ્યા પછી તમને દુઃખ થશે.

ભલે દુઃખ થતું. મારા દુઃખમાં તમે ભાગ લેવા તૈયાર થયા છો તો પછી તમારા દુઃખમાં ભાગીદાર થવાનો મને અધિકાર નથી ?

છે.... પણ....

પણ.... બણ... કંઈ નહીં, તમારે કહેવું જ પડશે.

તો ચાલો, આપણે સામેના કાફેમાં કૉફી પીતાં વાત કરીશું. કહી આનંદ ચાલવા માંડ્યો.

ગેટ વે ઑફ ઈન્ડીયાનો પગથાર ઉતરતાં જ સામેથી દ્વારકાપ્રસાદ, સ્વાતિ અને પંકજ આવતાં દેખાયાં. પંકજ અને સ્વાતિ દૂરથી જ પાર્થને ઓળખી ગયાં. દોડીને પાર્થને ભેટી પડવાનું સ્વાતિને મન થઈ આવ્યું. પાર્થ (આનંદની નજર તેમના ઉપર પડી, પાર્થને કંઈક પરિચિતતા મહેસુસ થઈ પરંતુ કંઈ ગેડ ન બેસવાથી તેણે

અર્ચનાનો હાથ પકડી ચાલવા માંડ્યું.

પાર્થ...... પાર્થ..... પંકજની બૂમનો અવાજ જતાં આવતાં વાહનોના ઘોંઘાટમાં વેરાઈ ગયો.

ન તો પાર્થે (આનંદે) પાછળ જોયું કે ન તો અર્ચનાએ. બેઉ સામે આવેલી કાફેમાં પ્રવેશી ગયાં. દ્વારકાપ્રસાદે પંકજને પૂછ્યું.

એ પાર્થ હતો?

હા, અંકલ, દેખાય છે પાર્થ જેવો જ. પછી તે પણ હોય.

તો તમારી બૂમ સાંભળી તે ઊભો કેમ ન રહ્યો ?

કદાચ, વાહનવ્યવહારના ઘોંઘાટમાં એ સાંભળી નહીં શક્યો હોય, અથવા વિસ્મૃત થઈ ગયેલી સ્મૃતિનું કારણે ય હોઈ શકે. બાકી આ યુવાન અને પાર્થમાં તસુભારનો પણ તફાવત નથી. મારું દિલ તો કહે છે, એ પાર્થ જ છે. સ્વાતિ વિશ્વાસથી બોલી.

તો હવે શું કરીશું ? કાફેમાં જઈશું ? દ્વારકાપ્રસાદે પૂછ્યું.

હા, આપણે ખાતરી તો કરવી જ પડે. એ કદાચ પાર્થ જ હોય તો અમારું મુંબઈ આવવું સાર્થક થઈ પડે. પંકજે કહ્યું.

ત્રણે એ કાફેમાં પ્રવેશ કર્યો. દૂર ખૂણાની બેઠક ઉપર અર્ચના અને આનંદ (પાર્થ) બેઠાં હતાં. ત્યાંથી થોડે દૂર ત્રણેય ગોઠવાયાં. કાફેમાં ઝાંખું અજવાળું હતું. ધીમું ધીમું પાશ્ચયાત સંગીત કાફેની હવામાં ગૂંજતું હતું. સંગીતના અવરોધને કારણે અર્ચના અને આનંદ વચ્ચે થતી વાતચીત સાંભળી શકાતી ન હતી.

ટેબલ પાસે આવી બેરાએ ઓર્ડર માંગ્યો.

બે કૉફી..... કહી અર્ચનાએ આનંદને પૂછ્યું.



કહો આનંદ તમને શું થયું હતું.

અર્ચનાજી, અકસ્માતમાં ઘાયલ થયા પછી મને ઘણીવાર માથામાં સખત દર્દ થઈ આવે છે. આંખો આગળ અંધકાર છવાઈ જાય છે. હું આજુબાજુનું સઘળું ભૂલી જાઉં છું. બંધ થઈ ગયેલી આંખો આગળ એક સુંદર યુવતિ દેખાય છે. આ યુવતિ દૂર રહી રહી મને બોલાવે છે. પણ હું તેની પાસે જઈ શકતો નથી. ઘણી વખત બંધ આંખ આગળ એક નાનું શહેર, પુસ્તકોની દુકાન.... દેખાય છે. અર્ચનાજી. આ દશ્યો વિષે હું ખૂબ વિચારું છું પણ મને કંઈ જ સમજ નથી પડતી ! મને કંઈ જ યાદ નથી આવતું. કદાચ એ દશ્યો સાથે મારે કોઈ સંબંધ હશે ? કહી આનંદ કૉફીના ઘૂંટ ભરવા લાગ્યો.

આનંદની વાત સાંભળ્યા પછી અર્ચનાએ પર્સમાંથી એક ટેબ્લેટસ કાઢી આનંદને આપતાં કહ્યું.

આનો અર્થ એ જ થાય છે કે, તમારો ભૂતકાળ તમારા મગજમાં સુસુપ્ત અવસ્થામાં છે. કૉફી સાથે આ ગોળી લઈ લ્યો, તેનાથી તમને રાહત જણાશે.

કૉફી પીવાઈ જતાં બંને ઉઠ્યાં. ત્યારે સ્વાતિ, પંકજ અને દ્વારકાપ્રસાદ કૉફી પી રહ્યાં હતાં. અર્ચના અને આનંદની પાછળ ત્રણેય નીકળ્યાં. પરંતુ તેઓ બહાર પહોંચે તે પહેલાં અર્ચના અને આનંદ ટેક્ષીમાં નીકળી ચૂક્યાં હતાં.

સ્વાતિના અંતરમાંથી મળવા છતાં ગુમાવ્યાની એક ''આહ'' સરી પડી.

...૯...

બપોર ઢળીને સાંજ તરફ પ્રયાણ કરી રહી હતી. દરિયાની ખારી હવા ઘટ્ટ થતી જતી હતી. પંકજ અને સ્વાતિ દ્વારકાપ્રસાદને ત્યાં તેમની સાથે જ આવ્યાં. બપોરનાં ભૂખ્યાં હોવા છતાં જાણે બેઉની ભૂખ મરી ગઈ હતી. છતાં દ્વારકાપ્રસાદના આગ્રહને વશ થઈ બેઉ જમવા બેઠાં. હોસ્પિટલમાંથી નીકળ્યા પછી સ્વાતિ ઉદાસ તથા નિરાશ થઈ ગઈ હતી. તેમાંય ગૅટ વે ઑફ ઈન્ડીયા આગળ પાર્થને જોયા પછી તે વધારે તૂટી જતી દેખાતી હતી. સૌએ સૂનમૂન જમી લીધું. શારદાદેવીએ પ્રેમપૂર્વક બેઉને જમાડ્યાં. દ્વારકાપ્રસાદે જયશ્રી વિષે શારદાદેવીને પૂછયું.

કલબમાં જવાનું કહીને ગઈ છે.

બપોરે સાથે જમવાનું છે આ કહ્યું હતું ?

બપોરે તમારી વાટ જોઈને એ ગઈ.

સારું, આવે ત્યારે મારી પાસે મોકલજે. કહી દ્વારકાપ્રસાદ મુખવાસ લઈ ઊભા થયા.

દિવાનખાનામાં છાપું જોતાં પંકજ અને સ્વાતિએ દ્વારકાપ્રસાદના આવતાં કહ્યું,

અંકલ, અમે આજે મુંબઈથી નીકળવાનો વિચાર કરીએ છીએ.

અરે ભૈ, આવ્યા છો ત્યારે બે દિવસ રોકાઈ જાઓ ને ? કદાચ તમારો પેલો મિત્ર ફરી ક્યાંક મળી પણ જાય.

મળેલો ખોવાઈ ગયો, હવે કદાચ નહીં મળે.... સ્વાતિએ કહ્યું.



પરંતુ મુંબઈ છોડવાની એટલી બધી શી ઉતાવળ છે ?

મને ફેકટરીમાંથી વધારે રજા મળી નથી. વળી સ્વાતિનાં મધરની તબિયત પણ ગંભીર પ્રકારની છે.

તો પછી તમારી ઈચ્છા. મારાથી બની શકે એટલું મેં કર્યું છે.

અંકલ, તમારો આભાર માનીએ એટલો ઓછો છે, હવે અમને ક્યારે ગાડી મળે તેમ છે ?

રાતના નવ વાગ્યે અમદાવાદ જવા સેન્ટ્રલથી એક ટ્રેઈન છૂટે છે. જો તમારી જવાની જ ઈચ્છા હોય તો તૈયારી કરવા માંડો. હું ડ્રાઈવરને સૂચના આપી રાખું છું. કહેતા દ્વારકાપ્રસાદ બહાર નીકળ્યા.

સારું કહી પંકજે સ્વાતિ સામે જોયું. સ્વાતિનું ઉદાસ મોં અને ઝળઝળિયાં ભરેલી આંખો જોઈ પંકજે કહ્યું.

સ્વાતિ, દુઃખી થવાથી હવે શો ફાયદો થવાનો છે ? આટલે સુધી આવ્યા પછી પણ આપણે સફળ ન થઈ શક્યાં તેનો મને પણ રંજ છે.

જવાબમાં માત્ર સ્વાતિ ધ્રુસકે ધ્રુસકે રડી પડી. પંકજે તેને શાંત પાડી આશ્વાસન આપ્યું. સ્વાતિનું રૂદન અટક્યું. એટલે પંકજે કહ્યું.

સ્વાતિ, જિંદગી ઘણી લાંબી છે. જિંદગીની લંબાઈ આંસુ વહાવવાથી ઓછી નથી થઈ જતી. હિંમત રાખ. અને ઈશ્વર ઉપર ભરોસો રાખો.

પંકજ, હવે ઈશ્વર ઉપરની મારી રહી સહી શ્રદ્ધા પણ નષ્ટ થઈ ગઈ છે. જો ઈશ્વરનું અસ્તિત્વ હોત તો પાર્થને આમ આંગળી અડકાડી શકાય એટલો નજીક લાવીને દૂર ન કરી દેત.

સ્વાતિ, વિશ્વમાં બનતી ઘટનાઓ એ દરેક ઘટના ઈશ્વરની યોજનાનો એક અંશમાત્ર હોય છે. પાર્થને આપણે જોયો, આપણે તેને મળીએ, એટલીવારમાં તો તે આપણાથી દૂર ચાલ્યો ગયો ! સ્વાતિ, આ ઘટનામાં પણ ઈશ્વરની યોજના હોઈ શકે. જાવ, સ્વસ્થ થાવ, હવે આપણે જવાની તૈયારી કરીએ.

પંકજના આ શબ્દોથી સ્વાતિને શાંત્વના મળી. સ્વાતિ તૈયાર થઈ બેઠક ખંડમાં આવી ત્યારે પંકજ તેની વાટ જોતો ત્યાં જ બેઠો હતો. થોડીવાર પછી દ્વારકાપ્રસાદ અને શારદાદેવી આવ્યાં.

પંકજભાઈ, આજનો દિવસ રોકાયા હોત તો ?

હા, ભૈ, રોકાયા હોત તો સારું થાત. અમારી જયશ્રી ય તમને મળી શકત. શારદાદેવીએ કહ્યું.

હશે, ફરી આવીશું. તમારી સાથે ગાળેલો આટલો સમય પણ તમારા પ્રેમાળ સ્વભાવને લીધે, ખૂબ જ ગમ્યો. સ્વાતિએ કહ્યું.

દીકરી, જીવ ન બાળતી. ઈશ્વરની ઈચ્છા હોય એ જ છેવટે બને છે. આપણે તો માત્ર એની દોરીના સહારે નાચતી કઠપૂતળીઓ છીએ. એ જેમ નચાવે એમ નાચવાનું ! પંકજભાઈ, દ્વારકાપ્રસાદે પંકજને ઉદ્દેશીને કહ્યું, ગૅટ વે ઑફ ઈન્ડીયા આગળ આપણે જે યુવકને જોયો હતો તે યુવક ફરી વખત મને ભેટી જશે તો હું તેને તમારી હકિકત જણાવ્યા વગર નહીં રહું. તમારી પાસે એનો ફોટો છે ?

ના, અંકલ, જો અમારી પાસે તેનો ફોટો હોત તો અમે અખબારમાં તેના ફોટા સાથે જાહેરાત આપી માહિતી મેળવત, આટલી રખડામણ પણ ન થાત.





કંઈ નહી સાચવીને જતાં રહેજો. લ્યો, આ મારું કાર્ડ પહોંચ્યા પછી પત્ર લખજો. કંઈ મુશ્કેલી પડી હોય તો ક્ષમા માંગું છું.

ક્ષમા માગીને અમને શરમાવશો નહીં. અંકલ.... સ્વાતિએ કહ્યું.

લ્યો, અંકલ આ મારું કાર્ડ. કંઈ માહિતી મળે તો મને જાણ કરજો.

છેવટે ડ્રાઈવરે ગાડી સ્ટાર્ટ કરી. ગાડી ફાટક બહાર નીકળી બોમ્બે સેન્ટ્રલ તરફ દોડવા લાગી.

------x------x------x------

ટેક્ષીમાં અર્ચના અને આનંદ. અર્ચના એપાર્ટમેન્ટમાં પહોંચી ગયાં. અર્ચનાએ આનંદને પથારી કરી આપી. પછી રસોઈમાં ગુંથાઈ ગઈ.

પથારીમાં પડતાં પડતાં આનંદે રૂમનું નિરીક્ષણ કરવા માંડ્યું. દિવાલ ઉપર સુંદર રીતે સજાવીને જંગલી પણ મોહક લાગતાં પ્રાણીઓની તસ્વીરો લગાયેલી હતી. ખૂણામાં ભગવાન શ્રીકૃષ્ણની તસ્વીર આગળ ગોઠવેલા અગરબત્તી સ્ટેન્ડમાંથી બળી ગયેલી અગરબત્તીની સળીઓ ડોકિયાં કરતી હતી. ઓરડાની જમણી બાજુની દિવાલ ઉપર એક પુરુષ અને સ્ત્રીની તસ્વીર ટાંગેલી હતી. કદાચ એ અર્ચનાનાં માતા-પિતા હશે ? આનંદને થયું.

ડાબી તરફના ખૂણામાં નાનકડા ટેબલ ઉપર એક યુવાનની તસ્વીર ગોઠવેલી હતી. તે જોતાં પ્રથમ તો આનંદને થયું કે આ તેની, પોતાની જ તસ્વીર છે ! પછી સવારે અર્ચનાએ કરેલી વાત યાદ આવતાં સમજાયું કે, આ પોતાની નહીં પરંતુ પ્રણવની તસ્વીર છે ! અર્ચનાના

આરાધ્ય દેવની ! આનંદ, આંખો બંધ કરી અર્ચના વિષે વિચારવા લાગ્યો.

અર્ચના છે તો સુંદર ! ઊંચી, પાતળી, ગૌર, નમણી, હરણાક્ષી, ગુલાબની પાંદડી જેવા ગુલાબી હોઠ, હસે છે ત્યારે ગાલમાં પડતાં ખંજન..... અચાનક તેને પાછું માથામાં દર્દ થવા માંડ્યું. બંધ આખે ઝાંખી ઝાંખી અને સાવ ધૂંધળી કોઈ યુવતિની આકૃતિ ઉપસી આવી. આનંદ બંધ આંખે દેખાતા દશ્યને સમજવા પ્રયાસ કરવા લાગ્યો.

યુવતિના પાછળના ભાગમાં દેખાતો બગીચો તેણે કયાંક જોયો છે ? કયાં જોયો હશે ? આ યુવતિને ને પીછાણે છે પણ....પણ.... કંઈ યાદ આવતું નથી.

દશ્યમાં દેખાતી યુવતિ રડવા લાગી. આનંદને પૂછવાનું મન થયું. તેણે પૂછયું. કેમ રડે છે તું ?

તું મને છોડીને ચાલ્યો ગયો. હવે રૂદન સિવાય મારી પાસે રહ્યું છે ય શું ?

કોણ છે તું ? તારું નામ ?

પાર્થ.... તું મને સાવ ભૂલી જ ગયો ? હું તારી સ્વા....

આનંદ.... આનંદ.... અર્ચનાએ તેને ઢંઢોળ્યો. આનંદની ભાવ સમાધી તુટી. એ દર્દભર્યા ચહેરે અર્ચના સામે જોઈ રહ્યો.

પાછું તમને અતીતનું સ્મરણ થયું હતું કે શું ?

હા, અર્ચના, યુવતિ તેનું નામ કહેતી હતી ત્યાં તમે મને ઢંઢોળી નાખ્યો.

ઓહ, માફ કરો. અને મારું માનો તો એ બધા વિચારો મનમાંથી





કાઢી નાખો.

અર્ચના, મને સમજ નથી પડતી કે, આખરે એ સ્ત્રી કોણ છે ? દશ્યમાં દેખાતો બાગ, મકાન, યુવતિ બધું મારું પરિચિત લાગે છે. પણ યાદ આવતું નથી. આનંદનો અવાજ તૂટતો લાગ્યો.

આનંદ, ઊઠો, હાથ મોં ધોઈ લ્યો, જમવાનું તૈયાર છે. આનંદ બાથરૂમ તરફ ચાલ્યો. રસોડામાં થાળી તૈયાર કરી અર્ચના વિચારવા લાગી કે, પોતાને આ યુવક તરફ ખેંચાણ કેમ છે ? શું એ ઋણાનુબંધ હશે ? કે પ્રણવનો હમશિકલ હોવાથી આકર્ષણ થતું હશે ?

રસોડા તરફ આવી રહેલા આનંદના પગરવે અર્ચનાની વિચારધારા તૂટી. એક જ થાળી પીરસેલી જોઈ આનંદે કહ્યું.

તમે પણ બેસી જાઓ ને ?

હું પછી જમીશ.... પહેલાં અતીથિ.... અર્ચના હસી ગઈ.

બસ હું અતીથિ જ છુ ? વિશેષ કાંઈ નહીં ?

માનો તો અતીથિ છો. માનો તો ઘણું બધું છો મારા માટે.... પછી આનંદને એમ જ બેસી રહેલો જોઈને કહ્યું 'જમવા માંડોને, રસોઈ ઠરી જશે !'

નહીં... તમે પણ સાથે જમવાનાં હોય તો જ....

તમે પણ, એના જેવા જ હઠીલા છો ! કહેતા અર્ચનાએ બીજી થાળી તૈયાર કરવા માંડી.

અર્ચના, એક વાત પૂછું ?

પૂછો....

તમારું વતન જ મુંબઈ છે કે પછી.....

મારું વતન ગુજરાત છે. પણ મારા પિતા અહીંની કાપડમીલમાં કારકૂન હતા. મારા જન્મ પછી મારી માતા બીજા બાળકને જન્મ આપવા અસમર્થ થઈ ગઈ. મારા પિતાને પોતાનો વંશ રાખવા પૂત્ર જોઈતો હતો. જ્યારે ડૉક્ટરોનું કહેવું હતું કે, મારી માતાને ગર્ભ રહેવો અશક્ય છે. આજ વાત ઉપર અવાર નવાર મારાં માતા પિતા વચ્ચે ઝઘડા ચાલ્યા કરતા. મારા પિતાને તેમનું પોતાના બીજનું સંતાન જોઈતું હતું. જે આપવા મારી માતા અસમર્થ હતી. હું મારા માતાનું એવું સંતાન હતી કે જે મારી માતા તેના ગર્ભમાં લઈને તેના નવા ઘેર આવી હતી. હું જ્યારે આઠેક વરસની થઈ ત્યારે જ મારી માતા મને અને મારા બાપુને છોડીને કયાંક ચાલી ગઈ. ખૂબ તપાસ કરવા છતાંય તેનો કયાંયથી ય પત્તો ન મળ્યો. ત્યાર પછી મારા ઓરમાન પિતાએ તેમના બધા જ પ્રેમનું કેન્દ્ર મને બનાવી. કૉન્વેન્ટ સ્કુલમાં શિક્ષણ અપાવ્યું. કૉન્વેન્ટમાં જ હું "મા વગરની છોકરી" તરીકે મારો ઉછેર થયો. નર્સીંગની તાલીમ લીધી. અને મને નોકરી પણ મળી ગઈ. મેં ધાર્યું કે હવે વિપદાનાં વાદળ હટવા માંડી ઉલ્લાસનો ઉઘાડ નીકળવા માંડ્યો છે. ત્યારે એક મકાન લઈ બાપુજીને મારી સાથે રહેવા માટે બોલાવી લઉં. પરંતુ જિંદગીની ક્ષિતિજ રેખાએ સંતાઈ રહેલું વિપદાનું વાદળ એકાએક ઉગી આવ્યું. અને જળાંજળાં થતાં સુખના સૂરજને આડે આવીને જિંદગીના અજવાશમાં અંધારું પાથરી મેલ્યું. અર્ચનાના મુખ ઉપર ઉદાસી ફરી વળી તેની આંખો ભરાઈ આવી. તે જોતાં આનંદે પૂછયુ.

અરે, અર્ચના આપણે તો વાતોમાં જમવાનું જ વીસરી ગયાં ! ચાલો, જમવા માંડો, પછી આરામથી વાતો કરીશું.





આનંદ, આજે મને એ વાતનો સંતોષ છે કે, મારું દુઃખ સાંભળનાર મને કોઈ મળ્યું છે !

સાચી વાત છે અર્ચના, મનુષ્ય પોતાના હૈયાનો ભાર, અન્ય આગળ હળવો ન કરે ત્યાં સુધી એ ન કલ્પી શકાય તેવી વ્યથાથી પીડાતો હોય છે.

આનંદ મારા જીવનની કહાણી એટલી દર્દમય છે કે કદાચ સાંભળ્યા પછી તમને લાગશે કે જાણે આખા જગતમાં મારા જેવી દુઃખી નારી બીજી કોઈ પણ નહિ હોય !

વાતોમાં અને વાતોમાં જમણ આટોપાઈ ગયું. હાથ ધોતાં ધોતાં અર્ચનાએ પૂછયું.

આનંદ, કેવી લાગી રસોઈ ?

ટેસ્ટફુલ ! ઘણા દિવસે ઘર જેવી રસોઈ જમ્યો. રસોઈ ટેસ્ટી બનાવો છો હોં...

ખોટાં વખાણ ના કરો... લ્યો. કહેતાં મુખવાસની થાળી આનંદને આપતા કહ્યું.

હવે તમે, આરામ કરો, હું જરા રસોડું આટોપી લઉં. કહી અર્ચના કામમાં વ્યસ્ત થઈ ગઈ.

આનંદ ત્યાંથી સૂવાના ઓરડામાં ચાલ્યો ગયો. પલંગ ઉપર આડો પડી તે પોતાને દેખાતાં દશ્યો ઉપર વિચાર કરવા લાગ્યો. ઘણા મનોમંથન પછી ય તો મગજમાં કશી ગડ ન બેઠી. તે એટલું જ સમજી શક્યો કે, આણંદ શહેર અને તેને કશોક સંબંધ છે ! પણ... શું સંબંધ છે, તે લાખ વિચારવા છતાંય તેની સમજમાં ન આવ્યું.

ઊંઘી ગયા કે ? અર્ચનાએ પ્રવેશતાં કહ્યું.

ના, બસ એમ જ વિચારું છું.

શું વિચારો છો ?

તમને...

મને ? મારામાં શું વિચારવા જેવું છે ?

એ જ કે, તમે કેટલાં દુઃખી છો, છતાં કેટલાં માયાળુ પણ છો. પછી ગંભીર થઈ જતાં આનંદે કહ્યું, તેના બંધ શયનખંડમાં બપોરની એકલતા અને એક યુવાનની હાજરી, તમને મારી બીક નથી લાગતી અર્ચના ?

બીક.... ? કોની બીક ?

મારી, એક પુરુષની... ! આનંદે કહ્યું.

તમને મેં જાણ્યા છે, નાણ્યા છે એટલે જ મને તમારા તરફથી સહેજેય ભય નથી. અને આમે ય પ્રેમમાં વાસનાને સ્થાન નથી હોતું. આનંદ! અને જ્યાં વાસના હોય છે ત્યાં પ્રેમ પણ નથી હોતો, હોય છે ફક્ત સ્વાર્થ!

અર્ચના તમને જોયા પછી, જાણ્યા પછી લાગે છે કે, હું એક આવા જ પાત્રની શોધમાં હતો, પરંતુ તમારી દાસ્તાન સાંભળ્યા પછી થાય છે કે આપણા મારગ સીધા નથી પરંતુ ક્યાંકથી ફંટાય છે.

અધૂરી દાસ્તાન સાંભળ્યા પછી નિર્ણય લેવો યોગ્ય છે આનંદ?

તમે આગળ કહો તો જ હું પૂરી કથા સાંભળી શકું ને? તમારા પિતાજી ક્યાં રહેતા હતા?

મૅન્ટલ હોસ્પિટલમાં. પાગલોના દવાખાનામાં. મારી બાના





ચાલ્યા ગયા પછી, આઠ વરસે મારા પિતાજી 'સિજેફ્રેનિયા' ના ભોગ બન્યા. એમણે મગજનું સમતોલન ગુમાવ્યું.

એક દિવસ...

ડ્યુટી ઉપરથી છૂટીને હું તેમને લેવા માટે મૅન્ટલ હોસ્પિટલે ગઈ. પ્રણવ પણ મારી સાથે હતો. અમે મૅન્ટલ હોસ્પિટલ પર પહોંચ્યા ત્યારે લગભગ સવારના આઠેક વાગ્યા હતા. અમે મૅડિકલ ઑફિસરને મળ્યા. પ્રણવે પૂછ્યું,

નરભેશંકર દયારામ ભાર્ગવને અમારે મળવું છે.

એ તો ક્યાંક ચાલ્યા ગયા છે...

ક્યારે? ચીસ જેવા અવાજે મેં પૂછ્યું.

આઠ દિવસ થયા. અમે અમારી રીતે તપાસ કરી, પણ ક્યાંય પત્તો નથી લાગ્યો.

મળવાની શક્યતા છે ખરી? પ્રણવે પૂછ્યું.

માનસિક અસ્થિરતા ધરાવનાર મનુષ્યનું કંઈ ઠેકાણું નહિ. ડૉક્ટરે કહ્યું. પછી ઉમેર્યું, મળશે તો જાણ કરીશું.

હું અને પ્રણવ પાછાં આવ્યાં. ત્યાર પછી કેટલીય વાર મૅન્ટલ હોસ્પિપટલના દરવાજા ખટખટાવ્યા પરંતુ કંઈ દાદ ન મળી. આખરે મારા પિતાજીને અને હોસ્પિટલના સત્તાવાળાઓને ક્યાં કશો સ્વજન સરીખો સબંધ હતો? હારીથાકીને મેંય છેવટે હૈયા પર ''ઈશ્વરેચ્છા'' ગણી મોટો પથ્થર મૂકી દીધો.

પ્રણવનું શું થયું?

જગતમાં એકડી પડી ગયેલી નારીને સહારાની જરૂર હોય છે.

તેમ મારી અને પ્રણવની ઔપચારિક મિત્રતા પ્રણયમાં પલટાઈ ગઈ. એની અને મારી પ્રથમ મુલાકાત 'જશલોક' હોસ્પિટલમાં જ થઈ હતી. અકસ્માતે તેને પગે ફ્રેક્ચર થયું હતું. તેની સુશ્રુષા કરતાં કરતાં જ અમારી વચ્ચે દોસ્તી થઈ, જે ધીરે ધીરે પ્રણયમાં પલટાઈ ગઈ.

આનંદ તકીયા ઉપર માથુ ટેકવી અર્ચનાની આ લાંબી કથા સાંભળતો હતો. એક જ પલંગ ઉપર, હાથ લાંબો કરીને સ્પર્શી શકાય એટલે જ છેટે અર્ચના બેઠી હોવા છતાં આનંદના મનમાં અર્ચના પ્રતિ કોઈ વિકારભાવ પેદા થતો ન હતો. એ તો બસ અર્ચનાને એક દુઃખમૂર્તિ તરીકે જ જાણે નિરખી રહ્યો હતો. અર્ચનાને અટકી ગયેલી જોઈ આનંદે પૂછ્યું,

અટકી કેમ ગયાં? પ્રણવ તમને છોડીને કેમ ચાલ્યો ગયો?

આનંદ, પ્રણવ ચાલ્યો ગયો નથી. તેને ચાલ્યા જવાની ફરજ પાડવામાં આવી છે.

કેમ? એવી ફરજ પાડનાર કોણ છે?

પ્રણવ અને હું લગ્ન સબંધે બંધાઈએ એ પ્રણવનાં માતા-પિતાને રૂચતી વાત ન હતી. આખરે હું મા-બાપ વગરની અનાથ છોકરી હતી ને? આ કારણે જ પ્રણવને મુંબઈથી બહાર મોકલી દેવામાં આવ્યો છે. કહેતાં કહેતાં અર્ચના ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી.

આનંદે તેને છાની રાખવાનો લેશમાત્ર પ્રયાસ ન કર્યો. અર્ચનાના ધ્રૂસકા જ્યારે ડૂસકામાં પલટાયાં ત્યારે આનંદે મૌન તોડતાં કહ્યું,

અર્ચના, જાવ, બાથરૂમમાં જઈ મોં ધોઈ આવો. ધારું છું કે હવે તમારા હૈયાનો ભાર હળવો થઈ ગયો હશે!





અર્ચના કંઈ પણ બોલ્યા વગર બાથરૂમ તરફ ચાલી ગઈ. વાતોમાં જ સાંજ ઢળવા આવી ગઈ હતી. આનંદ જિંદગીમાં બનતા નાટ્યાત્મક બનાવો ઉપર વિચાર કરતો એમ જ બેસી રહ્યો. થોડવાર પછી અર્ચના ચ્હા-નાસ્તાની ટ્રે લઈને આવી, આનંદે તેની સામે સ્મીત વેરતાં કહ્યું,

અર્ચના, થોડું બહાર ફરી આવીશું?

જરૂર... કઈ તરફ જવું છે?

મુંબઈનો તો હું માહિર નથી. તેથી તમે લઈ જશો એ તરફ.

પ્રથમ તો આપણે તમારે માટે કપડાં ખરીદીએ. પછી જુહુ તરફ જઈશું. બરોબર?

તમારી ઈચ્છા. પણ એક શરત.

આમાંય વળી શરત? બોલો.

કપડાંની કિંમત હું આપું.

કેમ, હું આપું તો શું થશે?

થવાનું તો કંઈ નથી, પણ...

કેમ અટકી ગયા? કહોને, હું એવી મહેરબાની પર જીવવા નથી માગતો, કહોને મને એવું ઓશિયાળું નથી ગમતું...

ના, ના... આનંદે અર્ચનાના હોઠ ઉપર પોતાની આંગળી મૂકતાં કહ્યું, ના, અર્ચના એવું નથી. પણ મારી પાસે હજી થોડા પૈસા છે. પછી તમારે પૈસા કાઢવાની ક્યાં જરૂર છે?

તમારા પૈસા તમને મુબારક. કહીને અર્ચના મોં ફેરવી ગઈ.

કેમ, નારાજ થઈ ગયાં? આનંદે અર્ચનાની સામે જઈને પૂછયું.

------x------x------x------

અર્ચના, હું પણ દિલનો દાઝેલો મનુષ્ય છું મને દેખાતા અતિતનાં દશ્યોમાં દેખાતી યુવતિ કદાચ મારા માટે તડપતી હશે, આમ તમે નારાજ થશો તો હું જીવન કોના સહારે વીતાવીશ?

આનંદ... કહેતાં અર્ચના આનંદને ભેટી પડી.

આનંદે અર્ચનાના માથાના કાળા કેશકલાપ પસવારતાં કહ્યું, અર્ચના હું તને ચાહું છું છતાંય કદાચ ભવિષ્યમાં તમારો અને મારો સાથ છૂટી જાય તો કહેતા નહિ કે મેં તને દગો કર્યો છે.

આનંદ... મને ગળા સુધી ખાતરી છે કે, આપણે એકબીજા માટે સર્જાયા છીએ.

આનંદે અર્ચનાને પોતાના બાહુપાશમાંથી છૂટી કરતાં કહ્યું, અર્ચના જિંદગી જેવું નાટક આ દુનિયા ઉપર ચાલતું અવિરત નાટક છે. તેનો પડદો જ પડતો નથી. તેમાં હરપળે અને હરક્ષણે નવાં દશ્યો ઉમેરાતાં જ જાય છે, તે ક્યારેય પૂર્ણ થતાં નથી. કદાચ જીવનમાં એવી પળ આવે કે આપણે જુદાં...

ના, આનંદ, ના... અર્ચનાએ પોતાના હાથથી આનંદના હોઠ દાબી દેતાં કહ્યું, આપણા આ પાંગરતા પ્રણયના પ્રારંભે એવું અપશુકન ન બોલો. ઈશ્વરને જ આપણો આ સબંધ મંજૂર છે અને મને ખાતરી છે કે, આપણને કોઈ છૂટા નહિ પાડી શકે.

આનંદ અને અર્ચના દરવાજો બંધ કરી શહેરમાં જવા નીકળી પડ્યાં. અલબત્ત બંનેના ચહેરા કંઈક મેળવ્યાના તો કંઈક ગુમાવ્યાની ખુશીમાં ખીલેલા લાગતા હતા.



## ...૧૦...

પંકજ અને સ્વાતિ મુંબઈથી ઘેર આવ્યાં એના બીજે દિવસે સ્વાતિનાં બા ગંગાબાએ આ દુનિયામાંથી વિદાય લીધી. સ્વાતિ ઉપર આભ તૂટી પડ્યું, તો મયુરનો સથવારો ઝૂંટવાઈ ગયો.

છેક ગંગાબાના તેરમા સુધી પંકજે હાજર રહી સ્વાતિને સાથ આપ્યો. જાણે સ્વાતિના ભાંગેલા હૈયાને પંકજનો સહારો મળી ગયો. સ્વાતિ અને પંકજ બેઉ એકબીજાનાં ખેંચાણે ક્યારે નજીક સરકી આવ્યાં તેની બેઉમાંથી કોઈને સમજ ન પડી.

સ્વાતિએ અતિતને હૈયાના એક એવા ઊંડા ખૂણામાં ભંડારી દીધો કે જ્યાંથી તે બહાર જ નીકળી ન શકે. સ્વાતિએ મનને મનાવી લીધું. જે હાથમાં નથી આવવાનું તેની પાછળ દોડવાથી શું વળવાનું? જે નજીક હતું તે ના મેળવી શકાયું તો દૂર રહીને તે ક્યાંથી મળી શકવાનું?

સ્વાતિના માથેથી 'બા' ની જવાબદારી હટી ગઈ ત્યારે જ સ્વાતિને ભાન થયું કે 'જવાબદારી' નું બહાનું આગળ ધરી પાર્થ સાથે તેણે દગો જ આચર્યો છે. પણ હવે વિચારવાથી શું વળવાનું?

કહે છે કે, સ્ત્રી પોતાનો પ્રથમ પ્રેમ કદી ભૂલી શકતી નથી. અને એટલે જ કદાચ સવારે સ્વાતિ ઊઠી ત્યારે તેને થયું કે, આજે તો પાર્થ જ્યાં રહેતો હતો એ સોસાયટી બાજું એક આંટો દઈ આવું પરંતુ તેણે તરત જ એ વિચારને ખંખેરી નાખી મનને મનાવી લીધું. પક્ષી ઉડી ગયા પછીના ખાલી પીંજરાને જોવાથી પક્ષી જોવાનો આનંદ મળી

શકે ખરો?

પંકજ નિયમિત રીતે સ્વાતિની મુલાકાત લેતો હતો. સાંજે નોકરી પરથી પાછાં વળતાં તે છેક સ્વાતિની શાળામાં જતો અને સ્વાતિની સાથે જ આવતો. આજે પણ એ જ રીતે પંકજ સાયકલ લઈ સ્વાતિની શાળાએ પહોંચ્યો. શાળા બંધ થઈ ગઈ હતી. શિક્ષકો પોતપોતાના રહેઠાણ તરફ નીકળી ચૂક્યા હતા. સ્વાતિ ધીરે ધીરે ઘરના રસ્તે ચાલતી હતી.

હેલ્લો... સ્વાતિ,

હેલ્લો... પંકજ, સ્વાતિએ નયન ઢાળી દેતાં કહ્યું,

કેમ, સ્વાતિ હવે તો દુનિયા ગમે છે ને?

દુનિયા હારી ગયેલા માણસને, ગમવા ન ગમવાની વાત જ ક્યાં હોય છે?

બસ, આટલામાં જ હારી ગયાં? હજી આખી જિંદગી પડી છે તમારી સામે... પંકજે હસતાં કહ્યું.

હારી તો નથી ગઈ, પણ લાગે છે કે, કદાચ હારી જઈશ.

મનુષ્ય હારી જવાની ક્ષણ પર હોય છે, ત્યારે મરણિયો થઈને જંગ જીતવા પ્રયાસ કરે છે.

હવે મરણિયા થવાની હિંમત નથી.

હું ટેકો આપીશ...

એક પાંગળો ટેકો લઈને ચાલી તો પડી ગઈ. હવે બીજા ટેકાની આશા કે મહેચ્છા નથી.

પ્રયત્ન કરો, સ્વાતિ, જીવન એક એવું યુધ્ધ છે, જે મનુષ્યએ





મને-કમને લડવું પડે છે.

ભૂતકાળ ભૂલાતો નથી. હજી ઘણીવાર રાત્રે ઝબકીને જાગી જવાય છે.

પ્રયાસ કરો. અને ભૂલી જાઓ. ભૂલી જાઓ કે પાર્થ નામની વ્યક્તિ તમારા જીવનમાં આવી હતી.

કેવી રીતે ભૂલી જાઉં? પાર્થના હિતેચ્છું મિત્ર હોવા છતાં તમે મને આ સલાહ આપો છો?

શું કરું? છેવટે તમારો પણ વિચાર કરવો જોઈએ ને?

ખરેખર પાર્થ, ક્યારેય પાછો નહિ આવે?

તમને આશા છે?

હા, હૈયામાં ઉંડે ઉંડે થયા કરે છે કે, એક દિવસ પાર્થ જરૂર પાછો આવશે જ!

એ તમારી ભ્રમણા છે. જો પાછો આવવાનો જ હોત તો તે દિવસે ‘ગેટ-વે-ઑફ ઈન્ડિયા’ આગળ આપણને જોયાં છતાં તે આપણને મળવા ઉભો ન રહ્યો, આપણી સાથે વાત પણ ન કરી, અને કોઈ યુવતિની સાથે ફાકેમાં ચાલ્યો ગયો. પંકજે લીમડાના વૃક્ષના છાંયે ઊભા રહેતા કહ્યું.

ચાલો, મારે ઘેર, ચ્હા ,પીને જવાશે... સ્વાતિએ વિવેક કર્યો.

ના, આજે નથી આવવું. આમેય આટલા દિવસ તમારી સાથે જ રહ્યો છું ને?

સાચે જ... પાર્થના પેલા શબ્દો મને વારંવાર યાદ આવે છે કે, સ્ત્રીને પુરુષના સહારાની જરુર પડે છે જો તમે ના હોત તો...

મેં કઈ જ નથી કર્યું. સ્વાતિ બસ એક પાડોશીના નાતે, અરે કહેવા દો, મિત્રના નાતે મેં માત્ર મારી ફરજ નીભાવી છે.

પંકજ, મારી એક વાત માનશો?

કહો, માનવા જેવી હશે તો ના નહિ પાડું.

મારે, તમારા સહારાની જરુર છે... કહીને સ્વાતિએ બાકીની વાત આંખો દ્વારા સમજાવી દીધી.

સ્વાતિ, પાર્થના ચાલ્યા જવાથી તમારા હૈયાને જે ઠેસ લાગી છે તે હું સમજી શકું છું તમે અત્યારે મારી પાસે બીજું કઈ જ નથી માગ્યું. ફક્ત મારા વિચારને શબ્દોનું રૂપ આપ્યું છે.

સાચ્ચે જ... પંકજ... કહેતી સ્વાતિ પંકજને વિંટળાઈ વળી.

સ્વાતિ... હોંશમાં આવ... આમ જાહેરમાં... ચાલ ઘરે જઈએ.

કોના ઘરે?... શરારતી આંખો નચાવતાં સ્વાતિએ પૂછયું.

તારા અને મારા. બેઉના ઘરે... પંકજે સ્વાતિની આંખમાં આંખ પરોવતાં કહ્યું.

પંકજ અને સ્વાતિ ઘરે પહોંચ્યા ત્યારે મયુરે ચ્હા તૈયાર રાખી હતી. ‘‘બહેન ચ્હા તૈયાર છે’’ કહી મયુર બગલઘોડી લઈ બહાર ચાલ્યો ગયો.

સ્વાતિએ પાણિયારેથી પાણી લઈ પંકજને આપ્યું. ખાલી પ્યાલો પાછો લઈ જઈ સ્વાતિએ અંદરના રૂમમાં જઈ કપડાં બદલ્યાં પછી બે હાથમાં ચ્હાના બે કપ લઈ, એક પંકજને આપતાં ત્યાં જ ખુરશી ઉપર બેઠી.





સ્વાતિ, તમારો મારા પ્રત્યેનો આ પ્રેમ ક્ષણિક તો નહિ નીવડે ને?

પંકજ, તમારા ભરોસે મેં ભગસાગરમાં નાવ તરતી મૂકી છે. મારા પ્રત્યેની તમારી લાગણીએ મારા અંતરમનને વલોવી નાંખ્યું છે.

સ્વાતિ પાર્થ મારો મિત્ર હતો. તારા પ્રત્યે એને કેટલી અગાધ લાગણી હતી તે હું જાણું છું. પાર્થ સુખ વહેંચીને, દુઃખ ભોગવનારો ઈન્સાન હતો. તારા ઈન્કારથી તેનું હૃદય ભાંગી ગયું. અત્યારે તારા પ્રત્યે જે સ્નેહનાં સ્પંદનો મારામાં જાગી રહ્યાં છે તેની કસકમાં મને મિત્ર દ્રોહની બૂ વર્તાય છે.

પંકજ, જે મને મઝધારે છોડીને ચાલ્યો ગયો! મારી અંતરવ્યથાની જેણે દરકાર ન કરી, અરે મારું અંતર પીગળ્યા પછીના મારા જવાબનીય વાટ જોયા વગર સાવ દેવદાસની જેમ ઘર છોડી ભાગી ગયો, એવા મનુષ્યને તો ભૂલી જવો જ બહેતર છે. તને પણ એ બુઝદિલનું ખૂબ લાગી આવતું હોય તો તું પણ મને છોડી દેવા મુક્ત છે. સ્વાતિ એક શ્વાસે બોલી.

નારાજ થઈ ગઈ સ્વાતિ? મારો હેતુ તને દુઃખ પહોંચાડવાનો ન હતો.

દુઃખીને વધારે દુઃખ મળવાથી ય શો ફરક પડવાનો હતો? સ્વાતિની આંખો ભરાઈ આવી. હૈયાનું દુઃખ આંસુ બની આંખોથી ટપકવા લાગ્યું.

સ્વાતિ, દુઃખી થવાની જરૂર નથી. તારું દુઃખ એ મારું દુઃખ છે.

સાચ્ચે જ પંકજ?

હા, સ્વાતિ, તને મારા ઉપર વિશ્વાસ છે ને?

પંકજ, ગુમાવી દીધેલો વિશ્વાસનો શ્વાસ, તારા આ શબ્દોએ ફરી ધબકતો થયો છે. પરંતુ...

પરંતુ ? પરંતુ શું?

પંકજ, પાર્થની જેમ તું અડધી મંઝીલે મને છોડી તો નહિ જ દે ને ?

પંકજે, સ્વાતિનો હાથ પોતાના હાથમાં લેતા કહ્યું, સ્વાતિ, આ હાથમાં પકડાયેલો તારો હાથ, ત્યારે જ છૂટશે, જ્યારે મારા શરીરમાં ચેતન નહિ હોય!

પંકજ... ભાવવિભોર થઈને સ્વાતિએ પંકજને પોતાના આલિંગનમાં જકડી લીધો.

પંકજના શરીરમાં રોમાંચક ઝણઝણાટી વ્યાપી ગઈ. સ્વાતિના ઉષ્માસભર દેહની ગંધથી પંકજનું નાક તરબતર થઈ ગયું. સ્વાતિને જાણે પોતાના દેહમાં સમાવી દેવી હોય તેમ સ્વાતિને પોતાના દેહ સાથે ભીંસી દીધી. અને સ્વાતિના હોઠ ઉપર પોતાના હોઠ ચાંપી દીધા.

પળભર તો સ્વાતિ ય પોતાની મર્યાદા વિસરી ગઈ. પણ જ્યારે તેને તેની સ્ત્રી સહજ મર્યાદાનું ભાન થયું ત્યારે તેણે પંકજની ભીંસમાંથી છૂટવા પ્રયાસ કર્યો. પંકજે પણ સ્વાતિને પોતાની ભીંસમાંથી અળગી કરતાં કહ્યું,

સ્વાતિ, હું જાઉં, ધાર્યા કરતાં ઘણું મોડું થઈ ગયું છે. આવતી કાલે આ જ સમયે મળીશું.

પંકજને વળાવવા સ્વાતિ ઘરના દરવાજા સુધી આવી. પંકજને





સાયકલ ઉપર સવાર થઈ જતો તે જોઈ રહી. તેના હૈયામાં થયું કે, કદાચ પાર્થની સાલતી ખોટ પંકજથી પૂરાઈ જશે.

વાળુપાણીથી પરવારી સ્વાતિ જ્યારે પથારીમાં પડી ત્યારે તેના આંતરમનની કેડી ઉપર વિચારોની વણઝારની ચહલપહલ વધી પડી.

છેલ્લા એકાદ મહિનાથી બનતા બનાવોથી સ્વાતિને લાગ્યું હતું કે, ઈશ્વર જેવી કોઈ હસ્તિ આ વિશ્વમાં તો શું પણ લોક જેની મધુર કલ્પના કરીને દાન, પૂણ્યનાં પોટલાં બાંધે છે, અને મર્યા પછી, મોક્ષ પામી, સ્વર્ગમાં જવાની અપેક્ષા રાખે છે, એ સ્વર્ગમાં પણ નહિ હોય! પ્રથમ પાર્થને ગુમાવ્યો, પછી બા ચાલ્યાં ગયાં, સ્વાતિને થયું બા પહેલાં ચાલ્યાં ગયાં હોત તો પાર્થને ગુમાવવો ન પડત!

પાર્થને ગુમાવવાનો રંજ હવે શા માટે? પંકજ છે ને? તેના હૈયામાંથી ધ્વનિ ઉઠ્યો.

પાર્થ લાગણીશીલ, પ્રેમભૂખ્યો ઈન્સાન હતો. મેં તેના નિસ્વાર્થ પ્રેમને ઠોકર મારી ત્યારે જ તેને ચાલ્યા જવું પડ્યું ને?

ભૂલી જા... હવે એ બધું! પંકજ સાથે જીવન જોડીને સુખી થઈ જા... સોહમણો છે, એન્જિનીયર છે, સારો પગાર છે... સ્વાતિના હૈયાએ સમાધાન શોધ્યું.

હવે તો એ જ થશે. પંકજ સાથે જિંદગી ગુજારી નાખીશ. સ્વાતિ જાણ ભૂતકાળ ઉપર પૂર્ણ વિરામ મૂકતી હોય તેમ બબડી. પછી સમ્ સમ્ વિતતી રાત સાથે શમણામાં સરી પડી.

સ્વાતિને ત્યાંથી પંકજ પોતાના ઘરે આવ્યો. ઘરમાં પ્રવેશતાં ઘરના વાતાવરણમાં કંઈક ગોરંભાયેલી કટુતા વરતાઈ. ''આવ્યો બેટા!'' કહીને પાણીનો પ્યાલો આપતી બા એ કંઈપણ બોલ્યા વગર

પાણી આપ્યું. પંકજને થયું કે ધોધમાર વરસાદ પડવા પહેલાં ગોરંભાયેલા આકાશ જેવી પરિસ્થિતિનો આજે સામનો કરવો પડવાનો! કપડાં બદલતાં તેને થયું કે મારા અને સ્વાતિની વધતી જતી નિકટતા જ આ બધાનું મૂળ હોય તેમ લાગે છે.

વાળુ કરી પરવાર્યા પછી પંકજને તેના પિતાએ કહ્યું, પંકજ જરા અહીં આવજે તો...

આવ્યો બાપુ... કહી પંકજ તેના બાપુ પાસે બેઠો.

પંકજ, તને ખબર છે, કે તું મારું કહેલું અક્ષરસઃ પાલન કરે છે. વળી તું મારો એકનો એક દીકરો છે. તારા વિષે લોકો જ્યારે ગમે તેવી વાતો કરે ત્યારે મારે શું કરવું?

ગમે તેવી એટલે...

એ જ કે તું સ્વાતિને ત્યાં જાય છે, સ્વાતિની શાળાએ જાય છે.

બાપુજી, લોકોને કંઈ સારું ગમતું નથી હોતું. સ્વાતિ દુઃખી છે. તમે ય જાણો છો કે, તેનાં બા હમણાં જ ગુજરી ગયાં છે, વળી આવા સંજોગોમાં એ બંને ભાઈ-બહેન એકલાં પડી ગયા છે....

સ્વાતિ દુઃખી છે, એકલી પડી ગઈ છે, એટલે તું એની સાથે મુંબઈ ગયો હતો?

બાપુજી, સ્વાતિ સાથે હું મુંબઈ ગયો, તેથી મેં કંઈ પાપ તો નથી કર્યું ને?

મને તારા ઉપર વિશ્વાસ છે પરંતુ છોકરી માણસ સાથે હસીને વાત કરીએ તોય સમાજ અને દુનિયાની આંખો દુઃખે છે. ત્યારે તું તો તેની સાથે મુંબઈ ગયો!





બાપુજી, લોકોને જે કહેવું હોય તે કહેવા દો. સ્વાતિને દુઃખમાં સહારો આપવો એ મનુષ્યની ફરજ છે!

ફરજ! ફરજની પાછળ બીજું કંઈક તો નથીને? જો બેટા, હવે તું નાનો નથી. મારા માથે ધોળાં આવ્યાં ત્યાં સુધી મારા કુટુંબમાં આવું કંઈ જ બન્યું નથી. તેથી મારા ધોળામાં ધૂળ ન પડે તેનો ખ્યાલ રાખજે.

બાપુજી, જ્યારે વાત નીકળી છે, ત્યારે કહી દઉં કે, હું સ્વાતિ સાથે, હું સ્વાતિ સાથે લગ્ન કરવાનો છું.

પંકજ, આ તું શું કહે છે?

બાપુજી, તમને એ છોકરી તમારી પુત્રવધુ તરીકે યોગ્ય નથી લાગતી?

યોગ્ય લાગવાનો કે ના લાગવાની વાત નથી. એ છોકરી વ્યક્તિ તરીકે આપણા ઘરની પૂત્રવધુ તરીકે પૂરેપુરી યોગ્ય છે, પરંતુ તેના કુટુંબનો ભૂતકાળ તને ખબર છે?

ભૂતકાળ યાદ કરીને હું ભવિષ્યકાળ જીવવા નથી માગતો. મને લાગે છે કે, સ્વાતિ સાથે હું મારી જિંદગી સારી રીતે જીવી શકીશ.

બેટા, દરેક બાપ ઈચ્છતો હોય છે કે, પોતાનો દીકરો ભણે, ગણે અને સારી નોકરી કરી પોતાનો આગવો સંસાર શરૂ કરે. પરંતુ આ રીતે નહિં.

તો કેવી રીતે?

બેટા, આપણો દેશ આગવી સંસ્કૃતિ ધરાવતો દેશ છે. આપણા દેશના દરેક સમાજમાં આપણાં શાસ્ત્રોએ બક્ષેલી કુટુંબભાવના એટલી બળવત્તર છે કે, સમાજ કુટુંબ દ્વારા ગોઠવાયેલાં જ લગ્ન સબંધોને માન્ય રાખે છે. કુટુંબના વડીલો દ્વારા, ગોઠવાયેલાં, સમાજના વડીલો

દ્વારા આશિર્વાદિત થયેલા અને મંત્રોચ્ચારથી પાવન થયેલા લગ્ન સબંધો જ આપણી પુરાણી કુટુંબભાવનાને બળવત્તર બનાવે છે.

પંકજ નતમસ્તકે તેના પિતાના શબ્દો સાંભળતો હતો. જાણે તેને આજે જ સમાજની આ સુંદર અને સમજણભરી ગોઠવણની પ્રતિતિ થતી હતી. મનોમન તે સંસારજીવનની આવી સુંદર ગોઠવણ કરનારા એ વડીલોને વંદી રહ્યો.

માથું ઊંધુ રાખી તેમની વાત સાંભળી રહેલા પંકજ તરફ એક દૃષ્ટિ નાખી રામલાલે આગળ કહ્યું,

સ્વાતિનું કુટુંબ આપણા કરતાં નીચું છે તે હું નહિ કહું કારણ કે ઈશ્વરે સરજેલાં માનવોમાં કોઈ ઊંચું કે નીચું નથી. છતાંય મનુષ્ય લગ્ન જેવા સબંધો બાંધવામાં વ્યવહારમાં આવતાં દરેક પાસાંનો ઝીણવટભર્યું અવલોકન કરીને, એ બંધાયેલા સબંધો ઉપર ભવિષ્યમાં પડનારી અસરોનો અભ્યાસ કરીને, તથા સમાજનાં પરિબળોના પડનારા પ્રતિભાવોનું વિશ્લેષણ કરીને સબંધો બાંધે છે. કુટુંબ ગરીબ હોય પણ સમાજમાં તેની છાપ સંસ્કારી કુટુંબની હોવી જોઈએ. એ કુટુંબ સામે સમાજનું આંગળી ચીંધામણું ન હોવું જોઈએ. રામલાલે આટલેથી અટકીને ખોંખારો ખાઈ ગળુ સાફ કર્યું પછી પંકજને પૂછ્યું,

પંકજ, સ્વાતિને તેં પૂછયું છે કે, તેની મોટીબેન ક્યાં છે?

પંકજ, તેના બાપુજીએ આપેલા લાંબા સંભાષણથી વિચાર કરતો થઈ ગયો. જે સંસારને તે રમતાં રમતાં જીવી જવાની કલ્પનામાં રાચતો હતો તે કલ્પનાઓ તેના બાપુજીની આ સમજાવટથી તૂટીને ભુક્કો થઈ ગઈ. સંસારસાગરમાં નીર ધાર્યા કરતાં અગાધ ઊંડા છે તેની તેને આજે સમજ પડી. છતાંય તેણે તેના બાપુ રામલાલને કહ્યું,





બાપુજી, મારો નિર્ણય હું એક અઠવાડીયા પછી જણાવીશ.

જો બેટા, મારી કહેલી વાત ઉપર તું વિચાર કરી જોજે. તે છતાંય જો તારી ઈચ્છા હશે તો હું તેમાં આડો નહિ આવું. આટલું કહીને રામલાલ ઘરમાં ચાલ્યા ગયા.

રામલાલના ગયા પછી પંકજના મનોપ્રદેશમાં વિચારોની જબરી આંધી ઊઠી. મનને શાંત કરવા એ રાત્રીની નિરવતામાં થોડું ફરી આવ્યો. પરંતુ તેને ચેન ન પડ્યું. રહી રહીને પંકજને તેના બાપુજીના શબ્દો યાદ આવવા લાગ્યા.

સ્વાતિની મોટીબેન ક્યાં છે? સ્વાતિને તેં પૂછયું છે?

પંકજ વિચારવા લાગ્યો. હજી આજે જ અમે અમારા પ્રણયનો એકરાર કર્યો ત્યારે જ આ સામાજિક આંધી ક્યાંથી ઊઠી?

અરે, ગાંડા, સ્વાતિને તો ખબર જ છે, કે સામાજિક રીતે તો તેનાં લગ્ન કોઈ કાળે થઈ શકવાનાં જ નથી અને એ કારણે જ પાર્થ ચાલ્યો જતાં સ્વાતિએ તને ફસાવ્યો છે. પંકજની વિચારવેલને ફણગો ફૂટ્યો.

સાચી વાત છે. હજી તો થોડા દિવસ પહેલાં પાર્થ.. પાર્થ... કરીને આંસુડા વહાવતી હતી, અને આજે પાર્થને વિસારે પાડી દઈ મને પ્રેમ કરવા લાગી. કાંચીડાની જેમ પલકમાં રંગ બદલતી સ્ત્રીનો શો વિશ્વાસ? તેના મને દલીલ કરી.

આવતી કાલે જ સ્વાતિ સાથે આ બધી જ વાતની ચોખવટ કરી નાખીશ!

હવે ચોખવટ કરવાથી કે ન કરવાથી શો ફાયદો? સહુથી સહેલો ઉપાય તો એ જ છે કે, આ ઉગેલા પ્રણય અંકૂરને જ ટૂંપી નાખવો!

એક દુઃખી સ્ત્રીને વધારે દુઃખી કરવાથી મને શું મળવાનું?

તો સ્વાતિ, સાથેનો સબંધ આગળ વધારી તારે તારા કુટુંબમાંથી છૂટા પડી જવું છે?

ના, એ તો હરગીઝ ન બની શકે...

તો ભલો થઈને ભૂલી જા, કે તેં અને સ્વાતિએ પ્રેમનો એકરાર કર્યો હતો!

એ આખી રાત પંકજ, વિચારોમાં ઊંઘી જ ન શક્યો.

બીજી સવારે...

નોકરી ઉપર જવાના સમયે પંકજ સ્વાતિના ઘરે ગયો. સ્વાતિ ચ્હા-નાસ્તાથી પરવારી મયુરને શાકભાજી લેવા મોકલતી હતી. ઘરના બારણામાં પંકજને જોતાં સ્વાતિએ સસ્મીત તેને આવકાર આપ્યો. પછી મયુરને કહ્યું,

મયુર, શાકભાજી લઈને જરા જલદી આવી જજે.

હા, બહેન... કહી મયુર વિદાય થયો.

"કેમ આજે સવાર સવારમાં? રાત્રે ઊંઘ તો આવી હતી ને?"

'ના' પંકજે એકાક્ષરી જવાબ આપ્યો.

કેમ! હૈયામાં એટલો બધો આનંદ ઉભરાયો હતો કે રાત્રે ઊંઘ પણ ન આવી?

નહીં સ્વાતિ... એવું નથી. ગળામાં અટકી પડેલું થૂંક ગળી જતાં પંકજે કહ્યું, હું એ જાણવા આવ્યો છું કે, તારી મોટી બહેન ક્યાં છે?

આપણાં સબંધ સાથે મોટી બહેનનો પ્રશ્ન સાંકળવાનો શું અર્થ?





છે, એનો અર્થ છે. કોઈપણ પ્રશ્ન કદી અર્થ વગરનો નથી હોતો સ્વાતિ.

તમારા આ સવાલનો જવાબ હું ન આપું તો?

તો, ગઈકાલે આપણા ઉગી નીકળેલા સબંધોનો અહીં જ અંત આવશે.

હું જાણતી હતી પંકજ કે દરેક પુરુષ છેવટે તો માટીપગા જ હોય છે.

તો શું સ્ત્રીઓ નથી હોતી?

સ્ત્રીઓ મજબૂર હોય છે. આપણો સમાજ પુરુષપ્રધાન હોવાથી છેવટે સ્ત્રીને પુરુષ આગળ ઝૂકવું જ પડે છે.

હું દલીલો સાંભળવા નથી આવ્યો. અહીં આવીને મેં એક પ્રશ્ન પૂછ્યો છે. મારે તેનો જવાબ જોઈએ છે.

મેં તો કહી દીધું છે કે, એ પ્રશ્નનો જવાબ હું નહિ આપું. ખરેખર આજે મને સમજાય છે કે, પાર્થ મને દિલોજાનથી પ્રેમ કરતો હતો. કમભાગ્યે હું જ તેને ન ઓળખી શકી!

સ્વાતિ, મારા જાણવામાં આવ્યું છે કે તારી બહેન તેના પતિને તરછોડી બીજા સાથે ભાગી ગઈ છે. સમાજમાં તારા કુટુંબનું કંઈ સ્થાન નથી, તારું કુટુંબ નીચ.....

બસ... બસ... ચાલ્યો જા... જા... સ્વાતિએ બંને હાથે પોતાના કાન દાબી ચીસ પાડી.

જાઉં છું સ્વાતિ, પણ હવે બીજા કોઈની સાથે પ્રેમનું નાટક ખેલતાં પહેલાં વિચાર કરજે. તારા લીધે મારો મિત્ર પાર્થ ક્યાંયનો ય ન રહ્યો.

સારું થયું કે, તારા વિશે મને માહિતી મળી ગઈ... નહિ તો...

આઈ... સે... ગેટ આઉટ... સ્વાતિએ પંકજને ધક્કો મારી ઘરનું બારણું બંધ કરી દીધું. પછી ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી.

...૧૧...

અર્ચના એપાર્ટમેન્ટમાં અત્યારે આનંદ એકલો જ હતો. માથામાં જે સણકા ઉપડતા હતા તે દર્દે ય બંધ થઈ ગયું હતું.

અર્ચના અને આનંદને સહજીવન કોઠે પડી ગયું હતું. પલંગ પર આડો પડેલો આનંદ અર્ચના વિશે વિચારતો હતો. આનંદને અર્ચના પ્રત્યે ઘણું આકર્ષણ જાગ્યું હતું. જો કે બેઉ પક્ષે હાલત તો સરખી જ હતી.

અર્ચના... આનંદ વિચારવા લાગ્યો.

નાજુક નમણી, રૂપાળી....

આનંદ, હવે આપણે આપણા સબંધને લગ્નનું નામ ક્યારે આપીશું?

અર્ચના, તેં જ મને કહ્યું હતું કે આપણા આ સબંધને આપણે કશું જ નામ નથી આપવું.

તો રહેવા દો, તમારી ઈચ્છા એ જ મારી ઈચ્છા.

એમ કહીને તું તારી જ ઈચ્છાને આગળ કરે છે!

કેવી રીતે?

એ જ કે તારી ઈચ્છા જ એવી છે.





અચ્છા, બાબા... મારી ઈચ્છા બસ! કહીને અર્ચનાએ પોતાને આલિંગનબધ્ધ કરી ચૂંબનોની વર્ષા વરસાવી હતી. આનંદ જાણે જાગૃત અવસ્થામાં વિચારતંદ્રામાં સરી પડ્યો.

આનંદ, પ્રણવ કદાચ પાછો આવે તો તમે મને છોડી દેશો? અર્ચના પૂછતી હતી.

બીજાના અધિકાર ઉપર મારાથી હક્ક થઈ શકે ખરો?

આનંદ, તમને મળ્યા પછી લાગે છે કે, તમે મારા માટે જ સર્જાયા છો. હું તમને ખૂબ ચાહું છું.

એક મિત્ર તરીકે હું પણ તને ખૂબ ચાહું છું.

બસ, મિત્ર તરીકે જ?

હા, અર્ચના, કદાચ પ્રણવ પાછો ફરે, ત્યારે તેની પ્રિય ચીજ બીજાની બની ગઈ હોય તો તેને કેવું લાગે?

આનંદ, જે માણસે મુંબઈ છોડતાં, મારો મારા દિલનો મારી ચાહતનો વિચારે ય ન કર્યો તે પાછો આવીને ય મારા ઉપર શું અધિકાર કરી શકવાનો છે? અર્ચના હું એક અજાણ્યો મનુષ્ય છું. મને ગુજરાતી આવડે છે એટલે હું ગુજરાતી હોઈશ એ નક્કી વાત છે. નોકરી વગરના, અજાણ્યા મનુષ્ય સાથે તું કેવી રીતે સુખી થઈ શકીશ?

પ્રેમ આગળ સુખ ગૌણ બાબત બની જાય છે. મારે તો તારા સદાય છલકતા સ્નેહમાં તરબોઈ થઈ જવાય એવું નહાવું છે! અર્ચના, હું તને 'હા' કે 'ના' કહી શકતો નથી. ત્યારે તારી નિર્દોષતા નિખાલસતાભર્યા સ્નેહને હું ઠુકરાવી પણ શકતો નથી.

આનંદ...

અર્ચના...

ભાવવિભોર થઈ બંને પ્રેમાલિંગનમાં સમાયાં. નજીક ઉછળતા દરિયાના પાણી પણ ઘડીભર ઉછળવું ભૂલી ગયાં.

વિચારતંદ્રામાં જ આનંદ ક્યારે ઉંઘી ગયો તેની ખુદ તેને ય ખબર ન પડી. અર્ચનાએ ડ્યુટી ઉપરથી આવી કેટલીય વાર બેલ પુશ કર્યો ત્યારે આનંદની ઊંઘ ઉડી. તેણે ઉઠીને દરવાજો ખોલ્યો.

ઓહ, સ્વિટ! આટલી બધી ઊંઘ...?

ગઈકાલે, રાત્રે તેં મને ઊંઘવા જ ક્યાં દીધો હતો?

તો, તો આજે રાત્રે એ જ પુનરાવર્તન થવાનુ ખરું ને? કારણ કે રાતની ઊંઘ તેં દિવસે ખેંચી કાઢી!

શક્યતા ખરી... કહેતાં આનંદ બાથરૂમ તરફ ગયો. મોં ધોઈને પાછો આવ્યો ત્યારે અર્ચના ચા માટે તેની વાટ જોતી હતી. ચા પીતાં પીતાં આનંદે કહ્યું,

અર્ચના, મારી પાસે હવે આર્થિક મૂડી ખલાસ થવા આવી છે. હવે મારે ક્યાંક નોકરી ખોળવી પડશે.

તમારે નોકરી ખોળવાની જરૂર જ નથી આનંદ. આપણા બંને માટે મારો પગાર પૂરતો છે.

અર્ચના, આપણી ભારતીય સંસ્કૃતિમાં કમાવાનું પુરુષના શીરે હોય છે. સ્ત્રી તો તેના ઘરની વ્યવસ્થા જ સંભાળે છે. અર્થોપાર્જન પુરુષની ફરજ બની રહે છે અને સાથે ભવિષ્યનો વિચાર પણ કરવો જોઈએ ને?

એટલે, તમે હવે, ભવિષ્યનો ય વિચાર કરવા માંડ્યો ખરું ને?





દુનિયામાં આવ્યા છીએ, એટલે ઘણી વખત ત્રણે કાળનો વિચાર કરવો પડે છે. આનંદે બગાસું ખાતાં કહ્યું.

લાગે છે હજી સુસ્તી ઉડી નથી. ચાલો થોડું ફરી આવીએ. અર્ચનાએ કહ્યું.

મુંબઈ નગરીને લેખકોએ મોહમહી કહી છે એમાં જરાય ખોટું નથી. મુંબઈમાં રોટલો મળ્યા પછી જો ઓટલો ય મળી જાય તો માણસ વતનને ભૂલીને સદા મુંબઈનો બની જાય. મુંબઈ શહેરને પંચરંગી ય કહેવાયું છે. વિશ્વના કોઈપણ દેશની એકાદ વ્યક્તિની હાજરી મુંબઈમાં હોય જ એટલે મુંબઈને આંતરરાષ્ટ્રીય નગરી કહીએ તો પણ ખોટું નથી.

તૈયાર થઈ બંને દરિયા તરફ ફરવા ઉપડી ગયાં. દરિયાની ખારાશ ભરી ભીની હવા બેઉના દિલદિમાગને અડકી. દરિયો આવી આવીને જાણે પોતાનો હક્ક માગતો હોય તેમ, મોજાંઓને ધરતી માથે પટકતો હતો. કિનારા ઉપર નાળિયેરીના વૃક્ષોની કતાર શોભી રહી હતી. આનંદ અને અર્ચના કિનારાથી થોડે દૂર એક પથ્થરની મસમોટી શિલા ઉપર દરિયાના પાણી આવી આવીને તેમના પગ પલાળી જતાં હતાં. દૂર દરિયામાં નાનકડા ટપકા જેવડી હોડીઓ અને આકાશમાં ઉડતાં મત્સ્યભક્ષી પક્ષીઓની ઉપર ભુરુ નિરભ્ર આકાશ જોનારની આંખને ભરી દેતું હતું.

અર્ચના મનુષ્યને ઈશ્વરે ઈચ્છા શક્તિ શા માટે આપી? જો ન આપી હોત તો આ પક્ષીઓની જેમ આપણે ય કેટલા ચિંતામુક્ત હોત! આનંદે મૌન તોડ્યું.

વાત તો સાચી છે. પરંતુ ઈશ્વરનો મહિમા થાય એ જ માટે

ઈશ્વરે મનુષ્યને બધાં સજીવોમાં ઉત્તમ સર્જ્યો છે. બલ્કે મનુષ્ય ઈશ્વરની પ્રતિકૃતિ જેવો છે.

અર્ચના, મનુષ્ય આ દુનિયાનું બુદ્ધિશાળી પ્રાણી છે. અને એ બુદ્ધિના કારણે જ મનુષ્ય પોતાના લાભમાં બીજાનું અહિત કરતાં ય અચકાતો નથી, વળી સ્વાર્થના કારણે પાપ આચરતાં ય અચકાતો નથી! ઈશ્વરે મનુષ્યને બુદ્ધિ જ ન આપી હોત તો હું ક્યાં હોત?

અને, તમારો સહારો મને ન મળ્યો હોત તો... અર્ચનાએ આનંદની આંખોમાં આંખો પરોવતા કહ્યું.

ઘડીભર બંને ખામોશ થઈ ગયાં, જાણે આજુબાજુની દુનિયા જ ભૂલી ગયાં અને એકબીજાના આલિંગનમાં રમમાણ થઈ ગયાં.

અચાનક આનંદના માથા ઉપર કોઈકે પાછળથી લાઠીનો ઘા ઝીંકી દીધો. ઘા એટલા જોરથી મારવામાં આવ્યો હતો કે, આનંદ ત્યાં જ બેભાન થઈને ઢળી પડ્યો.

શું બની ગયું... તે વિચારે તે પહેલાં જ અર્ચનાના મોં ઉપર રૂમાલ દાબી તેને ત્યાંથી થોડે દૂર માર્ગ ઉપર ઊભેલી કારમાં નાંખી દેવામાં આવી. કાર સડસડાટ, રોડ ઉપર ચડી પલવારમાં ત્યાંથી અદશ્ય થઈ ગઈ.

થોડીવાર પછી એ જ માર્ગ ઉપરથી પસાર થતી કારના ડ્રાઈવરની નજર, ઉંધા માથે પડી રહેલા આનંદ ઉપર પડી, ડ્રાઈવરે કાર રોકી દીધી. પછી આનંદ પાસે જઈને જોયું તો તે બેભાન જણાયો. આનંદને પોતાના ખભા ઉપર નાખી ડ્રાઈવરે તેને પાછળની સીટ ઉપર સુવાડ્યો. પછી કાર હંકારી મૂકી.

કાર મુંબઈના પ્રસિદ્ધ શેઠ દ્વારકાપ્રસાદની હતી. તેમનો ડ્રાઈવર





કાર લઈને પોતાના ગામ જઈ રહ્યો હતો. આનંદને આમ પડેલો જોતાં તેના હૈયામાં માનવ પ્રતિ લાગણી જાગી ઊઠી.

ડ્રાઈવર કાર લઈને તેના નાનકડા ગામમાં આવી પહોંચ્યો છતાં હજી આનંદ ભાનમાં નહોતો આવ્યો. આજુબાજુનાં પાડોશીઓની મદદથી આનંદને ઉંચકીને ડ્રાઈવરની માતાએ આનંદને ઘરમાં લઈ ખાટલામાં સૂવાડ્યો.

આનંદને માથાના પાછળના ભાગમાં લાકડીનો ફટકો વાગ્યો હતો. પરંતુ ઘા જીવલેણ ન હતો. માથામાં સહેજ તીરાડ થઈ હતી. લોહી ઝમીને સૂકાઈ ગયું હતું. ડ્રાઈવર રણજીતની બહેને આનંદના ઘા ને સાફ કરતાં પૂછયું,

ભૈયા, આ ક્યાંથી લઈ આવ્યા?

સુખિયા... રણજીતની બહેનનું નામ સુખિયા હતું. આ ભાઈ આપણા રસ્તા ઉપર બેભાન પડ્યા હતા. મને થયું કે જો સારવાર નહિ મળે તો આ માણસ ચોક્કસ મરી જશે અને મા, તેં જ તો મને પ્રાણી માત્ર ઉપર દયા રાખવાનું શિખવાડ્યું હતું ને?

સારું કર્યું બેટા, તેં ખરેખર આજે એક ખૂબ સારું કામ કર્યું છે. કહીને તેઓ આનંદની સારવારમાં પડી ગયાં.

બહાર સંધ્યા ઢળીને રાતમાં રૂપાંતર થતી જતી હતી. માટીના ઘાસ છાયેલા મકાનમાં મા-દીકરી આનંદની સારવાર કરતાં હતાં. બહારથી રણજીત થોડી થોડી વારે આવી આનંદની ખબર પૂછી જતો હતો.

મા... સુખિયાએ કહ્યું, મા... થોડાક મહિના ઉપર આપણા પડખેથી જતી રેલ્વે ઉપર અકસ્માત થયો હતો તે તને યાદ છે?

હા, તેનું અત્યારે શું છે?

આ ભાઈ... ને ત્યારે મેં બેભાન પડેલા જોયા હતા. સુખિયાએ પોતાની યાદદાસ્ત તાજી કરતાં કહ્યું.

અરે, ગાંડી હશે બીજો કોઈક... આ તો મુંબઈના દરિયા કિનારે બેભાન થઈને પડ્યા હતા ત્યાંથી આપણો રણજીત અહીં લઈ આવ્યો.

માડી... એક વાત કહું?

કહે ને... શું કંઈક ખાનગી છે? મા એ આતુરતાથી પૂછયું.

મા, મારી બહેનપણી છમિયાને આ ભાઈનો બગલથેલો જડ્યો છે તે એણે સંતાડી રાખ્યો છે.

શું કે'છ લી તું? જા છમિયાને અણીતાલ બોલાવી લાવ... સુખિયાની માની ઈન્તેજારી વધી પડી.

સુખિયા, છમિયાને બોલાવવા ચાલી. ઘરની બહાર નીકળી ત્યારે ધરતીએ અંધકારની ચાદર ઓઢી લીધી હતી. આજુબાજુનાં માટીનાં ખોરડાં દીવાના ઝાંખા પ્રકાશમાં જીવંત લાગતાં હતાં. બહાર નીકળતી સુખિયાને રણજીતે પૂછયું,

કેમ છે હવે? તું ક્યાં જાય છે?

હજી ભાનમાં નથી આવ્યા... કહી બીજા પ્રશ્નનો જવાબ આપ્યા વગર સુખિયા, છમિયાના ઘર તરફ ચાલી. થોડી વારે તે છમિયા સાથે પાછી આવી.

આવ છમિયા... સુખિયાની મા એ છમિયાને કહ્યું, અલી, તને, કંઈક થેલા જેવું જડ્યું છે?

હઅં... કહી છમિયાએ ડોકું હલાવ્યું. પછી કહ્યું, થેલામાં એક





જોડ કપડાં, એક ચાંદીની વીંટી, એક ડાયરી અને એક ઈન્ડીપેન હતાં...

હેં અલી... આટલા દા'ડા વીતી ગયા તો ય તેં કોઈને કહ્યું કેમ નહિં?

રેલગાડી ગબડી પડી ત્યાંથી થેલો જડેલો, કોઈ જાણે અને પોલીસમાં ભરવે તો... છમિયાએ કારણ જણાવી દીધું પછી કહ્યું... આ ભાઈ કોણ છે?

આ ભૈ, મુંબઈ કને, દરિયા કિનારે બેભાન પડયા'તા. તેને ભાઈ મોટરમાં નાંખી અહીં લઈ આવ્યા.

દીવાના અજવાળે છમિયા, આનંદના મોં સામે જોઈ રહી, પછી બોલી આ ભાઈનો ફોટો પણ ડાયરીમાં છે!

સારું છમિયા તું અને સુખિયા રસોઈ કરો. હું આમની સાથે બેસું છું. પાછું રણજીતને જવાનું મોડું થશે.

સુખિયા અને છમિયા રસોઈ કરવા રાંધણિયામાં ગયાં. થોડીવાર પછી રણજીત આવીને આનંદના ખાટલા પાસે બેઠો.

કેમ બા, કંઈ ફેર લાગે છે?

હા, થોડીવારમાં ભાન આવવું જોઈએ.

સારું... કહી રણજીત ઉઠવા જતો હતો. તેને રોકતાં તેનાં બા એ કહ્યું,

જો, બેટા, રસોઈ તૈયાર થાય છે એટલે હવે જમીને જ જ્યાં જવું હોય ત્યાં જજે.

હું ક્યાં છું? ભાનમાં આવતાં આનંદે પૂછયું.

તમે... તમે... સહિસલામત છો... રણજીતે કહ્યું.

આ, કયું શહેર છે? આનંદ આંખો પટપટાવતાં કહ્યું.

આ શહેર નથી, ગામડું છે... પછી કહ્યું, તમારું નામ શું છે?

મારું નામ પાર્થ છે.. પણ મારો થેલો... ગાડીને અકસ્માત ક્યારે થયો?

માથામાં લાકડીનો ફટકો વાગતાં પાર્થની યાદદાસ્ત પાછી આવી ગઈ હતી!

રણજીતે પાર્થને પાણી આપ્યું. ખાટલામાં બેઠા થઈ પાર્થે પાણી પીધું પછી સ્વસ્થ મને રણજીત સાથે વાતે વળગ્યો પાર્થે રણજીતને પૂછ્યું,

ભાઈ, ટ્રેઈનને અકસ્માત થયે કેટલા દિવસ થયા? હું એ જ ટ્રેઈનમાં હતો! અહીં ક્યાંથી આવ્યો?

રણજીત થોડીવાર પાર્થ સામે જોઈ રહ્યો. પછી કહ્યું, ટ્રેઈનને અકસ્માત થયે તો મહીનાઓ વીતી ગયા. પણ તમે તો દરિયા કિનારે બેભાન હાલતમાં પડ્યા હતા. ત્યાંથી હું તમને મારા ઘરે લાવ્યો છું.

ક્યારનાંય બેઉની વાતો ધ્યાનથી સાંભળી રહેલાં રણજીતના માતાએ કહ્યું,

ચાલો, હવે બેઉ જણા વાતો પછી કરજો, પહેલા કંઈક ખાઈ લો. જાવ હાથ, મોં ધોઈ લો.

બંને જણે વાડામાં જઈ હાથ, મોં ધોઈ લીધા. પછી જમવા બેઠા.

જમતી વખતે રણજીતે, પાર્થને અત્યાર સુધીની વિગતે વાત કરી. જમી રહ્યા પછી પાર્થે કહ્યું,

મને એક વાત નથી સમજાતી કે, દરિયા કિનારે હું કેમ ગયો



અને મારા માથામાં કોણે પ્રહાર કર્યો?

સુખિયા... અલી સુખિયા... કહેતી છમિયા ઘરમાં આવી ને બોલી,

સુખિયા, લે આ થેલો... આ ભાઈનો હોય તો તેમને આપી દે.

પાર્થે થેલો જોતાં જ કહ્યું, અરે, આ તો મારો થેલો છે! તમને ક્યાંથી મળ્યો?

રણજીતની માએ બધી હકીકત પાર્થને જણાવી ને કહ્યું જો દીકરા, અહીં રહેવું હોય તો આ તારું જ ઘર છે. મારે એક દીકરો છે, તું બીજો!

ના, તમારી ભલી લાગણીઓ માટે ખૂબ આભાર. પણ હું આવતી કાલે શહેરમાં જ જઈશ. આખરે મારે એ તો શોધવું જ પડશે ને કે ટ્રેઈનને અકસ્માત થયા પછી આટલો સમય મેં શું કર્યું? ક્યાં રહ્યો?

પાર્થભાઈ, હું અત્યારે જ શહેરમાં જાઉં છું મારી સાથે આવવું હોય તો ચાલો...

પાર્થ રણજીતની બા ના પગે પડ્યો તથા આભાર માની રણજીતની સાથે ગાડીમાં ગોઠવાઈ ગયો.

ગાડી જ્યારે દરિયા કિનારે આવી ત્યારે રણજીતે પાર્થ જે જગ્યાએ બેભાન હાલતમાં પડ્યો હતો ત્યાં ગાડી થોભાવી દીધી. ચૌદસનો ચંદ્ર તેનો પ્રકાશ રેલાવી રહ્યો હતો તેથી રાત હોવા છતાં બધું સ્પષ્ટ દેખાતું હતું. વળી રણજીત પાસે ટોર્ચ પણ હતી.

પાર્થે એ જગ્યાનું નિરીક્ષણ કરવા માંડ્યું. આજુબાજુ જોયા પછી તેને લાગ્યુ કે, કોઈ વ્યક્તિને બળજબરીથી ખેંચીને લઈ જવામાં આવી

છે! કોણ હશે? અચાનક પાર્થની નજર ચાવી સાથેના કિ હૅંગર પર પડી. પાર્થે કિ હૅંગર ઉપાડી લીધું પછી છેક રોડ સુધી જોઈ પાછો વળ્યો.

શું લાગે છે? રણજીતે પૂછયું.

લાગે છે કે, મારી સાથે કોઈક બીજું હતું પણ એ મને યાદ નથી આવતું! હું આ જગ્યાએ કોની સાથે આવ્યો, અને કેમ આવ્યો તે હું સદંતર ભૂલી ગયો છું. કહી પાર્થ ગાડીમાં ગોઠવાયો.

ગાડીમાં ગોઠવાયા પછી પાર્થે કિ હૅંગર ધ્યાનથી જોવા માંડ્યું. કિ હૅંગર ઉપર લખ્યું હતું,

ભાર્ગવ ઍપાર્ટમેન્ટ,

ફોર્ટ બોમ્બે.

કિ હૅંગર ઉપરથી કંઈક કડી મળી આવે તે આશાએ પાર્થે રણજીતને કહ્યું,

તમને સમય હોય તો આપણે ભાર્ગવ ઍપાર્ટમેન્ટ પર જઈશું?

ના, પાર્થ આજે તો નહિ જ જવાય. મારે અત્યારે જ શેઠને એરપોર્ટ ઉપર મૂકવા જવાનું છે.

તો આવતી કાલે જઈશું. હું તમારી સાથે એરપોર્ટ પર આવું?

ના, હું એરપોર્ટ પરથી પાછો આવું ત્યાં સુધી મારી રૂમ ઉપર તમે મારી વાટ જોજો. આમે ય આટલી રાતે આપણે કરી પણ શું શકવાના હતાં?

ડામરના રસ્તા ઉપર ગાડી રમરમાટ દોડવા લાગી. શેઠ દ્વારકાપ્રસાદનો આલિશાન મહાલય આવ્યો ત્યાં સુધી બેઉ પોત પોતાના વિચારોમાં ખામોશ રહ્યા.





આલયના કંપાઉન્ડમાં ગાડી લઈ, રણજીતે પાર્થને ત્યાં જ ઉતારી દીધો. આંગળી ચીંધી તેની રૂમ દર્શાવી. રૂમની ચાવી આપી. ચાવી લઈ પાર્થ રણજીતની રૂમ તરફ ચાલ્યો. રણજીતે ગાડી આલયના પ્રવેશદ્વાર સામે થોભાવી બંગલાનો ડોરબેલ પુશ કર્યો.

રણજીતની રૂમમાં ખાસ કંઈ સામાન ન હતો. પાણિયારા પરના માટલામાં પાણી હતું. રૂમની દિવાલને અડકીને પલંગ બીછાવેલો હતો. દિવાલ ઉપરના હૅંગરમાં રણજીતના કપડાં ભટકતાં હતાં. પલંગની સામેની દિવાલ ઉપર ફિલ્મની નટ-નટીઓના ચિત્રો ચોંટાડેલાં હતાં.

પાર્થ રૂમમાં પ્રવેશી પલંગ ઉપર આડો પડ્યો. માથામાં પડેલા ઘામાં ધીરે ધીરે સણકા ઉઠતા હતા. પલંગમાં પડ્યે પડ્યે પાર્થ ગાડી કંપાઉન્ડની બહાર નીકળવાનો અવાજ સાંભળતો રહ્યો. ગાડી ગયા પછી પાર્થ વિચાર વંટોળમાં ઘેરાયો.

તેને ધીમે ધીમે હવે બધું યાદ આવવા લાગ્યું હતું. પોતે ઘેરથી એટલે આણંદથી કેમ નીકળી ગયો હતો! મુંબઈ આવતાં થયેલી ટ્રેઈન હોનારત, બધું જ યાદ આવવા લાગ્યું.

સ્વાતિની યાદે તે દુઃખી થઈ ગયો. તે શું કરતી હશે? આટલા દિવસ પોતે ક્યાં રહ્યો? શું કર્યું? આ બધા સવાલો વિચારતા તેને લાગ્યું કે, કંઈક એવું બની ગયું છે કે, અત્યાર સુધી ગુજારેલી જિંદગી તે ભૂલી ગયો હોવો જોઈએ.

તેણે વિચારવાનું બંધ કર્યું. પથારીમાં પડતાં પહેલાં શરીર ઉપરનાં કપડાં ઉતારતાં તેને પેલું 'કિ હૅંગર' યાદ આવ્યું. ગજવામાંથી 'કિ હૅંગર' કાઢી હાથમાં લઈ તેણે ફરી વખત સરનામું વાંચી જોયું. ''ભાર્ગવ

ઍપાર્ટમેન્ટ'' ક્યાંક વાંચ્યું હોય કે સાંભળ્યું હોય એમ લાગે છે! ક્યાં સાંભળ્યું હશે?

રણજીતની રૂમમાં, પલંગ પર પડ્યાં પડ્યાં તેણે ઉલટાવી-સુલટાવીને આ બાબત ઉપર ખૂબ જ વિચારી જોયું. પણ કંઈ ગેડ ન બેઠી છેવટે બગલથેલામાંથી ડાયરી કાઢી તેનાં પાનાં ફેરવવા માંડ્યાં. આખી ડાયરી વિવિધ આવક-જાવકના હિસાબથી ભરી હતી. પરંતુ એ હિસાબ નોંધો પૂરી થતાં છેલ્લા પેજ ઉપર કંઈક વિગત લખેલી તેના ધ્યાન પર આવી. લખ્યું હતું, ''૧૪ ફેબ્રુઆરી, આજે હું ઘર છોડી દઉં છું, હવે તો સાધુ તરીકે જ જીવન વ્યતિત કરવું છે.'' વાંચ્યા પછી પાર્થે ગણતરી કરી જોઈ, ઘર છોડ્યાંને આજે આઠ મહિના જેટલો સમય વીતી ગયો હતો...!

પાર્થને થયું કે, આ આઠ મહિના દરમ્યાન ભગવાન તેને ભૂલ્યો તો નથી જ! ડાયરીમાં લખાયેલા સાધુ થવાના નિર્ણયને પોતે કેમ અને કેવી રીતે ભૂલી ગયો? આંખો બંધ રાખી પાર્થે આ સવાલ ઉપર ખૂબ વિચાર કર્યો, ને એ સવાલનો જવાબ શોધવામાં જ તેની આંખોમાં ઊંઘનાં ધારણ ફરી વળ્યાં.

રણજીત ગેરેજમાં ગાડી મૂકી રૂમ પર આવ્યો તો રૂમની લાઈટ ચાલુ હતી અને પાર્થ ઘસઘસાટ ઉંઘતો હતો. ઉંઘતા પાર્થ ઉપર એક નજર નાખી, બીજી પથારી લઈ, લાઈટ બંધ કરી રણજીતે બહાર ઓટલા ઉપર જ લંબાવ્યું.

રાત નિઃસ્તબ્ધ, શાંત ધીરે ધીરે પશ્ચિમથી પૂર્વ તરફ સરકતી જતી હતી.





## ...૧૨...

સવારે નાહી-ધોઈ, ચ્હા-પાણીથી પરવારી રણજીત અને પાર્થ અર્ચનાના એપાર્ટમેન્ટ તરફ ઉપડ્યાં. રણજીત મુંબઈનો ભોમિયો હોવાથી ફોર્ટ મુંબઈ વિસ્તારમાં ભાર્ગવ એપાર્ટમેન્ટ શોધતાં ઝાઝી વાર ના લાગી.

બેઉ એ વિસ્તારમાં અર્ચનાનું મકાન શોધવા લાગ્યા. સામેની લાઈનમાં 'ભાર્ગવ એપાર્ટમેન્ટ' નું બોર્ડ દેખાયું. બેઉ એ તરફ જતા હતા ત્યાં જ એક આધેડ વયનાં સન્નારીએ બેઉને ઉભા રાખી પાર્થ ને સવાલ કર્યો.

કેમ ભાઈ એકલા? અર્ચના ક્યાં છે?

અણચિંતવ્યા સવાલથી પાર્થ ગૂંચવાઈ ગયો. છતાં તેણે મોઘમ જવાબ આપ્યો.

બહેન,... તમારી ભૂલ થતી લાગે છે.

અરે ભૂલ શાની? તમે બંને અહીંથી સાથે નીકળ્યાં છો ને?

પાર્થ વિચારવા લાગ્યો. હું અર્ચના સાથે? મેં તો અર્ચનાને જોઈ પણ નથી. હવે શો જવાબ આપવો? કહી દઉં કે હું અર્ચનાને ઓળખતો નથી! તો પછી આ બહેન મને જ શા માટે આ પ્રશ્ન કરે? મને કે મારા જેવા લાગતા કોઈને અર્ચના સાથે જોયો હોય તો જ આ સન્નારી આ પ્રશ્ન પૂછે ને?

કેમ, ભૈ ચૂપ થઈ ગયા?

કંઈ નહીં... બહેન, અર્ચના કાલે આવશે. હું અર્ચનાનો પિતરાઈ ભાઈ છું. આવડે તેવો જવાબ આપી, પાર્થે અર્ચનાના

મકાનનો દરવાજો ખોલ્યો. બેઉ જણે અંદર પ્રવેશી દરવાજો બંધ કરી દીધો. કાયમ બને છે તેમ ''આપણે શું!'' કહેતું લોકોનું ટોળું વિખેરાઈ ગયું.

મકાનમાં પ્રવેશ્યા પછી, પાર્થનું આશ્ચર્ય બેવડાઈ ગયું. મકાનના શયનખંડમાં તેનો ફોટો, હૅંગર પર લટકતાં કપડાં વગેરે જોઈને પાર્થ વિચારમાં પડી ગયો. રણજીત પાર્થના આશ્ચર્ય પામતા ચહેરાને થોડીવાર તાકી રહ્યો પછી કહ્યું,

પાર્થ, તમે માનો કે ના માનો પણ તમે આ મકાનમાં રહ્યા છો.

હા, રણજીત, માની લઈએ કે, આ કપડાં આ ડાયરી, આ પેન બીજાનાં હોઈ શકે, પરંતુ દીવાલ ઉપર લગાવેલ ફોટો તો બીજાનો ના હોઈ શકે ને? વળી આ ફોટામાં દેખાતી યુવતિ પણ મને પરિચિત લાગે છે. દીવાલ ઉપર ટાંગેલી બીજી તસ્વીર તરફ અંગૂલિનિર્દેશ કરતાં પાર્થે કહ્યું. લાગે છે કે હું અહીં અવશ્ય રહ્યો છું.

તો હવે આપણે શું કરવું છે? રણજીતે પૂછયું.

રણજીત, પાર્થે ફલેટમાં આમતેમ નજર ફેરવતા કહ્યું, ઈચ્છા એવી છે કે આ યુવતિ જ્યાં નોકરી કરતી હોય ત્યાં જઈએ.

પરંતુ આપણને તો એ પણ ખબર નથી કે, તે ક્યાં નોકરી કરતી હશે!

કદાચ, આ મકાનમાંથી જ તેની નોકરીના સ્થળનું સરનામું મળી આવશે, તપાસ કરવી પડે... કહીને પાર્થે સામેની દીવાલમાં લગાવેલું કબાટ ખોલ્યું, અને તેમના આશ્ચર્ય વચ્ચે કબાટમાં નર્સનો ગણવેશ લટકાવેલો હતો.

પાર્થે નર્સના ગણવેશ સાથે લગાડેલ કાપડના સ્ટીકર ઉપર લખેલ





હોસ્પિટલનું નામ વાંચ્યું.

''જશલોક હોસ્પિટલ મુંબઈ''

હવે અહીં રોકાવું વ્યર્થ હતું. બંન્ને ભાર્ગવ એપાર્ટમેન્ટમાંથી સીધા જશલોક હોસ્પિટલમાં આવી પહોંચ્યા. હોસ્પિટલના પ્રાંગણમાં પ્રવેશતાં જ પાર્થને થવા લાગ્યું કે, ''આ પહેલાં પણ પોતે અહીં આવ્યો હોય એવું લાગે છે.''

હોસ્પિટલના અંદરના ભાગે આવેલ ''પૂછપરછ'' ના કાઉન્ટર ઉપર જતાં વચ્ચે જ ચીફ મેડિકલ ઓફિસર મળી ગયા. પાર્થને જોતાં જ તેમણે ખૂબજ આત્મીયતાથી કહ્યું,

હાવ આર યું મિ. આનંદ? વેલ કમ...

પાર્થને નવાઈ લાગી. પોતે પાર્થમાંથી આનંદ ક્યારે બની ગયો? તેને લાગ્યું કે તેના શરીર ફરતે કોઈ રહસ્યના તાણાવાણા ગૂંથી રહયું છે.

પાર્થને વિચારમાં પડેલો જોઈ ચીફ મેડિકલે સહજતાથી પૂછયું,

કેમ મિ. આનંદ, વિચારમાં કેમ પડી ગયા? આટલા વખતમાં અમને ભૂલી તો નથી ગયા ને?

ના... ના... સર, પણ...

''આવો, મારી ચેમ્બરમાં'' કહી ચીફ મેડિકલ ઓફીસર બેઉને તેમની ચેમ્બરમાં બેસાડ્યા પછી કહ્યું, તમારી મુસીબત હું સમજું છું મિ. આનંદ, કહીને પાર્થ રેલ અકસ્માત થયા પછી દવાખાનામાં દાખલ થયો ત્યાંથી માંડીને પાર્થને દવાખાનામાંથી રજા આપી ત્યાં સુધીની વાત કહી. ચીફ મેડિકલ ઓફિસરની વાત ધ્યાનપૂર્વક સાંભળ્યા પછી પાર્થે કહ્યું,

સર, આપ જ્યારે આ બધી વાત કરો છો ત્યારે તમારી વાતમાં કોઈ શંકા જ રહેતી નથી. પરંતુ જે બધી તમે મને વાત કરી તેમાંનું મને કંઈ જ યાદ નથી. ફક્ત એટલું લાગે છે કે, હું આ પહેલાં પણ આ હોસ્પિટલમાં આવ્યો છું.

હોસ્પિટલમાંથી રજા મળ્યા પછી તમે ક્યાં ગયા હતા? ડૉક્ટરે પૂછ્યું.

જવાબમાં પાર્થે અર્ચનાનું કિ હૅંગર ડોક્ટરના હાથમાં મૂક્યું, પછી ઉમેર્યું, ભાર્ગવ એપાર્ટમેન્ટની ચાવી છે. હું ત્યાં તપાસ કરીને અહીં આવ્યો છું.

અરે, આ તો અમારી હોસ્પિટલની પરિચારિકા મીસ. અર્ચના ભાર્ગવના મકાનની ચાવી છે!

તેમને મળવા જ હું આવ્યો છું. પાર્થે કહ્યું.

પરંતુ તેઓ તો આજે ડ્યુટી પર નથી આવ્યાં. વળી તેમના તરફથી કોઈ રિપોર્ટ કે મેસેજ પણ નથી. વારુ, આ ચાવી તમારી પાસે ક્યાંથી આવી?

ચીફ મેડિકલ ઓફિસરના પ્રશ્નના જવાબમાં અત્યાર સુધી મૂંગા બેસી રહેલા રણજીતે ગઈકાલે બનેલી ઘટનાની બધી માહિતી આપી. ચાવી પણ ત્યાંથી જ મળી આવી છે તે ય જણાવ્યું.

રણજીત પાસેથી ઘટી ગયેલી ઘટનાની માહિતી સાંભળી ડોક્ટરને સમજતાં વાર ન લાગી કે, પાર્થના માથા ઉપર લાકડીનો જોરદાર પ્રહાર થતાં તેની યાદશક્તિ પાછી આવી ગઈ છે! સાથે સાથે ડોક્ટરને અર્ચના વિશે પણ ચિંતા થઈ આવી. ડૉકટર વિચારવા લાગ્યા.

સાંજના સમયે, પાર્થ ઉપર હુમલો થાય છે, ત્યારબાદ અર્ચના





ગાયબ છે! તેનો અર્થ એ જ થાય કે, કોઈ ખાસ હેતુ માટે જ અર્ચનાનું અપહરણ કરવામાં આવ્યું હશે! અપહરણ કરનાર કોણ હોઈ શકે?

આ સવાલનો જવાબ ડૉકટરને મળી શક્યો નહિ તેથી તેમણે વિચારવાનું બંધ કરી દીધું પછી પાર્થને કહ્યું,

મિ. આનંદ,

નહિ સાહેબ પાર્થ, પાર્થે ડોક્ટરની ભૂલ સુધારી.

યસ, સોરી મિ. પાર્થ. પણ હું એમ કહેતો હતો કે, આપણે મીસ અર્ચના વિશે તરત જ તપાસ કરવી પડશે.

પરંતુ, સાહેબ, હું મુંબઈનો સાવ જ અજાણ્યો છું હું આપને શી મદદ કરી શકીશ?

સાચી વાત છે. પરંતુ અર્ચનાનું અપહરણ થયું ત્યારે તેની સાથે તમે હતા, તેથી તમે જ અપહરણકારોને જોયા હોય...

સાહેબ, આપણે પોલીસમાં ફરિયાદ આપી શકીએ. પોલીસ પાસે આવા માણસોની વધારે માહિતી હોય છે. વળી આ બધું બન્યું તેમાથી મને કંઈ જ યાદ નથી.

અત્યાર સુધી ચૂપચાણ વાર્તાલાપ સાંભળી રહેલા રણજીતે કહ્યું,

સર, પોલીસમાં ફરિયાદ આપ્યા વગર, આપણે આપણી રીતે જ તપાસ કરીએ તો? શોધખોળમાં નિષ્ફળ ગયા પછી આપણે પોલીસને ખબર આપીશું.

ના ભાઈ, પોલીસને તો જાણ કરવી જ પડે. ડૉકટરે કહ્યું.

સર, ફરિયાદ કરવાની ના ક્યાં પાડું છું પરંતુ આજે અર્ચનાની શોધખોળ કર્યા પછી જ પોલીસને ફરિયાદ કરીએ. રણજીતે કહ્યું.

પરંતુ... મીસ અર્ચનાની શોધ કરશે કોણ? મિ. પાર્થ તો

મુંબઈના સાવ અજાણ્યા છે! ડોક્ટરે મુશ્કેલી રજુ કરી.

પરંતુ હું તો મુંબઈનો ભોમિયો છું ને?

ના, રણજીત તમે ડ્રાઈવર તરીકે નોકરી કરો છો. તમારા શેઠને તાત્કાલિક તમારી જરૂર ઉભી થાય. અને આમેય મારું માથું ભારે થઈ ગયું છે. ડોક્ટર સાહેબ આપ પોલીસમાં ફરિયાદ નોંધાવી દેજો. કહી પાર્થે ડોક્ટર સામે જોયું.

ના, હવે ફરિયાદ કરવાની ઉતાવળ નથી કરવી. હજી આવતી કાલ સુધી અર્ચાનાની વાટ જોઈશ, પછી...

સર, ઈમર્જન્સી વોર્ડમાં એક પેશંટ...

યસ, સીસ્ટર આઈ એમ જસ્ટ કમીંગ... કહી ડોકટરે ટેબલ ઉપર પડેલું ટેથેસ્કોપ ગળે ભેરવ્યું પછી પાર્થને કહ્યું.

ઓ. કે. મિ. પાર્થ, મારે તરત જ જવું પડશે. કહીને ડોકટરે વિદાય લીધી.

રણજીત અને પાર્થ બંને જશલોક હોસ્પિટલની બહાર રોડ ઉપર આવી ગયા. રણજીતે પાર્થનો વિચાર જાણવા પૂછયું,

ભાઈ પાર્થ, બોલો હવે શું કરવું છે?

હવે, કરવાનું શું હોય? હવે ભાર્ગવ એપાર્ટમેન્ટમાં પાછા જઈએ.

પાર્થ, હવે હું ત્યા નહિ આવું. મારી જરૂર હોય તો મને આ નંબર ઉપર રિંગ કરજો. કહી રણજીતે પાર્થને નંબર લખાવ્યો.

ડાયરીમાં નંબર નોંધી લીધા પછી પાર્થ અને રણજીત છૂટા પડ્યા. ટેક્ષી સ્ટેન્ડ પર જઈ પાર્થે ટેક્ષી કરી, ડ્રાયવરને ફોર્ટ તરફ જવા સૂચના આપી.

------x------x------x------





અર્ચના ચિલ્લાતી રહી. પ્રતિકાર કરતી રહી. પરંતુ એક અબળાનું એ મવાલીઓ સામે કેટલું ગજું? અર્ચનાને કારમાં નાખી તેના મોં અને આંખે પાટો બાંધી દેવામાં આવ્યો. જેથી તેનો અવાજ નીકળી શકે નહિ તથા કાર ક્યાં જઈ રહી છે તે જોઈ પણ શકે નહિ! બંધકાચવાળી ગાડીમાં કદાવર બાંધો ધરાવતા ત્રણ માણસો હતા. એક ગાડી હંકારતો હતો. બીજો હાંકનારની પાસે બેઠો હતો. ત્રીજો અર્ચનાને જે સીટ ઉપર નાખી હતી તે સીટ ઉપર બેઠો હતો. અર્ચના પાસે બેઠેલો જણ અવાર-નવાર અર્ચનાના ગોળા, રૂપાળા, કમનીય દેહ સાથે અડપલાં કરી પોતાની કામૂકતાનું પ્રદર્શન કરી લેતો હતો.

શહેર વિસ્તાર વટાવી કાર નિર્જન જેવા લાગતા વિસ્તારમાં પ્રવેશી. ડ્રાઈવર સીટ ઉપર બેઠેલાએ પાછળ ડોકું ફેરવી અર્ચનાને અડપલાં કરી રહેલા પેલા જણને કહ્યું,

અલ્યા, પાંડે, કેમ ચૂપ થઈ ગયો છું? કે પછી આ રૂપાળી ઉપર મોહિત તો નથી થઈ ગયો ને?

પેલાએ અર્ચનાના વક્ષઃસ્થળ તરફ હાથ લંબાવતાં કહ્યું, બોસ ને કહા હે કી કામ કે વક્ત સિર્ફ કામ હોના ચાહીએ, જ્યાદા બોલને કા નહીં...

વક્ષઃસ્થળ ઉપર ગયેલા હાથને અર્ચના પ્રતિકાર કરીને હટાવી શકે તેમ તો ન હતી જ. કારણ કે તેના બંને હાથ બંધાયેલા હતા. તેથી અર્ચના પેલા નરાધમના હાથમાં પોતાના વક્ષઃસ્થળ આવે તે પહેલા તેનો પ્રતિકાર કરી ઉંધા પડખે ફરી ગઈ. પેલો એટલી હદે કામૂક થઈ ગયો હતો કે, જો તેના બે સાથીઓની કારમાં હાજરી ન હોત તો તે અર્ચના ઉપર જરૂર બળાત્કાર કરત.

કાર, દૂર એક પુરાણા કિલ્લા જેવા ખંડેર તરફ આગળ વધી રહી હતી. જંગલની વચ્ચે આવેલું આ પુરાણું ખંડેર ઝટ કોઈની નજરે પડે તેમ ન હતું. કિલ્લો પણ ખૂબ જ જૂનો હોય તેમ જણાતું હતું. દિવાલમાં ઠેર ઠેર ગાબડાં પડી ગયાં હતાં. દીવાલો ઉપર ઘાસ ઉગી નીકળ્યું હતું તથા વરસોથી હવામાનની ઝીંક ઝીલી દીવાલો કાળી પડી ગઈ હતી. રણીધોરી વીનાના કિલ્લામાં અંદરના ભાગે બે મોટા ખંડ હતા. પરંતુ બહારથી જોનારને તો આ કિલ્લો સાવ જર્જરીત અને બિહામણો જ લાગે.

બરોબર કિલ્લાની સામે ચોક જેવી જગ્યાએ કાર થોભાવી દેવામાં આવી. ત્રણે જણ અર્ચનાને દોરીને કિલ્લામાં પ્રવેશ્યા. થોડાં ડગલાં ચાલ્યા પછી અંદરના ખંડના મુખ્ય દરવાજા બહાર ચોકી કરતા બંદૂકધારી ઈસમોએ તેમને અટકાવ્યા. પાંડેએ પોતાના ખિસ્સામાંથી ચાંદીનો એક સિક્કો કાઢી તેમના હાથમાં આપ્યો. પેલાએ સિક્કો જોઈ કંઈપણ બોલ્યા કે પૂછ્યા વગર દરવાજો ખોલી ચારે ય ને અંદર જવા દીધાં.

અહીંથી નીચે એક ભોંયરા જેવું શરૂ થતું હતું. થોડાં પગથિયાં નીચે ઉતર્યા પછી એક ચોક આવ્યો. ચોકમાં કેટલાય ખડકલો કરેલો હતો. ડાબી બાજુ શરાબની બોટલો ગોઠવેલી હતી. જમણી બાજુ ખુરશી ઉપર એક મનુષ્ય પોતાના ખોળામાં સુંદર યુવતિને બેસાડી તેની સાથે ગેલ કરતો નજરે પડતો હતો.

પેલા ત્રણેનો પગરવ કાને પડતાં તે સતર્ક થઈ ગયો. ખોળામાંની યુવતિને દૂર હડસેલી, હાથમાં રિવોલ્વર લઈ તે ઊભો થઈ ગયો. પેલી યુવતી અંદરના ભાગે સરી ગઈ.





સામેથી પોતાના જ માણસોને આવતા જોઈ તેનો શ્વાસ હેઠો બેઠો. પછી નિરાંતે એ ખુરશી ઉપર ગોઠવાયો.

પેલા આવનારાઓએ અર્ચનાને દર્શાવીને કહ્યું, ‘‘બોસ, યે તુમ્હારા માલ, અબ હમારા માલ નીકાલો’’

થોડીવાર અર્ચના તરફ તાકી રહી, તેણે એક તાળી પાડી, તાળીના અવાજથી પેલી અંદર સરી ગયેલી યુવતિ બહાર આવી. તેના તરફ જોઈ પેલા યુવાન વ્યક્તિએ કહ્યું,

પિન્કી ડાર્લિંગ પેલી એટેચી લાવ... આમને એમનો માલ આપી દઈએ.

જવાબમાં પિન્કી અંદર જઈ એક એટેચી લઈ બહાર આવી પિન્કીના હાથમાંથી એટેચી લઈ પેલાઓને આપતાં કહ્યું,

‘‘ખોલીને જોઈ લો, તમારો માલ બરોબર છે ને?’’

‘‘નહીં બોસ’’ પાંડેએ કહ્યું, ‘‘અંડરવર્લ્ડની દુનિયામાં હજી વફાદારી નાશ નથી પામી, વિશ્વાસનો ક્ષય નથી થયો’’ કહી પેલા યુવાન સાથે હાથ મીલાવી ત્રણેય વિદાય થયા.

ત્રણેયના ગયા પછી. પિન્કીએ અર્ચનાની આંખે બાંધેલો પાટો છોડી નાંખ્યો. અર્ચનાએ આંખો પટપટાવી. હજી બધું ધૂંધળું દેખાતું હતું. છેવટે આંખો ટેવાતાં તેણે એક નજર ચારે તરફ ફેરવી. પેલા યુવાનને જોતાં જ અર્ચના તેને વળગી પડી. પેલા યુવાન ઉપર તેની કંઈ જ અસર ન પડી. એટલે અર્ચના ચિલ્લાવા લાગી.

પ્રણવ... પ્રણવ... મને આ લોકોના હાથમાંથી છોડાવ તું ક્યાં હતો આટલા દિવસ...

કોણ છે પ્રણવ? પ્રણવ કોણ? પેલાએ ખંધૂ સ્મિત કરતાં સવાલ

કર્યો.

ભગવાનને ખાતર પ્રણવ... પ્રણવ... હું તારી અર્ચના... અર્ચના ભાર્ગવ....

અર્ચના ભાર્ગવ.... પ્રણવે એક એક અક્ષર છૂટો પાડી અર્ચનાના શબ્દોને દોહરાવ્યા. પછી પિન્કીને પોતાની પાસે બોલાવી. પિન્કી પ્રણવની પાસે આવી એટલે પ્રણવે પૂછયું,

"શું કરીશું આ અર્ચના ભાર્ગવનું?"

કરવાનું શું હોય? આરબ દેશમાં નિકાસ કરીએ તો કોથળો ભરીને રૂપિયા આવે. પેલીએ મંદમંદ સ્મિત વેરતાં કહ્યું.

સુંદર છે... હસીન છે... વળી કમર પણ પાતળી છે... અને મારી પ્રિયતમા પણ છે... પ્રણવે કહ્યું.

પ્રણવના આ શબ્દો સાંભળી અર્ચના ચિત્કારી ઊઠી.

"પ્રણવ તું? આટલી નીચ તથા હલકી કક્ષાએ"

"પ્રણવે તને પ્રેમ કર્યો ત્યારે પણ તે આજકક્ષાએ હતો. જે આજે ય છે..."

અર્ચના ખામોશ થઈ ગઈ. તેને આનંદની યાદ આવી. ક્યાં આનંદ અને ક્યાં આ દેવ જેવો માની લીધેલો રાક્ષસ જેવો પ્રણવ!

શું વિચારે છે અર્ચના ડાર્લિંગ? પ્રણવે અર્ચનાની હડપચી ઊંચી કરતાં કહ્યું.

દૂર હટ નાલાયક! તારા પાપી, નીચ હાથ મારા શરીરને લગાડી મારી કાયાને ન અભડાવ! અર્ચનાનું ગૌર રૂપાળું મોં ગુસ્સાથી લાલચોળ બની ગયું.





ડાર્લિંગ, આરબદેશમાં આરબ તો તને ભોગવશે, એ ભવિષ્યકાળની વાત છે! પણ આજના વર્તમાનમાં, તારી સાથે રાત ગુજારીને હું મારી જાતને તથા આ રાતને ય ધન્ય બનાવીશ. બરોબર છે ને ડાર્લિંગ? અર્ચનાના માથા ઉપર હળવો હાથ મારી, પ્રણવે લીનાને કહ્યું,

લીના... આને અંદર લઈ જા, થાકેલી છે, કંઈક ખાવાપીવાનું આપજે. કહેતાં પ્રણવે સીગારેટ સળગાવી અને બહાર ચાલ્યો ગયો.

લીના અર્ચનાને અંદરના ખંડમાં લઈ ગઈ. ખંડ વિશાળ તો ન હતો પરંતુ સગવડતાથી સભર હતો. છેક જમીનમાં ઊંડે સુધી આવી વ્યવસ્થા હોઈ શકે છે તેનો પ્રથમ પરિચય અર્ચનાને જાણે અહીં થયો. અસામાજિક તત્વો તેમનાં દુષ્ટ કાર્યો કાયદાથી છૂપાવવા કેવાં સલામત સ્થાનો ઊભા કરે છે તે અંગે અર્ચના વિચારવા લાગી.

મનોમન તેને આવા નાલાયક અને છેક નીચલા સ્તરના મનુષ્ય સાથે પ્રણય બંધને બંધાવા બદલ પસ્તાવો પણ થવા લાગ્યો. મનુષ્ય સામાજિક પ્રાણી હોવા ઉપરાંત તે સહજતાથી બેવડું જીવન જીવી શકે છે. એક જીવન એ વાસ્તવિક જીવન અને બીજું જીવન અભિનયનું જીવન! અર્ચનાને પ્રણવના દાખલા ઉપરથી આનો સચોટ અનુભવ લાધ્યો. પ્રણવ પણ આવાં જ બે જીવન જીવતો હતો ને!

અર્ચનાએ ખુરશી ઉપર બેઠાં બેઠા ચારેબાજુના વિચારો કરી જોયા, પછી તેનું મન અહીંથી છૂટવાની કોઈક યુક્તિ ઉપર વિચારવા લાગ્યું.

અર્ચનાએ અહીંથી ભાગી છૂટવા માટે લીનાનો ઉપયોગ કરવા વિચાર્યું.

'કોફી પીશ કે? ' લીનાએ પુછયું.

'હા, હા જરૂર કેમ નહિ?' અર્ચનાએ પોતાની યુક્તિ અમલમાં મૂકતાં હાસ્ય સાથે કહ્યું.

'નાઈસ... વેરી નાઈસ.... તું ઘણું જલદી સમજી ગઈ!' કોફીના મગ ટેબલ ઉપર મૂકતાં લીનાએ કહ્યું,

'તમારું નામ?' કૉફીના મગમાં ખાંડ લેતા અર્ચનાએ પૂછયું.

'મારું નામ લીના... મીસ લીના...'

'નાઈસ નેમ...' કોફીનો ઘૂંટ ગળે ઉતાર્યા પછી અર્ચનાએ કહ્યું, 'મારે અહીં કેટલો સમય રહેવું પડશે?'

'બહુ લાંબુ નહિ... ફક્ત પંદર દિવસ... બીજી તારા જેવી ચાર યુવતિઓ આવી ગયા પછી...'

'પછી... પછી શું...?' અર્ચનાએ કોફી પુરી કરી ટેબલ ઉપર મગ મૂકતાં પૂછયું.

'પછી... પછી... કંઈ નહિ...ઈન્ડિયાથી અરબસ્તાન!' લીનાએ સહજ રીતે કહ્યું પછી ઉમેર્યું 'હમણાં અરબ અમીરો ભારતીય યુવતિઓની સારી એવી રકમ ચૂકવે છે'

ચાલો, સારું થયું, એક રીતે તો મારા માટે આ સારું જ થયું છે, આમેય આપણા દેશની વધતી જતી વસ્તી અને મોંઘવારીના કારણે જીવનનિર્વાહ કરવાની મુશ્કેલી પડત, હવે અરબસ્તાનમાં કોઈક ધનિક આરબ સાથે જિંદગી મસ્તીથી જીવાશે... અર્ચના તેની યુક્તિનાં પગથિયાં ગોઠવતી જતી હતી.

અત્યાર સુધી પ્રણવ અને તેના સાગરીતોએ જે યુવતિઓને અરબસ્તાન રવાના કરી હતી એ યુવતિઓએ અરબસ્તાન ન જવા



માટે કંઈ કેટલાય ધમપછાડા કર્યા હતા, આજીજીઓ કરી હતી. જ્યારે આ યુવતિ તો રાજીખુશીથી અરબસ્તાન જવા ઈચ્છે છે! લીના અર્ચનાનો જવાબ સાંભળીને જાણે આવાક બની ગઈ. છતાં ય તેણે અર્ચનાને પૂછયું,

તને ડર નથી લાગતો?

ડર? ડર હવે શાનો? જીવન જ જ્યારે બદલાવાનું હોય, વળી તમે એવી રીતે ફસાઈ ગયા હો કે જ્યાંથી છૂટવાની કે છટકવાની કોઈ બારી જ ન હોય, ત્યારે તેને ઈશ્વરની યોજના સમજી આખી વાત ભગવાનને જ સોંપવી જોઈએ, પછી ઈશ્વર કરે તે ખરું. કહીને એને અકળ યોજનાને સાથ આપવો રહ્યો, ભગવાનની ઈચ્છા હશે તો તે મને અહીંથી છોડાવશે, નહિ તો એ જ મહાન છે! બોલતાં બોલતાં અર્ચનાનો અવાજ ગળગળો થઈ ગયો.

લીનાય છેવટે તો હતી સ્ત્રી જ ને! સ્ત્રી, સ્ત્રીને સારી રીતે સમજી શકે છે! અર્ચનાનો બદલાતો, ગળગળો અવાજ સાંભળતા લીનાના અંતરમાંય વ્યથા વ્યાપી ગઈ. તેણે કહ્યું,

કંઈ નહિ બહેન, ભારતીય સ્ત્રીઓની આબરૂ જ્યારે ભારતીય પુરુષો જ પરદેશમાં લીલામ કરતા હોય, ત્યારે બીજું આપણે કરી પણ શું શકીએ? હવે જ્યારે અહીંથી છૂટવાનો કંઈ રસ્તો નથી ત્યારે મારી જાતને આ ગદ્દારોને સમર્પિત કર્યા સિવાય બીજો ઉપાય પણ ક્યાં છે? હું તમારી સહાનુભૂતિ નથી ઈચ્છતી પરંતુ મેં મારા જીવનની કથા સાંભળવી તમને ગમશે એ કારણે તથા આપણો સમય પસાર થાય એ કારણે મારી વીતક-કથા તમને કહી.

અહીં આવ્યા પછી દરેક યુવતિની કથા હું સાંભળતી આવી છું.

ઘણી વાર મારા અંતરમાં થઈ જાય છે કે, આ ધંધામાંથી હું મારો હાથ કાઢી લઉં, પરંતુ હવે અહીંથી નીકળી જવું એ મારે જાતે મારા મોતને નિમંત્રણ આપવા જેવું થાય. આ ગુંડા ટોળકી મને ગમે ત્યાંથી શોધીને મારી નાખ્યા સિવાય ન રહે!

ત્યાર પછી તો અર્ચના અને લીના બેઉ લાંબા સમય સુધી વાતો કરતાં રહ્યાં. અર્ચનાએ પ્રણવ સાથે પોતાના પરિચયથી પ્રણય સુધીની, આનંદ સાથેના પરિચયની બધી વાત કરી. લીના સાથેની વાતચીતમાં અર્ચનાને એ પણ જાણવા મળ્યું કે, લીના પણ પ્રણવના મોહપાશમાં ફસાઈને આ ધંધામાં જોડાયેલી લાચાર યુવતિ છે.

ભોંયરામાંનો પ્રકાશ હવે ખૂબ ઝાંખો થતો જતો હતો. લીના અર્ચનાને આરામ કરવાનું કહી બાજુના કમરા તરફ વળી. અર્ચના આરામ ખુરશીમાં બેસી કમરાનું નિરીક્ષણ કરવા લાગી. આખો કમરો આધુનિક સગવડોથી સજ્જ હતો. સહસા અર્ચનાની નજર દિવાલ ઉપર ટીંગાડેલા એક ફોટા ઉપર પડી. ફોટા જોતાં અર્ચના નક્કિ ન કરી શકી કે આ ફોટો આનંદનો હતો કે પ્રણવનો! અર્ચના ખુરશી પરથી ઊભી થઈ દીવાલ નજીક જઈને ફોટો બારિકાઈથી જોવા લાગી.

એ મારા મોટાભાઈનો ફોટો છે. પાછળથી અવાજ આવ્યો. અર્ચનાએ પાછળ જોયું તો પ્રણવ ઉભો હતો.

આ તારા મોટાભાઈનો ફોટો છે? અર્ચનાને જાણે પ્રણવની વાત પર વિશ્વાસ ન બેસતો હોય તેમ પૂછયું,

હા, એ મારા મોટાભાઈ પાર્થનો ફોટો છે. પ્રણવે એ જ ગંભીરતાથી કહ્યું, પછી ઉમેર્યું, એની સાથે કંઈ લવ-બવના લફરામાં તો નથીને અર્ચના?





હું હવે કોઈપણ વ્યક્તિ સાથે પ્રેમસબંધે બંધાઉ તેમાં તારે શું? તું પણ હવે ક્યાં મારે લાયક રહ્યો છે?

આ દુનિયામાં ક્યાં કોઈ કોઈને સાચી મહોબ્બત કરે છે! પ્રણવનું અટહાસ્ય કમરામાં ગૂંજી ઉઠ્યું.

કોઈની વાત જવા દે! તારી વાત કર. તેં ફકત મારી સાથે પ્રેમનું નાટક જ કર્યું છે ને?

આ દુનિયા ઉપર દરેક લોકો ક્યાં વાસ્તવિક જીવન જીવે છે. બધાં જાણે જીવન જીવવાનું નાટક જ કરતાં હોય છે. આજની રાત હું પણ તારી સાથે એક નાટકનો છેલ્લો અંક ભજવી લેવા માંગું છું.

પ્રણવ... એક નારી જ્યારે પુરુષને પ્રેમ કરવા લાગે છે ત્યારે તેના દેહનાં સમગ્ર કણોમાંથી તેનો પ્રેમ પ્રગટે છે, નારી માત્ર દેહસુખ માટે પુરુષને પ્રેમ નથી કરતી. પરંતુ સ્ત્રીનું વ્યક્તિત્વ જ પુરુષને ઝંખતું હોય છે, છતાં ય ત્યાં વાસના-કામવાસનાને સ્થાન નથી હોતું. અને પ્રણવ વાસના એ કંઈ ઈશ્વરે વિલાસ માટે નથી સર્જી પરંતુ એના દ્વારા મનુષ્યનો વંશવેલો ટકી રહે, તથા સ્ત્રી-પુરુષને પોતાનો પ્રેમ પ્રગટ કરવાની તક મળે એટલા માટે કામવાસનાનું સર્જન થયેલું છે. હવે આ દેહને હાથ લગાડવા તારે ફરી જન્મ લેવો પડે... અર્ચના એકીશ્વાસે બોલી.

હા... હા... હા.... અર્ચનાની વાત સાંભળી પ્રણવે કરેલું અટ્ટહાસ્ય એકાએક થંભી ગયું. પ્રણવનું હાસ્ય અટકી જતાં અર્ચનાએ પાછળ જોયું તો પાર્થ(આનંદ) હાથમાં રિવોલ્વર સાથે કમરાના દરવાજામાં ઉભો હતો. પ્રણવ બંને હાથ ઉપર ઉઠાવી ચૂપ થઈ ગયો હતો.

આનંદને જોતાં જ અર્ચના નારીસહજ ભૂલ કરી બેઠી. તેણે આનંદ તરફ દોટ મૂકી. આ તકનો લાભ લઈ પ્રણવે આનંદ પર હુમલો કર્યો. બંને વચ્ચે ઉગ્ર મારામારી જામી પડી. છેવટે આનંદના જોરદાર મુક્કાએ પ્રણવ એક બાજુ ફંગોળાયો. પ્રણવે નીચે પટકાતાં પોતાની કેડમાં છૂપાવી રાખેલ ધારદાર ખંજર ખેંચી તેને આનંદ તરફ ફેક્યું. અચાનક અર્ચનાની નજર એ બાજુ જતાં તે આનંદને બચાવવા દોડી. પૂરેપૂરી તાકાતથી ફેંકાયેલ ખંજરથી આનંદને બદલે અર્ચનાની છાતી વિંધાઈ ગઈ. અર્ચના ફસડાઈ પડી.

અર્ચનાના શરીરમાંથી વહેતું રક્ત જોઈ આનંદ ઉપર ઝનૂન સવાર થઈ ગયું. પ્રણય બેભાન થઈ ગયો ત્યાં સુધી આનંદે તેની ધોલાઈ કરી. પછી પોલીસને ફોન કરી પ્રણવને પોલીસને હવાલે કર્યો. પોલીસે પ્રણવ અને તેની આખી ગેંગ પકડી લીધી.

## ...૧૩...

સ્વાતિએ બદલી માગી લીધી હતી. મયુરને માઉન્ટ આબુની હોસ્ટેલમાં એડમિશન મળી જતાં તે ઠેકાણે પડી ગયો હતો. સ્વાતિએ જ્યાં બદલી માંગી હતી તે આશ્રમશાળા હતી. સાધુઓનું ટ્રસ્ટ આશ્રમશાળાનું સંચાલન કરતું હતું. આશ્રમશાળાનું આખું વાતાવરણ ગુરુકુળની યાદ આપતું હતું. આપણી પુરાણકથાઓમાં આવે છે એવી પધ્ધતિથી શિક્ષણ સાથે સંસ્કારનું પણ અહીંઘડતર થતું હતું. અહીં દરેક કામ વિદ્યાર્થીઓ જાતે કરવાં પડતાં. શિસ્ત એ આ શાળાની આગવી વિશિષ્ટતા હતી. એકથી સાત ધોરણની શાળામાં સ્વાતિ એકલી જ સ્ત્રી શિક્ષિકા હતી. છતાંય ફરજના પ્રથમ દિવસથી જ





સ્વાતિ શાળાના વિદ્યાર્થીઓ તથા શિક્ષકોમાં ભળી ગઈ હતી.

શાળાના મેદાનમાં ઉછેરેલાં લીમડાનાં વૃક્ષ શીતળતા સહિત હળુ હળું વાયરો ઢોળતાં હતાં. મેદાનની વચ્ચોવચ એક સુંદર મંદિર મેદાનની શોભામાં વધારો કરતું હતું. આશ્રમશાળાની બાજુમાં નારી સંસ્થા તરફથી ચાલતું કન્યાછાત્રાલય હતું. સ્વાતિને એ શાળામાં રહેવાની સગવડ મળી ગઈ હતી. સ્વાતિને આ સંસ્થા તથા સુંદર વાતાવરણ ખૂબ જ અનુકૂળ થઈ પડ્યાં.

ઘણીવાર સ્વાતિ એકલી પડતી ત્યારે ભૂતકાળમાં સરી પડતી. એકલતાના માહોલમાં તે પાર્થ, પંકજ, મયુર તથા તેની બા ની યાદ સતાવી જતી. આવી એકલતા નિવારવા તે નવરાશના સમયે પણ છાત્રાલયની વિદ્યાર્થીનીઓને ગીતો શીખવાડતી. આમેય સ્વાતિને ગીત-સંગીતમાં ખૂબ જ રસ હતો. ફાજલ મળતા સમયમાં સંગીતના વર્ગ ભરીને તેણે સંગીતની તાલીમ પણ મેળવી હતી. એકલતા ટાળવા સંગીતની આ તાલીમ સ્વાતિને ખૂબ જ ઉપયોગી થઈ પડી.

આશ્રમશાળાનો વહીવટ સુચારું અને સુપેર ચાલે તે માટે સાધુસમાજના બે સાધુઓ સંસ્થામાં જ નિવાસ કરતા હતાં. બેઉ સાધુ બ્રહ્મચારી હતા. એમના સાધુસમાજમાં બ્રહ્મચર્ય પાળવું ફરજિયાત હતું. બેઉ સાધુઓમાં જુવાન સાધુ શાળાના મુખ્ય શિક્ષક તરીકેની પણ ફરજ અદા કરતા હતા. સંસ્થાના મંદિરમાં સેવાપૂજાનો ભાર પણ આ સાધુઓને શીરે હતો.

શાળાનો સ્થાપના દિન નજીક આવતો હતો. દર વરસે શાળામાં સ્થાપના દિનની દબદબાભેર ઉજવણી કરવામાં આવતી હતી. સ્થાપના દિને આખો દિવસ વિવિધ કાર્યક્રમોથી ભરચક રહેતો. એક મહિના

અગાઉથી સ્થાપનાદિનની ઉજવણીની તૈયારીઓ આરંભાતી. આ વખતે ગરબા, નૃત્ય તથા સમૂહગીતો, પ્રાર્થના ગીત, સ્વાગત ગીત વગેરે તૈયાર કરાવવાનું સ્વાતિને સોંપવામાં આવ્યું હતું. રોજ બપોર પછીના સમયે સ્વાતિ ગાયન ટુકડીને પ્રાર્થના ગીત, સ્વાગત ગીતનું રિહર્સલ કરાવતી હતી. રોજના નિયમ મુજબ આજે પણ તે પ્રાર્થના ગીતનું રિહર્સલ કરાવી રહી હતી. પ્રાર્થના ગીતનો ઢાળ અને ગીતના શબ્દો સાંભળનારને કર્ણપ્રિય થઈ પડે એવા હતા.

''મોંઘેરા થઈને મારા મનમાં વસો,
મારા અંતરની અંતરને જગાવો હો નાથ,
મોંઘેરા થઈને મારા મનમાં વસો''

સ્વાતિએ ગીતનું મુખડું હલકભર્યા રાગે શરૂ કરી પ્રાર્થના ગીતમાં ભાગ લેનાર બાળકોને ગાવા કહ્યું. સુંદર કમરામાં કંઈક કામ અર્થે આવેલ યુવાન સાધુ મસ્તાનંદ પણ ગીતના ઢાળ અને માધુર્યથી જ્યાં ગીતની પ્રેક્ટીસ ચાલતી હતી ત્યાં ખેંચાઈ આવ્યા અને કમરાના બારણામાં ઉભા રહી, ગીતને માણવા લાગ્યા.

ગીતની પ્રેક્ટીસ પુરી થતાં સ્વાતિએ બાળકોને રજા આપી. ગાનારી ટુકડી ગયા પછી સ્વાતિ પણ પોતાની ઓરડી પર જવા બહાર નીકળી.

અભિનંદન! ખૂબ સુંદર... તમે તો ખરેખર ખૂબજ સારું ગાઈ શકો છો... જાણે લત્તામંગેશકર... સાધુ મસ્તાનંદના શબ્દો સ્વાતિના કાને પડ્યા.

સ્વાતિ તો પ્રથમ સ્ત્રી સહજ શરમાઈ ગઈ, શાળાના સંચાલક અને પાછા બ્રહ્મચારી સાધુ, એટલે સ્વાતિ જાણ ગભરાતી હોય તેમ





બોલી.

ગાવાનો મને શોખ છે.... અને તેથી જ... કંઈ નહી સાધુ મસ્તાન જાણે પગથિયાં ગોઠવતા હોય તેમ બોલ્યા ''જેટલો મધુરતા ભર્યો તમારો કંઠ છે એટલો જ મધુર અને સુંદર તમારો ચહેરો છે.''

સ્વાતિ... કંઈ પણ બોલ્યા સિવાય ચાલી ગઈ. કન્યા છાત્રાલયમાં એના ઓરડામાં પહોંચ્યા પછી એ એની પથારીમાં પડી. રાત આખી એને સાધુ મસ્તાનંદના પેલા શબ્દો પીડી રહ્યા.

''જેટલો સુંદર તમારો કંઠ છે, એટલા જ સુંદર તમે છો.''

આખી રાત સ્વાતિ પીડાતી રહી. ''જેણે સન્યાસ ગ્રહણ કર્યો છે, જે બ્રહ્મચર્યનું વ્રત પાળે છે એવા સાધુ વિશે વિચારતાં, સ્વાતિને હૈયાએ સાવલ પૂછયો, પરાયા જનની સેવા કાજે બ્રહ્મચારી સાધુ થઈ ગયેલા પુરુષ માટે આવું વિચારતાં તને શરમ નથી આવતી?''

સાધુ તો પછી છે. પ્રથમ તો મનુષ્ય છે ને? અને શાળાનું સંચાલન કરતા આ યુવાન બ્રહ્મચારી સાધુને પોતાની મોહજાળમાં લપેટી લેવાય તો? તો? તો? તો નો સ્વાતિ પાસે કોઈ જવાબ ન હતો. એના મને એને કહ્યું, ફટ, સ્વાતિ... પુરુષજાતના આટલા બધા અનુભવો મળ્યા પછી પણ હજી તારા મનને આટલા બધા ઓરતા શેના થાય છે? એક સાધુ, જેણે બીજા માનવો માટે પોતાની જાત અર્પિત કરી, બ્રહ્મચર્ય સ્વીકાર્યું છે તેને ચલિત કરી તને શું મળવાનું?

જે થાય તે... હું પણ એક સ્ત્રી છું... સાધુ સાથે પ્રણય ફાગ ખેલવાથી મારો પગાર તો વધશે જ ઉપરાંત આખી શાળામાં મારું વર્ચસ્વ રહેશે અને... વિચારતાં વિચારતાં સ્વાતિ મનોમન રોમાંચિત બની ગઈ.

ફટ... સ્વાતિ... તુ સ્ત્રી છે કે ડાકણ? તારે આ બધુ કોના માટે જોઈએ છે? માની લે કે કદાચ આ સાધુ તારી મોહજાળમાં ફસાઈને એની સાધુતા તજી દેશે તો તારો સમાજ તને શું કહેશે?

"સમાજ... કયો સમાજ?" સ્વાતિએ પડખુ ફેરવતા વિચાર્યું. સમાજને જે કહેવું હો તે કહે, કરવું હોય તે કરે આમેય હવે મારા માટે કોનું બંધન છે? મોટી બહેન કોઈકની સાથે ભાગી ગઈ, બા ગુજરી ગયા અને રહ્યો મયુર તે પણ જિંદગી જીવી લેશે એની રીતે...

એટલે, સ્વાતિ આ સાધુ સાથે તારે પ્રણય સબંધથી જોડાવું છે? મન બોલ્યું.

હા... હા... હા... સાધુ સુંદર છે... રૂપાળા છે... અને સન્યાસના ઓઠા હેઠળ અમારો પ્રણય... કહેવા દો દેહસબંધ પણ છૂપો રહેશે. સ્ત્રીને કોઈપણ પુરુષનો સહારો જોઈએ જ, કારણ કે

"ઈશ્વરે પુરુષની જમણી પાંસળીમાંથી સ્ત્રીનું સર્જન કર્યું. કારણ એ એની મદદગાર બની રહે. સ્વાતિ બાલિસ ને વિચાર્યા વગર તુ તારી જાતને પૂછ તેં પાર્થને પ્રેમ નહોતો કર્યો, એ બિચારો પ્રેમનો પ્રસ્તાવ લઈ લાગણી ભર્યો તારી પાસે દોડ્યો ત્યારે તને તારું કુટુંબ યાદ આવ્યું, એ લાગણીભર્યા, પ્રેમભર્યા પુરુષને તેં એ ઘડી ઠુકરાવ્યો અને હવે તું... સ્વાતિ..."

વિચારમાં ને વિચારમાં સ્વાતિ ઊંઘમાં સરી પડી. આખી રાત સ્વાતિ સાધુ મસ્તાનંદના શમણામાં રાચતી રહી.

સવારે જ્યારે છાત્રાલયની છોકરીઓને જગાડવાનો ઘંટ રણકયો ત્યારે સ્વાતિએ આંખ ખોલી. આંખ ખૂલતાં જ એના પટ ઉપર સાધુ મસ્તાનની તસ્વીર ઉપસી આવી.





સુંદર બ્રહ્મચર્યથી છલકતું યૌવન, મોં જાણે કૃષ્ણ કનૈયો, અને શ્યામ સુંદર મોં માંથી હાસ્ય વેરતા ધવલ દંત... આવું વિચારતાં સ્વાતિ શરમાઈ ગઈ, પથારીમાંથી ઉભાં થતાં વિચારી રહી કે,

"કદાચ સાધુ મસ્તાનંદ અમસ્તાજ મારા વખાણ કરતા હશે. કોઈ બ્રહ્મચારી સાધુ કોઈ સ્ત્રીને પ્રેમ કરી શકે ખરો?"

આ સવાલનો જવાબ સ્વાતિ પાસે તો શું પણ આખા જગતની કોઈપણ સ્ત્રી પાસે નહતો.

સ્વાતિ નાહી ધોઈ પરવારી રોજના નિયમ મુજબ મંદિરમાં પૂજા માટે ચાલી. મંદિરની લગોલગ આવતાં સ્વાતિને સાધુ મસ્તાનંદના શબ્દો સાંભર્યા, "જેટલો સુંદર અને મધુર કંઠ છે એટલાં જ તમે સુંદર છો"

સ્વાતિ વિચારતી વિચારતી મંદિરમાં ગઈ. ઘંટારવ કરી ફુલથી ભગવાનનું પૂજન કરી, અગરબત્તી સળગાવી, આંખો બંધ કરી નતમસ્તકે તે ભગવાનને વંદી રહી. પ્રસાદીનું ફુલ લઈને મંદિરમાંથી બહાર નીકળી.

"શી પ્રાર્થના કરી ભગવાનને?" સાધુ મસ્તાનંદનો અવાજ સંભળાયો.

બસ, નવી જિંદગી આપવા માટે ભગવાનનો આભાર માન્યો... સ્વાતિ નીચી નજરે બોલી.

કંઈ માંગ્યુ નહિ? સાધુ મસ્તાનંદે પૂછયું. કહે છે કે માણસને શેની જરૂર છે એની ભગવાનને ખબર હોય છે.

"પણ માણસને નથી હોતી ને?" સાધુ મસ્તાનંદ બોલ્યા.

"થોડા સમય પછી માણસને એની જાણ થઈ જાય છે." સ્વાતિએ

જવાબ આપ્યો.

વાતો સુંદર કરો છો! સાધુએ કહ્યું.

વાતો સાંભળનાર સુંદર હોય તો વાતો પણ સુંદર જ કરવી પડેને? કહી સ્વાતિ સાધુને વંદન કરી ચાલવા લાગી.

ઉભા રહો... સાધુ મસ્તાનંદે કહ્યું.

કહો...

બપોર પછી મળશો ને?

કંઈ કામ છે?

હા, પેલુ ગીત તમારા કંઠે સાંભળવું છે અને બને તો ટેઈપ પણ કરવું છે.

હા આવીશ... સ્વાતિ બોલી.

મંદિરમાં ''હા આવીશ'' ના પડઘા એ રીતે ગૂંજ્યા જાણે સાધુ અને સપતાન સંવાદ ન કરતા હોય!!!

નબળી નિશ્ચય શક્તિ અને પાંગળુ મન માણસને આડે રસ્તે દોરી જાય છે. આજ પ્રમાણે સાધુ મસ્તાનંદ અને સ્વાતિ એક મેકમાં રંગાઈ ગયાં. સાધુ મસ્તાનંદની કુટિર એ જ જાણે સ્વાતિનું બીજું ઘર બની ગઈ. સાધુ મસ્તાનંદ સામે આ બાબતે આંગળી પણ ચીંધી ન શકાય. કારણ કે એ આ આશ્રમ અને સંસ્થાના સર્વેસર્વા હતા.

કન્યા છાત્રાલયમાં સ્વાતિની જરૂર પડે તો એને શોધવા સાધુ મસ્તાનંદની કુટિરમાં સ્વાતિ મળી આવે. કહે છે કે પ્રેમ આંધળો છે અને જયારે પ્રેમ એવી વ્યક્તિ સાથે કરવામાં આવે કે એ સમાજની પ્રતિષ્ઠિત વ્યક્તિ હોય ત્યારે બદનામી વગર કશુંય મળતું નથી.





સંસ્થાના શિક્ષકો, વિદ્યાર્થીઓ ઉપરાંત સંસ્થામાં કામ કરનાર દરેક વ્યક્તિ અને ગામની વસ્તીમાં પણ સાધુ મસ્તાનંદ અને સ્વાતિની ચર્ચા થવા લાગી.

એક દિવસ...

સ્વાતિ, આપણી ચર્ચા ગામમાં ખૂબ જ થાય છે. સાધુ મસ્તાનંદે એમની મસ્તીમાં કહ્યું.

થવા દો... આપણા વર્તનથી માણસોને આનંદ આવતો હોય તો એમાં આપણે શું કરી શકીએ? સ્વાતિએ લાપરવાહીથી જવાબ આપ્યો.

પણ... આ ચર્ચા મંદિર અને સંસ્થાના ગાદીપતિ મહંત પાસે જશે તો મારું શું થશે?

આ વિચાર અત્યારે તમને આવે છે?

ઘણા સમયથી આવે છે પણ આજે વિચાર વ્યક્ત કરવાની ઈચ્છા થઈ.

મારી સાથે સબંધ વધારતાં પહેલાં આ વિચાર તમે ન હતો કર્યો? સ્વાતિએ પ્રશ્ન કર્યો.

સ્વાતિ તુ જાણે છે કે માણસ અને તેમાંય પુરુષ ખૂબ જ નબળુ મન ધરાવતો હોય છે. કારણકે પુરુષને ઈશ્વરે સ્ત્રીને હવાલે કરેલો છે ન જાણે કેમ, પણ તને જોયા પછી હું મારો સાધુ ધર્મ પણ વીસરી ગયો...

છોડો, એ બધી ચિંતાઓ, આ ક્ષણભંગુર જગત માટે, મારી વિતકકથાથી તમે અજાણ્યા નથી. હું એક તરછોડાયેલી અભાગી સ્ત્રી છું. આવો... આવો... આપણે મન ભરી, હૃદયના તાંતણે ગુંથાઈ

જાય એટલો પ્રેમ કરીએ...

ના, સ્વાતિ ના મારી આબરૂ મારી કારકિર્દી અને આ મારાં ભગવાં...

સાંભળી લો, સાધુ મસ્તાનંદ, આ બધાંનો વિચાર તમારે મારી સાથે સબંધ રાખતાં પહેલાં કરવો જોઈતો હતો, એટલે ઠીક છે કે, હું હજી તમારા સંતાનની કુંવારકા માતા નથી બની. પણ જો એ બન્યુ હોત તો... સ્વાતિ જાણે પોતે નહોતી બોલતી એની જીભમાં ભગવાં ધારણ કરી પાપ કર્મો આચરી તરછોડી દેવાયેલી સ્ત્રીઓના કકળતા આત્માઓ બોલતા હતા. સ્વાતિએ આગળ કહ્યું, આવો આવો, સાધુ મસ્તાનંદ, તમે આ ભગવાં છોડી દો, આવો આપણે બંને એક કુટુંબ બનાવીએ, એક સુખી અને કિલ્લોલ કરતું કુટુંબ....

ના, સ્વાતિ ના, એ હરગીઝ નહી બની શકે. હું હવે આ રસ્તેથી પાછો વળી જવા માંગું છું. આ સંસ્થા, સંસ્થાના બાળકો બધાં આપણી ચર્ચા કરે છે.

બધાં ચર્ચા કરે છે એટલે આપણે આપણા પ્રેમને..... સ્વાતિથી ડૂસકું મુકાઈ ગયું.

એમ હતાશ કે નિરાશ થવાની જરૂર નથી સ્વાતિ....

શબ્દોના દંભ થોડા.... મસ્તાનંદ... છેવટે તો તમે એક સ્ત્રીનો ઉપયોગ એજ કર્યો ને જે પંકજે કર્યો હતો?.... સ્વાતિથી ધ્રુસકે રડી જવાયું અને એ તરત ત્યાંથી નીકળી ગઈ.

દિન પ્રતિદિન સ્વાતિ ઉપર સાધુ મસ્તાનંદ સાથેના સબંધનું ટેન્શન વધવા માંડ્યું, ''ગાંડી થઈ છુ કે થઈ જઈશ'' એ પ્રકારે સ્વાતિ સાવ નંખાઈ ગઈ.





આ બાજુ સાધુ મસ્તાનંદને પણ એમની જમાતના પ્રમુખ બાવાનો આદેશ થયો.

''આ તમારો પ્રથમ ગુનો છે અને એટલે જ તમને માફી આપવામાં આવે છે, પણ આ બધુ આપણા સાધુપણાને શોભતું નથી માટે તરત જ સદર શિક્ષિકાની બદલી કરી દેવી અથવા છૂટી કરી દેવી''

વસંતઋતુ પુરબહારમાં ખીલી હતી. વેલેન્ટાઈન ડે ના દિવસો હતા. હજી કોયલનું કૂ... કૂ... પણ લીમડાની ડાળેથી કૂજ્યું હતું. પરીક્ષાઓ પુરી થવા આવી હતી. ઉનાળાની રજાઓ પડવા આડે માત્ર થોડા દિવસો બાકી હતા. સ્વાતિ મસ્તાનંદને તો શું પણ હવે મસ્તાનંદના પડછાયાથી પણ ડરતી હતી. કારણ કે જે કોયલના કૂ... કૂ... મા એને પ્રણયનાદ સંભળાતો હતો એ જ કોયલની કૂંજ એને કઠવા લાગી હતી.

શાળા શરૂ થઈ ગઈ, પ્રાર્થના ગીતો પણ ગવાઈ ગયાં શાળાના મુખ્ય શિક્ષકે સ્વાતિને ભજન ગાવા આગ્રહ કર્યો આમેય સ્વાતિ ગીત ગાવામાં માહેર હતી. એણે ભજન ઉપાડ્યું,

''જૂનું તો થયું રે દેવળ
જૂનું તો થયું, મારો હંસલો નાનો ને દેવળ...''

એ પુરું થતાં જ સ્વાતિ એ બીજુ ભજન ઉપાડ્યુ,

સુખ દુઃખ મનમાં ન આણીએ...

ભાવતરબોળ થઈ ગયાં સૌ બાળકો, શિક્ષકો અને સાધુ મસ્તાનંદ. પ્રાર્થના પુરી થઈ, સૌ બાળકો અને શિક્ષકો એમના વર્ગમાં ગયા, સાધુ મસ્તાનંદ પણ એમની કુટીર તરફ વળ્યા.

સ્વાતિ એના વર્ગમાં જતી હતી અને શાળાના મુખ્ય શિક્ષકે એને બોલાવી.

આવો, બહેન તમારા આવવાથી અમારી શાળાની ખૂબજ પ્રગતિ થઈ છે, બાળકોને તમે ગીત-સંગીતથી નવી દુનિયા દેખાડી છે. મારી શાળાના આ બાળકો હજી પણ એમ ઈચ્છે છે કે તમે આ શાળામાં રહો... પણ...

કેમ, અટકી ગયા સાહેબ...

પણ... સંચાલકોની ઈચ્છા છે કે, નવા સત્રથી તમારી બદલી કરવી...

સ્વાતિ હતાશ અને ઉદાસ થઈ ગઈ. પલભર તેને થયુ કે જગતના બધા જ પુરુષો તેની પાછળ પડી ગયા છે. અને જયાં તે જાય છે ત્યાં તેની સામે કાવતરાં કરતા રહે છે. સ્વાતિ કંઈ ન બોલી છતાં મોં ઉપર હાસ્ય છલકાવી બોલી,

કંઈ નહિ, સાહેબ, આમ તો મને અહિ સારું ફાવી ગયું હતું પણ હશે, કામ કરનાર મનુષ્યને તો અહીં કે બીજે ક્યાંક કામ જ કરવાનું છે ને?

ખોટું ન લગાડો તો એક વાત પૂછું? મુખ્ય શિક્ષકે પ્રશ્ન કર્યો.

પૂછો સાહેબ, તમે મારા વડીલ છો અને વડીલને દીકરીને પ્રશ્ન પૂછવાના ના હોય, એની પાસે જવાબ માગવાનો હોય. સ્વાતિ બોલી.

સ્વાતિ... તમારા અને સાધુ મસ્તાનંદના સબંધ વિશે ખૂબ ચર્ચાઓ મેં પણ સાંભળી છે, એનું કારણ....

કંઈ નહી સાહેબ, સ્ત્રી આખરે સ્ત્રી છે અને પુરુષ આખરે પુરુષ છે... મારા અને સાધુ મસ્તાનંદના સબંધ વિશે... રડી પડી સ્વાતિ





ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

આચાર્ય વડીલ હતા આખી વાત એમને સમજતાં વાર ન લાગી. પટાવાળા પાસે પાણી મંગાવી સ્વાતિને આપ્યું પછી કહ્યું,

"સ્વાતિ બહેન, આ જગત છે, આ કંઈ નાટકનો સ્ટેજ નથી. નાટક અને સિનેમામાં જે કંઈ દેખાય છે તે માત્ર અભિનય છે. આ જગત વાસ્તવિકતા છે, મેં તો આજદિન સુધી તમને કંઈ જ પણ કહ્યું નથી, તમારા વિશે સ્ટાફમાં પણ ચર્ચા થાય ત્યારે મેં મૂંગા રહેવાનું જ પસંદ કર્યું છે પણ જ્યારે હવે તમે નવા સત્રથી બીજી શાળામાં જવાના છો ત્યારે કહી દઉં કે આ બદલી થવાનું કારણ બીજું કશું નથી પણ તમારા અને સાધુ મસ્તાનંદના સબંધો છે."

શાળાનો સમય પુરો થતાં સાંજે સ્વાતિ સાધુ મસ્તાનંદને મળવા ગઈ. સાધુ મસ્તાનંદે સ્વાતિને આવકાર આપ્યો પણ પહેલાં જે ઉમળકો હતો, પહેલાં જે ઈન્તેઝારી હતી એવો નહિ. સ્વાતિ અને સાધુ મસ્તાનંદની પહેલાં જે મુલાકાતો થતી તે કુટિરમાં, એકાંતમાં અને આખો સમય પ્રણય ચેષ્ટા સહિત શરીર સુખ સુધીનો પહોંચતો, આજે સાધુએ સ્વાતિને મળવા માટે જે જગ્યા પસંદ કરી હતી તે કુટિરની બહાર લીમડા હેઠે, સ્વાતિની નજરમાં મુલાકાતનો આ ફેરફાર અછતો ન રહ્યો. લીમડાના એ વૃક્ષ નીચે સિમેન્ટના બે બાંકડા હતા. તેમાંથી એક પર ગોઠવાતાં સાધુ મસ્તાનંદ કહ્યું,

કેમ સ્વાતિ મઝામાં છે ને?

હા...

કંઈ કામ હતું?

હા...

શું કામ છે?

એ જ કે, મુખ્ય શિક્ષકે મારી બદલીની મને જાણ કરી છે.

સારું કહેવાય... બદલી થવાથી નવું જાણવા જોવાનું, નવા માણસોને મળવાનું તથા નવી પદ્ધતિથી કામ કરવાનું મળશે.

સ્વાતિને સાધુ મસ્તાનંદ ઉપર ચીઢ આવી ગઈ જે માણસ ગઈ કાલ સુધી મારી સાથે પ્રણયક્રિડા ખેલવા, પોતાની હવસ શાંત કરવા, પોતાનાં ભગવાં, બ્રહ્મચર્ય, સાધુ સમાજ બધુ જ ભૂલી ગયો હતો તે અચાનક પાછો દંભનો બૂરખો ઓઢી બધુ ફગાવી સાધુ પણ બની ગયો? સ્વાતિ કંઈ પણ ન બોલી એટલે સાધુ મસ્તાનંદ કહ્યું,

સ્વાતિ, આપણા બેનો સબંધ એક અકસ્માત જ છે. તુ પ્રેમ ભૂખી હતી અને મારામાં પુરુષ જેવી નબળાઈ હતી. આ કારણે જ હું મારાં ભગવાં ભૂલી ગયો અને તારી માયામાં લપેટાઈ ગયો. હજી સ્વાતિ મોડું નથી થયું. ભૂલી જા સઘળું અને તારા પાર્થને શોધી એની સાથે લગ્ન કરી લે.

હા, હું ભૂલી જઈશ, બધુ જ ભૂલી જઈશ. સાધુ તમે જાણો છો કે ભારતીય સ્ત્રી જ્યારે એનું સર્વસ્વ પુરુષને સોંપી દે છે ત્યારે એ જ એને મન દેવતા હોય છે... તમારાં ભગવાં ખાતર હું એક ભારતીય નારી બધુ ભૂલી જઈશ. પણ ભગવાન તમને કદી માફ નહિ કરે...

સ્વાતિ... મને માફ કરી દે... જગતની માયા છોડ્યા પછી તારા મોહમાં લપેટાયો એ જ મારો પ્રથમ ગુનો છે.

તમે જે દઢતાથી, જગત છોડી ભગવાં ધારણ કર્યા હતાં એ જ દઢતાથી તમે મને છોડી દેશો, પણ મારું શું થશે એ તમે કદી વિચાર્યું છે?





સ્વાતિ, આ આખુ જગત એ જ ચિંતાથી પીડાઈ રહ્યું છે, જગતમાં કોણ કોનું એ ખૂબ જટિલ અને જેનો જવાબ પણ મળવો મુશ્કેલ છે એવી વિટંબણાથી જગત પીડાઈ રહ્યું છે. મારી ભૂલ છે એની હું તારી પાસે ક્ષમા યાચું છું... ભૂલી જા... બધુ જ ભૂલી જા હું જાણું છું ભૂલી જવું કઠિન છે, પણ...

ભૂલી જઈશ... બધુ જ ભૂલી જઈશ... પણ હવે કદાચ આ દુનિયાના પુરુષોની મતલબી, સ્વાર્થી ચાલને કદી પણ નહીં ભૂલી શકું...

સ્વાતિ જા... સંધ્યાનાં ઝાંખા અજવાળાં આ કુટિરને અંધકારની ઓથમાં લઈ રહ્યા છે, કદાચ આપણી આ મુલાકાતને લોક બીજું કઈ પણ રૂપ આપે તે પહેલાં ચાલી જા.

સ્વાતિ કંઈ પણ બોલ્યા વગર ગળામાંથી સરી જતાં ડૂસકાંને દબાવી ચાલી ગઈ.

એ રાત્રે...

આખી રાત સ્વાતિ ઊંઘી શકી નહિ. પોતે પોતાની પ્રેમ તૃષ્ણા છીપાવવા પ્રેમજળ માનીને જ્યાં દોટ મૂકે છે પણ આખરે એ મૃગજળ નીકળે છે! પાર્થનો મારા પ્રત્યેનો પ્રેમ એ જ સાચો અને નિઃસ્વાર્થ પ્રેમ હતો. મેં એન્જિનિયરને પોતાનો માન્યો તો એ નજીવું કારણ આગળ ધરી ભાગી ગયો. સાધુ મસ્તાનંદે પોતાના ભગવાં આગળ ધરી... ભગવાં સાચવવા મને તરછોડી દીધી રે... રે... જગત સ્વાતિ ઓશિકામાં મોં છૂપાવી રડી પડી.

"પાર્થ, હે મારા પાર્થ હું આવું છું... જગતની આ મતલબી મોહજાળથી મારું હૈયું વ્યથિત થઈ ગયું છે, પાર્થ મારા પાર્થ તેં મને

કહ્યું હતું ને કે, સ્વાતિ તારું હૃદય કોઈ તોડી નાખે, આ ભર્યા ભર્યા જગતમાં તારું કોઈ ના રહે, ત્યારે મારી પાસે ચાલી આવજે મારા ઘર અને મારા દિલના બારણાં તારા માટે હંમેશા ઉઘાડાં છે.''

પણ પાર્થ તું છે ક્યાં? હું તને ક્યાં શોધું? સ્વાતિ તકિયામાં મોં છૂપાવી ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી.

...૧૪...

મોટા કસ્બા જેવા ગામની શાળામાં નવા સત્રથી સ્વાતિની નિમણૂંક થઈ હતી. ઉનાળાનું વેકેશન હોવાથી સ્વાતિ તેના ઘરે આણંદ આવી હતી. રજાઓ હોવાથી મયુર પણ હોસ્ટેલમાંથી ઘરે આવ્યો હતો.

ઉનાળાના આકરા તાપમાં બહાર જવા કરતાં બંને ભાઈ-બહેન ઘેર જ રહી વાંચનમાં, કે ગંજીપો રમવામાં સમય પસાર કરતાં હતાં. વચ્ચે વચ્ચે એકાદ દિવસ નજીકનાં સબંધીઓને ત્યાં પણ જઈ આવતાં.

કોઈ કોઈ વખત સ્વાતિને પાર્થ અને પંકજની યાદ આવી જતી. દગાખોર સાધુ મસ્તાનંદને તો એ ભૂલી જ નહોતી શકતી. ''પાર્થ ખોવાઈ ગયો, પંકજ સંસાર વસાવી દૂરના સ્થળે નોકરી કરવા ચાલ્યો ગયો, એની સાથે ભણતી સરખી સાહેલીઓ પણ લગ્ન કરી ઠરીઠામ થઈ ગઈ'' સ્વાતિ આવું બધું વિચારતી ત્યારે એનું મન ઉદાસ થઈ જતું. આજે સવાર સવારમાં જ સ્વાતિ ભૂતકાળમાં ડૂબી ગઈ. પછી જાણે બધું ખંખેરી નાખતી હોય એમ ''છેવટે તો એ બધા શમણાં જ ને! વિચારી ઘરનાં કામમાં પરોવાઈ ગઈ.''





નવ વાગ્યે 'ટપાલ' બૂમ પાડીને ટપાલીએ એક કવર ઓસરીમાં ફેંક્યું. સ્વાતિએ કવર હાથમાં લઈ અક્ષરો જોયા. અક્ષર તદ્દન અજાણ્યા હતા. સ્વાતિએ કવર ફોડ્યું. પત્ર વાંચતાં ક્ષણભર તો એ ખુશીથી ઝૂમી ઉઠી. પછી ઉદાસ થઈ ગઈ. પત્ર મુંબઈથી શેઠ દ્વારકાપ્રસાદે લખ્યો હતો. લખ્યું હતું કે ''બેટી, જેને શોધવા તું મુંબઈ આવી હતી તે અહીં જ છે. મેં તેને રોકી રાખ્યો છે. પત્ર મળે એટલે તરત તું અહીં આવી જા.''

પત્ર વાંચી સ્વાતિનું મન વિચાર ચગડોળે ચઢ્યું.

''હવે મુંબઈ જઈને પણ પાર્થને શું મોં બતાવું? અને મારે હવે પાર્થની શી પડી છે? નથી જવું મુંબઈ નથી જવું...''

રોજ રોજ તો તારા મનમંદિરમાં પાર્થની જ યાદ હોય છે અને હવે જ્યારે એની ભાળ મળી છે ત્યારે.... જા, સ્વાતિ પહોંચી જા... જીવનના પહેલા પ્રેમને તો કોઈ પણ વ્યક્તિ ભૂલી શકતી નથી... જા... મુંબઈ પહોંચી જા...

પણ... પણ... હું હવે પાર્થને લાયક ક્યાં રહી છું.

જા... પાર્થ તને માફ કરી દેશે, તારી સરખી વયની છોકરીઓ પણ સંસારમાં ઠરીઠામ થઈ ગઈ છે ત્યારે તું છેક હોઠ સુધી આવેલો પ્રેમનો પ્યાલો ઢોળી કેમ નાખે છે?

ના... ના... પાર્થને જો મારી લાગણી હોત તો એ પોતે જ મને શોધતો શોધતો આવ્યો હતો... હવે હું તો આમ જ જીવન વીતાવી દઈશ...

એ તારી આત્મછલના છે... તારાથી ઘડીભર પણ પુરુષ વગર રહી શકાયું છે? પાર્થ ગયો, તો પંકજ સાથે સબંધ વધાર્યો, પંકજ ગયો

તો સાધુ મસ્તાનંદ સાથે પ્રણયફાગ ખેલ્યા.... પછી તારાથી આ જિંદગી આમ જ જીવાશે?

તો શું કરું?

અભિમાન છોડ, પ્રભુ ઈસુએ કહ્યું છે, "તારા એક ગાલ પર કોઈ તમાચો મારે તો તું બીજો ગાલ ધરજે" અને મહાત્મા ગાંધીજીએ શું કહ્યું છે, "ના બોલે તેને બોલાવજે, ના આવે તેના ઘેર જજે, આ બધું એના ભલા માટે નહીં પણ તારા ભલા માટે કરજે" છેક મુંબઈ રહ્યાં રહ્યાં, દ્વારકાપ્રસાદ જેવા સજ્જન શેઠ તારી ચિંતા કરે છે. તને સમાચાર પહોંચાડે છે ત્યારે તારે મન તો તને એની કશી કિંમત જ નહીં?

મોટીબેન કોનો કાગળ છે? ઘરમાં પ્રવેશતાં જ મયુરે પૂછ્યું. ત્યારે સ્વાતિ તંદ્રામાંથી બહાર આવી.

આ પત્ર મુંબઈથી આવ્યો છે. તને ખબર છે ને, કે અમે મુંબઈ ગયા હતાં?

હા... તમે અને પંકજભાઈ ગયા હતાં એ જ ને?

હા, મુંબઈમાં અમે આ શેઠને ત્યાં રોકાયેલા એમનો પત્ર છે.

મોટીબેન મારે આજે પિક્ચર જોવા જવું છે...

કયું પિક્ચર છે?

'ઉધાર કા સિદુંર' તમે આવશો?

ના, હું નહીં આવું, તું જઈ આવ, કહી સ્વાતિએ મયુરને પૈસા આપ્યા પછી પૂછ્યું,

બપોરે જમવાનું શું કરીશ?





એ તો હું આવીને જમીશ... કહી મયુર શહેર તરફ ચાલતો થયો.

ઘરનું કામ પતાવી, સ્વાતિ ફળિયામાં નીકળી. ઘણા દિવસે સ્વાતિને ફળિયામાં નીકળેલી જોઈ ફળિયાની સ્ત્રીઓ જાણે કોઈક નવતર પ્રાણીને જોતી હોય તેમ કુતુહલતાથી સ્વાતિને જોવા લાગી. પંકજ અને સ્વાતિના સબંધ વિશે ફળિયામાં અને ખાસ કરીને સ્ત્રી વર્ગમાં જાતજાતની અફવાઓ અને અટકળો ફેલાઈ હતી. પણ છેવટે પંકજ લગ્ન કરીને બહાર રહેવા ચાલ્યો ગયો એટલે એ અફવાઓ, અફવાઓ જ રહેવા પામી હતી.

સ્વાતિ, ઔપચારિક રીતે બધાં ને મળતી મળતી શીલાના ઘરે આવી. શીલાના ઘરની સામે જ પાર્થ રહેતો હતો. એ મકાન હતું. સ્વાતિની નજર એ મકાન પર પડી. બારણાને તાળું મારેલું હતું. બગીચો સાવ નિર્જન દશામાં આવી ગયો હતો. સ્વાતિના ગળામાંથી એક નિશ્વાસ સરી પડ્યો. પાર્થનું મકાન જાણે સ્વાતિને કહેતું હતું,

"જો હું તારા શમણાનું ઘર હતું! તારે લીધે થયેલી મારી આ દશા જો" સ્વાતિએ પાર્થના મકાન તરફથી નજર હટાવી લીધી. અને શીલાના આંગણામાં પ્રવેશી.

ઓહો... આવ, આવ, સ્વાતિ... ઘણાં દિવસે... આજે સૂરજ પશ્ચિમમાં કેમનો ઉગ્યો? શીલાએ કહ્યું.

શીલા કેમ છે? મઝામાં છે ને? સ્વાતિએ મંદમંદ સ્મિત વેરતાં કહ્યું.

લાગે છે કે, જવાનીમાં હવે પ્રોઢતા આવતી જાય છે. શીલાએ હસતાં હસતાં કહ્યું, પછી ઉમેર્યું, "તું તો બસ બધું ભૂલી જ ગઈ લાગી

છે?''

ભૂલી નથી ગઈ. ભૂલી જવું પડ્યું છે.... સ્વાતિના મોં ઉપર ઉદાસીનતાનો ઓછાયો છવાયો.

સ્વાતિ, હવે લગ્ન કરી લે અને ઠેકાણે પડી જા...

શીલા, થાય છે કે, જાણે હવે હું આમ જ જીંદગી જીવી લઉં, લગ્ન અને સંસારના મને હવે ઝાઝા અભરખા નથી.

અરે, તને મળ્યાના આનંદમાં હું તો તને ચા નું કહેવાનું જ ભૂલી ગઈ.

ચા ની જરૂર નથી. કેમ, બા-બાપુજી નથી કે શું?

એ ગયાં છે બહાર, સાંજે આવશે, લ્યે, બેસ હું ચા કરી લાવું.

કહ્યું ને ભૈ, ચા ની જરૂર નથી. બેસ આપણે વાતો કરીએ પછી સૌ જોયું જશે.

શીલા, સ્વાતિની પાસે બેઠી. પછી બોલી, ''તારે ચા પીધા વગર તો અહીંથી જવાનું જ નથી હોં...''

હા... હા... નહીં જાઉં બસ...

સ્વાતિ, એક વાત પૂછું? ખોટું તો નહીં લાગે ને?

પૂછ ને? તું નહીં પૂછે તો કોણ પૂછશે? શીલા, હવે તો હું વોટરપ્રુફની જેમ દુઃખપ્રુફ થઈ ગઈ છું. મને હવે ક્યાંય જરાય ખોટું નથી લાગતું.

તારી અને પંકજની વચ્ચે શું બન્યું હતું?

બનવાનું તો શું હતું, હું અને પંકજ પાર્થની શોધમાં મુંબઈ ગયાં હતાં... કહીને સ્વાતિએ બનેલી સઘળી હકીકત શીલાને કહી.





મક્કાર... ઢોંગી... શીલાએ ઉદ્‌ગાર કાઢ્યા.

શીલા, મને થાય છે કે, પુરુષો આપણને શું સમજતા હશે? એમની વાસનાપૂર્તિ કરવાનું સાધન જ ને?

તને એવો અનુભવ તો નથી થયો ને? શીલા પૂછી બેઠી.

પાર્થ અને પંકજ તરફથી તો નહીં જ...

તો હજી કોઈ ત્રીજો પુરુષ છે?

હા, છે હતો, એક સાધુ! સાધુ મસ્તાનંદ. અહીંથી મેં બદલી માંગી હતી તેની તને ખબર છે ને?

હં... અં...

અહીંથી મેં બદલી માગી, એ મારી પહેલી ભૂલ, બીજી ભૂલ ત્યાં નોકરી કરતાં કરતાં સાધુ મસ્તાનંદ સાથે લફરું કરીને કરી. અને ત્રીજી ભૂલ મેં સાધુ મસ્તાનંદ સાથે શરીરસબંધ બાંધીને કરી. કહ્યા પછી સ્વાતિએ સાધુ મસ્તાનંદ સાથે સબંધો કેવી રીતે વિકસ્યા અને એનું પરિણામ કેવું આવ્યું આ બધી જ વાત તેણે શીલાને અતઃઈતિ સુધી કહી સંભળાવી.

સ્વાતિની આખી વાત સાંભળ્યા પછી, શીલા થોડીવાર સુધી કંઈ ન બોલી. પછી કહ્યું, ''સ્વાતિ તારી વાત સાંભળ્યા પછી લાગે છે કે તારે જલ્દી લગ્ન કરી નાખવાં જોઈએ તું કદાચ પુરુષના સહારા વગર નહીં જીવી શકે.''

શીલા, તારી વાત તો મને સાચી લાગે છે. પણ દૈહિકસુખ શું છે તેનો ય મેં અનુભવ કરી લીધો છે. અને કવિઓ જેને પ્રેમની લાગણી, વફા, સબંધ, પારકાં, પોતાનાં વગેરે કહે છે. એનોય અનુભવ મેં મેળવી લીધો છે. મને તો શીલા થાય છે કે, જાણે આ આખું જગત

છોડી દઈ ક્યાંક જંગલમાં ચાલી જાઉં. જ્યાં જ્યાં મેં સાચો, નિઃસ્વાર્થ પ્રેમ શોધ્યો ત્યાં ત્યા મને બાહ્ય પ્રેમાડંબર અને સ્વાર્થ મળ્યો. સ્વાતિની આંખોમાંથી અશ્રુનાં બે ટીપાં ગાલ પર દડી આવ્યાં.

શીલા ઉભી થઈ અને પાણીનો પ્યાલો લાવી, સ્વાતિને આપતાં પૂછ્યું, ‘‘પાર્થ માટે તારું શું ધારવું છે?’’

શીલા, પાર્થ મહાન હતો, એનો મારા પ્રત્યેનો પ્રેમ હિમાલય કરતાંય ઉંચો હતો. પણ મેં ગાંડીએ એનો ઈન્કાર કર્યો, અને એ વખતે સમય અને સંજોગો પણ... માનો કે હજુય પાર્થ મને ચાહતો હોય, મારા માટે તડપતો હોય... પણ... પણ... પણ.... શું? કેમ અટકી ગઈ.

શીલા, હું હવે પાર્થને લાયક નથી રહી. મેં પાર્થને દગો કર્યો છે, પાર્થના પ્રેમને મેં મારી જાત અન્યની બાહોંમાં સોંપી વાસનાની ખીણમાં ગબડાવી દીધો છે... સ્વાતિથી ડૂસકું મૂકાઈ ગયું.

છાની રહી જા મારી બહેન, આમ રડ્યે જીંદગી વ્યતિત નથી થતી જો સાંભળ ‘‘સંપૂર્ણ બાઈબલ’’ પ્રેમ વિશે શું કહે છે. ‘‘પ્રેમ સહિષ્ણુ હોય છે, પ્રેમ કોઈની ઈર્ષા કરતો નથી, પ્રેમ કદી બડાશ મારતો નથી, કે અભિમાન કે ઉધ્ધત બનતો નથી, સ્વાર્થ સાધતો નથી કે ચીડાતો નથી. પારકાના અપરાધને ગણ ગણ કરતો નથી, અધર્મમાં આનંદ લેતો નથી, પણ સત્યમાં રાચે છે પ્રેમ સૌને સહી લે છે, સૌમાં વિશ્વાસ રાખે છે, સૌને વિશે આશા સેવે છે, કદી ધીરજ હારતો નથી’’ કહીને શીલાએ ઉમેર્યું, સાંભળ્યું ને સ્વાતિ? પ્રેમ કદી ધીરજ હારતો નથી. એટલે કે નિરાશ થતો નથી, પાર્થના હૈયામાં તારા માટે સાચો પ્રેમ હશે તો એ તને જરૂર માફ કરી દેશે, ધીરજ રાખ...



શીલા હજી મારું અંતર મને કોરી ખાય છે, થયા કરે છે કે મેં પાર્થની સાથે બેવફાઈ કરીને ભયંકર ભૂલ કરી છે, હું પાર્થને લાયક નથી રહી.

છોડ હવે એ બધી વાતો અને ભૂલી જા એ પાછલી જીંદગી અને નિર્ણય કરી દે કે આજથી જે મારું છે એ મારું નથી, પાર્થનું છે. તેં જે નિખાલસતાથી મને વાત કરી એવી જ નિખાલસતાથી પાર્થને બધી વાત કરી દેજે. લ્યે ચાલ હવે હું ચા કરી લાવું...

ચા લઈ શીલા પાછી આવી. સ્વાતિના હાથમાં ચા નો કપ મૂકતાં શીલાએ પૂછ્યું,

સ્વાતિ, પાર્થના કંઈ સમાચાર?

પાર્થ મુંબઈમાં જ છે.

તો, તું અને પંકજ મુંબઈ ગયાં ત્યારે એ તમને મળ્યો કેમ નહિ?

મળ્યો તો હતો જ પણ એ અમને ઓળખી શક્યો નહિ. પછી મેં જાણ્યું કે, માથામાં કંઈક વાગવાથી એ એની યાદદાસ્ત ગુમાવી બેઠો છે.

તો, તો પછી પાર્થ મુંબઈમાં હોય કે, ના હોય, એનાથી શું ફેર પડવાનો? કારણ કે, જેની યાદદાસ્ત જ નથી એ તને કેવી રીતે ઓળખી શકવાનો? શીલાએ કહ્યું

શીલા પાર્થની યાદદાસ્ત પાછી આવી છે કે કેમ એ હું નથી જાણતી. પરંતુ આજે મુંબઈથી શેઠ દ્વારકાપ્રસાદનો પત્ર આવ્યો છે. પત્રમાં પાર્થ વિશે તેમણે માહિતી પાઠવી છે.

તો તું ક્યારે મુંબઈ જાય છે?

મુંબઈ જવાની ઈચ્છા નથી. કારણ કે હું મુંબઈ જાઉં અને પાર્થ

મને ના ઓળખી શકે તો?

પાર્થ તને ઓળખે કે ન ઓળખે એ અલગ વાત છે. પણ મારું તો એવું કહેવું છે કે તું એક વખત મુંબઈ જઈ જ આવ.

પણ હું એકલી?

તું એકલી કેમ? હું પણ તારી સાથે આવીશ. ઉનાળાનું વેકેશન ચાલે છે એ બહાને થોડું ફરી પણ લેવાશે.

તો ક્યારે નીકળવું છે?

તું કહે ત્યારે શીલાએ સ્વાતિ પર નિર્ણય છોડ્યો.

તું આજે તારાં બા-બાપુજીને મળીને, પૂછી જો, તારાં બા-બાપુજી "હા" પાડે તો મને કહી જજે. જેથી મુંબઈ પત્ર લખી શકાય. કહી સ્વાતિ ઉભી થઈ.

સારું આવજે... ચિંતા ન કરતી ઈશ્વર સદાય આપણી સાથે અને પાસે જ હોય છે અને અહીં આવતી-જતી હોય તો કેવું સારું... ઘરમાં એકલાં કંટાળો નથી આવતો?

કંટાળી તો જવાય છે, પણ ઘરનાં કામ, વાંચન અને મયુર સાથે ગંજીપો ખેલવામાં સમય પસાર થઈ જાય છે. સમાચાર મોકલવાનું ભૂલતી નહિં.

હાં... આવજે...

સ્વાતી શીલાના ઘેરથી પાછી ફરતી હતી ત્યાં રસ્તામાં જ પંકજ અને તેની પત્ની સામાં મળ્યાં. સ્વાતિએ એક નજર એમના તરફ નાખી મોં ફેરવી લીધું પછી ઝપાટાબંધ પોતાના ઘર તરફ ચાલી.

સ્વાતિ ઘરનું રાચરચીલું વ્યવસ્થિત કરવા લાગી. ઘણા વખતથી





ઘરનો સરસામાન ખસેડાયો ન હતો. સ્હેજ નવરાશ મળતાં જ સ્વાતિનું મન ભૂતકાળમાં ઘૂમરીઓ ખાવા લાગતું. પરિણામે સ્વાતિને સ્હેજ પણ નવરાશ ગમતી નહી. ઉપરાંત કદાચ મુંબઈ જવું પડે તો પાછાં ક્યારે આવી શકાય એ પણ નક્કી ન હતું. ઉપરાંત ઘર વ્યવસ્થિત કરી, રજાઓ પૂરી થતાં કોઈક ને મકાન ભાડે આપી દેવાનો પણ સ્વાતિનો વિચાર હતો તેથી શીલાને ત્યાંથી આવીને સ્વાતિ ઘરનું રાચરચીલું વ્યવસ્થિત કરવાનાં કામમાં લાગી ગઈ.

ઘરમાં ગોઠવાયેલો સામાન, રાચરચીલું તથા લોખંડની પેટીઓ વ્યવસ્થિત ગોઠવતાં, સ્વાતિને લોખંડની પેટીઓમાંનો સામાન જોઈ લેવાની ઈચ્છા થઈ આવી. તેણે એક લોખંડની પેટી ઉઘાડી. પેટીમાં જુનાં પુસ્તકો, લાકડાં તથા કાચના નકશી કામના નમૂનાઓ વગેરે હતાં. સ્વાતિએ એ બધી જ ચીજો બહાર કાઢી સાફ કરી, ફરી પાછી પેટીમાં વ્યવસ્થિત ગોઠવી પેટી બંધ કરી.

"કદાચ આ બધું મારા પિતાજી જીવતા હશે ત્યારનું હશે" વિચારતાં સ્વાતિએ બીજી પેટી ખોલી. એમાં હિસાબના ચોપડા, ડાયરીઓ તથા અગત્યના કાગળો હતાં. સ્વાતિએ બધું જ બહાર કાઢી ફરી પાછું પેટીમાં વ્યવસ્થિત ગોઠવી દીધું. અને બંને પેટીઓ અભરાઈ પર ચઢાવી દીધી. પછી સાવરણી લેવા પાછી વળી ત્યારે તેની નજર બહાર રહી ગયેલી એક ડાયરી પર પડી. સ્વાતિએ ડાયરી હાથમાં લઈ ખોલી. એ ડાયરી તેના બાપુજીની રોજનીશી હતી. સાવરણી બાજુ પર મૂકી સ્વાતિ ડાયરી વાંચવા લાગી. ડાયરી વાંચતા વાંચતા સ્વાતિ તેના પિતાજીના મરણના ત્રણેક દિવસ પહેલાં લખાયેલી નોંધ સુધી આવી ગઈ, સ્વાતિના પિતાએ તેમના મરણના ત્રણ દિવસ પહેલાં જે નોંધ ટપકાવી હતી એ વાંચીને સ્વાતિ સ્તબ્ધ થઈ ગઈ. સ્વાતિના

બાપુજીએ લખ્યું હતું.

"હવે, મને મારા જીવનનો ભરોસો નથી લાગતો, થાય છે કે મારા પછી આ કુટુંબનું શું થશે? આ ચિંતા લઈને જ મારે વિદાય થવું પડે છે. ભગવાને જીવનમાં મને ઘણું આપ્યું છે, છતાંય સંતાનોને કારણે મારે ઘણું સહન કરવું પડ્યું છે. અત્યારે એ મારી પ્રથમ પુત્રી અહીં હોત તો એનાં બાળકોને જોઈને હું કેવો આનંદિત થાત! સ્વાતિ મારી ત્રીજી પુત્રી હોવા છતાં તેણે મને સુખ અને સાંત્વના આપ્યા છે.

મારી એ પ્રથમ અને લાડકી દીકરી જ્યાં હોય ત્યાં, પ્રભુ તુ એને સાચવજે. હું મારી એ દીકરી અને એની માને મુંબઈમાં છોડી દઈને આવ્યો ત્યારથી મારા હૈયાના ખૂણે એક છાનો વલોપાત મને કોરી ખાય છે. જો કે, એની માએ એને ઉછેરી તો હશે જ. પણ મારા આ અંતિમ દિવસોમાં અર્ચના અહીં હાજર હોત તો જે ખોટ સ્વાતિ કરતાં મારી મોટી દીકરી અમને છોડીને ભાગી ગઈ એની ખોટ જે મને સાલે છે એ તો ન સાલત? પણ ભાર્ગવ કુટુંબ સારું છે, મારી દીકરી અર્ચનાને તેઓ દુઃખ નહીં પડવા દે. સ્વાતિ અને મયુર ભણી રહે ત્યાં સુધીની નાણાંકિય વ્યવસ્થા ગોઠવતો જાઉં છું. ભગવાન સૌનું ભલું કરે"

સ્વાતિ નોંધ વાંચી વિચારમાં પડી ગઈ. તેના મનમાં તો થોડો આનંદ થયો અને દુઃખ પણ થયું. આનંદ એ વાતે કે "મારી એક બહેન મુંબઈમાં પણ છે, પિતાજીના આગલા લગ્નનું ફળ.... મુંબઈના ભાર્ગવ કુટુંબમાં" દુઃખ એ વાતનું હતું કે પિતાજી હયાત ન હતા, હતી માત્ર એમની નોંધ.

સ્વાતિએ હવે મુંબઈ જવાનો પાકો નિર્ધાર કરી દીધો. મનમાં





થયું, "અર્ચનાને શોધી કાઢીને કહીશ, તું મારી બહેન છે, મારા પિતાજીનું સંતાન છે, ભગવાન, આભાર તારો, એક બહેન ઘર છોડી ભાગી ગઈ તો તેં મને બીજી બહેન આપી."

સ્વાતિએ ડાયરીમાંથી અર્ચનાને લગતી બધી વિગતોની અલગ નોંધ કરી લીધી અને જો કદાચ અર્ચના મળી જાય તો તેના મનના સમાધાન માટે પિતાજીની ડાયરી પણ સાથે લઈ જવી એમ વિચાર્યું. આખરે, આખું ઘર વ્યવસ્થિત કરી, સ્નાન કરી સ્વાતિ રસોડામાં જઈ રસોઈના કામમાં ગૂંથાઈ ગઈ.

બીજા દિવસે સવાર સવારમાં જ શીલા સ્વાતિના ઘેર આવી. મયુર બહાર બેસીને છાપુ વાંચતો હતો. તેને શીલાએ પૂછયું,

મયુર, સ્વાતિ છે?

હા, શીલાદીદી, બહેન ઘરમાં જ છે. કહી મયુર પાછો છાપામાં ખોવાઈ ગયો.

આવ, આવ, શીલા... બેસ.

ના, બેસવા નથી આવી. ઘેર ઘણું કામ બાકી છે, પણ હું એમ કહેવા આવી હતી કે, પપ્પા-મમ્મીએ તારી સાથે મુંબઈ આવવાની મને રજા આપી છે.

તો એમ કરીએ, હું આજે મુંબઈ પત્ર લખું છું, એ લગભગ બે દિવસ પછી મળશે, એટલે આપણે બે દિવસ પછી મુંબઈ જવા નીકળીએ.

જોને આજે મંગળવાર છે, એટલે બુધ, ગુરુ અને શુક્રવારે સવારે નીકળીએ. ચાલ ત્યારે હું જાઉં.

શીલા, ચ્હા તૈયાર છે, પીને જ જા કહી સ્વાતિએ શીલાને ચ્હા

આપી. શીલા ચ્હા પીને વિદાય થઈ ગઈ.

શીલાના ગયા પછી મયુર અને સ્વાતિએ ચ્હા-નાસ્તો પતાવ્યો. સ્વાતિએ મયુરને પોતે શુક્રવારે મુંબઈ જવાની છે એ વાત કરી. એટલે મયુરે કહ્યું,

બહેન તમે મુંબઈ જઈ આવો. ત્યાં સુધી હું પણ મામાના ઘેર જઈ આવું, ગામડામાં આ મોસમમાં કેરી અને રાયણ ખાવાની તથા ખેતરોમાં ફરવાની પણ મઝા આવશે.

મયુર, તુ જા હવે નાહી-ધોઈ લે ત્યાં સુધી હું એક પત્ર લખું છું તે તું જાય ત્યારે ટપાલ કરવા લેતો જજે.

સ્વાતિએ, શેઠ દ્વારકાપ્રસાદને પત્ર લખ્યો. લખ્યું કે, "અમે બે જણ શુક્રવારે સવારની ગાડીમાં મુંબઈ આવવા નીકળીએ છીએ. આ વખતે પણ ગયા વખતની જેમ એક ગૂંચવાડો લઈને આવું છું." પછી પત્રમાં અર્ચના વિશે બધી વાત લખી અને જણાવ્યું કે બની શકે તો અમારા આવવા પહેલાં અર્ચના વિશે તપાસ કરી રાખશો કારણ કે એ અમારી વરસોથી વિખૂટી પડેલી બહેન છે.

પત્ર લખી કવરમાં નાખી, સરનામું કરી પત્ર તેણે મયુરને આપ્યો. મયુર પત્ર લઈને ટપાલ કરવા નીકળી પડ્યો.

નાહી-ધોઈ પરવારી, રસોઈ કરી સ્વાતિ છાપું વાંચવા બેઠી ત્યાં સુધીમાં મયુર પણ આવી ગયો. બંનેએ સાથે જમી લીધું.

ઉનાળાનો સમય એટલે જાણે ચારેબાજુથી ધગધગતી ગરમીની ભઠ્ઠીમાં ભૂંજાવાનો સમય! આકાશમાંથી જાણે અગ્નિ જ વરસતો લાગે! માણસ તો શું પણ પશુ-પંખી, ઝાડ-પાન પણ ગરમીથી ત્રાહિમામ પોકારી જાય. બપોરના સમયે સ્વાતિ અને મયુર તો શું પણ ફળિયાનાં





કોઈ પણ જણ નજરે ના ચઢે. સૌ સૌના ઘરમાં કાં તો વાંચતા હોય, ઉંઘતા હોય કે ઘરાઉ રમતો રમતાં હોય.

આજે સ્વાતિના હૈયામાં આનંદ હતો કારણ કે એની બધી વિટંબણાઓનો અંત હાથવેંતમાં હતો.

ગુરુવારે સવારે જ મયુર મામાને ત્યાં જવા રવાના થઈ ગયો. સ્વાતિએ મનોમન ગણતરી કરી, આખા ઘરનો સામાન વ્યવસ્થિત ગોઠવી દીધો. સાંજે છ વાગ્યે નક્કી કર્યા મુજબ શીલા પણ જોઈતી ચીજવસ્તુઓનો થેલો લઈ સ્વાતિના ઘરે આવી ગઈ. રાત આખી મુંબઈના વિચારોમાં જ વીતી ગઈ. સવારે સ્વાતિ અને શીલા મુંબઈ જતી ગાડીમાં ગોઠવાયાં ત્યારે સૂરજ પૂર્વના આકાશમાં ડોકિયું કરી રહ્યો હતો.

## ...૧૫...

પ્રણવને લઈ પોલીસ વિદાય થઈ ગઈ. રહી ગયો પાર્થ એકલો. અર્ચનાની લાશ પાસે. અર્ચનાના દેહ ઉપર બીજા માટે બલિદાન આપવાની ક્રાંતિનું ઓજશ હજી પણ પથરાઈ રહ્યું હતું. અર્ચનાના મુખ ઉપર એક આભા શહીદીની આભા ઝગમગતી હતી.

પાર્થે ભગવાનનો મનોમન આભાર માન્યો. નહિ તો એ આ રસ્તે આવત પણ નહિ અને અર્ચનાને શોધી પણ ન શકત! જશલોક હોસ્પિટલેથી પાર્થ ભાર્ગવ એપાર્ટમેન્ટ ગયો પણ એપાર્ટમેન્ટમાં જીવ ન લાગતાં એ એમ જ ફરવા નીકળી પડ્યો, ફરતો-ફરતો, પાર્થ એ જગ્યાએ આવી ચડ્યો જ્યાં એના માથા ઉપર કોઈકે લાકડી ફટકારી

હતી. એ જગ્યા સાવ નિર્જન તો નહી પણ ભાગ્યે કોઈક માણસ ત્યાં ફરકતો. ત્યાં થઈને એક કાચો રસ્તો રણજીતના ગામ તરફ જતો હતો. નાના મોટા ડુંગરા જેવી જગ્યા હતી. ત્યાં સંધ્યાટાણે પ્રેમી યુગલો એકબીજાને મળવા એનો ઉપયોગ કરતાં.

પાર્થ જ્યારે એ જગ્યાએ આવ્યો ત્યારે તેના હૈયામાં સવાલ ઉઠ્યો.

"મારી સાથે આજ જગ્યાએ અર્ચના હતી તો એ ક્યાં ગઈ હશે?"

આમેય પાર્થ અવલોકન વિદ્યામાં પારંગત હતો. એણે ઝીણવટથી આજુબાજુની જગ્યાનું અવલોકન કરવા માંડ્યુ. પાર્થની નજરમાં આવ્યું કે, કાચા રસ્તાની ઉપલી ધારે મોટર-કાર ઉભા રહ્યાનો તથા કેટલાક માણસો કોઈ વસ્તુ ઢસડીને ખેંચી ગયા હોય તેવા નિશાન જણાયાં.

પાર્થ, કંઈ પણ વિચાર્યા વગર, અનાયાસે એ દિશામાં ચાલવા લાગ્યો. વિચારોની ધૂનમાં અને કાવ્યપંક્તિઓ ગોઠવતો પાર્થ સાવ ખંડેર થઈ ગયેલા કિલ્લા પાસે આવી લાગ્યો.

"ઈમારત ચણનારા જરા વિચાર તો કરો,
થૈ જશે ખંડેર ઈમારત, જરા દરકાર તો કરો"

પ્રકૃતિનો ચાહક હોવાથી, સહજપણે પાર્થને આ ખંડેર થઈ ગયેલો કિલ્લો જોવાની ઈચ્છા થઈ ગઈ. તે કિલ્લામાં પ્રવેશ્યો અને કિલ્લાની બાંધણી, કલાકારીગીરી નિહાળવા લાગ્યો.

અચાનક પાર્થ ઉપર બે માણસોએ હુમલો કર્યો. પાર્થ આમેય સશક્ત હતો. તેણે બેઉને ભોંય ઉપર ઢાળી દીધા પછી બેઉને એમની જ બંદૂકના કૂંદા મારી બેહોંશ કરી દીધા. બેઉનાં ગજવાં તપાસતાં



એના હાથમાં રિવોલ્વર આવી. એ લઈ પાર્થ કિલ્લાના ગુફા જેવા દેખાતા બારણાંમાં પ્રવેશ્યો.

પાર્થે સ્વપ્નમાંય નહોતું વિચાર્યું એવું દૃશ્ય તેને જોવા મળ્યું. ઠેર-ઠેર લાકડાના પાર્સલો, વિદેશી શરાબની બોટલો વગેરે ખડકાયેલું હતું. પાર્થને સમજતાં વાર ન લાગી કે તે અનાયાસે જ કોઈ દાણ ચોરોના અડ્ડામાં આવી ગયો છે. છેક છેલ્લા પગથિયા ઉભા રહી તેણે સામેના વિશાળ ચોકમાં નજર નાખી. આખા નિર્જન કિલ્લામાં જાણે કોઈ ન હોય તેમ જણાતું હતું.

સંધ્યા ઢળવા આવી હોવાથી ભયસૂચક અલાર્મ બંધ કરવામાં આવ્યાં હતા. પાર્થ ધીમા પગલે આગળ વધ્યો.

પાસેના કમરામાંથી સ્ત્રી-પુરુષની વાતચીતનો અવાજ સંભળાતાં તે ધીમેથી કમરાના દરવાજા તરફ ગયો. પ્રણવ અને પેલી સ્ત્રી સફાળાં ચેતી ગયાં. મારા મારીને અંતે પોલીસ આવીને પ્રણવને લઈ ગઈ. અર્ચના પાર્થને બચાવવા જતાં ગોળી વાગવાથી મરી ગઈ.

પાર્થ વિચારતો રહ્યો કે, પોતે તો ફરવા નીકળ્યો હતો છતાં ઈશ્વરે તેના હાથે કેવું સારું કામ કરાવ્યું.

અર્ચના હવે આ દુનિયામાં ન હતી. પ્રણવ પોલીસને સોંપાઈ ગયો હતો. હવે મુંબઈ જેવી મહાનગરીમાં પોતાને કંઈ જ કામ ન હતું. પાર્થ વિચારતો રહ્યો, છતાંય પોલીસ આવીને આ જગ્યાનો કબજો ન લે ત્યાં સુધી પાર્થનું રોકાવું જરૂરી હતું.

એકાએક પાર્થની નજર કમરાની દીવાલ ઉપર પડી. દીવાલ ઉપર તેની જ છબી ટાંગેલી હતી. પ્રથમ તો પાર્થ માની જ ન શક્યો, પછી છેક નજીક જઈને જોતાં તેને ખાતરી ગઈ કે આ મારી જ છબી છે.

પાર્થને નવાઈ તો એ વાતની લાગી કે પ્રણવ પાસે મારી છબી આવી કઈ રીતે? પાર્થે દીવાલ ઉપરથી છબી ઉતારી, હાથમાં લઈને બારીકાઈથી જોવા લાગ્યો. અચાનક તેના હાથમાંથી તસ્વીર નીચે પડી અને કાચના ટુકડે-ટુકડા થઈ ગયા. પાર્થે તસ્વીર હાથમાં ઉપાડી લીધી. તસ્વીરમાંથી એક કાગળ નીચે સરી પડ્યો.

લખ્યું હતું,

પૂજ્ય બહેન તથા મોટાભાઈ,

આ કાગળની એક નકલ તમારા માટે મૂકી બીજી નકલ હું લઈ જાઉં છું. અત્યારે તમને મારા જવાથી દુઃખ લાગશે ભવિષ્યમાં મને લાગે છે કે હું જ કુટુંબનો ઉધ્ધાર કરીશ. મારે ખૂબ ખૂબ પૈસાદાર થવું છે. હું મુંબઈ જાઉં છુ. મારી તપાસ કરશો નહીં. કારણ કે તપાસ કર્યા છતાં હું તમને મળવાનો નથી.

જે લોકો સાથે હું જાઉં છું તેઓ ખુબ જ પૈસાદાર છે. એમની મારફતે જ હું શ્રીમંત થવા ઈચ્છું છું. મોટાભાઈ પાર્થની એક તસ્વીર હું લઈ જાંઉ છું ખૂબ પૈસા ભેગા થતાં હું પાછો આવીશ.

આપનો ભાઈ

પ્રણવ.

પાર્થ પત્ર વાંચી ઉદાસ થઈ ગયો. કેટલા વરસે તેનો નાનો ભાઈ મળ્યો. ત્યારે આ હાલતમાં મળ્યો!! પાર્થને યાદ આવી ગયો એ દિવસ... જ્યારે તેનો ભાઈ પ્રણવ તેમને છોડીને ચાલ્યો ગયો હતો.

એ દિવસ...

ઉનાળાના દિવસો હતા. પાર્થ અને પ્રણવ બંને બહેનની સાથે રહેતા હતા. ગામ એટલું મોટું તો નહી પણ નાનું પણ નહીં. પાર્થ





મેટ્રિક પાસ થઈ ગયો હતો. જ્યારે પ્રણવ એસ.એસ.સી. ની પરીક્ષા આપી પરિણામની વાટ જોતો હતો.

શરૂઆતથી જ પ્રણવની વાતમાં પૈસાનું જ મહત્વ રહેતું. બેઉ ભાઈ જ્યારે ચર્ચામાં ઉતરી પડતા ત્યારે પ્રણવ હંમેશા પૈસાને જ મહત્વ આપતી દલીલો કરતો.

એ દિવસે બેઉ ભાઈ આવી જ ચર્ચામાં ઉતરી પડ્યા હતા.

''આ જગતમાં પૈસા કરતાં સબંધોનું વધારે મહત્વ છે.'' પાર્થ શરૂઆત કરતો.

''ના, મોટાભાઈ દુનિયા ઉપર નાણાં એ જ વર્ચસ્વ જમાવ્યું છે. મારું ચાલે તો હું યેનકેન પ્રકારે પૈસાદાર બની જાઉં'' પ્રણવ દલીલ કરતો.

પ્રણવ, જીવન નિર્વાહ માટે નાણાં ઉપયોગી છે પણ એ નાણાંનો અતિરેક માણસને એવી ગર્તામાં ધકેલી દે છે કે માણસ માણસ મટી પશુ બની જાય છે.

''તમે જો જો તો ખરા મોટાભાઈ, હું એક દિવસ ખૂબ ખૂબ નાણાં કમાઈશ''

અને એજ રાત્રે પ્રણવ ઘર છોડી ચાલ્યો ગયો. તપાસ કરવા છતાં તેનો ક્યાંય પત્તો લાગ્યો નહિ. આજે મળ્યો તે પણ ન મળ્યા જેવો! કેટલા વરસે બેઉ ભાઈ ભેગા મળ્યા. તેય દાણ ચોરોના અડ્ડામાં! મોટાભાઈના હાથે નાનો ભાઈ પોલીસને સોંપાઈ ગયો!

પાર્થ ત્યાં જ બેસી પડ્યો. થોડીવાર પછી ઈન્સપેક્ટર દેશપાંડે આવ્યા. તેમણે વિધિસર અર્ચનાની લાશનો કબજો લીધો. આખા અડ્ડાની ચોકી બે ચાર કોન્સ્ટેબલોને સોંપી ઈન્સ્પેક્ટર દેશપાંડેએ પાર્થને

કહ્યું,

મિ. પાર્થ તમે પણ મારી સાથે ચાલો તમે આ અડ્ડાની માહિતી અમને પહોંચાડી ખૂબ જ સારું કામ કર્યું છે.

નહિ સાહેબ, હવે મને લાગે છે કે આ અડ્ડાની માહિતી આપને પહોંચાડી મેં ખરેખર એક ખરાબ કામ કર્યું છે. સાહેબ, આ એક એવી સ્ત્રીની લાશ છે, જેણે મને બચાવવા પોતાની જાતનું બલિદાન આપી દીધું. આ ઉપરાંત મેં મારા હાથે જ મારા સગા નાનાભાઈને પોલીસને હવાલે કરી દીધો.

શું કહો છો. મિ પાર્થ, પ્રણવ તમારો ભાઈ છે?

હા, સાહેબ એ મારો મા જણ્યો ભાઈ છે. પાર્થે આખી વાત ઈન્સ્પેક્ટર દેશપાંડેને સમજાવી.

જીપ પાર્થને લઈને મુંબઈના પોલીસ થાણે આવી પહોંચી. સૌ પ્રથમ તો પાર્થને મુંબઈના પોલીસ જનરલ પાસે લઈ જવામાં આવ્યો. મુંબઈ મહાનગરના પોલીસ સુપ્રિટેન્ડન્ટ શ્રી મેકમન સાહેબે પાર્થને અભિનંદન અને શાબાશી આપતાં કહ્યું,

"આપણા આ દેશને હવે તમારા જેવા જુવાનોની જરૂર છે. જે આવા દેશદ્રોહી કાર્યો માટે ચલાવાતા અડ્ડાઓ શોધી કાઢે અને દેશની પ્રગતિમાં સાથ આપે."

અર્ચનાની લાશ જશલોક હોસ્પિટલમાં પોસ્ટ મોર્ટમ માટે મોકલવામાં આવી. પાર્થ પણ સાથે ગયો.

જશલોક હોસ્પિટલના ચીફ મેડિકલ ઓફિસરે પાર્થને ખભે હાથ મૂકી, હાથ થપથપાવ્યો પછી કહ્યું,





તમારું દુઃખ હું સમજી શકું છું મિ. પાર્થ કહેતાં તે પોસ્ટ મોર્ટમ રૂમમાં ચાલ્યા ગયા.

પાર્થ અર્ચનાના દેહની કેવી ચીરફાડ થશે એ જ વિચારમાં ગમગીન ત્યા બેસી રહ્યો.

છેવટે પોસ્ટમોર્ટમ પુરું થયું. અર્ચનાની લાશનો કબજો કોણ લે? એ માટે સવાલ ઉભો થયો. છેવટે બિનવારસ તરીકે અર્ચનાની લાશને પાર્થની હાજરીમાં જ પોલીસ ખાતાએ અંતિમવિધિ કરી. પાર્થ "ભાર્ગવ એપાર્ટમેન્ટ" માં આવ્યો.

જમી શકાયુ નહિ અને જમાય પણ કેવી રીતે? ન જાણે ભગવાન તેની પાસે કેવાં કેવાં કામ કરાવવા માગે છે? પાર્થ આ સવાલનો જવાબ શોધતાં જ નિદ્રાધિન થઈ ગયો.

સવારે નાહિ-ધોઈ તૈયાર થઈ ચ્હા-નાસ્તો પતાવી એ મુંબઈ પોલીસ સુપ્રિટેન્ડન્ટને મળવા ગયો.

વેલકમ... મિ. પાર્થ... સુપ્રિન્ટેન્ડેન્ટે હાથ મિલાવતાં પાર્થને આવકાર્યો, પછી કહ્યું,

આપને આપના ભાઈ પ્રણવને મળવું હોય તો ખુશીથી મળી શકો છો...

ના... સર, હવે મારા હૈયામાં એવી કોઈ અપેક્ષા નથી. ખોટા કામોનો અંજામ હંમેશા ખોટો જ આવે છે. અને સર, મારી આપને એક વિનંતિ છે કે તેને ક્યારેય જાણ ન થવા દેશો કે, હું તેનો ભાઈ હતો.

સારું... સારું... મિ. પાર્થ, હવે આમાં સહી કરો, કહેતાં પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટે ચેકબુક પાર્થની સામે ધરી.

ના સર, મારે આ રકમની કશી જરૂર નથી. ભગવાને મને વગર માંગ્યે ઘણું આપ્યું છે. ''ભાર્ગવ એપાર્ટમેન્ટ'' તથા આપ સૌનો સ્નેહ,... પાર્થના ગળામાં કશુક ઘૂંટાતુ લાગ્યું.

''ગુડલક, મિ. પાર્થ સારા માણસોને ભગવાન ક્યારેય ભૂલતો નથી મેં બાઈબલમાં વાંચ્યું હતું, સારા કર્મોનું ફળ એને મળશે અને નઠારાં કામોનો બદલો લેવામાં આવશે.'' કહી પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ આગળ બોલ્યા મિ. પાર્થ સરકાર તરફથી આપને મળેલ આ રકમ આપને સ્વીકારવી જ રહી.

ના છૂટકે, પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ મિ. મેકમન પાસેથી પાર્થે ચેક સ્વીકાર્યો. ત્યાંથી નીકળી પાર્થ તેના મિત્ર રણજીત પાસે ગયો. શેઠ દ્વારકાપ્રસાદના કંપાઉન્ડમાં પ્રવેશતાં પાર્થે જોયુ તો રણજીત શેઠની કાર સાફ કરી રહ્યો હતો. પાર્થને આવતો જોતાં એ બધુ પડી મૂકી પાર્થ પાસે આવ્યો.

''અરે વાહ, બે દિવસથી ક્યાં ગાયબ હતો? હું તો ભાર્ગવ એપાર્ટમેન્ટના બે ધક્કા ખાઈ આવ્યો'' રણજીત એકીશ્વાસે બોલ્યો.

બેઉ કારની પાસે બેઠા. પછી પાર્થે અત્યાર સુધી બની ગયેલી ઘટનાઓથી રણજીતને વાકેફ કર્યો. પાર્થ પાસેથી સઘળી હકીકત જાણ્યા પછી રણજીત ઉદાસ થઈ ગયો. ખાસ કરીને દેવી જેવી અર્ચનાનું મૃત્યુ રણજીતને ઉદાસ કરી ગયું.

''અરે રણજીત ઉદાસ અને દુઃખી થવા જેવું હોય તો મારે છે. મે મારી પ્રિયતમા અને પ્રેરણા ગુમાવ્યાં છે તુ આટલો ઉદાસ?'' પાર્થની પ્રશ્નાર્થ નજર રણજીતને પૂછી રહી.

''પાર્થ તારો જીવ બચાવવા અર્ચનાએ પોતાની જાતની આહુતિ





આપી દીધી. એક નવજવાન, વણતૃપ્ત, પ્યાસી જીંદગી અર્ચનાએ તારા માટે સમર્પિત કરી દીધી ભગવાન એના આત્માને શાંતિ આપો.''

રણજીત, આપણે તો ઈશ્વરના હાથનાં રમકડાંએ જેમ નચાવે એમ આપણે નાચવાનું... થવાનું હતું તે થઈ ગયું. અને જે થવાનું છે તેને પણ કોઈ રોકી શકવાનું નથી. મારો જીવ પણ હવે અહીં લાગતો નથી. હું હવે મુંબઈ છોડી દેવા માંગું છું.

''પાર્થ હવે મુંબઈ છોડવાથી શો ફાયદો? ઘરે પાછો જઈને તું શું કરીશ?''

મારે મુંબઈ, એ રીતે નથી છોડવું. પણ મુંબઈ નગરીનો આજુબાજુનો પ્રદેશ જોવાની ઈચ્છા છે. થાય છે કે, આખા મુંબઈ બેટ પર ચારેકોરના દરિયાને મન ભરીને જોઈ લઉં.

રણજીત.... હે... રણજીત.... શેઠ દ્વારકાપ્રસાદે રણજીતને હાંક કરી.

''આવ્યો શેઠ'' જવાબ આપી રણજીતે પાર્થને કહ્યું ''શેઠ પાસે જઈને આવું છું.''

હા... જઈ... આવ... પાર્થ વિચારોમાં ડૂબી ગયો. પછી શેઠ દ્વારકાપ્રસાદના આલિશાન મકાનના ઝરૂખા તરફ તેની નજર ગઈ. જોયું તો શેઠ દ્વારકાપ્રસાદ તેને જ તાકી તાકી ને જોઈ રહ્યા હતા. ''હશે કંઈક'' બબડી પાર્થ ત્યાં જ બેસી રહ્યો. રણજીત શેઠ પાસે પહોંચી ગયો. પછી બોલ્યા,

બોલો શેઠજી, મારે લાયક કંઈ કામકાજ?

અંહ.... અં... શેઠ દ્વારકાપ્રસાદે ઉંડો શ્વાસ લીધો. પછી પૂછ્યું, ''રણજીત, તારો પેલો મિત્ર... છે કોણ?''

શેઠ, સાહેબ એ મારો મિત્ર કે ભાઈ ગણો, તેનું નામ પાર્થ છે. અચાનક, અજનબી ની જેમ એ આ મહાનગરીમાં મને મળી ગયેલો. આ નગરીમાં એના કોઈ સગાસબંધી નથી. આટલું કહી રણજીતે પાર્થ વિશેની આખી હકીકત શેઠ દ્વારકાપ્રસાદને કહી સંભળાવી.

જો સાંભળ, તારી વાત પરથી તો ફલિત થાય છે કે, પાર્થ મૂળ આણંદ તરફનો છે, જે ગુજરાતમાં આવ્યું. આજે તું તારા આ મિત્રને અહીં જ રોકી રાખજે... પણ યાદ રહે કે આ બાબતની કશી ગંધ પાર્થને ન આવવી જોઈએ.

જી શેઠજી... એના ભલામાં તો હું પણ રાજી જ છું. કહી રણજીત પાર્થ પાસે આવ્યો.

અલ્યા, આવું છું કહીને તેં તો શેઠ સાથે ખાસી ખપાવી....

"જો પાર્થ, મોટા લોકોની વાતો ય મોટી હોય છે અને લાંબી પણ એમાંય, શેઠ દ્વારકાપ્રસાદ નરેવાને ભગવાનનાં માણસ છે પછી ઉમેર્યું, આ ગાડી, સાફ કરીને આપણે બેઉ ક્યાંક રખડી આવીએ."

ના, ના હું ખૂબ થાકી ગયો છું. વિચાર એવો છે કે, હું "ભાર્ગવ એપાર્ટમેન્ટ" માં જઈને આરામ કરું. તો તો ચાલને હું પણ તારી સાથે આવું, મનેય આજે નવરાશ છે, તો તારી કંપની પણ રહેશે...

કંઈ વાંધો નહિ..... કહી પાર્થ પાછો વિચારમાં ડૂબી ગયો. રણજીતે ગાડી સાફ થઈ જતાં ગાડી ગેરેજમાં મૂકી, શેઠ દ્વારકાપ્રસાદ પાસે રજા લીધી. પછી પાર્થ પાસે આવીને કહ્યું,

ચાલ, પાર્થ હવે આપણે નીકળીએ...

દ્વારકાપ્રસાદના બંગલાના કંપાઉન્ડમાંથી બહાર આવી બેઉ ટેક્ષીમાં બેઠા. ભાર્ગવ એપાર્ટમેન્ટની ચાવી પાર્થ પાસે હતી. બેઉ જયારે





ત્યાં પહોંચ્યા ત્યારે એપાર્ટમેન્ટના વસિલાં એમને કૂતુહલથી જોવા લાગ્યાં. ગયા વખતે મળેલાં માજી તો ખૂબ જ ખીજ ભર્યા ઉંચા સ્વરે કહેવા લાગ્યાં,

"મૂઈને મેં ઘણુંય સમજાવી હતી... કે અજાણ્યા મરદોનો ભરોસો ના કર... પણ મૂઈ માને તો ને? આખરે જાન ખોયો..."

માજી શાંત થાવ... રણજીતે કહ્યું.

શું શાંત થાય, ધૂળ અને રાખ....? અમારા આ એપાર્ટમેન્ટનું તો એ રતન હતું રતન.

માજી મારી વાત સાંભળો. કહ્યા પછી પાર્થે આજુબાજુ ભેળાં થયેલાં સૌ લોકોને અર્ચનાનું મૃત્યુ કેવી રીતે થયું તે જણાવ્યું. વાત સાંભળ્યા પછી, અને પાર્થની નમ્રતાભરી વાતચીતથી ઉપરાંત રણજીત સાથે હોવાથી સૌને, પાર્થની વાત પર ભરોસો બેઠો આ પ્રણવ નથી એની પ્રતિતિ પણ દરેકને થઈ ગઈ. લોકોની વાતમાં "પ્રણવ તારા... જેવો...." વગેરે શબ્દો પાર્થે સાભળ્યા એટલે પાર્થે પૂછયું,

પ્રણવ... પ્રણવ... કરો છો તે કોણ હતો?

ખબર નહીં... ચહેરે મહોરે એ તારા જેવો જ હતો. એ અહીં અર્ચના પાસે વારંવાર આવતો હતો. અર્ચના કહેતી હતી કે ગુજરાત ભણીના કોક ગામનો બ્રાહ્મણનો દિકરો છે.. છેવટે કેટલાય સમયથી એ અર્ચના પાસે આવતો બંધ થઈ ગયો...

પ્રણય આવતો બંધ થઈ ગયા પછી અહી કોણ કોણ આવતું હતું? અર્ચના ના કોઈ સબંધી છે? પાર્થે માજીને પૂછયું,

જો ભૈ, પ્રણવ પછી તારા વગર અહીં કોઈ આવ્યું નથી... અને હું તો હજીય... તને પ્રણવ જ માનું છું...

ના માજી, એવું કશું નથી. મારો અને પ્રણવનો ચહેરો એક જેવો દેખાય એટલે સરખા દેખાતા ચહેરાઓના વિચારમાં પણ આસમાન જમીનનો તફાવત હોય છે, પૂછો માજી આ રણજીત!

માજીએ રણજીત પાસેથી ફરી પાછી આખી કથા સાંભળી પછી બોલ્યાં,

ભઈલા... મારી તો બચ્ચારી.... અર્ચના હતી. બ'વ ડાહી છોડી પણ કરમ એનું કે ... કહેતા માજી એમનાં ખોરડામાં પ્રવેશી ગયાં.

ભાર્ગવ એપાર્ટમેન્ટનું તાળું ખોલી, પાર્થ અને રણજીત એમાં ગયા. બપોરનું ભાણું પણ હોટલમાંથી લાવીને પતાવી દીધું. સાંજ ઢળવા આવી ત્યારે, પાર્થે રણજીતને કહ્યું,

ભાઈ, રણજીત આ એપાર્ટમેન્ટનો સરસામાન, અર્ચનાનો પગાર, એનો ફંડ, વગેરે એનાં સગાસબંધીઓની ભાળ મેળવી એમને આપી દેવાનું  તને યોગ્ય નથી લાગતું?

પાર્થ વાત તારી સાચી છે, કોઈક ના નાણાં કે સરસામાન લઈ લેવાનો આપણને કોઈ જ અધિકાર નથી. મેં તો બાઈબલ વાંચ્યું નથી પણ એમાં કહ્યું છે "તો જે બાદશાહ નું છે, તે બાદશાહ ને આપો અને જે ઈશ્વરનું છે તે ઈશ્વરને આપો" પાર્થ, આપણે પણ માનવી છીએ, કોઈની ચીજ ઓળવી લેવી એ આપણા માટે પાપ સમાન છે.

રણજીત, મારી ઈચ્છા એવી છે કે, આ બધી બાબતોનો નિકાલ લાવી હું સદાને માટે આ મહાનગરી મુંબઈ ત્યજી દઉં. લ્યે ચાલ રણજીત, આપણે "જશલોક" જઈએ.

કેમ પાછું ત્યાં તારે દાખલ થઈ જવું છે?





ના ભૈ, કદાચ વળી ત્યાં અર્ચનાનાં સગા-સબંધીઓ મળી આવે તો આ બધું એમને સુપરત કરી દઈએ.

ચાલ ત્યારે... ભાર્ગવ એપાર્ટમેન્ટને તાળું મારી બંને ટેક્ષીમાં જશલોક હોસ્પિટલમાં પહોચ્યાં. જશલોક હોસ્પિટલનો સ્ટાફ પાર્થથી પરિચિત હતો. વોર્ડને ચીફ મેડિકલ ઓફિસરને પાર્થના આવવાની જાણ કરી.

બંને ડોક્ટરની ચેમ્બરમાં પ્રવેશ્યા.

"ગુડ ઈવનિંગ સર..."

"ગુડ ઈવનિંગ મિ. પાર્થ... તમે આવી ગયા તે સારું થયું નહીં તો હું તમને આટલી મોટી નગરીમાં ક્યાં ખોળત!"

કેમ કંઈ ખાસ કામ હતું? પાર્થે પૂછ્યું.

"કામ તો હતું જ, કારણ કે અર્ચનાનો પગાર, ફંડ વગરેનાં નાણાં મેળવનાર વારસ તરીકે તમારે કેટલાંક ફોર્મમાં સહી કરવી પડશે..."

સર, હું અને અર્ચનાનો વારસ? મારે તો ફક્ત એક પહેચાન હતી, લાગણી હતી, અર્ચના સાથે! કહીને પાર્થે ઉમેર્યું, સર એના કોઈ સગાં સબંધીઓ નથી?

હોય તો મને ખબર નથી, કારણ કે, અર્ચનાએ નોકરી મેળવવા અહીંની એક મિશનરી કોન્વેન્ટમાંથી અરજી કરેલી.

તો તો સાહેબ, આપણે સદર કોન્વેન્ટનો જ સંપર્ક સાધી બધાં નાણાં કોન્વેન્ટને આપી દેવાં જોઈએ.

વાત સાચી છે તમારી મિ. પાર્થ, અને કોન્વેન્ટનું સરનામું પણ

અમારી પાસે છે. છતાં હોસ્પિટલના નિયમ મુજબ દર ત્રણ માસે ભરવામાં આવતા ફોર્મમાં અર્ચનાએ વારસદાર તરીકે આપનું નામ દર્શાવ્યું છે.

સહમી ગયો પાર્થ. નારી હૃદય કેટલું પ્રેમાળ હોય છે અને તેમાંય લાગણીભૂખી સ્ત્રી શું કરી શકે છે તેની પ્રતિતિ પાર્થને થઈ. થોડા જ સમયના લાગણીભર્યા સબંધોમાં અર્ચનાએ તેના ઉપર કેટલો મોટો વિશ્વાસ મૂકી દીધો હતો. ધારો કે અર્ચનાનું મરણ ન થયું હોત તો પાર્થ તું એની સાથે લગ્ન કરી શકત? તને એનો જીવનસાથી માનીને જ અર્ચનાએ વારસદાર તરીકે તારું નામ લખ્યું હશે ને?

શું વિચારો છો મિ. પાર્થ? પાર્થને વિચારમાં પડી ગયેલો જોઈ ડોક્ટરે કહ્યું.

કંઈ નહીં સર... લાવો એ ફોર્મ હું સહી કરી આપું છું....

ડોકટરે ડોરબેલ વગાડ્યો, એટલે વોર્ડન આવીને ઉભો રહ્યો,

સર....

હા, જુઓ મિ. મહેતાને કહો કે, અર્ચનાની ફાઈલ લઈને આવે...

યસ સર...

થોડીવાર પછી મિ. મહેતા અર્ચનાની ફાઈલ લઈને આવ્યા. દર્શાવ્યા પ્રમાણે પાર્થે બધાં જ ફોર્મમાં સહી કરી આપી. મિ. મહેતાના વિદાય થયા પછી ડોક્ટરે પાર્થને કહ્યું,

દશેક દિવસ પછી અમે આપને પત્ર મારફતે જાણ કરી દઈશું. આપનું સરનામું આપતા જાઓ.





"ભાર્ગવ એપાર્ટમેન્ટ" નું સરનામું લખી આપી પાર્થ અને રણજીતે ચેમ્બરમાંથી વિદાય લીધી. હોસ્પિટલમાંથી બહાર આવ્યા પછી રણજીતે કહ્યું, "પાર્થ, ચાલ આજે તો આપણે મારા ઘરે જઈએ. અહીં નજીકમાં જ મારું ગામ છે."

વાહ, ઘણું સરસ. એ બહાને આ શહેરની ધાંધલ ધમાલથી છૂટકારો ય મળશે... પાર્થે કહ્યું.

બેઉ ટેક્ષી ભાડે કરી. રણજીતના ગામ તરફ ઉપડી ગયા.

**...૧૬...**

રણજીતના ગામમાં રાત રોકાઈને પાર્થ અને રણજીત સવારે મુંબઈ પાછા ફર્યા. પાર્થને હવે દેખીતી રીતે જ મુંબઈમાં કશું કામ ન હતું. ફક્ત એક જ કામ બાકી હતું, કે અર્ચનાનો જી.પી. ફંડ વગેરેના નાણાં મેળવી એ બધું જ સેન્ટ મેરીઝ કોન્વેન્ટને આપી દેવાનું અને એને ય હજી આઠેક દિવસ લાગવાના હતાં છતાંય પાર્થ રણજીતથી છુટ્ટો પડી સીધો જશલોક હોસ્પિટલ પર પહોંચ્યો અને સીધો હોસ્પિટલના ચીફ મેડિકલ ઓફિસરની ઓફિસમાં પહોંચી ગયો.

ગુડમોર્નિંગ સર....

ઓહ, ગુડમોર્નિંગ મિ. પાર્થ, હાવ આર યુ? વેલકમ કહી મેડિકલ ઓફિસરે હાથ લંબાવ્યો.

ફાઈન સર...

બેસો, બોલો કંઈ કામકાજ?

સર, કામ તો તમે જાણો જ છો. મીસ અર્ચના બાબતે આપને

મળવા આવ્યો છું.

મિ. પાર્થ, તેના માટે તો હજી ચારેક દિવસ લાગી જશે.

સર, હવે હું આ ભીડભરી નગરીથી કંટાળી ગયો છું. જેમ બને તેમ હવે અહીંથી નીકળી જવું છે.

કેમ? આ અલબેલી નગરી ન ગમી?

ગમે છે સર, બધું જ ગમે છે. ચારે બાજુ ઘૂઘવતો સાગર, ઉછળતાં મોજાં, સાગર પર તરતી મહાકાય સ્ટીમ્બર, ગગનચૂમતાં આલિશાન આલયો, આખું વિશ્વ જાણે એક જગ્યાએ ભેળું થયું હોય એવા પંચરંગી માનવો, આ બધું કોને ન ગમે? પણ સર, .....

બોલો અટકી કેમ ગયા?

સર, આ બધું હોવા છતાં હૈયામાં ઊંડે ઊંડે કંઈક ખૂચ્યાં કરે છે.

મિ. પાર્થ આપને માઠુ ન લાગે તો એક વાત પૂછું?

એક નહિ બે વાત પૂછો. હવે તો દુઃખની વાતો કોઠે પડી ગઈ છે.

તમે દુઃખપ્રુફ થઈ ગયા લાગો છો.... પછી હસતાં હસતાં મેડિકલ ઓફિસરે કહ્યું, તમે આણંદથી અહીં આવવા નીકળ્યા તે કંઈ કામકાજ માટે નીકળ્યા હતા કે...

સર, કામકાજ તો કંઈ જ ન હતું. પાર્થે કહ્યું, સાચી વાત કરું તો હું એમ જ ઘર છોડીને ચાલી નીકળ્યો હતો.

ના, મિ. પાર્થ, કંઈક કારણ તો હશે જ, કારણ કે જગતનો એક શાશ્વત નિયમ છે કે, ''કોઈપણ ઘટના પાછળ કારણ હોય છે.''

પાર્થે, સ્વાતિ અને તેના સબંધની વાત મેડિકલ ઓફિસરને





જણાવી. પાર્થની આખી કહાની સાંભળ્યા પછી મેડિકલ ઓફિસરે, સ્વાતિ અને પંકજ પાર્થની શોધમાં અહીં આવ્યાં હતાં તેની વાત કરી.

તો પછી એ લોકો મને મળ્યાં કેમ નહીં? પાર્થે પૂછયું.

જે દિવસે પંકજ અને સ્વાતિ હોસ્પિટલમાં આવ્યાં એના આગલા દિવસે જ તમને અહીંથી રજા આપી દેવામાં આવેલી. મેડિકલ ઓફિસરે કહ્યું.

સર, હવે હું સ્વાતિને મળું કે ન મળું એમાં કશો ફેર પડવાનો નથી, પણ સ્વાતિ ના નકારથી મારું મન એટલું ખાટું થઈ ગયું હતું કે, બધું છોડી જાણે સાધુ થઈ જાઉં, અને ઘેરથી પણ હું સાધુ થઈ જવાના ઉદેશ્યથી નીકળ્યો હતો પણ આપે જોયુંને અહીં હું કેવી ભવાટવીમાં અટવાઈ પડ્યો....

ભવાટવી નહીં મિ. પાર્થ, આ બધું જે બની ગયું એમાં તમે નિમિત બનવાના હતા, એટલે આ ઘટનાઓ ઘટી.

હશે, સર, એક શમણાની જેમ આ બધું બની ગયું પણ મારી આપને વિનંતિ છે કે, અર્ચનાની બાબતમાંથી મને મુક્ત કરો તો હું સાધુ થવાના જે ધ્યેય માટે નીકળેલો ત્યાં સુધી પહોંચી શકું.

તમારી સાધુ થઈ જવાની વાતમાં મને હજી સમજ નથી પડતી. ધારો કે, સ્વાતિએ તમારી કસોટી કરવા જ એમ કહ્યું હોય તો?

સર, સ્વાતિને મેં એકવાર નહિં પણ ત્રણ વખત પૂછયું હતું અને આટલો સમય વીત્યા પછી હું નથી ધારતો કે મારી વાટ જોઈએ કોઈ બેસી રહે!

મિ. પાર્થ તમે નારીના હૃદયને ઓળખી શક્યા નથી. અને હું ધારું છું ત્યાં સુધી સ્વાતિને તમારા પ્રત્યે સાચો પ્રેમ હશે તો એ તમારી

વાટ જોઈને હજી પણ બેસી રહી હશે.

સર, સ્વાતિને મેં કહ્યું હતું ''મારા દિલનાં બારણાં તારા માટે હંમેશા ઊઘાડા રહેશે, અને જ્યારે દિલનાં બારણા ઊઘાડાં હોય ત્યારે ઘરને દરવાજાની જરૂર નથી હોતી. તું જે હાલતમાં હો, ગમે ત્યાં હો, છતાં પણ તું બેધડક પાછી આવી શકે છે.''

મિ. પાર્થ સ્વાતિ જે હાલતમાં હો ય એટલે?

એટલે.... એટલે, સર, આઈ મીન, મને છોડીને બીજા સાથે પ્રણય સબંધે બંધાઈ ગઈ હોય, પોતાનું શીલ ખોઈ બેઠી હોય, લગ્ન કર્યું હોય અને લગ્નજીવન ખાડે પડી ગયું હોય, છતાં પણ સ્વાતિને સ્વીકારવા હું તૈયાર છું.

સાધુ થઈ ગયા પછી પણ...? મેડિકલ ઓફિસરે ધારદાર સવાલ પૂછ્યો.

હા, મારી સાથે એક સાધ્વી તરીકે જીવન વીતાવવા માગતી હોય તો હું એને રોકી ના શકું, ઉપરાંત સાધ્વી તરીકે મારી સાથે ન રહેવું હોય તો પણ એને ના ન પાડી શકું. કારણ પ્રેમ એ મહાન છે, બીજાની ઈચ્છાને સ્વીકારો એ જ સાચો પ્રેમ છે.

મિ. પાર્થ, ધારો કે, સ્વાતિ તમારા પ્રેમને ખાતર સાધ્વી તરીકે તમારી સાથે રહેવા તૈયાર થાય અને રહે પણ ખરી પરંતુ કોઈક એવી નાજુક ક્ષણે તમારા બ્રહ્મચર્યનું વ્રત તૂટે તો...

એ ન બની શકે...

એક ડૉકટર તરીકે, કહું તો મનુષ્યવૃત્તિઓનો ગુલામ છે... શરીરના જે ધર્મો છે એ ધર્મ પ્રમાણે માણસને જીવવું પડે છે અને તમે જાણો છો શરીરના કયા કયા ધર્મ છે?





ના, સર... થોડી ખબર છે....

શરીરના ધર્મ છે ભૂખ, તરસ, કામ, ક્રોધ, ઈર્ષા, ઊંઘ, મહેનત, પ્રજનન અને જીવી જવાની જીજીવિષા. એમાંય ભૂખ, તરસ, કામ અને ઊંઘ એ ધર્મો શરીર દબાવે એમ એ વધારે જોરથી ઉછળે છે. વળી આમાં પણ કામને તો સૌથી વધારે આકરો શરીરધર્મ કહ્યો છે.

સર, દઢમનોબળથી શરીરની વૃત્તિઓને કાબુમાં રાખી શકાય છે અને જ્યારે મને લાગશે કે મારાથી બ્રહ્મચર્યનું પાલન નહીં થઈ શકે, તો હું મારું સાધુપણું તજી સંસાર માંડતાં પણ નહીં અચકાઉં.

મિ. પાર્થ, ડાર્વિને કહ્યું છે કે ''પરિસ્થિતિને અનુકૂળ બનો નહિ તો મરી જાવ'' હા, તો મિ. પાર્થ આપણે તો મૂળ વાત છોડીને ક્યાંના ક્યાંય પહોંચી ગયા. હા તો મિ. પાર્થ તમારે વારંવાર અહીં ન આવવું હોય તો તમારે લખાણ કરી આપવું પડશે કે, ''મિસ અર્ચનાની જે રકમ હોય તે સઘળી સેંટ મેરિઝ કોન્વેન્ટના સંચાલકને આપવી.''

સર, હું લખાણ કરી આપું તે પહેલાં મારે સેંટ મેરિઝ કોન્વેન્ટની મુલાકાત લેવી પડશે. જેથી મને ખ્યાલ આવે કે સંસ્થાનો ઉદેશ્ય શો છે અને તે કેવાં કાર્ય કરે છે.

સારી વાત છે. અને હા, મેડિકલ ઓફિસરે ઉમેર્યું, જો તમને લાગે કે આ નાણાં સેંટ મેરિઝ કોન્વેન્ટને આપવા જોગ છે તો તેના સંચાલકને લઈને આજે જ આવશો તો પણ ચાલશે.

યસ સર, થેન્કયું કહી પાર્થ કેબિનની બહાર આવ્યો. હોસ્પિટલના દરવાજે જ રણજીતને તેની વાટ જોતો જોયો.

રણજીતને જોતાં પાર્થને થયું, દુનિયા પણ કેવી છે? અને ઈશ્વર પણ માણસની કેવી કાળજી રાખે છે. ઈશ્વરનું પણ આયોજન કેવું હોય

છે કે તે સાવ અપરિચિત●માણસને ય મદદ કરવા મોકલી દે છે. મારે અને રણજીતને ય ક્યાં ઓળખાણ હતી? અર્ચનાનો અપહરણનો પ્રસંગ ન બન્યો હોત તો મારો અને રણજીતનો પરિચય પણ ક્યાંથી થાત? અર્ચનાની યાદ આવતાં પાર્થનું મન ખિન્ન થઈ ગયું.

અરે પાર્થ, શેઠે આજે રજા આપી છે, વળી ગાડી પણ આપી છે એટલે થયું ચાલ, પાર્થ પાસે જ જાઉં એમને કંઈ કામ હોય તો ગાડી ગામ લાગે. રણજીતે કહ્યું.

સારું થયું રણજીત, આમે ય મારે સેંટ મેરિઝ કોન્વેન્ટમાં જવું હતું. આ તો ''ભાવતું'તું અને વૈદ્યે કહ્યું'' એના જેવો ઘાટ થયો. તમે ગાડી લઈને આવ્યા એટલે આપણું કામ આસાન બની જશે.

જવાબમાં રણજીતે ગાડીનું બારણું ખોલી અંદર બેસી જવા સૂચવ્યું. આખા રસ્તે પાર્થ કંઈક વિચારતો મૌન જ રહ્યો. જ્યારે ગાડી સેંટ મેરિઝ કોન્વેન્ટના ઝાંપામાં પ્રવેશી ત્યારે બહાર નજર ફેરવી.

કોન્વેન્ટ ખૂબ વિશાળ હતી. કંપાઉન્ડના ઝાંપાથી શરૂ કરી સમગ્ર કંપાઉન્ડ રંગબેરંગી ફૂલછોડથી આચ્છાદિત હતું. બગીચાની મધ્યમાં આરસમાંથી કંડારેલી માતા મેરીની પ્રતિમા હતી. માતા મેરીની આંખોમાંથી જાણે સમસ્ત વિશ્વ પ્રત્યે કરૂણા નીતરતી હતી. માતા મેરીના હાથમાં ઉંચકાયેલા નાનકડા બાળ ઈસુ જગતના લોકોની નાદાનિયત પર જાણે મંદ મંદ હાસ્ય વેરતા હતા.

બગીચાની ડાબી બાજુ બાળકોને રમવાનું મેદાન હતું અત્યારે એ મેદાનમાં કેટલાંક મન હરી લે તેવાં નાનકડા અનાથ ભૂલકાં રમતાં હતાં. કેટલાંક ઝૂલા ખાતાં હતાં તો વળી કેટલાંક લપસણી પરથી સરકવાની મઝા માણતાં હતાં.





રણજીતે કોન્વેન્ટના મુખ્ય મકાનના દ્વાર પાસે ગાડી થોભાવી. પાર્થ ગાડીમાંથી ઉતર્યો. રણજીતે પાર્થની સામે જોયું. પાર્થે આખી વાત રણજીતને ટૂંકમાં સમજાવી.

અનાથાશ્રમનાં નાનકડાં ભૂલકાંઓએ ગાડી નહોતી જોઈ એવું નહિં પણ આ તો બાળકો જ! એમને માટે તો નીત દુનિયા નવી જ રહેવાની. ગાડી જોતાં કેટલાંક બાળકો ગાડી ફરતે ફરી વળ્યાં. કેટલાંક વળી ગાડીના લીસા કાચ પર એમની કોમળ આંગળીઓ ફેરવવા લાગ્યાં, જાણે એમાંથી એમની માતાનું વહાલ ન મળવાનું હોય! પાર્થ એ નાનકડાં નિર્દોષ, ભગવાનના ફરિશ્તા જેવાં બાળકો તરફ નજર નાખી, દરવાજા તરફ ચાલ્યો, રણજીત પણ તેને અનુસર્યો. ડોરબેલનું બટન દબાવી બંને ઉભા રહ્યા.

થોડીવાર પછી, સફેદ હંસ જેવા સફેદ પોશાકમાં સજ્જ એવાં ગૌર, રૂપાળા છતાં સાવ બાળક જેવા નિર્દોષ લાગતા ચહેરાવાળા યુવાન સીસ્ટરે દરવાજો અધખુલ્લો કરીને પૂછ્યું,

''કોનું કામ છે?''

''જી, અમારે સુપિરિયરને મળવું છે.'' સાધ્વીસંઘની કોમ્યુનિટિથી પરિચિત પાર્થે કહ્યું,

થોડીવારે થોભો... કહી દરવાજો બંધ કરી સીસ્ટર અંદર ચાલ્યાં ગયાં. પાર્થ અને રણજીત બેઉ દરવાજાને તાકતા ઉભા રહ્યા.

થોડીવાર પછી બંધ દરવાજો ખૂલ્યો. કંઈ પણ બોલ્યા વગર સીસ્ટરે ઈશારાથી બંનેને અંદર આવવા જણાવ્યું. અંદર પ્રવેશતાં જ બાજુના બે ત્રણ ખંડમાં ચાલતા દવાખાનાની દવાની તીવ્ર વાસ બેઉને કઠી. સીસ્ટરે બેઉને નજીક આવેલા બેઠકખંડમાં દોર્યા.

બેઠકખંડ ખૂબ જ સુંદર રીતે શણગારેલો હતો. બેઠકખંડના પ્રવેશદ્વારની સામે જ ક્રોસ પર જડી દીધેલા ભગવાન ઈસુની પ્રતિમા તરત નજરે પડતી હતી. બેઠકખંડના જમણા ખૂણામાં સાધ્વીમાંથી સંત થયેલા સંત પુષ્પાવતીની પ્રતિમા હતી. તો ડાબા ખૂણામાં સ્પેન દેશ છોડીને સાધુ થઈ ભારતમાં આવેલા અને જેમનું શબ આજે પાંચસો વરસ પછી પણ જેમનું તેમ અકબંધ છે એવા સંત ફ્રાન્સિસ ઝેવિયરની પ્રતિમા હતી. દિવાલો ઉપર નાનાં બાળકોનાં વિવિધ મુદ્રાવાળાં ચિત્રો ચીપકાવેલાં હતાં. ફર્નિચર સાવ સાદું હતું પણ આધુનિક હતું. બેઠકખંડની વચ્ચે મૂકેલા ટેબલ પર બગીચાનાં તાજાં ફૂલોથી ભરેલી ફૂલદાની ગોઠવેલી હતી. થોડીવારે એક સીસ્ટર ટ્રે માં પાણીના પ્યાલા લઈને આવ્યા અને તેમની પાછળ જ મધર સુપિરિયર બેઠકખંડમાં પ્રવેશ્યાં.

મધર સુપિરિયર મૂળ સ્પેન દેશનાં વતની હતાં. એમનો એ દેશ છોડ્યે એમને ચાલીસેક વરસનાં વહાણાં વાઈ ગયાં હતાં. પ્રભુ ઈસુની સેવા માટે માતા-પિતા, ભાઈ-બહેન, સગાં-સબંધીઓ અને દેશને છોડીને આવ્યા પછી ચાલીસ વરસ થયાં છતાં મધર એમને મળવા ગયાં નથી. કારણ કે "સાધુ કે સાધ્વીને સંસારની સ્હેજ પણ માયા હોવી ન જોઈએ." આ વાક્ય જાણે એમણે આત્માસાત્ કર્યું હતું. ભારતમાં એમની જ્યાં જ્યાં સંસ્થાઓ હોય ત્યાં દરેક સીસ્ટરે કે મધરે સેવા આપવા જવું પડે. એ ન્યાયે મધર ઉત્તર ભારતથી લઈ દક્ષિણ ભારતમાં અને પૂર્વ ભારતથી લઈ પશ્ચિમ ભારતનાં ગામડાઓમાં દીનદુઃખીની સેવા કરી, હાલ મુંબઈના સેંટ મેરિઝ કોન્વેન્ટનાં સુપિરિયર નિમાયાં હતાં. એમની ગોરી ચામડી ત્રાંબાવર્ણી થઈ ગઈ હતી. તેમના ચહેરા ઉપર બ્રહ્મચર્યનું તેજ ઝળકતું હતું તો આંખોમાંથી





નરી કરુણતા ટપકતી હતી. સફેદ દૂધ જેવા પહેરવેશ પર સ્ટીલનો ક્રોસ ચળકતો હતો. આખી કોન્વેન્ટનાં ઉપરી હોવા છતાં એમના હાવભાવ કે બોલમાં ક્યાંય અભિમાનનો છાંટોય વર્તાતો ન હતો. લગભગ હિન્દી, મરાઠી, ગુજરાતી સહિત જુદી જુદી દસેક ભાષાઓ વાંચી, લખી, બોલી શકતાં હતાં. મધરે બંને હાથ નમસ્કારની મુદ્રામાં જોડી બંનેને આવકાર્યા.

ગુડમોર્નિંગ મધર... બંને જણ એક સાથે બોલી ઉઠ્યા.

ગુડમોર્નિંગ.... કહી મધરે બેઉ તરફ માયાળુ સ્મિત વેર્યું. બેઉને બેસવાનું કહી પોતે પણ ખુરશી પર બેઠાં.

મધર... પાર્થ બોલ્યો, અર્ચના ભાર્ગવ નામની કોઈ છોકરી આપની કોન્વેન્ટમાં ભણતી હતી.

ખબર નથી... પન... રજિસ્ટર જોયા પછી... ખબર પડે. કહી સીસ્ટરે હલકા હાથે તાળી પાડી.

જવાબમાં એક સીસ્ટર આવીને ઊભા રહ્યાં. મધરે અંગ્રેજીમાં એમની સાથે વાત કરી. પછી પાર્થ અને રણજીત ને કહ્યું,

ઘની... ઘની... છોલીયો....આંહી ભનવા આવે... મા બાપ પન ના હોય... અને છોકલાઓ પન... અમારા સીસ્ટર ચોપડાં લાવે છે.

પાર્થ અને રણજીતને તેમનું ગુજરાતી સાંભળવામાં મઝા આવવા લાગી. સીસ્ટર એક રજિસ્ટર જેવો ચોપડો લઈને આવ્યાં. મધરની સૂચના મુજબ સીસ્ટર અર્ચના વિશે જે પેજ ઉપર નોંધ કરી હતી તે પેજ શોધી કાઢીને જ લાવ્યાં હતાં. સીસ્ટરે ચોપડો મધરના હાથમાં મૂક્યો. ચોપડાનું બધું લખાણ અંગ્રેજી ભાષામાં હતું. મધરે લખાણ ઉપર નજર ફેરવી પાર્થને કહ્યું,

અર્ચના ભાર્ગવ... કોન લાવ્યું તે નઠી.... સરનામાં નઠી... પન.... ભન્યા પછી ટે જશલોક હોસ્પિટલમાં નર્સ તરીકે નોકરી કરે છે.

મધર તેનાં માતા-પિતા વિશે આપ જાણો છો? પાર્થે પૂછ્યું. લખવામાં માટા-પિટાનું નામ નઠી... તન વરસની ઉંમરે ટે આંહી આવી...

પાર્થને જોઈતી માહિતી મળી ગઈ. એટલે પાર્થે મધરને પૂછ્યું, મધર, અર્ચનાનાં બીજા કોઈ સગાંસબંધી તમારી જાણમાં છે?

ના, ટે ખબર નઠી. કહીને મધરે પાર્થને પૂછ્યું, ટમારે અર્ચના સાઠે શો સબંડ છે?

મધર, મારે અને અર્ચનાને કશો સબંધ નથી. ફક્ત અને ફક્ત લાગણીનો સબંધ....

ટો માફ કરજો.... અર્ચના બાબટે આ બઢી માહિટી ટમને ના આપી શકાય....

એક સીસ્ટર ટ્રે માં ચ્હા-નાસ્તો લઈને આવ્યાં. બેઠકખંડમાં મૂકી આવ્યાં હતાં એવાં પાછાં વળી ગયાં. પાર્થ અને રણજીત સાધ્વીઓનું શિસ્તબધ્ધ વર્તન જોઈ નવાઈ પામી ગયા. ચ્હા-નાસ્તાને ન્યાય આપી પાર્થે અર્ચનાની બધી જ વિગત અથ થી ઈતિ સુધી મધર ને કહી. વિગત સાંભળ્યા પછી મધરે કહ્યું,

પાર્ઠભાઈ, અર્ચના જેવી યુવટીના મરન ઠી કોન દુઃખી ના ઠાય... પન આપનો પ્રભુ જે કરે ટે આપને લેવું જોઈએ. સુખ આપ્યા પછી દુઃખ આપે ટો પણ લેવું જોઈએ.

હા મધર... કહી પાર્થ અર્ચનાની યાદમાં ઉદાસ થઈ ગયો.





ખંડમાં થોડીવાર મૌનનો સન્નાટો છવાઈ ગયો. ત્રણે જણ જાણે મૂક વદને અર્ચનાના આત્માની શાંતિ માટે પ્રાર્થના ન કરતા હોય!

પાર્ઠભાઈ, ટમારી પાસે સમય હોય ટો આપને જશલોક હોસ્પિટલમાં જઈએ.

મધર, અત્યારે મારી પાસે ઘણો સમય છે. આખરે અર્ચના આપની જ દીકરી ગણાય. અને તેની જે કંઈ રકમ, સામાન કે જે કંઈ હોય એની ઉપર આપનો જ અર્થાત્ ''શાંતિ સદન'' આશ્રમનો જ અધિકાર ગણાય.

વેલ, ટો આપને અટયારે જઈએ... મધરે કહ્યું.

સારું મધર..... કહી પાર્થ અને રણજીત બંને ઉભા થયા.

પાર્થ અને રણજીત બંને દરવાજાની બહાર આવી મધરની વાટ જોતા ઉભા રહ્યા.

બહાર બગીચામાં બંને હાથ પહોળા કરી ઉભેલા પ્રભુ ઈસુની સફેદ સંગેમરમરની પ્રતિમા રંગબેરંગી ફુલોની વચ્ચે શોભતી હતી. જોનારને તો એમ થાય કે, પ્રતિમાથી બગીચો શોભે છે કે બગીચાથી પ્રતિમાની શોભા વધે છે. પાર્થનું વાંચન વિશાળ હતું. પાર્થ પ્રભુઈસુના જીવન વિશે, એમના સંદેશ વિશે પૂરેપૂરો માહિતગાર હતો. દરેક ધર્મના ધર્મગ્રંથોનું તે વાચન કરતો. પ્રભુઈસુની હાથ લંબાવેલી પ્રતિમા જોતાં તેને પ્રભુઈસુનું પેલું વાક્ય યાદ આવ્યું, ''ઓ, ભારથી લદાયેલા, અને થાકેલાઓ તમે મારી પાસે આવો, હું તમને વિશ્રામ આપીશ.''

થોડીવાર પછી મધર સુપિરિયર, એમનાં સાથીદાર સીસ્ટર સાથે બહાર આવ્યાં. મધરે સાથે એમના અનાથાશ્રમનું રજિસ્ટર પણ લીધું હતું.

બધાં ગાડીમાં ગોઠવાયાં. ગાડી હવે જશલોક હોસ્પિટલના રસ્તે ગતિ કરવા લાગી.

**...૧૭...**

મુંબઈનગરીના ભારે ટ્રાફિક વચ્ચેથી માર્ગ કરતી, મંદગતિએ આગળ વધતી ગાડી જશલોક હોસ્પીટલ ના પ્રાંગણમાં પ્રવેશી. જશલોક હોસ્પીટલમાં પ્રવેશતાં જ પાર્થ અને રણજીત થોડા ઉદાસ થઈ ગયા. પાર્થની નજર સફેદ દૂધ જેવાં કપડામાં, દેવદૂત સમી, અર્ચના દર્દીઓની સારવાર માટે અહીંથી તહીં દોડાદોડ કરતી નજરે પડી. સદાય દર્દીઓમાં પોતાના હાસ્યથી નવજીવન અર્પતી અર્ચનાનું જીવન મારે કારણે વેડફાઈ ગયું. એ વિચારે જ પાર્થનું મન ઉદાસ થઈ ગયું. જ્યારે રણજીત ને તો બહેન ન હોવાથી એ તો અર્ચનાને જ પોતાની બહેન માનતો હતો, એ પણ આવા ખ્યાલથી જ ઉદાસ થઈ ગયો. મધર તો જાણે દુનિયાથી સાવ અલિપ્ત હતાં. જાણે ''સાધુ ને સુખ શું, અને દુઃખે ય શું ? કોણ પોતાનાં અને પરાયાં ય કોણ?''

રસ્તામાં મધરે પાર્થને ટૂંકા ટૂંકા પ્રશ્નો પૂછી એના વિશે બધી માહિતી મેળવી લીધી હતી. પાર્થે પણ નિખાલસતાથી મધરના સવાલોના જવાબ આપ્યા. પાર્થ વિશેની બધી હકીકત જાણી ને મધરને પણ પાર્થ પ્રત્યે અહોભાવ જાગ્યો. મધરને થયું કે, ''ખરેખર આ માણસ બીજા માટે જીવન જીવે એવો જ છે.''

રણજીતે જશલોક હોસ્પીટલના મુખ્ય દ્વાર આગળ ગાડી થંભાવી. ગાડીમાંથી ઊતરી ચારે જણા મેડિકલ આફિસરની કેબિનમાં



પહોંચ્યા.

કેબિનના દરવાજામાંથી જ ચીફ મેડિકલ ઓફિસરે મધરને આવકાર્યા અને પૂછયું બોલો શી સેવા કરું ?

સર, અમે અર્ચના ભાર્ગવ બાબતે......

હા, હા, મી. પાર્થ, બેસો.

ચારે જણ સામે પડેલ ખુરશીઓમાં ગોઠવાયાં. મધર સુપિરિયર પણ ડોક્ટર હતાં. ડૌક્ટર હોવાનાં નાતે જશલોક હોસ્પીટલના ચીફ મેડિકલ ઓફિસર સાથે એમને પરિચય હતો. બેલ વગાડી ડોક્ટરે વોર્ડન પાસે પાણી મંગાવ્યું. પછી પાર્થની વાત ના અનુસંધાને કહ્યું,

હા, તો મી. પાર્થ આપ અર્ચનાની વાત કરતા હતા નહીં ?

યસ સર.

મી. પાર્થ તમારા ગયા પછી મેં હિસાબી કારકુન મી. મહેતાને અર્ચનાના નાણાંકિય હિસાબ તૈયાર કરવાનું કહ્યું હતું. એ મુજબ મી. મહેતાએ મીસ અર્ચનાનો પુરેપુરો નાણાંકિય અહેવાલ તૈયાર કરી દીધલ છે. કહી મેડિકલ ઓફિસરે વોર્ડનને મી. મહેતાને બોલાવવા આદેશ કર્યો. પછી મધરને પૂછ્યું,

મધર, કેમ ચાલે છે આપનું નર્સિંગહોમ.....

પ્રભુની દયા છે, હાલ સીટેર બાલકો ભને છે, ટઠા વિડવા નારીયો યહીં છે. પ્રભુ ટેમનું પોષન કરે છે. મધરે નમ્ર ભાવે જવાબ આપ્યો.

મધર જરૂર પડે તો આપના આશ્રમને મદદરૂપ થવા ને પણ તક આપજો. જુઓને આ મીસ અર્ચનાની જ કહાણી. કેટલી સારી,

સેવાભાવી, સદ્‌ગુણી, માયાળુ, નમ્ર તથા વિવેકી હતી. એ બધા જ ગુણો મધર એને આપના અનાથાશ્રમમાંથી જ મળેલાં. મેડિકલ ઓફિસર વ્યથિત થઈ ગયા.

નેવર માઈન્ડ મી. ખન્ના. મધરે ઓફિસરને શાંત્વના આપતાં કહ્યું, સારા માણસોની પ્રભુને ત્યાં પણ જરૂર હોય છે.

વોર્ડન ચ્હા-નાસ્તો લઈને આવ્યો. ચ્હા-નાસ્તો ટેબલ પર ગોઠવી વોર્ડન પાછો ફરતો હતો તેને રોકીને ડાૅ. ખન્નાએ તેને કહ્યું,

સાંભળ મોહન,મી. મહેતાને કહેજે કે, મીસ અર્ચના ભાર્ગવનો હિસાબ, આઈમીન એમના નામે નીકળતા નાણાંની ફાઈલ લઈને મારી ઓફિસમાં આવે.

યસ. સર, કહી વોર્ડન વિદાય થયો.

ચ્હા-નાસ્તાથી પરવાર્યા એટલામા જ મી. મહેતાએ ઓફિસમા આવવાની રજા માગી.

યસ, કમ..... ઈન.......

મી. મહેતાએ, અર્ચના ભાર્ગવની ફાઈલ ટેબલ પર મૂકી. ડાૅ. ખન્નાએ ખૂબ જ કાળજીપૂર્વક અર્ચનાનો નાણાંકિય હિસાબ તપાસી જોયો. પછી મી. મહેતાને કહ્યું,

મી. મહેતા એકાઉન્ટ બરોબર છે ને ? કંઈ બાકી તો નથી રહેતું ને ?

ના, સર, બધું જ બરોબર છે.

ડાૅ. ખન્નાએ હિસાબો એમને જયાં જયાં સહી કરવાની હતી ત્યાં ત્યાં સહી કરી લીધી. પછી કહ્યું, મી. મહેતા વારસદાર તરીકે મી. પાર્થની સહી લઈ ચેક એમને આપી દો.





સર, પાર્થ ખુરશીમાંથી સ્હેજ ઊંચો થયો પછી બોલ્યો, મારા બદલે ચેકમાં મધરનું નામ લખો. કારણકે, અર્ચનાને મળનારાં નાણાંનાં એ જ સાચાં હકદાર છે. મને આપશો તો પણ હું નાણાં મધરને જ આપી દેવાનો છું. અલબત્ત વારસ તરીકે હું મારી સહી કરી આપવા તૈયાર છું.

તમારી વાત મને પસંદ પડી. પણ એ માટે તમારે એક બાંહેધરીપત્રક લખી આપવું પડશે.

એ લખી આપવા પણ હું તૈયાર છું. આમેય મારું જીવન જયારે મેં અન્યને માટે જીવવાનું નક્કી કર્યું છે. તો પછી એની શુભ શરૂઆત અહીંથી જ કરીએ. પાર્થે કહ્યું.

પાર્ઠભાઈ અર્ચનાની આતલી મોટ્ટી રકમ ટમને મલે છે ટ્યારે ટેનો ટમે ઊપયોગ કર્યો હોત, આઈ મીન, બીજા ના ભલા માટે, અમારે ટો ઘન્ની ઘન્ની મડડ મળે મધરે દલીલ કરી.

મધર, પાર્થે કહ્યું, તમારા અનાથાશ્રમમાં આવ્યો ત્યારે મેં ત્યાં તજી દેવાયેલાં, માબાપ વિહોણાં બાળકોને કિલ્લોલ કરતાં જોયાં, જેમને ખબર પણ નથી કે મારાં માતા-પિતા કોણ છે. ? ઊપરાંત તમારાં જેવાં સાધ્વીઓ માતા-પિતા, કુટુંબ અને વતન છોડી દઈને તરછોડાયેલાં, ગરીબ, અનાથ, માંદા, વગેરેની કોઈપણ જાતના સ્વાર્થ વગર સેવા કરવા આખું આયખું એ લોકો માટે અર્પણ કરી દે છે તો મારા જેવો મામલૂી માણસ આટલું ય ન કરી શકે ? અને આમાં તો મારું તો કશું જ નથી જે છે તે સેવાની મૂર્તિ સમી અર્ચનાનું છે. આખરે અર્ચનાની અને મારી વચ્ચે સંબંધ પણ ક્યો હતો ? લાગણીનો.... દિલનો..... પાર્થ ગળગળો થઈ ગયો.

નેવર માઈન્ડ માય સન...... મધરે પાર્થનો ખભો ખૂબ પ્રેમપૂર્વક થપથપાવ્યો.....

મી. પાર્થ, ટ્રેઈન અકસ્માત પછીતમને જયારે અમારી હોસ્પીટલમાં દાખલ ક્યા ત્યારે જ મને થયું હતું કે, (આ માણસ જરા હટકે છે. કાં તો એ ખૂબ દયાળુ હશે, પરગજુ હશે, નિખાલશ હશે અને સાથે સાથે નિઃસ્વાર્થી પણ હશે આજે એ બાબતની પૂરેપૂરી ખાતરી થઈ ગઈ. પછી મી. મહેતાને કહ્યું, મી. મહેતા ચેકમાં મધરનું નામ લખજો. અને જરૂરી ફોર્મમાં મધરની સહી લઈ લેજો.

મી. મહેતા જરૂરી નોંધ કરી વિદાય થયા. એમના ગયા પછી ઓફિસમાં ખામોશી છવાઈ ગઈ. મધર અને પાર્થ અર્ચનાના વિચારોમાં ખોવાઈ ગયા. છેવટે એ ખામોશી તોડતાં રણજીતે કહ્યું,

મધર, આપની સંસ્થામાં ફક્ત અનાથ બાળકોને જ પ્રવેશ આપવામાં આવે છે ?

નો.... ના એમ નઠી. જરૂર પરે આને યોગ્ય લાગે ટો મા-બાપ હોય ટો પન એવા બાલકો લઈએ.... મોતાં કરીએ.

લોકવાયકા છે કે અનાથાશ્રમમાં બાળકોને રાખી, ભણાવી ખ્રિસ્તી બનાવવામાં આવે છે ?

આ ટો રાજકરનારાઓ ના કારણ છે. અને તે જુઠ્ઠા છે. ખ્રિસ્તી ધર્મ એ પ્રેમના ધર્મ છે. તમે કપડાં, દવા, ખોરાક આપો અને ટે ખ્રિસ્તી ઠઈ જાય તેવું નથી. બાલક મોટ્ટો થાય, સમજે, કે હું શું કરી શકીશ. અને એને પૂછો પછી તેની ઈચ્છા પ્રમાણે થાય. અર્ચના ત્યાં મોટ્ટી થઈ, ભની, પન હિન્દુ હટી.

પણ સમાચારપત્રો તો ધર્મપરિવર્તના નામે શોર મચવે છે કે,





"ખ્રિસ્તી મિશનરીઓ, અનાજ, કપડાં, દવા તથા આશ્રય આપી ને ગરજાઉ માણસને હિન્દુમાંથી ખ્રિસ્તી બનાવે છે." આમાં સાચું શું ?

જો ભાઈ રણજીત, મધર ને ગુજરાતી બોલતાં આવડતું નથી. અને આવડે છે તો વાક્ય રચના નથી આવડતી. જો સાંભળ આપણો ભારત દેશ હિન્દુ સંસ્કૃતિનો દેશ છે. મૂળે હિન્દુ શબ્દનો અર્થ થાય છે "સિંધુ". સિંધુ નદીના કાંઠે આપણી સંસ્કૃતિ વિકસી, આપણા ઋષિમુનીઓ ખૂબ જ તપસ્વી અને પ્રભાવશાળી હતા. વિજ્ઞાનની આધુનિક શોધો પણ આપણી દેન છે. છતાં પણ આપણાદેશની પ્રજા એટલી ધર્મભીરુ હતી કે, ઋષિમુનીઓ કહે એ જ સત્ય છે એમ માનતી. આપણી પ્રજાએ ધાર્મિક માન્યતાઓને લીધે દેશની સીમાઓ ઓળંગી નહીં, એટલે પ્રજા કૂવામાંના દેડકા જેવી થઈ ગઈ. પરિણામે મોગલો, પછી ફિરંગીઓ અને છેલ્લે અંગ્રેજ પ્રજાએ આપણા પર રાજ્ય હકૂમત ચલાવી, સાચું કહું તો આ ધર્માંતર એ હાલની સ્થિતિ નથી, કારણકે મોગલ શાસનમાં પણ કેટલા હિન્દુઓ મુસ્લીમ બની ગયા, પછી ફિરંગીઓનું જયાં જયાં શાસન હતું ત્યાં ઘણા હિન્દુઓ કેથોલિક ખ્રિસ્તી થઈ ગયા અને અંગ્રેજોના શાસન હેઠળના પ્રદેશોમાં ઘણા હિન્દુઓ પ્રોટેસ્ટંટ ખ્રિસ્તી થઈ ગયા. આ શાસકો એ બળજબરી, લાલચ કે બીજી કોઈ યુક્તિ અજમાવી હતી એ આપણે જાણતા નથી પણ આ એક સત્ય છે. ઊપરાંત ધર્માન્તરને ઉત્તેજન આપ્યું ભારતની વર્ણવ્યવસ્થા એ મનુ નામના બ્રાહ્મણવાદી સાધુએ ભારતની પ્રજાને ચાર કોમમાં વહેંચી દીધી. એમાં શુદ્રને એટલું સહન કરવાનું આવ્યું કે, એમનો હિંદુ ધર્મમાંથી વિશ્વાસ જ ઊઠી ગયો. શુદ્ર મંદિરમાં ન જઈ શકે, અન્ય વ્યક્તિને અડકી ન શકે એને ગામથી દૂર રહેવાનું, રણજીત

તું મનુ સ્મૃતિ ગ્રંથ વાંચી જો તો ખબર પડે કે હિંદુ વ્યક્તિ ધર્મ કેમ બદલે છે ? રાજકારણીઓ પોતાની વૉટબેંક સલામત રાખવા જાત જાતના કાયદા ઘડે છે, અને ધર્માંતરણ ધારો એ તો માણસની સ્વતંત્રતા ઉપર તરાપ મારવા જેવું છે. મધર ટેરેસા એમનું વતન છોડી ભારતમાં આવ્યાં, એમણે કેટલા લોકોને ખ્રિસ્તી બનાવ્યાં ? છે એનો આંકડો તમારી પાસે ? જે મિશનરીઓ પોતાનો દેશ છોડી અહીં સેવા કરે છે, અરે જે મિશનરીઓ લગ્ન જ નથી કરતા પછી એમને એમનાં કયાં કુટુંબ માટે આ બધું કરવાનું ? આ સેવા પ્રવૃત્તિમાં તો મને કયાંય એમનો સ્વાર્થ દેખાતો નથી.

અરે ભૈ, પાર્થ આમ આકળાં શા માટે થાઓ છો, હું તો છાપાંની વાત કરું છું.

છાપાં અને મિડિયા હંમેશા આવી બાબતોને પ્રથમ પ્રાધાન્ય આપે છે. હિન્દુમાંથી બૌધ્ધ થનારને માટે કોઈપણ વાતનો ઉહાપોહ કરવામાં આવતો નથી. ફકત અને ફકત ભારતના રાજકીય પક્ષો, અને આપણા નેતાઓ આવાં તૂત ઊભાં કરીને પોતાનો રાજકીય રોટલો શેકી ખાય છે. હિન્દુ - મુસલમાન અને ખ્રિસ્તી એમાં ય આ રાજકીય નેતાઓ મુસ્લીમ અને ખ્રિસ્તીઓ વિરુધ્ધ આગળ ચળવળ ચલાવી, ચૂંટણી ટાણે હિન્દુ વોટબેંક ઉભી કરતા હોય છે, જ્યારે ખાનગીમાં તેઓ જ મુસલમાનો અને ખ્રિસ્તીઓનું ય તૃષ્ટિકરણ કરતા હોય છે. પાર્થે કહ્યું,

ચાલ, છોડ એ બધી વાતો, કામ પતાવ, શેઠ દ્વારકા પ્રસાદ આપણી વાટ જોતા હશે.





## ...૧૮...

સંધ્યા ઢળી ગઈ હતી. મુંબઈની નિયોન લાઈટો ઝળહળી ઊઠી હતી. રણજીત "જશલોક" હોસ્પિટલમાંથી સીધો, શેઠ દ્વારકાપ્રસાદ ને ત્યાં ગાડી હંકારી ગયો.

જયારે ગાડી શેઠ દ્વારકાપ્રસાદના પ્રાંગણમાં આવી ત્યારે શીલા અને સ્વાતિ બેઉ એની વાટ જોઈ રહ્યાં હતાં.

રણજીતે ગાડી શેઠના ગરાજમાં પાર્ક કરી. પછી પાર્થને કહ્યું, "પાર્થ, તું થોડવાર, મારી ઓરડીમાં આરામ કર, હું જરા શેઠને મળીને આવું છું. કહી રણજીત શેઠ દ્વારકાપ્રસાદ પાસે ગયો.

રણજીત, તારો પેલો મિત્ર આવ્યો છે ?

હા, શેઠજી, એને મેં મારી અરોડી પર રોકી રાખ્યો છે.

વેલ, સારું કર્યું, હવે જો તમારા બેઉનું જમવાનું હું અરોડી પર મોકલી આપું છું.

ના, શેઠજી, અમે બંને હવે થોડું રાંધી લઈશું.

અરે, ગાંડો થયો છે, સાંભળ, તારા એ મિત્રને શોધવા આવનારી બંને દિકરીઓ અહીં આવી છે. અને એમની સાથે જ હું તમારા બેઉનું વાળું મોકલી આપું છું.

રણજીત બોલે તો શું બોલે ? જયારે તેતર જ છટકામાં ફસાયું હોય ત્યાં..... !

સારું શેઠજી....... કહી રણજીત એની ઓરડી પર આવ્યો. પાર્થ, એની ઓરડીમાં નીચે પાથરેલા ગાદલા પર લાંબો થઈ ગયો હતો. આમેય એ થાકેલો તો હતો જ, અને એમાંય મધર સાથે કામ

પાર પાડતાં એને એમ પણ થઈ ગયું હતું કે, "હવે ક્યારે આ શહેર હું છોડી દઉં." એ જ પળોજણમાં પાર્થ નો જીવ અધ્ધર થઈ ગયો હતો. એને તો એમ હતું કે હું મારા નિર્ણયમાં, સાધુ થઈ જવાના નિર્ણયમાં અડગ બની જાઉં, ભલે દુનિયાની કોઈ તાકાત મારી વિરૂધ્ધ જાય છતાં પણ, હું મારા નિર્ણયમાં અડગ જ રહેવાનો.

પાર્થ...... એઈ પાર્થ, ક્યાં ગયો ? અરે જરા અજવાળું તો કર..... અંધારામાં શું કરે છે ? રણજીતે એને એની વિચારધારામાંથી બહાર કાઢયો.

અરે, રે.... રે.... હું તો જો ને રણજીત, વિચાર વાયુમાં ફસાઈ ગયો હતો,......... લ્યે ચાલ, આપણે જમવા જઉં છે ? કારણકે, હવે હું ખૂબ થાકી ગયો છું. અને મને ઉંઘ પણ આવે છે.

જો, ભૈ આ મુંબઈ છે, રાંધવું હોય તો મારી "ના" નથી. પણ શેઠે એમ કહ્યું છે કે, તમારું બેઉનું જમવાનું હું તમારી રૂમ ઉપર મોકલી દઉં છું.

હે, શેઠજી એ એવું કહ્યું ? આટલી બધી કૃપા એ કયા કારણે ?

ખબર નથી મને પણ કદાચ શેઠની નજર તારા ઉપર મહેરબાન પણ થઈ ગઈ હોય.

ના, ના, ભાઈ રણજીત, હશે હવે, લાગી છે ભૂખ આવી છે નિંદરા........

થોડી વાટ જો, જરા સબર રાખ, હવે જમવાનું આવ્યું જાણ...........

બેઉ હાથ-પગ ધોઈ, પરવાર્યા, ઓરડીનું બારણું બંધ હતું, ને બારણા પર ટકોરા પડ્યા.





રણજીત તો જાણતો હતો. છતાં બોલ્યો, લ્યે, પાર્થ આવી ગયાં કોઈક આપણને આખી રાત જગાડવા.

હશે, ભાઈ રણજીત, એમાં આપણે શું કરી શકીએ ?

રણજીતે બારણું ખોલ્યું. શિલા અને સ્વાતિ બે થાળીઓમાં સાંજનું ભાણું લઈ આવી હતી.

સહમી ગયો પાર્થ. સ્વાતિ અને અહીં ? અને આ કોણ ? અરે આ તો શીલા છે ? આ બંને અહીં કયાંથી ?

આવો, લાવો અમારું જમવાનું, અમે બંને આજે તમારા હાથે જ જમવાના છીએ, રણજીત જરા લહેકાથી બોલ્યો.

પાર્થ, બોલે તો શું બોલે ? સ્વાતિ ને જોઈએ એ તો સાવ હતપ્રભ થઈ ગયો હતો. છતાં બોલવા ખાતર બોલ્યો, લાવો, ભૈ, ખૂબ ભૂખ લાગી છે, આટલી ભૂખ તો આટલા જનમમાં પણ ન'તી લાગી.

પાર્થ, તારા માટે જ, અને તારા માટે જ, અને જે ભવ - ભવ નાં ભૂખ્યાં હોય એમને માટે જ આ ભોજન લાવી છું. જમવું ન જમવું એ તારી પર આધાર રાખે છે.

સ્વાતિ, આટલો સમય, આટલા મહિનાઓ તારા ને મારા વિખૂટા પડી ગયા પછી તું મને ભૂલી જ ન શકી ?

પાર્થ, પ્રેમ એ ફટાકિયાં મોતી નથી. શેઠ દ્વારકાપ્રસાદે મને પત્ર લખ્યો, અને તને મળવા, તને પામવા હું આ મારી બહેનપણી શીલા સાથે મુંબઈ છોડી આવી. પ્રેમ કદી મરતો નથી, એ તો પાર્થ કાયમ જીવતો જ હોય છે, અને સદા જીવતો જ રહેવાનો.

જુઓ, પાર્થ, ભાઈ, અમારી મંઝિલ અહીં પૂર્ણ થઈ જાય છે. તમને મળવું હતું, તમને ખોળવા હતા તમે મળી ગયા, હવે મારે અને

સ્વાતિને શી ચિંતા ?

ભૈ, રણજીત, જમવાનું ટાઢું થાય છે, આપણને કંઈ આ બેમાંથી એકય જમવાનં નથી આપવાની, એટલે મારું તો એવું કહેવું છે કે, શેઠ દ્વારકાપ્રસાદ બેઉને બોલાવે તે પહેલાં જમી લઈએ.

વાત તો તારી સાચી છે, પણ આપણે પીરસશે કોપ ?

લ્યે, વાત કેવી કરે છે ? તને પીરસશે સ્વાતિ અને મને પીરસશે શીલા....

વાહ, ભૈ, વાંધો નહી. પણ આપણે એક કામ કરીએ આપણી ચારે જણ સાથે જ જમીએ.

વાંધો નહીં, ભૈ તમને કંઈ વાંધો છે ?

ના..... ના..... સ્વાતિ અને શીલા સાથે બોલી ઊઠ્યાં.

અને, એ સમય, એ કાળ, ભૂતકાળનાં સંભારણાંમાં પલટાઈ ગયો. સ્વાતિ પાર્થ ને મેળવી ખુશ હતી. તો શીલાના હૈયામાં રણજીત નું સ્થાન કયા ખૂણામાંથી કયા બારણામાંથી પેસી ગયું તે ન તો રણજીત ને ખબર પડી કે ન તો શીલા ને ?

વાળું પતી ગયું. થાળીઓ પાછી લઈ જતાં સ્વાતિએ પાર્થને કહ્યું, ‘‘પાર્થ, જો હવે તારે ક્યાંય ખોવાઈ જવાનું નથી. હું તો તને શોધી શોધીને થાકી ગઈ છું.’’

સ્વાતિ, મારા નસીબે મારા માટે જે નક્કી કર્યું હતું, તેનો હવે અંત આવે છે.... છતાંય મારે તને એકાંતમાં મળવું પડશે, મારી ઈચ્છાઓ, આકાંક્ષાઓ, મારા નિશ્ચય અને મારી હવે પછીની જિંદગી જીવવા માટે તારી મંજૂરીની મારે જરૂર પડશે.





પાર્થ, તને પાછો મેળવ્યા પછી, તારી ઈચ્છા એ જ મારી ઈચ્છા હશે. તારી આકાંક્ષા એ જ મારી આકાંક્ષા હશે. તારું પાથરણું એ મારું પાથરણું હશે, તારું સુખ એ મારું સુખ અને તારું દુ:ખ એ મારું દુ:ખ. યાદ છે પાર્થ, અનામતના એ દિવસો મે જ તને કહ્યું હતું કે, ‘‘આ રેલ ના પાટા કયાંય ક્યારે ભેગા થતા નથી ’’ અન. જો પાર્થ, આજે એ પાટા ભેળા થવાની તૈયારીમાં છે.

ના, સ્વાતિ, એ રેલના પાટા હવે ક્યારેય ભેગાં નહીં થાય, હું તને ચાહું છું, તમે પ્રેમ કરું છું, તારા માટે મારી જીંદગી ન્યોછાવર કરવા તૈયાર છું પણ હવે એ રીતે નહીં.

તો..... તો...... પાર્થ કઈ રીતે ? સ્વાતિની આંખોમાંથી આંસુના બે બુંદ ગાલ પર દડી ગયાં.

રડ નહીં, સ્વાતિ રડીશ નહીં... આપણા આ નિસ્વાર્થ પ્રેમને આંસુથી પલાળીશ નહીં.

શું કહું પાર્થ, તારા ગયા પછી મેં આ દુનિયા અને સમાજની, કહેવાતા સાધુઓની કેટલી ઠોકરો ખાધી છે અને તું મને રડવાનું ના કહે છે ?

બહેન , સ્વાતિ બહેન, શાંત થાવ, રાત હવે વહે છે, આવતી કાલે સવાર પણ થવાનું છે.... આવતી કાલે આપણે બધાં ભેગાં થઈને આ બધી બાબતોનો આખરી નિર્ણય લઈશું. કેમ, શીલા તારું શું કહેવું છે !

રણજીત...... તારી વાત સાચી છે, ભાવુક થઈ ને જીંદગી માટે કશો નિર્ણય ન લઈ શકાય.

સ્વાતિ અને શીલા બંને થાળીઓ લઈ દ્વારકાપ્રસાદના બંગલામાં

ગયાં. પછી પાર્થ અને રણજીત રૂમ પર એકલા પડ્યા. પાથરણાં નાખતાં રણજીતે કહ્યું, ભાઈ, પાર્થ, આજે તો હું ખૂબ થાકી ગયો છું.

થાક તો મને પણ લાગ્યો છે. પણ મને એક વાત સમજાતી નથી. સ્વાતિ અને શીલા અહીં આવવાનાં છે એ વાત તેં મને કેમ ન કરી ?

જો ભાઈ, પહેલી વખત પણ સ્વાતિબેન કોઈ પંકજ નામના ભાઈને લઈને આવ્યાં હતાં. તે વખતે પણ તું એમને ઓળખી ન શક્યો, અને તેઓ બંને પાછાં આણંદ ચાલ્યાં ગયાં.

હેં...... સ્વાતિ મને શોધવા આવી હતી ? ઉછળી પડ્યો પાર્થ.

હા, અને એ વખતે પણ તેઓ આ મારા શેઠના ઘરે જ રોકાયાં હતાં. ભલામણ કરતાં ગયાં હતાં કે જો પાર્થની ભાળ મળે તો મને જાણ કરે. અને એ દિવસે તું મારે ત્યાં આવ્યો ત્યારે શેઠે મને કહ્યું હતું કે ''તું આ તારા મિત્ર ને અહીં જ રોકી રાખજે.'' પછી તો રણજીતે બધી જ વાત પાર્થ ને જણાવી દીધી. વાતો કરતાં કરતાં બંની નિદ્રાંદેવીને ખોળી સરી પડ્યા.

**...૧૯...**

મુંબઈ શહેરની સવાર સમયના સાડાત્રણથી શરૂ થઈ જાય છે. દૂધ, શાકભાજી, ફળફળાદિ, માછલી, નોકરીએ જનારા બધા જ વહેલાં જાગી જાય. મુંબઈ માટે કહેવાય છે કે ત્યાં ''રોટલો મળે પણ ઓટલો'' ના મળે. પાર્થ એ બાબતે સદ્‌ભાગી હતો, કે તેને આટલી ભીડ ભરી નગરીમા જ્યાં ગયો ત્યાં રોટલો અને ઓટલોય મળી ગયો





હતો. પાર્થ અને રણજીત સવારે પાંચ વાગ્યે જાગી ગયા. પ્રાતઃકર્મ પતાવી બેઉ બેઠા હતા ત્યાં જ સ્વાતિ અને શીલા બેઉ માટે ચ્હા-નાસ્તાની ટ્રે લઈને આવ્યાં.

આવો, આવો, શીલાદેવી, ગરીબનું ઘર પાવન કર્યું ? રણજીતે હસતાં હસતાં કહ્યું.

ગરીબ અને તમે ? શીલાએ સામો ટોણો માર્યો.

ગરીબ નહિ તો બીજું શું ? શેઠની નોકરી કરી છીએ અને કારના માલિક ગણાઈએ છીએ, કહેતાં રણજીતે શીલાના હાથમાંથી ચ્હાની ટ્રે લીધી પછી બોલ્યો, કેમ સ્વાતિબેન તમારે આજે મૌનવ્રત છે ?

હા, ખોવાયેલું કશુંક મળી જાય ત્યારે માનવી મૂંગું થઈ જાય છે, કહેતા પાર્થ પણ બહારથી આવ્યો.

પાર્થ, ચાલો આપણે ચ્હા-નાસ્તો પતાવી દઈએ. આજે જરા મુંબઈનગરીનાં દર્શન કરવાં છે. પછી આપણે સાથે જ આણંદ જવા નીકળીએ સ્વાતિએ કહ્યું.

લ્યે, જો રણજીત, હું વળી મુંબઈ છોડી દેવા માગું છં ત્યારે આને હજી મુંબઈમાં રોકાવું છે.

સાચી વાત છે, બેઉ આમેય આવ્યા છો, ત્યારે મુંબઈની જોવાલાયક જગ્યાઓ ભલે ને જોતાં........ રણજીતે કહ્યું.

સારું ભાઈ, તમારી મરજી.......

વાતો વાતોમાં જ ચ્હા-નાસ્તો પતી ગયો. સ્વાતિ અને પાર્થ વચ્ચે ઝાઝી વાત ના થઈ. સ્વાતી અને શીલા બેઉ ચ્હા-નાસ્તાની ટ્રે લઈ દ્વારકાપ્રસાદના બંગલા તરફ ગયાં. એટલે રણજીતે કહ્યું, ''પાર્થ હું જરા શેઠને મળીને આવું છું ત્યાં સુધી તું અહીં બગીચામાં લટાર

માર" રણજીત શેઠ દ્વારકાપ્રસાદને મળવા ગયો. પાર્થ શેઠ દ્વારકાપ્રસાદના કંપાઉન્ડમાં આવેલા બગીચામાં એક બાંકડા ઉપર બેઠો. બગીચામાં સુંદર ફુલો ખીલ્યાં હતાં. એમાંય રાતરાણીના વૃક્ષ નીચે તો જાણે સફેદ ફુલોની ચાદર બીછાવી હોય એમ ફુલો ફેલાયાં હતા. હવામાં રાતરાણી, ગુલાબ, મોગરો વગેરે ફુલોની સુવાસ લહેરાઈ રહી હતી. પાર્થ વિચારમાં પડ્યો,

સ્વાતિ મને શોધવા, મને મળવા આટલે સુધી આવી એ જ મારા પરના એના સાચા પ્રેમની સાબિતી છે. પણ હવે જ્યારે મેં નિર્ણય લીધો છે. ત્યારે એમાંથી મારે ચળી જવું?

ચળી જ જવાનો ને? મેનકા આગળ મહા તપસ્વી વિશ્વામિત્ર પણ ક્યાં ટકી શક્યાં હતાં? અને મત્સ્ય કન્યાના રૂપ આગળ પરાશર ઋષિ પણ પોતાના પર ક્યાં કાબુ રાખી શક્યા હતાં? અને તું તો સંસારી માનવી છે!

ભલે, હું સંસારી માનવી હોઉં પણ મારા નિર્ણયમાં હું અટલ જ રહેવાનો....

પાર્થ.... પાર્થ.... સ્વાતિ તેને શોધતી ત્યાં આવી.

અવાજ સાંભળતાં જ પાર્થ વિચારતંદ્રામાંથી બહાર આવ્યો. અને બાંકડા પરથી ઉભો થયો.

પાર્થ ક્યાં હતો તું? સ્વાતિ પાર્થની સમીપ આવતાં બોલી.

ક્યાંય નહીં, અહીં તારી પાસે જ, તારી સન્મુખ આવ સ્વાતિ બેસ...

બંને બાંકડા પર બેઠાં.

પાર્થ, આજે મુંબઈ દર્શન કર્યા પછી આપણે કાલે આણંદ જવા





નીકળી જઈએ.

હા, હવે મને પણ વતનનો સાદ થયો છે. મારે હવે વતનમાં જઈ કોઈક આશ્રમમાં મારી સેવા આપવી છે.

પાર્થ, હું તને શોધવા આટલે સુધી આવી એનો અર્થ એ છે કે, તને મળ્યા પછી હું તને આશ્રમમાં જવા દઉં?

જો, સ્વાતિ આણંદથી નીકળ્યો ત્યારે હું આજ નિર્ણય કરીને નીકળ્યો હતો. હવે મારા આ નિર્ણયમાં હું કેવી રીતે ડગી શકું?

પાર્થ, સંસારમાં રહીને પણ સમાજની સેવા કરી શકાય છે, અરે ભારતમાં જે સંતશિરોમણી કહેવાય છે, બાપુઓ કહેવાય છે, જેને લોકો પગે પડે છે એ બધા પરણેલા અને સંસારી જ હોય છે ને?

સ્વાતિ.... તું મને મારા નિશ્ચયમાંથી ડગાવવા આવી છે?

ના, પાર્થ, ના, મારો પ્રેમ એટલો બોદો નથી, મારો પ્રેમ તારી દરેક ઈચ્છાને જ માન આપે છે. અને બલિદાન એ જ પ્રેમની સાચી નિશાની છે, હું તો તારી સાથે જ રહેવા માંગુ છું તારો પડછાયો બનીને જીવવા માંગુ છું.

સ્વાતિ... આણંદ છોડ્યા પછી....

બોલ, અટકી કેમ ગયો? જે હશે તે મને દુઃખ નહિ લાગે....

સ્વાતિ..... કહી પાર્થે ટ્રેઈન અકસ્માત પછી શું બન્યું, અર્ચના ના સબંધમાં એ કેવી રીતે આવ્યો, એ બધી વાત કરી. અર્ચનાનું નામ પાર્થના મોં એ સાંભળતાં સ્વાતિને તેની બહેન અર્ચના યાદ આવી. પાર્થને તેણે પૂછ્યું,

પાર્થ અર્ચના.... અર્ચના ભાર્ગવ તો નહિં?

હા, સ્વાતિ, અર્ચના ભાર્ગવ. પણ તને ક્યાંથી ખબર?

સ્વાતિએ તેના પિતાના પત્રની વાત પાર્થને કરી અને કહ્યું, બને તો પાર્થ આપણે તેને પણ શોધવી જ પડશે.

સ્વાતિ આપણે તેને હવે નહિ શોધી શકીએ. કારણ તે આપણને છોડીને ચાલી ગઈ છે.

ક્યાં ગઈ છે? ફરી મુંબઈ છોડી દીધું છે?

ના, મારા માટે તેણે પ્રાણની આહુતિ આપી દીધી. કહીને પાર્થે તેના ભાઈ પ્રણવ અને અર્ચનાની બધી હકીકત સ્વાતિને જણાવી. પાર્થની વાત સાંભળ્યા પછી સ્વાતિ ઉદાસ થઈ ગઈ... એની આંખોમાં ઝળઝળિયાં ભરાઈ આવ્યાં.

સ્વાતિ.... પાર્થે તેના ખભે હાથ મૂકી, રૂમાલથી તેનાં આંસુ લૂછી નાખ્યાં પછી કહ્યું, આ જગતમાં કોઈ પણ અમર નથી. મારી જ વાત કરને... એ જ અકસ્માતમાં હું...

ના... પાર્થ... ના.... સ્વાતિ એ પાર્થના મોઢા પર હાથ મૂકી દીધો.

સ્વાતિ... લ્યે ચાલ, રૂમ પર રણજીત મારી વાટ જોતો હશે કહી પાર્થ ઊભો થયો. બંને રૂમ પર આવ્યાં ત્યારે રણજીત જાણે તેમની જ વાટ જોતો હતો.

ભાઈ પાર્થ, તું તો ખરો નીકળ્યો. હું ક્યારનો અહીં તારી વાટ જોઈ રહ્યો છું અને ભાઈસા'બ સ્વાતિ બેન સાથે ફરવા નીકળી પડ્યા છે... કહી રણજીત હસી પડ્યો.

જુઓ રણજીતભાઈ મને તમારે "બહેન" નહિ કહેવાનું. સ્વાતિએ કહ્યું.





તો શુ કહું તો તમને ગમે?

ભાભી કહેવાનું... કહેતી શીલા પણ ત્યાં આવી.

શરમાઈ ગઈ સ્વાતિ...

અરે, એમાં શરમાય છે શું? હવે તમે બંને એક બીજાને મળી જ ગયાં છો ત્યારે સંસારમાં પગલાં માંડશો જ ને?

અરે, તમારી આ બધી વાતોમાં હું તમને કહેવાનું જ ભૂલી ગઈ કે આપણને બધાંને શેઠ દ્વારકાપ્રસાદે બંગલે બોલાવ્યા છે.

બધાં બંગલે પહોંચ્યાં ત્યારે શેઠ અને તેમનાં પત્ની, અને પુત્રી જાણે તેમની જ વાટ જોતાં હતાં. બધાં એક સાથે બેઠકખંડમાં આવ્યાં એટલે શેઠ દ્વારકાપ્રસાદે નોકર પાસે ચ્હા-નાસ્તો મંગાવ્યો. રણજીત દરવાજામાં એકબાજુ ઊભો હતો. એ જોતાં શેઠ દ્વારકાપ્રસાદે કહ્યું,

અરે, રણજીત તું ત્યાં કેમ ઊભો છે? આવ અહીં બેસ....

ના... ના... શેઠજી...

અરે ના શું? તું પણ અમારા ઘરનો જ સભ્ય છે. તું જાણે છે જે શેઠ સેવકને પોતાનો નથી ગણતો તે શેઠ અભિમાની ગણાય છે. કહેતાં શેઠે હાથ પકડીને રણજીતને બધા સાથે ખુરશી પર બેસાડ્યો. પછી ઉમેર્યું, "રણજીત તારા લીધે જ આજે આપણે એક સારું કામ કરી શક્યાં છીએ."

નોકર ટેબલ પર ચ્હા-નાસ્તો મૂકી ગયો. એટલે શેઠ દ્વારકાપ્રસાદનાં પત્ની શારદાદેવીએ દરેકના કપમાં ચ્હા રેડી, પછી બોલ્યાં તમે બધાં જ મારાં બાળકો છો, તમારા માટે આ અજાણ્યા મુલકમાં અમારાથી બનતું અમે કર્યું.

હા તો સ્વાતિ દીકરા તું તારી બહેનની કંઈ વાત કરતી હતી ને?

હા, અંકલ પણ હવે એ આ દુનિયામાં નથી... સ્વાતિ ફરી રડી પડશે એમ માની પાર્થે જ જવાબ આપ્યો અને બધી વાત કરી.

હશે, આપણે જે નિર્માણ લઈને આવ્યા હોઈએ એમ જ બધું બને છે. એમાં આપણે શોક કરવા સિવાય બીજું શું કરી શકવાનાં હતાં.

વાતોમાં જ ચ્હા-નાસ્તો આટોપાઈ ગયો એટલે શેઠે કહ્યું, રણજીત, આ બધાંને ગાડીમાં આખા મુંબઈની સહેલ કરાવ. જોવાલાયક કોઈ જગ્યા બાકી ન રાખતો, અને બેટા, જયશ્રી તારે પણ એમની સાથે જવું હોય તો જજે, મારે અને તારી મમ્મીને આજે એક સબંધીને ત્યાં જવાનું છે, એટલે અમે હવે નીકળીએ છીએ. કહી શેઠે, જયશ્રીને હજાર રૂપિયા આપતા ઉમેર્યું, જો આપણા મહેમાનોને બપોરે હોટલમાં સારામાં સારું ભોજન કરાવજે, એમને એક પૈસાનો ય ખર્ચ કરવા ન દેતી.

પણ પપ્પા... મારે પણ સંગીતના વર્ગમાં જવાનું છે, ત્યાર પછી મારે ટ્યુશન માટે જવાનું છે... હું પણ છેક સાંજ સુધી પાછી ફરીશ નહિ. સોરી પપ્પા હું આ લોકો સાથે જઈ શકું તેમ નથી.

કંઈ વાંધો નહિ... લ્યે રણજીત આ રકમ અને ગાડી લઈને ઉપડી જાવ... આવશો ત્યારે સાંજનું વાળું તૈયાર હશે.

સ્વાતિ, પાર્થ, શીલા અને રણજીત શેઠને પગે લાગી નીકળી ગયાં. ગાડી બંગલાની બહાર આવી એટલે રણજીતે કહ્યું, ''ભાઈ પાર્થ આપણે સૌ પ્રથમ મારા ઘરે જઈએ.''

તારી ઈચ્છા, એ બહાને તારાં માતા-પિતાને પણ મળી શકાશે. અને સ્વાતિ અને શીલા પણ તારું ગામ અને ગામનાં પ્રેમાળ લોકોને





જોઈ ખુશ થશે.

અડધા કલાકમાં તો ગાડી રણજીતના ગામમાં આવી લાગી. ગાડીને આવતી જોઈ ગામનાં બાળકોએ ગાડી તરફ દોટ મૂકી, અને ગાડી પાછળ દોડતાં કલશોર કરતાં રણજીતના ઘર સુધી આવી લાગ્યાં.

છોકરાનો શોરબકોર સાંભળી રણજીતનાં બા ઘરની બહાર નીકળ્યાં જોયું તો રણજીત પાર્થ, સ્વાતિ અને શીલા ગાડીમાંથી ઉતરતાં હતાં. રણજીત અને પાર્થને તો રણજીતનાં બા એ ઓળખ્યાં પણ સાથે અજાણી બેઉ યુવતિઓને જોઈને એમને નવાઈ લાગી.

આવો.... આવો... કહેતાં રણજીતના બા પાણીનો લોટો અને ગ્લાસ ભરીને પરસાળમાં આવ્યાં પછી બધાંને પાણી આપણાં સુખિયાને બૂમ પાડી કહ્યું, ''અલી, સુખિયા જો તો કોણ આવ્યું છે?''

માતાની બૂમ સાંભળી છમિયાના ઘેરથી સુખિયા દોડતી આવી એને આવેલી જોઈ રણજીતની બા એ કહ્યું, જો સુખિયા પરસાળમાં ખાટલો ઢાળ, અને આ બેઉ દિકરીઓને ઘરમાં લઈ જા''

છનિયાએ ખાટલો ઢાળ્યો, ઉપર રૂ ભરેલું ગાદલું પાથર્યું. પછી સ્વાતિ અને શીલાને ઘરના ઓરડામાં લઈ જઈ બોલી, જુઓ બેન, અમારે ત્યાં બેસવાની ખુરશી તો નથી, પણ પાથરણું પાથરું છું એની ઉપર આરામથી બેસો.

શું છે નામ તારું? શીલાએ પૂછયું.

લ્યો, વળી હમણાં મા એ તો મને મારું નામ લઈ હાક મારી હતી એટલામાં ભૂલી ગયાં?

કેટલાક નામ એવાં હોય છે જે જલ્દી યાદ રહેતાં નથી, વળી હું ય ભૂલકણી છું એટલે પૂછું છું. શીલાએ કહ્યું.

મારું નામ સુખિયા છે, મારા બાપ મોટા ગામતરે ગયા છે. થોડી જમીન છે, એક ભેંસ છે, ભાઈ રણજીત ડ્રાઈવરની નોકરી કરે છે, હું અને મારી માં ભેંસ અને ખેતરનું કરીએ છીએ. સુખિયાએ એના નામ સાથે એના આખા કુટુંબનો ઈતિહાસ જણાવી દીધો. પછી પાથરણું પાથરી દીધું.

શીલા, આ લોકો ખૂબ જ પ્રેમાળું લાગે છે નહિં? આપણે જો અહીં જ રહેવાનું હોય તો?

સાચી વાત છે સ્વાતિ તારી. ગામડાના લોકો આમેય શહેરના લોકો કરતાં વાણી અને વર્તનમાં ખૂબ જ નિષ્કપટ અને નિખાલસ હોય છે. શીલાએ કહ્યું.

અરે, તમે મારું નામ તો પૂછી લીધું, પણ તમે તમારું નામ તો મને કહ્યું જ નહિ? ગેસ પર ચ્હા બનાવતાં સુખિયાએ કહ્યું.

અરે, હા, એ વાત તો અમે ભૂલી જ ગયાં. જો સુખિયા મારું નામ સ્વાતિ છે અને આમનું નામ શીલા છે.

ખૂબ જ સરસ નામ છે તમારાં અને જુઓને હું સુખી નથી તોય મારું નામ સુખિયા છે અને મારી માનું નામ જાણો છો?

ના, તારા કહ્યા વગર કેવી રીતે જાણી શકાય?

મારી મા... સહેજ ય દુઃખી નથી તોય એનું નામ છે દુખિયા.... કહી સુખિયા હસી પડી.

સુખિયા તને શું દુઃખ છે? શીલાએ પૂછયું.

દુઃખ તો કશું જ નથી. પ્યાલામાં ચ્હા ગાળતાં સુખિયાએ કહ્યું, પણ જુઓને રણજીત ભૈયા નોકરી કર્યા કરે છે પણ ભાભી નથી લાવતાં.





તને કેવી ભાભી ગમે? સ્વાતિએ ચ્હાનો પ્યાલો હાથમાં લેતાં કહ્યું.

મને તો.... મને તો.... ચ્હાનો બીજા પ્યાલો શીલાના હાથમાં આપતાં કહ્યું.... મને તો.... આમનાં જેવા ભાભી ગમે... કહી ચ્હાના બે પ્યાલા લઈ સુખિયા પરસાળમાં ચાલી ગઈ.

કેમ છે. સુખિયા પાર્થે કહ્યું.

બહુ દા'ડે ભૂલા પડ્યાં, કહી સુખિયાએ પાર્થના હાથમાં ચ્હાનો પ્યાલો આપ્યો, બીજો પ્યાલો રણજીતને આપતાં ઊમેર્યું મુંબઈમાં અમારું ગામ સાંભરતું ન હતું?

ના.... ના... એમ નહિ, પણ શહેરમાં ગયા પછી એવા કામમાં હું અને રણજીત અટવાઈ ગયા, કે ફરી પાછું આટલા દિવસે અહીં આવી શકાયું...

જો સુખિયા.... શહેરના માણહને, ગામડાના માણહ હાથે નેડો ઓછો હોય, અને આમેય આ તો છેક ગુજરાતના.... સુખિયાની મા એ કહ્યું.

તમે ય શું બા.... કાલે તો આ બધાં ગુજરાત ચાલ્યા જવાનાં છે. એટલે મને થયું કે, મારું ઘર-ગામની મુલાકાત કરાવી દઉં એટલે આજે સમય મળતાં જ એમને અહીં લઈ આવ્યો. રણજીતે કહ્યું.

હારું કર્યું દીકરા... જુઓ હવે હું જમવાનું રાંધી દઉં ત્યાં સુધી તમે વાડીએ જઈ આવો રણજીતની બા એ કહ્યું.

બા, જમવા-બમવાની માથાકૂટ કરતાં નૈ. હા, એમને હું આપણી વાડી બતાવવા લઈ જાઉં છું, પછી પાર્થને કહ્યું, ભાઈ પાર્થ, અમારી

વાડી ઘરથી વધારે દૂર નથી જઈશું ને?

હા, રણજીત હજી આપણી પાસે સમય પણ ઘણો છે, તો વાડીએ જઈ આવીએ, એ બહાને તારા આખા ગામના દિદાર થઈ જશે. પાર્થે સંમતિ આપતાં કહ્યું.

ચ્હા પીવાઈ ગયા પછી ચારે જણ રણજીતની વાડી તરફ જવાં નીકળ્યાં. ગામ નાનું હતું, ઘર હારબંધ નહિં પણ છૂટાં છવાયાં હતાં. મકાનોનો દિવાલો માટીની હતી, પણ દરેક ઘર ઉપર નળિયાની જગ્યાએ તાડ કે નાળિયેરીનાં પાંદડા છાયેલાં હતાં ક્યાંક, ક્યાંક, ઈંટોનાં પાકાં મકાન પણ નજરે પડતાં હતાં. દરેક ઘરના આંગણામાં ભેંસ બાંધેલી દેખાતી હતી. તો વળી છૂટાં ફરતાં બકરાં અને મરઘાં પણ નજરે પડતાં હતાં. અણીદાર શીંગડાવાળા બળદ પણ ગમાણમાં બાંધેલા દેખાતા હતા. દરિયાની ખારી હવા, વાતાવરણને ઉષ્મામય બનાવતી હતી. ગામ પાર કરીને તેઓ ખેતરની કેડીએ ચાલવા લાગ્યા. દરેક ખેતરના શેઢે નાળિયેર અને તાડનાં વૃક્ષો દેખાતાં હતાં. વળી ચિકુને મળતાં આવતાં કાજુનાં ઝાડ પણ હતાં. દૂર દૂર ડુંગરોની હારમાળા નજરે પડતી હતી.

રણજીતનું ખેતર કે જેને રણજીત વાડી કહેતો હતો એ એટલું મોટું ન હતું. કદાચ ત્રણેક વીઘાં જમીન હશે. ખેતરમાં જુવારનો પાક લહેરાતો હતો. ચારે જણ એક મોટા કાજુના ઝાડ નીચે ગયાં. પછી ત્યાં બેસીને ખેતરનું નિરીક્ષણ કરવા લાગ્યો. બધાંને સાવ મૌન થઈ ગયેલાં જોઈ રણજીત મૌન તોડતાં બોલ્યો.

આવું છે, અમારું ઘર, ગામ અને ખેતર... અને ગામનાં માણસો.





શું ખોટું છે? રણજીત... કહે છે ને કે ગામમાં ઘર ના હોય અને સીમમાં ખેતર ના હોય એ માણસ જ ન કહેવાય... પાર્થે કહ્યું.

રણજીતભાઈ થાય છે કે, વતનમાં પાછું જવા કરતાં અહીં જ રહી જઈએ... સ્વાતિ બોલી.

જે ને રહેવા જેવું છે એને જ અહીં રહી જવા દે ને, આપણે તો આપણી મંજિલ નક્કી કરી દીધી છે.

કેમ ભાઈ પાર્થ, અહી રહેવા જેવું કોને લાગ્યું છે? રણજીતે પૂછ્યું.

એ મને શું પૂછે છે પૂછી જો ને આ શીલાને? પાર્થે જવાબ આપ્યો.

પણ... પણ... શીલા શરમાતી બોલી.

એમાં શરમાય છે શું શીલા! તમે બેઉ એમ માનો છો કે અમને જાણે કશી ખબર જ ન હોય... સ્વાતિએ કહ્યું.

પણ, ભાઈ પાર્થ... એની સાબિતિ શી? રણજીત ઉવાચ.

પ્રેમમાં કદી સાબિતિ હોતી જ નથી, જે દિવસે આ બેઉ જણ વાળું લઈને આપણી રૂમ પર આવ્યાં, ત્યારે જ તમારા બેઉના ચહેરા મેં વાંચી લીધા હતા. કહી પાર્થે ઉમેર્યું, મારો અને સ્વાતિનો પ્રેમ તો જગજાહેર છે, તારી અને શીલાની આંખોએ જે સંદેશાની આપ-લે કરી એ અમારાથી અજાણ્યું રહે ખરું?

શીલા, પ્રેમનો રસ્તો ખોટો નથી, પણ છે ખરો કાંટાળો, પ્રેમના મારગમાં ડગલે અને પગલે દુઃખ સિવાય કંઈ જ હોતું નથી, હોય છે એક લાગણી, ભાવના, સ્નેહ અને બલિદાન સ્વાતિએ કહ્યું.

આ તો સારું થયું, અમારે એકરાર કરવો પડત એના કરતાં તમે

બેઉ જાણે અમારા વતી એકરાર કરી દીધો.

વાત તો સાચી જ છે ને શીલા, આપણે બેઉએ આપણા પ્રેમનો એકરાર કરવો પડત, અને એ એકરાર કરવામાં જ ''પહેલે તુમ'' ની જેમ વરસો વીતી જાત.

રણજીત, તમને જોયા પછી મને એમ જ લાગ્યું કે, હું તમારા માટે જ સર્જાઈ છું, અને મને એમ પણ થયું કે મારા સંસાર જીવન માટે તારા જેવો પુરુષ મને મળી જાય તો મારું ભાગ્ય...

કંઈ નહિ શીલા, હું અને પાર્થ તારા આ સંઘર્ષમાં તારી પડખે ઊભા રહીશું. જેમ તું અને રણજીત અમારી પડખે રહ્યાં છો તેમ, ખરુંને પાર્થ?

હાં સ્વાતિ, તારી વાત એકદામ સાચી અને વ્યાજબી છે. પણ મને હવે લાગે છે કે, આપણે હવે નીકળવું જોઈએ.

હા, ચાલો, રણજીત ક્યારનોય મૌન હતો તે બોલ્યો, પછી ઉમેર્યું, શીલા કહે તો!

અલ્યા અત્યારથી... પાર્થે હસતાં કહ્યું.

એની તમને ખબર ના પડે, ખરું ને સ્વાતિજી...

હા, ખરી વાત છે, કારણ દરેક સફળ પુરુષ પાછળ એક સ્ત્રીનો હાથ હોય છે. સ્વાતિએ રણજીતને ટેકો આપ્યો.

ગામમાં આવી બધાની વિદાય લઈ ગાડી શહેર તરફ ચાલવા લાગી. મુંબઈનાં બધાં જ જોવાલાયક સ્થળો જોયા પછી રણજીતે ગાડી વિક્ટોરીયા ગાર્ડન આગળ પાર્ક કરી. ગાર્ડન આગળ સહેલાણીઓની ભારે ભીડ હતી. ગાડીમાંથી ઉતરી પાર્થ અને સ્વાતિ ગાર્ડનના દરવાજા





તરફ ચાલ્યાં. રણજીત ગાડીનાં દરવાજા લોક કરવા રહ્યો, એટલામાં તો સ્વાતિ અને પાર્થ ગાર્ડનમાં પ્રવેશી ગયાં. શીલા અને રણજીત એમને શોધવા લાગ્યાં પણ આટલા બધા માનવ-મહેરામણમાં એમને શોધી ન શક્યાં. આ બાજુ પાર્થ અને સ્વાતિ દરવાજામાં પ્રવેશી દરવાજાની ડાબી બાજુએ શીલા અને રણજીતની વાટ જોતાં ખાસ્સીએક વાર ઊભા રહ્યાં પણ રણજીત અને શીલા દેખાયાં નહિ. એટલે ''હમણાં મળશે'' વિચારી દરવાજાથી દૂર એકાંતમાં જઈને બેઉ બેઠાં.

સ્વાતિ... બાંકડા પર બેસતાં પાર્થે કહ્યું, તારા ઘરના શા હાલ છે?

પાર્થ, બા ગુજરી ગયાં, મયુર હજુ ભણે છે, મારી નોકરી ચાલુ છે પણ પાર્થ હું... સ્વાતિની આંખો ભરાઈ આવી.

કહે સ્વાતિ... જે હોય તે કહી નાખ, તારી વાત મારે સાંભળવી જ છે. પણ પાર્થ મારી કથની સાંભળ્યા પછી તને મારા પ ર ભરોસો નહિ રહે. તું આખી નારીજાતિને નફરત કરતો થઈ જઈશ.

સ્વાતિ, મને તું નાના હૈયાનો ના સમજીશ મેં તને પ્રેમ કર્યો છે અને તું જાણે છે કે પ્રેમ ક્ષમાશીલ છે.

સ્વાતિએ રડતાં હૃદયે પાર્થના ગયા પછી શું શું બન્યું તે બધું જ વિગતવાર કહી દીધું.

સ્વાતિની આખી કહાની સાંભળ્યા પછી પાર્થે તેનું મોં ઊંચુ કર્યું, તેના ખભે હાથ મૂક્યાં પછી કહ્યું,

સ્વાતિ તારા જીવનમાં જે કંઈ થઈ ગયું તે સંજોગોને આધિન હતું અને એને માટે માત્ર ને માત્ર હું જ જવાબદાર છું. જો મેં આણંદ ન

છોડ્યું હોત તો તારા જીવનમાં આવું કંઈ જ ન બનત.

પાર્થ, આંસુભરી આંખે સ્વાતિ બોલી, ના પાર્થ આમાં મારો પણ દોષ છે.

રડીશ નહિ સ્વાતિ, પાર્થે સ્વાતિનાં આંસુ લૂછતાં કહ્યું, મેં તને કહ્યું હતું કે "મારા દિલનાં બારણા તારા માટે સદાય ઉઘાડાં છે, તું જેવી હોઈશ તેવી તને સ્વીકારવા હું હંમેશાં તૈયાર હોઈશ."

પાર્થ, મારા પાર્થ કહેતાં સ્વાતિએ પાર્થને પોતાના આલિંગનમાં લીધો. પાર્થ પણ સ્વાતિના એ આલિંગનમાં સ્વાતિના પ્રેમની ઊષ્મા અનુભવી રહ્યો. લાંબા સમયેથી વિખૂટાં પડેલાં બેઉ હૈયાનું મિલન જોવા વૃક્ષ ઉપર પક્ષીઓએ ય ઘડીભર ટહુકવાનું બંધ કરી દીધું. એકબીજાના આલિંગનમાં બેઉ પ્રેમી હૈયાં સ્થળ-કાળનું ભાન પણ ભૂલી ગયાં.

અંકલ... તમારો હાથ રૂમાલ... કહેતાં એક નાનકડું ટેણિયું ત્યાં આવ્યું ત્યારે બેઉ એકાએક પ્રેમસમાધિમાંથી જાગી ઉઠ્યાં. જોયું તો એક રૂપાળો નાનકડો છોકરો પાર્થનો હાથ-રૂમાલ આપવા આવ્યો હતો.

લાવ, બેટા ક્યાંથી જડ્યો?

દલવાજા પાસે પલ્યો હતો.... કહેતાં ટેણિયું હસવા લાગ્યું.

પણ તને કેવી રીતે ખબર પડી કે એ મારો જ રૂમાલ છે?

તમારી પાછલ જ હું ચાલતો હતો, ક્યાલનો ય ટમને ખોલતો હતો...

જવાબમાં પાર્થે બગલથેલામાંથી ચોકલેટ કાઢીને એ ટાબરિયાને





આપી એટલે એ ખુશ થતું દોડી ગયું.

ટાબરિયાંના ગયા પછી પાર્થ બાંકડા પર બેઠો. પછી સ્વાતિને એ આણંદથી નીકળ્યો ત્યાર પછી શું શું બન્યું તે તેણે સ્વાતિને જણાવી દીધું. અર્ચનાની વાત નીકળતાં સ્વાતિ એ પૂછયું, પાર્થ, કદાચ અર્ચના જીવતી હોત તો તમે તેની સાથે લગ્ન કરી લેત?

તારા પ્રશ્નનો જવાબ "હા" માં પણ અપાય અને "ના" માં પણ અપાય, કારણ કે અર્ચના ને હું એવા સંજોગોમાં મળ્યાં હતાં કે, મુંબઈ જેવા શહેરમાં મારો કોઈ આધાર ન હતો, વળી એ સમયમાં હું મારો ભૂતકાળ સાવ જ વીસરી બેઠો હતો. મને આણંદ, તું કે બીજું કંઈ જ યાદ આવતું ન હતું. અને એ સંજોગોમાં અર્ચના જ મારો સહારો હતી. અમે બેઉએ અમારા પ્રેમનો એકરાર કરી લીધો હતો પણ કદાચ સંજોગોને એ માન્ય ન હતું. મારા મોટાભાઈએ અર્ચનાને પ્રેમજાળમાં ફસાવી એને છોડી દીધી હતી. અને એ પાછળથી મને ખબર પડી, અને મારા ભાઈ સાથેની ઝપાઝપીમાં જ અર્ચનાએ મને બચાવવા જીવ આપી દીધો. મને માથામાં ફટકો વાગતાં મારી યાદદાસ્ત પાછી આવી ગઈ, મને બધું જ યાદ આવી ગયું. હવે મને જ્યારે બધું જ યાદ આવી ગયા પછી તને છોડીને હું અર્ચના સાથે કેવી રીતે લગ્ન કરી શકું, કારણ કે સ્વાતિ, તારા માટે અને ફક્ત તારા માટે જ મારા દિલનાં બારણાં ઊઘડાં રાખ્યાં હતાં.

પાર્થ જે બધું બની ગયું એને હવે યાદ કરવાથી પણ શો ફાયદો?

સ્વાતિ, પ્રેમ ભૂતકાળને યાદ નથી કરતો એ તો સદા વર્તમાનકાળમાં જ જીવે છે. તારી ભૂલ એ ભૂલ ન હતી. પણ સંજોગો જ એવા હોય ત્યારે માનવી સંજોગોનું રમકડું બની જાય છે.

હા, પાર્થ, પસ્તાવો જ મનુષ્યને સદમાર્ગે વાળે છે.

ચાલ હવે આપણે આ ગાર્ડનમાં થોડું ફરી લઈએ રણજીત અને શીલાને પણ ખોળવાં જ પડશે ને?

આ બાજુ પાર્થ અને સ્વાતિને ખોળતાં ખોળતાં રણજીત અને શીલા પણ દરવાજાની જમણી બાજુ થોડે દૂર જઈ એકાંત લાગતાં એક બાંકડા પર જઈને બેઠાં.

શીલા, હવે આપણા પ્રેમનો એકરાર કરવાની જરૂર ખરી?

ના, રણજીત, તમને જોયા ત્યારે જ તમે મારા હૈયામાં વસી ગયા હતા. મનોમન હું તમને મારું દિલ આપી બેઠી હતી.

શીલા, મને લ્યો લાવો નહીં કહેવાનું, મંજૂર?

હા, મંજૂર, પણ અમારા ગુજરાતમાં આ રિવાજ એટલો બધો પ્રચલિત નથી.

તો સાંભળ, તેં મારું ગામ અને ઘર જોયું છે, મારું કુટુંબ એટલું પૈસાદાર નથી, પણ માયાળુ છે. મને મહિને શેઠ પાંચેક હજાર રૂપિયા પગાર આપે છે. કુટુંબમાં પણ હું મારી બહેન અને બા આટલાં જ છીએ.

રણજીત તેં તારી વાત કરી, તો મારે પણ મારા કુટુંબથી તને વાકેફ કરી દેવો જોઈએ. મારા કુટુંબમાં હું એકની એક જ દિકરી છું. માતા-પિતા અને હું એમ અમે ત્રણ જ છીએ.

આ તો સારું કહેવાય ''નાનું કુટુંબ સુખી કુટુંબ''

તને ય રણજીત જોક કરતાં સારું આવડે છે, પણ સાંભળ લગ્ન એ ગંભીર બાબત છે. પ્રેમલગ્ન કરનાર યુવક-યુવતિ ભવિષ્યમાં કજોડાં





થઈ જાય છે અને આવે છે પછી છૂટાછેડાની નોબત. આમાંનું કંઈ પણ આપણી વચ્ચે થવું ન જોઈએ.

શીલા, આપણો પરિચર માણસ તરીકે ખૂબ ટૂંકો છે. પણ હૈયાનો જે પરિચય છે તે ખૂબ જ ઊંડો છે.

રણજીત, હજી મારું ભણવાનું ચાલું છે, અને આ છેલ્લું વરસ છે. તારે એટલો સમય મારી વાટ જોવી પડશે.

શીલા, પ્રેમ સદાય વાટ જોતો હોય છે. મનુષ્ય જ્યારે અન્ય વ્યક્તિને એના હૃદયથી ચાહવા લાગે છે ત્યારે એનામાં બીજી કોઈ વ્યક્તિ પ્રત્યે આસક્તિ રહેતી નથી. હા, જ્યાં વાસના હોય છે ત્યાં પ્રેમ શૂન્ય બની જાય છે.

સૂરજ ધીરે ધીરે પશ્ચિમનાં દરિયામાં ઢળતો જતો હતો. દિવસનું અજવાળું આછા અંધકારમાં પલટાતું જતું હતું. પણ મુંબઈ નગરીમાં તો જેમ રાત ઢળે એમ દિવસ ઊગતો હોય છે, ઘડીભરનાં મૌન પછી શીલાએ કહ્યું,

રણજીત, મને હંમેશા પત્ર લખતો રહેજે. પાર્થ અને સ્વાતિના સરનામે પત્ર લખીશ તો ય મને મળી જશે. હવે આખરી અને છેલ્લી વખત પૂછી લઉં.

પૂછ શીલા... પૂછી લે, આવતી કાલે તો આપણે છૂટાં પડી જવાનાં, રણજીત બાંકડા પરથી ઊભો થઈને બોલ્યો.

ના, રણજીત, એવું ના બોલીશ, તનથી તો આપણે છૂટાં પડીશું પણ હૈયાથી આપણે ક્યાં અડગાં થવાનાં છીએ. કહી શીલાએ રણજીતને પોતાના આલિંગનમાં લઈ લીધો.

બેઉ હૈયાં એકબીજાના પ્રેમની ઊષ્માએ ભીજાંતા રહ્યાં.

આલિંગનમાંથી બહાર આવ્યા ત્યારે બેઉનાં હૈયા હળવાં થઈ ગયાં હતાં. બેઉએ એકમેક વિશેની જાણકારી પ્રાપ્ત કરી હતી. અને એટલે જ બેઉ પ્રેમી હૈયાં સાવ હળવા ફુલ થઈ, એકમેકના વિશ્વાસને સહારે પાર્થ અને સ્વાતિને ખોળવા નીકળી પડ્યાં.

ગાર્ડનના દરવાજામાં જ પાર્થ અને સ્વાતિ, રણજીત ને શીલા ભેગાં થઈ ગયાં.

અરે, ક્યાં ગયાં હતાં તમે બેઉ જણાં? સ્વાતિ.

અને તમે ક્યાં ગયાં હતાં બેઉ જણાં? શીલા.

લ્યો ચાલો, સંધ્યા ઢળી ગઈ છે અને શેઠ દ્વારકાપ્રસાદ આપવી વાટ જોતાં હશે. પાર્થે મોઘમમાં કહ્યું.

હા, હા, ચાલો, પણ જઈએ તે પહેલાં આપણે આઈસ્ક્રીમ ખાઈ નાખીએ, રણજીતે પ્રસ્તાવ મૂક્યો.

કઈ ખુશીમાં હેં...... પાર્થે કહ્યું.

લ્યે, પાર્થ આજે બે હૈયાનું મિલન થયું છે એ ખુશીમાં વળી.... સ્વાતિએ મમરો મૂક્યો.

શરમાઈ ગયાં શીલા અને રણજીત. એટલે સ્વાતિએ કહ્યું, અરે ભલાં માણસો શરમાઓ છો શું? લ્યો ચાલો રિલેક્સ થઈ જાઓ અને આઈસક્રીમની મઝા માણો.

ચારે જણે આઈસક્રીમની લીજ્જત માણી પછી ગાડીમાં ગોઠવાઈ ગયાં. આગળની સીટમાં શીલા અને રણજીત અને પાછળની સીટમાં સ્વાતિ અને પાર્થ.





કાર શેઠ દ્વારકાપ્રસાદના બંગલા તરફ સડસડાટ દોડવા લાગી.

સાંજે બધાં સાથે જ વાળું કરી, શેઠ દ્વારકાપ્રસાદના બંગલામાં જ થાકેલાં હોવાથી ઘસઘસાટ નિંદ્રામાં સરી પડ્યાં.

**...૨૦...**

પૂર્વનો સૂરજ ધરતી પર એનાં કુમળાં કિરણો ધરતી પર પસારવા લાગ્યો, ત્યારે શેઠ દ્વારકાપ્રસાદનાં ડ્રોઈંગરૂમમાં પ્રાતઃકર્મથી પરવારી પાર્થ, સ્વાતિ અને શીલા રણજીતની વાટ જોતાં બેઠાં હતાં. કારણકે રણજીત ડ્રાઈવર-કમ-ચોકીદાર હોવાથી રણજીત રાત્રે એને એની રૂમ પર સૂવા જવું પડ્યું હતું. રણજીત તો ન આવ્યો પણ શેઠ દ્વારકાપ્રસાદ, એમનાં પત્ની શારદાદેવી અને એમની એકની એક પુત્રી જયશ્રીએ ડ્રોઈંગરૂમમાં પ્રવેશ કર્યો. ત્રણે ઊભાં થઈ શેઠ અને શારદાદેવીના પગે પડ્યાં.

અરે, અરે અમને પગે પડવાનું ન હોય....

અંકલ, તમે અમારા માટે વડીલ છો, અને વડીલ કરતાંય....

કેમ અટકી ગયા ?

અંકલ આપને તો અમે કવિ કાળિદાસના ''મેઘદૂત'' ની ઊપમા આપીએ તોય ઓછું છે.

જુઓ, મને સાહિત્યમાં ઝાઝો રસ ન પડે, અમે રહ્યા વેપારી માણસ.... કહેતાં કહેતાં એ ખુરશી પર ગોઠવાયાં. બધાં પોત પોતાની બેઠક પર બેસી ગયા પછી શેઠ બોલ્યાં,

જુઓ દીકરાઓ, આજે તમે જવાનાં છો, બે ત્રણ દિવસના તમારા સહવાસમાં મારો આ બંગલો જાણે કિલ્લોલ તો હતો. તમારા ગયા પછી એ બંગલો સૂનકાર થઈ જવાનો.....

હા, અમારી આ દિકરી ભણવા જાય, ટયુશનમાં જાય, તે છેક સાંજે આવે, શેઠ જતા રહે પેઢી ઊપર, એટલે આખા બંગલામાં હું એકલી પડી જાઊં છું. હું તો કહું છું કે તમે બધાં અહીં જ રહી જાઓ. શારદાદેવી એ કહ્યું.

આન્ટી, હવે અમને સમય મળતાં જ તમારે ત્યાં આવી જઈશું તમે જયારે અમારથી કંટાળી જશો ત્યારે જ અમે પાછા વળીશું.

હોય, પાર્થભાઈ તમારી વાણી, વર્તન, સ્વભાવ એવો છે કે, અમે તમારાથી કંટાળી જઈએ. જયશ્રી એ કહ્યું,

ચાલો છોડો એ બધી વાત. પણ હું એમ પૂછું છું કે હવે ગુજરાતમાં ગયા પછી તમારો શો પ્લાન છે ? શેઠ દ્વારકાપ્રસાદે પૂછયું.

પ્લાન તો કશો નકકી નથી. પણ આપ વડીલ છો એટલે મારે આપની સલાહ જોઈએ છીએ. પાર્થે કહ્યું.

મારી સલાહ, દીકરા હું તમારી અંગત બાબતમાં શું સલાહ આપી શકીશ ?

મેં સ્વાતિ સાથે લગ્ન નહીં કરવાનો નિર્ણય કર્યો છે. કોઈપણ આશ્રમમાં જઈ બ્રહ્મચર્ય પાળી લોકસેવા કરવી છે.

ભાઈ પાર્થ, જો તેં હજી દુનિયા જોઈ નથી. આ આશ્રમ અને લોકસેવા એ નર્યું તૂત છે. અને આશ્રમમાં જે સાધુઓ, જેમને સંત શિરોમણી ફલાણા બાપુ કહેવાય છે એ સમાજસેવા તો નથી કરતા





પણ પોતાના સ્વાર્થ માટે રાજકારણ જેવી ગંદી રાજરમતને સાથ આપે છે. તારે જો સાચી જ સેવા કરવી હોય તો સ્વાતિ સાથે લગ્ન કરી લે, તમે બંને જણ સંસારમાં રહીને લોકસેવા કરી શકશો એ આશ્રમમાં રહીને નહીં કરી શકો.

સાચી વાત છે અંકલ તમારી, હું પણ પાર્થને એ જ કહું છું અને સેવા જ કરવી હોય તો હજી ઘણી લાંબી જિંદગી પડી છે. સ્વાતિએ કહ્યું.

એટલે, અંકલ, મારે મારા નિશ્ચયમાંથી પીછેહઠ કરવી ? પાર્થે કહ્યું.

પાર્થ દીકરા, આ મારી દીકરી, તને ખોળવા બબ્બે વખત મુંબઈ સુધી દોડી આવી શું તારે એના હૈયાને ને ઠેસ આપવી છે ? નારી હૃદયની વેદના તો હું નારી છું. એટલે હું જ સમજી શકું શારદાદેવી એ કહ્યું.

આ ચર્ચા દરમ્યાન શીલાની નજર વારંવાર દરવાજા તરફ દોડી જતી હતી. એ સ્વાતિની નજર બહાર ન હતું. એટલે સ્વાતિ એ જ શેઠને પૂછયું,

અંકલ, રણજીતભાઈ કેમ દેખાતા નથી ?

રણજીત, એ તમારા માટે રિઝર્વેશન કરાવવા ગયો છે. આમેય હું તેને મારો ડ્રાઈવર ગણતો નથી, મારે પણ દીકરો નથી એટલે એને હું મારા દીકરા જેવો જ ગણું છું. એ એટલો વિશ્વાસુ અને પ્રમાણિક છે કે, મારાં ગમે તે કામ એને હું સોંપી દઉં છું. છે ગરીબ કુટુંબનો છે ત્યારે વિશ્વાસુ.....

શેઠ દ્વારકાપ્રસાદ ના મોંએ રણજીતનાં વખાણ સાંભળી શીલાની છાતી ગજ ગજ ફુલતી હતી. રણજીત માટે શીલાને હવે બીજા કોઈ પ્રમાણપત્રની જરૂર ન હતી.

અંકલ, જયારે તમારા જેવા વડીલ મને આ સલાહ આપતા હોય તો પછી મારે એને શિરોવંદ્ય ગણવી જોઈએ. છતાં ગુજરાતમાં ગયા પછી હું મારા નિર્ણય વિશે પત્રથી જાણ કરીશ.

બહાર ગાડીનું હોર્ન વાગતાં શેઠ દ્વારકાપ્રસાદ બોલ્યા, "લ્યો, રણજીત આવી ગયો લાગે છે."

રણજીત ડ્રોઈંગરૂમમાં આવી એક બાજુ ઊભો રહ્યો. એટલે શેઠ દ્વારકાપ્રસાદે એને કહ્યું,

રણજીત મારે વારંવાર તને ખુરશી પર બેસવાનું કહેવાનું ન હોય, તું પણ મારો દીકરો જ છે. પછી ઊમેર્યું ચાલ ડાઈનિંગ રૂમમાં ચ્હા-નાસ્તો કરતાં કરતાં જ બાકીની વાતો પૂરી કરીશું.

બધાં ડાઈનિંગરૂમમાં જઈને ગોઠવાયાં. ટેબલ પર ચ્હાન્નાસ્તો ગોઠવેલો જ હતો. બધાં એમની રીતે ચ્હા-નાસ્તો કરવાં લાગ્યાં. પ્લેટમાંથી બિસ્કુટ લેતાં પાર્થે કહ્યું.

અંકલ, હજી મારું મન દ્વિધામાં છે. ગુજરાતમાં ગયા પછી કદાચ અમારા લગ્ન આડે અમારો સમાજ આડખિલીરૂપ બને તો અમારે શું કરવું ?

જો પાર્થ દીકરા એક કહેવત છે "મીયા બીબી રાજી, તો કયા કરેગા કાજી". જમાનો બદલાયો છે. હવે એ જૂનવાણી વિચારો છોડી જરા નવીનતાને પણ અપનાવી જોઈએ. શારદા દેવીએ કહ્યું.



આન્ટી અમારો સમાજ રૂઢિચૂસ્ત છે અને ભાગ્યે જ આવાં લગ્ન ને સંમતિ આપે છે. સ્વાતિએ કહ્યું.

જો બેટા, તમારો પ્રેમ સાચો હશે તો દુનિયાની કોઈ તાકાત તમને લગ્નંબધને બંધાતાં રોકી નહીં શકે, અને ઘર, ફળિયા, ગામ અને સમજનાં લોકોને ય દુનિયામાં ઘણાં કામ પડ્યાં હોય છે, એ કારણે એ તરત આ બધી વાતો ભૂલી જાય છે. જેમ સરકારના કોઈ પણ ખોટા પગલાનો સખત વિરોધ થાય, રેલી નીકળે, ગોળીબાર થાય, બે ચાર શહિદ થાય, પાછું બધું શમી જાય, લોકો ભૂલી જાય અને સરકાર ચાલ્યા કરે. એવું છે આ બધું - શેઠ દ્વારકાપ્રસાદે કહ્યું પછી ઊમેર્યું અને પાર્થ તને એમ લાગે કે આ પગલું ભરવામાં ખૂબ જ મુશ્કેલી પડશે તો મને પત્ર લખી નાખજે. હું તરત આવી જઈશ, અને આમાંથી સારો રસ્તો મળી રહેશ. કહ્યા પછી રણજીતને પૂછયું.

રણજીત, ટિકિટોનું રિઝર્વેશન મળી ગયું ? કઈ ગાડી છે ?

હા, શેઠજી બપોરે સેન્ટ્રલથી ઉપડતી કર્ણાવતી એક્સપ્રેસમાં રિઝર્વેશન મળી ગયું છે. લગભગ ૧૨-૩૦ કલાકે ઉપડે છે.

સારી વાત છે હા, તો જયશ્રી તારો આજનો કાર્યક્રમ શું છે?

પપ્પા હવે હું અહીંથી સંગીતના વર્ગમાં જવાની છું પછી ઘરે આવી જમીને કોલેજમાં જઈશ. જયશ્રીએ એનો કાર્યક્રમ જણાવી દીધો.

ચ્હા-નાસ્તાથી બધાં પરવારી ગયાં પછી શેઠ દ્વારકાપ્રસાદે કહ્યું. જુઓ, હવે હું પેઢી પર જાઉં છું એટલે તમે બધાં નીકળશો ત્યારે આપણે મળી શકીશું નહીં. એટલે તમને મારા દરેકના શુભાષિશ અને શુભકામનાઓ. પછી શારદાદેવી ને કહ્યું,

જુઓ દેવી આજે આ બધાં જવાનાં છે તો એમની ગાડીનો સમય થાય તે પહેલાં એમને તમારા હાથે રસોઈ બનાવીને જમાડી દેજો. પછી રણજીતને કહ્યું, રણજીત, ગાડીના સમય પહેલાં આ બધાંને સ્ટેશન પર તારે મૂકવા જવું પડશે. એટલે પેઢીએથી તું ૧૨-૦૦ વાગ્યે બંગલે આવી, જમીને એમને સ્ટેશન પર છોડી સીધો પેઢીએ આવી જજે. કહી શેઠ દ્વારકાપ્રસાદ તૈયાર થવા ચાલ્યાં ગયાં.

સ્વાતિબેન, શીલાબેન, મારે પણ સંગીતના વર્ગમાં જવાનું છે. એટલે મારે પણ નીકળવું પડશે. પાર્થભાઈ, તમે ત્રણે જણ મારા મોટાં ભાઈ-બહેન જેવાં છો, તમારાં ગુજરાતમાં જઈને મને ભૂલી ના જતાં. જયશ્રીએ કહ્યું.

એવું તે હોય જયશ્રીબેન, તમે પણ ગુજરાતનાં જ છો ને? ભલેને આપણા ગુજરાતમાં આપણા જિલ્લા અલગ હોય પણ છીએ તો ગુજરાતી ને? સ્વાતિ બોલી.

અને જયશ્રીબેન, તમે તમારા પપ્પા અહીં ન રહેતા હોત તો આ ભીડભરી મુંબઈનગરીમાં અમે કોના સહારે રહી શકત! શીલાએ કહ્યું.

સારું ત્યારે, ચાલો હું જાઉં કહી જયશ્રી સંગીતના વર્ગમાં જવા તૈયાર થવા ગઈ.

ભાઈ પાર્થ, મારે પણ શેઠને પેઢીએ પહોંચાડવા પડશે ને? એટલે એ પહેલાં હું ગાડી જરા તૈયાર કરી દઉં. રણજીતે દરવાજા તરફ જતાં કહ્યું, અલબત્ત શીલા તરફ નજર રાખીને!

તો ચાલ, રણજીત હું પણ તારી સાથે આવું આમેય હું એકલો અહીં બોર થઈ જઈશ. પાર્થે કહ્યું.





સ્વાતિ, શીલા, તમારે પણ થોડું ગાર્ડનમાં ફરવું હોય તો ફરી આવો, ત્યાં સુધીમાં હું રસોડામાં...

આન્ટી, આજે તમારે રસોઈ કરવાની નથી આજે તો અમે બે જ રસોઈ કરીશું. તમારે ફક્ત રસોઈનો સરસામાન જ બતાવવાનો. અમારે અંકલને પણ અમારા હાથની રસોઈનો સ્વાદ ચખાડવો છે.

સારું ભૈ, તમારી મરજી.... પણ એ પહેલાં થોડી ફરી આવી ફ્રેશ થઈ જાવ.

સારું આન્ટી કહી સ્વાતી, શીલા, પાર્થ અને રણજીત ચારે સાથે જ બહાર નીકળ્યાં. રણજીતની રૂમ પર આવ્યા પછી રણજીત બોલ્યો, તમે આજે ચાલ્યાં જશો એટલે હું એકલો પડી જવાનો.

એકલો શાનો? અમારી યાદ તારી સાથે હશે ને? શીલાએ કહ્યું.

સાચી વાત છે શીલા, માણસ ક્યારેય એકલો નથી હોતો, સાવ નિર્જન, અરણ્ય હોય, કે અવકાશનો શૂન્યવકાશ હોય ત્યાં પણ માણસ એકલો નથી હોતો એની સાથે જોડાયેલી હોય છે કોઈક ને કોઈક વ્યક્તિની યાદ. સ્વાતિએ કહ્યું.

વાત તો સાચી છે તમારી પણ વિરહની વેદના વેઠવી મુશ્કેલ હોય છે એનો તમને અનુભવ નથી?

અનુભવ તો છે, પણ પ્રેમની ખરી કસોટી વિરહમાં છે, આઝાદીની ચળવળ ચાલતી હતી ત્યારે ફિરોઝગાંધી અને ઈન્દીરા ગાંધી બેઉ પ્રેમમાં પડ્યાં. બેઉ જણે એમના પ્રણય સબંધની અને લગ્ન-બંધનમાં બંધાવાની વાત કુટુંબમાં કરી. સ્વ. પંડિત જવાહરલાલ નહેરુ, અને સ્વ. ઈન્દીરાજીનાં ફોઈ વિજ્યાલક્ષ્મી પંડિતે બેઉને કહ્યું, "તમારી

વાત સાચી છે, તમારાં બંને વચ્ચે પ્રેમ છે, એ પણ સાચું. પણ હવે પછી તમારે બંને જણે છ મહિના માટે એકબીજાને મળવાનું નહીં અને પત્ર સુધ્ધાં લખવાનો નહિ.'' આ તમારા પ્રેમની ખરી કસોટી છે, જો તમે આ કસોટીમાંથી પાર ઉતરશો તો જ તમારા બંને વચ્ચેનો પ્રેમ સાચો નહીં તો એ ખાલી શરીર આકર્ષણ જ હશે અને પાછળનો ઈતિહાસ જગજાહેર છે. પાર્થે કહ્યું. પછી ઊમેર્યું એટલુ જ રણજીત કહું છું કે વિરહ એ જ પ્રેમની ખરી કસોટી છે.

ચાલ, ''પાર્થ આપણે પેલા ગુલમ્હોરના ઝાડ નીચે જઈએ'' સ્વાતિએ રણજીત અને શીલાને એકાંત મળે એ આશયે કહ્યું.

ચાલ.... કહી પાર્થે ગુલમ્હોર તરફ પગ ઉપાડ્યા. સ્વાતિએ પણ તેનું અનુકરણ કર્યું.

રણજીત... સ્વાતિ અને પાર્થના ગયા પછી શીલા બોલી.

બોલ, શીલા, હવે તું તો જવાની... પણ...

પણ શું? હું મારું હૃદય અહીં તારી કને મૂકીને જાઉં છું અને તારું મારી સાથે લઈ જાઉં છું.

શીલા, તું મને ભૂલી તો નહીં જાય ને?

તું જાણે છે રણજીત, સ્ત્રી એના પ્રથમ પ્રેમને ક્યારેય ભૂલી શકતી નથી. મેં આજ લગી મારું હૃદય કોઈને આપ્યું નથી, કોલેજમાં કેટલાય યુવાનો મને પામવા કેટલાંય નખરાં કરી ચૂક્યાં છતાં મેં કોઈને દાદ નથી આપી પણ ન જાણે તને જોયા પછી હું મારું હૈયું કેમ હારી બેઠી? એ જ નથી સમજાતું.

શીલા, આને આપણે ૠણાનુબંધ કહી શકીએ. સ્વાતિ અને





પાર્થ આપણા આ ૠણાનુબંધને મોકળો કરવાનો માર્ગ બન્યાં. જે ને કારણે આપણે એકમેકને મળી શક્યાં.

રણજીત, હું ક્યારેય તને ભૂલી શકીશ નહીં, અને તને પામવા મારે જે કંઈ કરવું પડશે તે કરવા હું તૈયાર હોઈશ આ મારું વચન છે. લાવ તારો જમણો હાથ મારા હાથમાં મૂક કહી શીલાએ તેનો જમણો હાથ આગળ કર્યો.

રણજીતે તેનો જમણો હાથ તેનાં હાથમાં મૂકતાં કહ્યું, શીલા, આ ભવે એક નહિ થવાય તો હું તારી આવતા ભવ સુધી વાટ જોવા તૈયાર છું.

બંને એકબીજાની આંખોમાં આંખો પરોવી સ્થિર પૂતળાશાં બની ગયાં હતાં. એમને એ પણ ખબર ન હતી કે શેઠ દ્વારકાપ્રસાદ પેઢીએ જવા તૈયાર થઈ બંગલાની પોર્ચમાંથી તેમને જોઈ રહ્યા છે.

રણજીત...

શીલા...

શીલા મને યાદ કરતી રહેજે. ઝાઝું ભણ્યો નથી પણ વાંચતા લખતાં જેટલું મને આવડે છે. પત્ર લખજે કે જેથી તું પત્રરૂપે પણ મારી સમિપ રહી શકે.

અને રણજીત તું પણ મને પત્ર લખજે, ભૂલી ન જતો.

ચાલ હવે શીલા, શેઠજીને જવાનો સમય થઈ ગયો છે. એટલે હું કાર લઈને નીકળું તને મૂકવા તો હું સ્ટેશને આવવાનો જ છું. કહી રણજીત ગાડી સ્ટાર્ટ કરી બંગલા તરફ હંકારી ગયો.

દ્વારકાપ્રસાદ સાથે જયશ્રી પણ સંગીતના વર્ગમાં જવા ગાડીમાં

ગોઠવાઈ ગઈ. ગાડી બંગલાના ઝાંપા બહાર નીકળી ગયા પછી સ્વાતિ, શીલા અને શારદાદેવી રસોડામાં જઈ રસોઈના કામમાં મંડી પડ્યા. પાર્થ પોર્ચમાં બેસી છાયાં જોવા લાગ્યો. છાયાં જોઈને કંટાળ્યો એટલે ખુરશી ઉપરથી ઉભા થઈ એ બહાર આવ્યો અને આમ તેમ લટાર મારવા લાગ્યો. બગીચામાં એટલા સુંદર વૃક્ષો હતાં કે એ ફુલો જોવામાં જ એ લીન થઈ ગયો. ચંપો, ચમેલી, બારમાસી, જુઈ, ગુલાબ, કરેણ, મોગરો અને વળી બીજાં તો એવા કેટલાંય રંગબેરંગી ફુલો હતાં. કે પાર્થને એનો કે એ છોડનાં નામ પણ આવડતાં ન હતાં. પાર્થને ફુલોને જોઈએ કવિતા સ્ફુરી,

અરે, ફુલ ચમનનાં
છીએ આપણે અજાણ્યાં
અને પીછાણીએ છીએ પણ
એક મેકને આપણે!
તમારા રંગ, રૂપ સુગંધથી
મધમધે હવા, શોભે છે ચમન,
છતાંય, અણજાણ છીએ,
આપણે ઉભય,
રે ફુલો, તમારા રૂપથી,
ઠરે આંખ મારી
અને સુગંધથી તરબતર બનું,
એજ, ઓળખાણ આપણી!!





રસોડામાં રસોઈ કરતાં સ્વાતિ, શીલા અને શારદા આન્ટી એમના કાર્યમાં મશગુલ હતાં. આજે તો શારદા દેવીને ફક્ત માર્ગદર્શન જ આપવાનું હતું. રસોઈ તો સ્વાતિ અને શીલા બે જ કરતાં હતાં.

સ્વાતિ... શારદા આન્ટી બોલ્યા.

બોલો, આન્ટી......

ઘરે ગયા પછી શું કરવા વિચાર છે?

આન્ટી, ઘરે ગયા પછી તો મારે નોકરી ચાલુ જ છે એટલે પાછુ શાળા અને બાળકો.

હું એમ નથી પૂછતી સ્વાતિ, ઘરે ગયા પછી તમારા લગ્નની વાત પૂછું છું.

હા, એ તો પાર્થ ઉપર આધાર રાખે છે. બાકી હું તો તેની સાથે લગ્ન કરી, સંસાર વસાવવા માંગું છું.

સાચી વાત છે સ્વાતિ તારી કારણ કે સ્ત્રીનું સૌથી મોટું ઘરેણું એના પતિ, બાળકો અને કુટુંબ.

પણ.... સ્વાતિ.... શીલા વચ્ચે બોલી, પાર્થભાઈ તો કંઈ સાધુ થવાની વાત કરતા હતા ને?

એ વાત તો ગઈ કાલે અંકલે સમજાવીને છોડાવી દીધી.... પણ શીલા તેં શો વિચાર કર્યો? દાળનો વઘાર કરતાં સ્વાતિએ પૂછ્યું.

શાનો વિચાર કે શીલા? શારદાદેવીને વાતામાં રસ પડ્યો.

આ તો અમસ્તો વાતો કરે છે. તવામાં રોટલી શેકતાં શીલાએ કહ્યું.

ના, ના શીલા કશીક તો વાત હોવી જ જોઈએ. તને ખબર

નથી કે અગ્નિ હોય ત્યાં ધૂમાડો હોવાનો જ.... ભાત માટેના ચોખા વીણતાં શારદા દેવીએ કહ્યું.

ના, ના આન્ટી તમેય તે એની વાતમાં શું આવી જાવ છો? કશું જ નથી....

સારૂ ભૈ, ના કહેવું હોય તો કંઈ નહિ... પણ મને જણાવ્યું હોત તો સારું થાત.

લ્યો ભાખરી તૈયાર થઈ ગઈ, શાક પણ થઈ ગયું છે. હવે ભાત રાંધી દઈને કચુંબર બનાવી દઈએ. એટલે રસોઈ પુરી. હોતું હશે, આજે તમે લોકો જવાના હો અને હું તમને ફક્ત દાળ-ભાત ખાઈને જવા દઉં. આજનું મેનું મેં પસંદ કર્યું છે. સાંભળ લાપસી, દાળ, ભાત, શાક, બે કઠોળ, ભજિયાં, મઠ્ઠો, કચુંબર અને છેલ્લે આઈસક્રીમ શારદાદેવીએ મેનું કહી સંભળાવ્યું.

આન્ટી, અમે અહીંથી જઈશું તો પણ તમારી યાદ અમને સતત આવ્યા કરશે.

સ્વાતિ, દુનિયાએ માનવોનો મેળો છે. ક્યારેક કંયાક કોઈ મળી જાય છે. તો ક્યારેક ક્યાંક કોઈ આપણાથી વિખૂટું પડી જાય છે. વળી એમાંય માનવાનાં મન મળે એજ મેળો બાકી, માનવોનું ટોળું ગણી લેવાનું. લ્યો ચાલો ત્યારે શીલા તું ભજિયાં તળવા માંડ, સ્વાતિ તું કચુંબર બનાવ અને હું લાપસી કરી દઉં છું. કહી શારદાદેવી એમના કામમાં ગૂંથાઈ ગયા.

લગભગ અગિયાર થવા આવ્યા હતા. સૌના આશ્ચર્ય વચ્ચે શેઠ દ્વારકાપ્રસાદની ગાડી બંગલાની પોર્ચ આગળ આવીને ઉભી રહી. ગાડી જોઈને પાર્થ કાર પાસે આવ્યો. શેઠ દ્વારકાપ્રસાદ સાથે જયશ્રી





પણ આવી હતી.

શેઠને પગે લાગી પાર્થે પૂછયું, કેમ અંકલ તમે તો ઘરે જમવા આવવાના નહોતા ને?

પાર્થ મને થયું કે, તમે લોકો આજે વિદાય થવાના છો ત્યારે બપોરે તમારી સાથે જ જમું. વળી જમીને જયશ્રીને પણ કોલેજમાં જવાનું છે.

સારું કર્યું..... તમારી સાથે જમવાની મજા આવશે.

આટલા થોડા સમયમાં શેઠ દ્વારકાપ્રસાદના કુટુંબને સ્વાતિ, શીલા તથા પાર્થ વચ્ચે એક જાતની આત્મીયતા બંધાઈ ગઈ હતી. જાણે આ બધાંજ એક કુટુંબના સભ્યો ન હોય? શેઠ દ્વારકાપ્રસાદ બંગલામાં ગયા એટલે પાર્થે રણજીતને કહ્યું.

''ભાઈ રણજીત, હવે તો આપણે છૂટા પડી જવાના...''

ના, પાર્થ કોઈ ક્યારેય કોઈથી છૂટું પડતું નથી... સમાજમાં આપણે જોઈએ છીએ તેમ લડ્યાં હોય, અબોલા હોય, તોય બે ઝઘડેલી વ્યક્તિઓ પણ દિવસમાં એકવાર તો એકબીજાને યાદ કરી લેતાજ હોય છે. ત્યારે આપણે તો...

રણજીત.... હું તને ક્યારેય ભૂલી નહિ શકું. કારણ કે આ મુંબઈમાં તુ જ મારો સહારો હતો.

નહિ પાર્થ, તારા લીધે તો હું જિંદગીમાં કોઈને પ્રેમ પામી શક્યો છું અને હવે એ પ્રેમને તારે જ એની મંઝિલ સુધી લઈ જવાનો છે.

વિશ્વાસ રાખ રણજીત, તે મને મારી મંઝિલ સુધી પહોચાડવા જે મહેનત કરી છે એ જ રીતે હું પણ તને તારી મંઝિલ સુધી જરૂર

પહોંચાડીશ.

પાર્થ, હું ઝાઝું ભણેલો નથી, શીલા મારા કરતાં વધારે ભણી છે મને લાગે છે કે અમારી વચ્ચેની આ મોટી ખાઈ અમારા જીવનની નિષ્ફળતા તરફતો નહિ લઈ જાય ને?

ના, રણજીત જ્યાં સાચો અને ફક્ત સાચો પ્રેમ હોય છે જેમાં શંકાને સોયની અણી જેટલુંય સ્થાન નથી હોતું એ દાંપત્ય જીવન જીવનના અંત સુધી અખંડ રહે છે.

છતાં પણ....

જો રણજીત, શીલાએ તને ખરેખર દિલથી પ્રેમ કર્યો છે અને હું શીલાને ઓળખું છું ત્યાં લગી શીલા જે વચન આપે છે તેને કદી તોડતી નથી.

પાર્થ મને તારા ઉપર પૂરેપૂરો ભરોસો છે કે તુ જ અમારાં બેઉનાં તડપતાં હૈયા એક કરી શકે તેમ છે.

રણજીત, હું તને વચન આપું છું કે ગમે તેમ થશે તોય હું તને અને શીલાને એક કરીને જ ઝંપીશ.

અરે, ચાલો બંને જણ શી વાતોમાં પડ્યા છો? ટેબલ પર જમવાનું તૈયાર છે. ફક્ત તમારી જ વાટ જોવાય છે... જયશ્રીએ બહાર આવી કહ્યું.

પાર્થ અને રણજીત ડાઈનીંગ રૂમમાં ગયા ત્યારે બધાં ડાયનીંગ ટેબલ પર ગોઠવાઈ ગયાં હતાં. બેઉને આવતાં જોઈ દ્વારકાપ્રસાદ બોલ્યા.

અલ્યા ભૈ ચાલોને બેઉ આજે છૂટા પડવાના છો એટલે તમને





ભૂખ નહી લાગી હોય નહિં?

સોરી અંકલ જરા મોડું થઈ ગયું. પાર્થે કહ્યું.

બંને જણા ટેબલ પર ગોઠવાયા એટલે શેઠ દ્વારકાપ્રસાદ બોલ્યા જુઓ આજે આપણે સૌ એકમેકથી છૂટા પડવાના છીએ. જો કે આપણે આપણા શરીરથી અલગ થવાના છીએ દિલથી નહિ. પણ જમવાનું શરું કરતાં પહેલા હું આપને એક વાત કહેવા માંગું છું કહી દ્વારકાપ્રસાદ સ્હેજ અટક્યા.

પાર્થ, સ્વાતિ, શીલા, રણજીત, શારદાદેવી તથા જયશ્રી બધાં એમની વાત સાંભળવા એક કાને થઈ ગયાં ટાંકણી પડે તોય એનો અવાજ સંભળાય એટલી નિરવતાં ડાઈનીંગ રૂમમાં છવાઈ ગઈ.

જુઓ સાંભળો, મેં મારાથી બનતું બધુ જ દીકરી સ્વાતિને માટે કર્યું છે. અને આજે મને એનો આનંદ છે કે હવે તે ઉભય પ્રેમભરી જિંદગી જીવી શકશે. મારો દિકરો અમેરીકા છે. અને ત્યાંજ એ સ્થાયી થયાં છે. અને એટલે જ મેં કહ્યું હતું કે મારે પણ દિકરો નથી. એટલે રણજીતને જ હું મારો દિકરો માનું છું. અને રણજીત, તું અને શીલા બંને લગ્ન કરી અમારી સાથે રહો એવું હું ઈચ્છું છું. કારણ કે મારી દિકરી જયશ્રી પણ ચકલીની જેમ કાલે ઉડી જશે. એટલે આ ઘર પણ સૂનું પડી જવાનું. એટલે જ કહું છું કે, પાર્થ આણંદ પહોચ્યા પછી રણજીત અને શીલા લગ્ન બંધને બંધાઈ જાય એ માટે પ્રયાસ કરજે. તારા અને સ્વાતિ માટે તો મને કોઈ શક નથી. હવે ચાલો જમવાનું શરૂ કરો.

બધાં જમી રહ્યા એટલે ઝટપટ તૈયાર થઈ કારમાં ગોઠવાઈ ગયાં. શારદાદેવી એમને વળાવવા આવ્યાં. કાર રવાના થઈ ત્યારે એમની

આંખો આંસુથી છલકાઈ ઉઠી. કાર બંગલાથી દૂર ગઈ ત્યારે શારદાદેવી આવીને પલંગ પર ફસડાઈ પડ્યાં.

વચ્ચે દ્વારકાપ્રસાદની પેઢી આવી એટલે તેઓ ત્યાં ઉતરી ગયાં. જયશ્રીની કોલેજ આવતાં એ પણ ત્યાં ઉતરી ગઈ. કાર બોમ્બે સેન્ટ્રલ પર આવીગઈ. કાર પાર્કિંગમાં પાર્ક કરી રણજીત ત્યાં આવી ગયો. પ્લેટફોર્મ ટિકીટ લઈ એ પણ પાર્થ સ્વાતિ અને શીલાને વળાવવા છેક ટ્રેઈન સુધી આવ્યો.

ટ્રેઈન તૈયાર જ હતી. રિઝર્વેશન કંપાર્ટમેન્ટ શોધી ત્રણે પોતાની સીટ ઉપર બેઠાં. ટ્રેઈન ઉપડવાને વાર હતી એટલે રણજીત બોલ્યો.

શીલા, જો હવે આ ટ્રેઈન તને લઈને મારાથી દૂર ચાલી જશે. મારું હૈયું લઈને, શીલા આપણી પાસે હવે થોડી જ મિનિટો જ છે.

રણજીત આ ટ્રેઈન મને લઈને જશે, પણ મારું હૈયું રહેશે તારી પાસે, આશા અમર છે.

હા, રણજીતભાઈ આશા હંમેશા અમર હોય છે એની સાબિતિ હું અને પાર્થ, આજે અમે બંને ભેગા થઈ શક્યાં છીએ.

હા, રણજીત, સ્વાતિ સાચું કહે છે અને સાંભળ રણજીત આણંદ પહોંચ્યા પછી હું મારાથી બનતા બધા જ પ્રયત્નો તમને એક કરવા કરીશ જ...

ટ્રેઈનની વ્હીસલ થઈ એટલે રણજીત ક્પાર્ટમેન્ટમાંથી નીચે ઉતર્યો. ટ્રેઈન ઉપડી અને છેક નજર બહાર નીકળી ત્યાં સુધી રણજીત ટ્રેઈનને તાકતો પ્લેટફોર્મ પર ઉભો જ રહ્યો.

------x------x------x------





આણંદ પહોંચ્યા પછી પાર્થ અને સ્વાતિએ સ્વાતિના મામાને મળી સામાજિક રીતે લગ્ન કરવાનું ગોઠવી દીધું. સ્વાતિ અને પાર્થના લગ્નમાં હાજરી આપવા શેઠ દ્વારકાપ્રસાદ, શારદાદેવી, જયશ્રી, રણજીત અને રણજીતના મા અને બહેન પણ આણંદ આવ્યા હતાં. પાર્થ અને સ્વાતિના લગ્નને હજી બે દિવસની વાર હતી. એટલે મુંબઈથી આવેલા મહેમાનોનો ઉતારો પાર્થને ત્યાં અને જમવાનું શીલાના ઘરે ગોઠવાયું હતું.

સ્વાતિના ઘરે તો એના મામા-માસી, ભાઈઓ, મયુર વગેરે આવી ગયાં હતાં. રણજીતને આવેલો જોઈ શીલા ખુશ હતી. પાર્થ એકલો જ હોવાથી પાર્થના પિતૃપક્ષની જવાબદારી દ્વારકાપ્રસાદે સ્વીકારી હતી.

બીજા દિવસે સવારે શીલાના પિતા જયેશભાઈ પાર્થના ઘરે આવ્યા ત્યારે દ્વારકાપ્રસાદ, શારદાદેવી, જયશ્રી, રણજીત, રણજીતના માતા તથા રણજીતની બહેન સુખિયા બધાં નાહી ધોઈ પરવારી બેઠા હતાં. પાર્થ એમના માટે ચ્હા-નાસ્તાની વિચારણા કરતો બેઠો હતો. ત્યાંજ જયેશભાઈ આવ્યા.

પાર્થ....

હા, કાકા બોલો..... પાર્થ જયેશભાઈને કાકા કહેતો હતો.

હું આપણા આ મહેમાનોને ચ્હા-નાસ્તા માટે બોલાવવા આવ્યો છું.

હા એ સારું કર્યું. કાકા, આમેય હું એકલો એટલે મારા વતી આટલી તકલીફ તમે લીધી એ બદલ આભાર!

એમાં તકલીફ શાની? અને પાર્થ તારે પણ એમની સાથે આવવાનું છે.

પાર્થે સાથે બધાં જયેશભાઈના ઘરે ગયાં. શીલાએ મુંબઈ વાસીઓને ભાવે એવી વાનગીઓ નાસ્તામાં બનાવી હતી. વળી ટેબલ ખુરશીઓનો ઈન્તઝામ પણ કરી દીધો હતો.

ચ્હા-નાસ્તો કરતાં-કરતાં જ પાર્થે શેઠ દ્વારકાપ્રસાદની રણજીતની વગેરેની જયેશભાઈને એમના પત્ની મધુબેનને ઓળખાણ કરાવી. શીલા તો આ સૌને ઓળખતી જ હતી.

ચ્હા-નાસ્તો પતાવ્યા પછી. બધાં હળવી પળોમાં બેઠા શેઠ દ્વારકાપ્રસાદે વાત કાઢી.

જુઓ જયેશભાઈ, આમ તો તમારો ને મારો પરિચર નવો ન કહેવાય પણ પાર્થ, સ્વાતિ આપની પુત્રી શીલાનો તો મને પરિચય છે જ પાર્થ આમે ય એકલો એના પિતૃપક્ષે કોઈ નથી એટલે એ જવાબદારી મેં ઉપાડી છે તમારે એમાં મને મદદ કરવાની છે.

પાર્થના લગ્ન જવાબદારી ઉપાડવા આપ છેક મુંબઈથી આવ્યા છો ત્યારે હતો એનો પાડોશી અને સગામાં છું. આપના કરતાં એના લગ્નની જવાબદારી મારે વધારે ઉપાડવી જોઈએ. પાર્થના લગ્નની વાત મેં જ સ્વાતિના મામાને કરેલી. અને તેઓ તરત જ મંજુર થઈ ગયાં અને અમે બધા ભેગા મળીને જ લગ્નની તારીખ પણ નક્કી કરી હતી.

તો, જયેશભાઈ હું તો આ વિસ્તારનો અજાણ્યો માણસ છું. તમારા લગ્નના રીત રીવાજોથી પણ અજાણ્યો છું એટલે તમારે મને ડગલે અને પગલે માર્ગદર્શન આપવું પડશે.





અરે હોય, ભલા માણસ, એ શું બોલ્યાં? આ વિસ્તાર માં તમે અજાણ્યા જરૂર છો પણ વ્યવહારું છો એટલે કરી મુશ્કેલી નહિ પડે.

પાર્થ, શેઠ દ્વારકાપ્રસાદે પાર્થને બોલાવ્યો.

બોલો, અંકલ,

જો સાંભળ, તારા લગ્ન માટે તથા સ્વાતિ માટે જે જે ચીજવસ્તુઓની જરૂર હોય તે બધું આપણે આજે જ ખરીદી લાવીએ. તેં એની યાદી તૈયાર કરી છે?

હા, અંકલ યાદી તૈયાર કરી છે. કંઈ ભૂલ હશે તો જયેશકાકા આપણી સાથે છે.

તો સાંભળ તું મને અંકલ કહે છે ને?

હા,

તો તારા લગ્નનો બધો ખર્ચ હું આપીશ. અને સ્વાતિનો કપડા ઘરેણાંનો ખર્ચ પણ હું ઉપાડીશ.

પણ.... અંકલ....

પણ અને બણ કશું નહિ, આટલુ તો તારે સ્વીકારવું જ પડશે. શારદાદેવી બોલ્યાં.

પાર્થ વિચારમાં પડી ગયો. આમેય એને તો એમ હતું કે, મુંબઈથી પધારેલા મહેમાનોની બરદાસ્ત હું જેમ સારી રીતે કરી શકું. પણ અહીં તો મહેમાનો જ જજમાન બની ચૂક્યાં હતા. પાર્થે બધું સ્વીકારી લીધું. પછી સાંજે શીલાના ઘરે પહોંચ્યા ત્યાં વાત નીકળી.

પાર્થ તને શું લાગે છે? રણજીત અને શીલાનાં લગ્ન પણ આપણે એક સાથે કરી દઈએ તો?

જયેશભાઈને આખી વાત સમજમાં ન આવી, પછી એ બોલ્યા, ''મને તો વાંધો નથી'' પણ શીલાની મમ્મીને પૂછવું પડે.

લ્યો, શું પૂછવાનું છે? કહેતાં મધુબેન આવ્યાં.

જુઓ, પાર્થના લગ્નની સાથે શેઠ દ્વારકાપ્રસાદ આપણી શીલાના લગ્ન પણ રણજીત સાથે કરાવવા માંગે છે. આમેય, શેઠનો દીકરો અમેરિકામાં છે. એટલે શેઠ રણજીત ને જ પોતાનો દીકરો માને છે. આમાં તમારી શી ઈચ્છા છે?

જુઓ, જયેશભાઈ તમે શીલાને પૂછીને મને કહેજો જેથી બંને લગ્ન એક સાથે થઈ જાય.

અરે શીલાને શું પૂછવાનું છે અંકલ! પાર્થ વચ્ચે બોલ્યો, મેં જ રણજીત અને શીલાને વચન આપ્યું છે કે તમારાં બંનેના લગ્ન હું જ કરી આપીશ.

''તમારા મોંમા ગોળ'' શેઠ દ્વારકાપ્રસાદના મોં ઉપર જે ખુશી છવાઈ, એ જાણે અલૌકિક હતી એક સારું કામ કરવા માટે જાણે એમને અનહદ આનંદ આવતો હતો.

લગ્ન માટે જરૂરી હતી મેં બધી સામગ્રીની યાદી પાર્થે શેઠ દ્વારકાપ્રસાદને આપી. જયેશભાઈ, મધુબેન, રણજીત, પાર્થ, સ્વાતિ, શીલા, રણજીતના બા, શેઠ દ્વારકાપ્રસાદ, જયેશભાઈ, મધુબેન, સુખિયા બધાં એક સાથે લગ્નના સરંજામની ખરીદી કરવા નીકળ્યાં.

દર-દાગીના વગેરે ખરીદીને તેઓ જ્યારે ઘરે આવ્યા ત્યારે બપોરના ચાર વાગ્યા હતા. બપોરનું ભોજન પણ હોટલમાં પતાવી દીધું.





સાંજ પડે માંડવો બંધાયો અને એક સાથે પાર્થ-સ્વાતિ, શીલા અને રણજીતનાં લગ્ન લેવાયાં.

ત્યારે દ્વારકાપ્રસાદ, શારદાદેવી, જયેશભાઈ, મધુબેન જાણે વિચારતાં હતાં અમારા દિલનાં બારણાં ઉઘાડીને અમે બેઠા હતાં. એની જગ્યાએ અમે આજે પાર્થ-સ્વાતિ, રણજીત-શીલાના દિલનાં બારણાં ઉઘાડી દીધાં છે.

આવાંજ બારણાં સૌ કોઈના દિલનાં ઉઘાડાં હોય તો જગત નંદનવન બને. દ્વારકાપ્રસાદે આશીર્વાદ આપતાં કહ્યું.

અને આખુ ગગન ફટાકડાના અવાજોથી રંગબેરંગી બની ગયું.

**⊗ સમાપ્ત ⊗**